P223

સિદ્ધાન્ત રહસ્ય - દર્શન - (૧)

(પૂર્વ પીઠિકા)

લેખક :-
પૂ. ગો. શ્રીચન્દ્રગોપાલજી,
વડોદરા.

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
શ્રી કચ્છાઈ ભાટીયા સેવા ફંડ, શ્રી વલ્લભ સુખધામ,
એસ. વી. રોડ, શંકર ગલીના નાકે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭

મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

સિદ્ધાન્ત રહસ્ય-દર્શન-(૧)

(પૂર્વ પીઠિકા)

જુદા જુદા - ૬ પરિશિષ્ટો સહ

લેખક :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

આ પુસ્તકના પ્રકાશનમાં દ્રવ્ય સહાય કરનારા મુંબઇના
શ્રીવલ્લભ ચરણાનુરાગી એક વૈષ્ણવ બહેનના સપ્રેમ જયશ્રીકૃષ્ણ!!

પ્રકાશક :-
શ્રીવલ્લભવિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

★ પુષ્ટિમાર્ગીયા સેવાનું સ્વરૂપ એકાદશ સ્કન્ધમાં કહેવાયેલ વૈદિક-તાંત્રિક-મિશ્ર એ ત્રણેથી વિલક્ષણ-જુદા જ પ્રકારનું છે. ૧૦૪

★ માનસીસેવાને ફલરૂપા કહેવાથી તે સાધન નથી એમ નથી, પરન્તુ એ સાધનદશાપન્નોનું ફલાભિમુખ મુખ્ય સાધન છે. ૧૧૪

પ્રકરણ ૭ :- સેવામાં બાધક પાંચ પ્રકારના દોષો અને તેની બ્રહ્મસંબન્ધથી નિવૃત્તિ કહેવાનું તાત્પર્ય. ૧૩૩ થી ૧૫૪

★ મર્યાદાભક્તિમાં સાધન તરીકે સ્વીકારેલા દાન,વ્રત, તપ હોમ વિગેરે સત્ત્વશુદ્ધિ સાધે છે, પરન્તુ પુષ્ટિભક્તિમાં જરૂરી નિર્ગુણતાને સાધવા સક્ષમ નથી. ૧૪૦

★ પોતાના મન, પ્રાણ, શરીર વિગેરેની નિર્ગુણતા અર્થે અને આગળ દોષો બાધક ન બને તે માટે અસમર્પિત ત્યાગવું સર્વથા આવશ્યક છે. ૧૪૫

પ્રકરણ ૮:- સિદ્ધાન્ત રહસ્ય માં કહેવાયેલ બે પ્રકારના સમર્પણ, ભગદ્ધર્માનુરોધી સમર્પણ અને વ્યવહારાનુરોધી સમર્પણ. ૧૫૫ થી ૧૮૭

★ પ્રાચીન પરંપરાએ શ્રીવલ્લભકુલ પરિવારના ગૃહોમાં પ્રચલિત સેવા પ્રકાર એ શુદ્ધ ભગવદ્ધર્માનુરોધી સમર્પણનો પ્રકાર છે. ૧૬૧

★ એક જ ઘરમાં શ્રીઠાકોરજીના ભંડાર-રસોઇ અલગ અને પોતાના અંગત ભંડાર-રસોઇ અલગ એ પ્રકાર સિદ્ધાન્ત રહસ્યોક્ત સમર્પણથી સંગત છે ? ૧૬૨

★ મનોરથીઓના દ્વારા આવેલા દ્રવ્યથી અગર તો આવેલા દ્રવ્યની અડધી રકમથી ધરાયેલી સામગ્રી અગર કરાયેલા મનોરથો એ સમર્પણના બે માંથી કયા પ્રકારમાં સમજવો ? ૧૬૫

★ ભગવદ્ધર્માત્મક સમર્પણને દઢતાથી સ્વીકારી ચુકેલા અને ગૃહસ્થિતિમાં રહેલા પરમ ભગવદીયોને પણ વ્યવહારાનુરોધે થતું સમર્પણ પ્રાપ્ત થાય છે. ૧૭૨

★ વ્યવહાર નિભાવવો પડે તે નિભાવતી વખતે પણ વ્યવહાર વધે નહિં પણ ઘટે તે માટે સાવચેતી રાખવી-કુંભનદાસજીનો પ્રસંગ. ૧૭૬

★ સમર્પણ માટે ગીતામાં કહેવાયેલી ચારે શરતો જળવાવી જોઇએ-પદ્મનાભદાસજીનો પ્રસંગ ૧૭૮

★ શિષ્ય હોય કે ગુરુ હોય પણ પુષ્ટિભક્તિમાર્ગીય સમર્પણમાં પોતાના જ સ્વત્વવાળા દ્રવ્યથી સેવા-સમર્પણ કરવાં-પરસ્પર એકબીજાના સ્વત્વવાળા દ્રવ્યથી નહિં કરવાં-પદ્મનાભદાસજીના પ્રસંગનું તાત્પર્ય. ૧૮૧

★ દશમ સ્કન્ધમાં શ્રીયશોદાજી અને શ્રીવ્રજભક્તોના સમર્પણનો પ્રકાર. ૧૮૨

★ વૈષ્ણવોએ કે શ્રીવલ્લભમતાનુવર્તી કોઇએ પણ શ્રીપ્રભુની સેવા વૈકુંઠવૈભવથી નહિં પણ વ્રજવૈભવથી કરવી, વૈષ્ણવો એ પણ પોતાના ઘરના શ્રીઠાકોરજી નિમિત્ત બીજા વડે આવેલ પુષ્પ-ફલ વિગેરે પણ કંઇ પણ નહિં સ્વીકારવું - દામોદરદાસ સંભલવાળાની વાર્તાનો અડેલવાળો પ્રસંગ. ૧૮૪

પરિશિષ્ટ-૧ "कायेन वाचा"ભાગવત ૧૧-૨-૩૬ ઉપરની સુબોધિની મૂલ તથા તેનો ગુજરાતીમાં અનુવાદ ૧૮૮ થી ૧૯૧
(અનુવાદ :- ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી)

પરિશિષ્ટ-૨ શ્રીમદ્વિઠ્ઠલેશ્વર પ્રભુચરણ વિરચિત શ્રીમદ્ ભાગવત એકાદશસ્કન્ધસ્થ "कायेन वाचा" પદ્ય તાત્પર્ય નિરૂપણ (સ્વાભાવિક-સમર્પણ) ૧૯૨ થી ૧૯૫
(અનુવાદ :- ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી)

પરિશિષ્ટ-૩ સમર્પણનો સિદ્ધાન્ત ૧૯૬ થી ૨૨૯
(લેખક :- ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી)

પરિશિષ્ટ-૪ ગ્રન્થ પરિચય ૨૩૦ થી ૨૩૭
(લેખક :- ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી)

પરિશિષ્ટ-૫ વિ.સં. ૨૦૩૬ માં પ્રકાશિત સિદ્ધાંન્ત રહસ્ય (અગિયાર ટીકાઓ સહિત) માંથી સાભાર -સૌજન્યથી **૨૩૮ થી ૨૬૭**

પરિશિષ્ટ-૬ ભૂવનેશ્વર ગ્રન્થાગારમાં એક હસ્તપ્રતમાંથી પ્રાપ્ત શ્રીશાચાર્ય નામનો ઉલ્લેખ........ **૨૬૮ થી ૨૭૧**

● ● ● ● ● ● ● ● ● ● ●

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી
-વડોદરા -સંસ્થાપિત

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વિશ્વને અતિશય ઉપયોગી અને માનવ માત્રને પરમ ઉપકારક એવા દિવ્ય સિદ્ધાન્તોનો વિશ્વના સર્વક્ષેત્રીય જનોમાં પ્રચાર-પ્રસાર થાય તેવા શુભ હેતુથી પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા) એ વિ.સં. ૨૦૪૧ ના માગશર વદ-૯ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના પ્રાદુર્ભાવ મહોત્સવ ના દિવસે આ ટ્રસ્ટની સ્થાપના કરી. આ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આપશ્રીનો મુખ્ય હેતુ આ જ હતો કે આ સંસ્થા દ્વારા શ્રીઆચાર્યચરણ તથા શ્રીપ્રભુચરણના ગ્રન્થોનું અને એ ગ્રન્થો ઉપર શ્રીવલ્લભવંશજ ગોસ્વામિચરણો દ્વારા અને વિદ્વાનો દ્વારા લખાયેલી ટીકાઓનું તેમજ વિશ્વની વિવિધ ભાષાઓમાં એના ભાષાન્તરોનું પ્રકાશન કરી શકાય તેમજ ગોસ્વામિચરણો અને વિદ્વાનો દ્વારા લખાયેલા સ્વતંત્ર ગ્રન્થો-પુસ્તિકાઓ વિગેરેનું પણ પ્રકાશન કરી શકાય અને એ રીતે સામ્પ્રદાયિક સાહિત્ય વધુને વધુ સર્વ સુલભ બની શકે. આ ટ્રસ્ટને બોમ્બે પબ્લિક ટ્રસ્ટના નિયમાનુસાર ટ્રસ્ટ કચેરીમાં **ઇ-૩૫૪૮/ વડોદરા** નંબરથી નોંધવામાં આવ્યું છે તથા **BRD/SIB/104-10V/84-85** નંબરથી કરમુકિત પણ પ્રાપ્ત છે. આ ટ્રસ્ટના હાલ કુલ ૭ ટ્રસ્ટીઓ છે જેમાં પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી સંસ્થાપક-આજીવન અદયક્ષ છે.

આ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં કુલ પુસ્તકો નીચે જણાવેલ વિગતે પ્રકાશિત થઇ ચુકી છે -

પુસ્તકનું નામ	લેખક	ભાષા
(૧)કૃષ્ણાશ્રય દર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૨)કૃષ્ણાશ્રયદર્શન ભાગ-૨ (સ્તોત્ર વિવરણ)	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૩) શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ દ્વારા કહેવાયેલ કર્મનુ રહસ્ય ભાગ-૧	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૪) કર્મનુ રહસ્ય ભાગ-૨	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૫) શ્રીવલ્લભાચાર્યજીના મતે પ્રસ્થાન ચતુષ્ટય	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૬) બ્રહ્મસંબન્ધ અથવા આત્મનિવેદન	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૭)શ્રીવલ્લભાચાર્યજીના મતે શ્રીભાગવત પ્રકરણ વિભાગ "રસમાલયમ્"	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૮) શ્રીવલ્લભવચનામૃત સંગ્રહ	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૯) સમર્પણનો સિદ્ધાન્ત	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૧૦) समर्पण का सिद्धान्त	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	હિન્દી

(૧૧) ब्रह्मसंबन्ध	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	હિન્દી
(૧૨) जीवन का सर्वश्रेष्ठ प्रकार	પૂ.અ.સૌ.શ્રીવ્રજલતાવહુજી (વડોદરા)	હિન્દી
(૧૩) શ્રીમદ્ ભગવદ્ ગીતા ભક્તિયોગ (બારમો અદયાય) પ્રમીલા વ્યાખ્યાસહ	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૧૪) વૈષ્ણવ માર્ગ પ્રદર્શિકા (અધિકમાસ વિગેરેમાં અથવા જીવન પર્યન્ત લેવા યોગ્ય નિયમો)	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૧૫) Brahmsambandha Or Self dedication	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	અંગ્રેજી
(૧૬) શ્રીમદ્ ભાગવત એક અદયનન	ઊર્મિલ (સાવલી)	ગુજરાતી
(૧૭) સૂરભાવ ધારા	પ્રો.આર.એન.તલાટી (વડોદરા)	હિન્દી
(૧૮) The Way of the Excellent life	પૂ.અ.સૌ. શ્રીવ્રજલતા વહુજી (વડોદરા)	અંગ્રેજી
(૧૯) પ્રશ્ન-ઉત્તર	પ્રશ્નકર્તા-ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી ઉત્તર :- (૧)પૂ.ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી (૨)પૂ.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (૩)પૂ.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી (૪)પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૨૦) ષોડશગ્રન્થાન્તર્ગત સિદ્ધાન્ત મુકતાવલિ (સર્વ ટીકાઓના ભાવાનુવાદ સહ)	પ્રાચીન પુસ્તકનું પુનઃ પ્રકાશન	ગુજરાતી
(૨૧) "સિદ્ધાન્ત રહસ્ય દર્શન" ભાગ-૧ (પૂર્વ પીઠિકા)	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૨૨) The Individual Soul In The Taittiriya Upanishad	પૂ.અ.સૌ.શ્રીવ્રજલતાવહુજી	અંગ્રેજી

આ ઉપરાન્ત હાલ પ્રેસમાં છપાઇ રહી છે અને ટૂંક સમયમાં જ બહાર પ્રગટ કરવામાં આવશે તે પુસ્તકો :-

(૧) જલભેદ દર્શન ભાગ-૧ (પૂર્વ પીઠિકા)	પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી
(૨) બ્રહ્મસંબન્ધ (ગુજરાતીનો હિન્દી માં અનુવાદ)	પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	હિન્દી
(૩) ભગવત્સેવાનુષંગિક (બાર વર્ષમાં વૈષ્ણવ પંચાંગમાં છપાયેલ તથા તે સિવાયના બીજા ઉપયોગી વિષયો આવરી લેતું		ગુજરાતી
(૪) બ્રહ્મસંબન્ધ-ગદ્યમંત્ર (ચાર ટીકાઓ સહિત)		સંસ્કૃત

આ ઉપરાંત છેલ્લા ૧૨ વર્ષથી ટ્રસ્ટ દ્વારા વૈષ્ણવ પંચાંગ નું પ્રકાશન કરવામાં આવે છે જેમાં પંચાંગ-ટિપ્પણી ઉપરાંત સેવાવિષયક જાણકારી આપતાં સુન્દર લેખો પ્રકાશિત થાય છે.

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેની પ્રકાશન ખર્ચના રકમની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્ય સહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઇ એક પુસ્તકનો ખર્ચ કોઇ એક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-

પુસ્તકનું નામ	**લેખક**	**ભાષા**	**અંદાજી ખર્ચ**
(૧)સંન્યાસનિર્ણય દર્શન ભાગ-૧ (પૂર્વ પીઠિકા)	ગો.શ્રી ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૩૫૦૦૦-૦૦
(૨) જીવ, જીવન ઔર જીવકી બદ્ધતા-મુક્તતા ભાગવતમેં	ગો.શ્રી ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	હિન્દી	૩૦૦૦૦-૦૦
(૩) શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહેવાયેલ કર્મનું રહસ્ય ભાગ-૧ (પુનર્મુદ્રણ)	ગો.શ્રી ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૨૫૦૦૦-૦૦
(૪) કર્મનું રહસ્ય ભાગ-૧નો અંગ્રેજી અનુવાદ	ગો.શ્રી ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	અંગ્રેજી	૨૫૦૦૦-૦૦
(૫) પ્રશ્ન-ઉત્તર (પુનર્મુદ્રણ)	જુદા-જુદા ચાર ગો.બાળકો દ્વારા પ્રશ્નોના ઉત્તરો	ગુજરાતી	૧૫૦૦૦-૦૦
(૬)વૈષ્ણવ માર્ગ પ્રદર્શિકા	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૩૦૦૦-૦૦

ઉપર મુજબના પુસ્તકોના પ્રકાશનમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત પ્રચારની સેવામાં વૈષ્ણવો ઉત્સાહ પૂર્વક આગળ આવે અને પ્રકાશન ખર્ચને પહોંચી વળવા દ્રવ્ય સહાય કરે તેવી સહુને વિનન્તી છે.

આ ઉપરાન્ત ટ્રસ્ટ દ્વારા બે ઓડિયો કેસેટ પણ પ્રસ્તુત કરવામાં આવી છે જે પૈકી સી.૯૦ ઓડિયો કેસેટ **“વહી રસના જો હરિગુન ગાયે”** નામની જેમાં **પૂ.અ.સૌ. શ્રીવ્રજલતાવહુજી** તેમજ વડોદરાના મહારાજા **શ્રીમન્ત રણજિતસિંહજી ગાયકવાડ તેમજ આકાશવાણી વડોદરાના ભૂ.પૂ.નિયામક શ્રીજયદેવભાઇ ભોજક**ના સુમધુર કંઠે ગવાયેલ પુષ્ટિમાર્ગીય ૬ સ્તોત્રો-અષ્ટકો જેમાં મધુરાષ્ટક-શ્રીગિરિરાજધાર્યષ્ટક વિગેરેનો સમાવેશ થાય છે અને જેનું સ્વરનિયોજન વડોદરા આકાશવાણીના ભૂ.પૂ.નિયામક શ્રીજયદેવભાઇ ભોજકે કર્યું છે તેમજ જેનું સંગીત નિયોજન મુંબઇના સુપ્રસિદ્ધ શ્રીનવીનભાઇ શાહ (વર્ણમવાળા) એમણે કર્યું છે અને જેની કિંમત પુસ્તિકા સાથે રૂા. ૩૫-૦૦ છે તે તથા બીજી સી.૯૦ ઓડિયો કેસેટ **“પ્રેમદિવાની ગોપિયોં કે શ્રીકૃષ્ણ-વિરહ-ગીત”** નામની જેમાં વેણુગીત, યુગલગીત, ગોપીગીત, ભ્રમરગીત **પૂ.અ.સૌ.શ્રીવ્રજલતા વહુજીના** સુમધુર કંઠે ગવાયેલ છે તથા જેનું સ્વરનિયોજન શ્રીજયદેવભાઇ ભોજકે કર્યું છે અને સંગીત નિયોજન મુંબઇના સુપ્રસિદ્ધ ગિર્નિ સ્ટુડિયોવાળા શ્રીઆસિત દેસાઇ કર્યું છે. આની ન્યોછાવર પુસ્તિકા સાથેં રૂા. ૫૦-૦૦ રાખવામાં આવી છે. આમ આ બે કેસેટો પ્રકટ કરવામાં આવી છે.

પૂછપરછ માટે નિચે જણાવેલ સરનામા પર સમ્પર્ક કરવા સહુને વિનન્તી છે.

નિવેદક :-
કૃષ્ણકાન્ત ટી. શાહ
વ્યવસ્થાપક શ્રીવલ્લભ વિઠ્ઠલ
ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

વિ.સ.૨૦૫૭, પોષ સુદ-૫
રવિવાર તા. ૩૧-૧૨-૨૦૦૦
વડોદરા.

સમ્પર્ક માટે :-

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

C/o **ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી**
"શ્રીરાધાકૃષ્ણકુંજ"
બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી,
એચ. રોડ, અકોટા રોડ,
દિનેશમીલ પાછળ,
વડોદરા-૩૯૦ ૦૨૦
ફોન : ૩૫૫૪૧૫

C/o **જીતેન્દ્ર મગનલાલ વજીર**
"શ્યામ સુંદર ડ્રેસીસ"
૧૫૨-મલાડ શોપિંગ સેન્ટર,
એસ.વી.રોડ, મલાડ (વેસ્ટ)
મુંબઇ - ૪૦૦ ૦૬૨
ફોન : ૮૦૬૫૭૭૫
૮૮૦૮૦૫૦

● ● ● ● ● ● ● ● ● ●

લેખકના બે બોલ

(ગોસ્વામી શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.)

ષોડશગ્રન્થો ઉપરના પૂર્વપીઠિકા લેખનમાં કૃષ્ણાશ્રય ગ્રન્થ પછીથી સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ ઉપરનું લેખન શ્રીઆચાર્યચરણોએ અનુગ્રહ કરીને પૂર્ણ કરાવ્યું અને તે આજે પુસ્તકાકારે પૂર્વપીઠિકાના રૂપમાં ભાગ-૧થી પ્રકાશિત થવા જઇ રહ્યું છે તે માટે અતિશય આનન્દ-પ્રસન્નતાપૂર્વક શ્રીઆચાર્યચરણોના પદકમલદ્વન્દ્વમાં અતિ દૈન્યભાવે સાષ્ટાંગ દંડવત પ્રણામ નિવેદન કરું છું.

આજથી પાંચેક વર્ષ પૂર્વ મુંબઇ બોરિવલીમાં સાત દિવસના સમયમાં સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ ઉપર અમારા પ્રવચનો યોજાયા હતા તે પ્રસંગે પ્રવચનમાં જે વિવેચન થયું (તેની કેસેટો દ્વારા) તેના આધારે આ લેખન કરવામાં આવ્યું છે. એમાંથી પૂર્વપીઠિકામાં જેટલો વિષય લેવો જોઇએ તેટલો લીધો છે અને બાકીનો જે ગ્રન્થના શ્લોકોના વિવેચનરૂપમાં કહેવાયું છે તે ભાગ હવે પછીથી "સિદ્ધાન્ત રહસ્ય દર્શન" ભાગ-૨ (ગ્રન્થ વિવરણ) નું લેખન કરવામાં આવશે ત્યારે તેમાં લઇ લેવાશે.

આ લેખન લખાવતી વખતે વિષયોને સરળતાથી અને સરળ ભાષામાં પ્રસ્તુત કરવાની પૂરતી કાળજી રાખવાનો પ્રયત્ન કર્યો છે અને શક્ય તેમ બોંબાસ્ટિક-પારિભાષિક શબ્દોનો ઉપયોગ ટાળવાનો પ્રયત્ન કર્યો છે અને તેની જગ્યાએ પ્રચલિત શબ્દોનો પ્રયોગ કરવાનો આગ્રહ પણ રાખ્યો છે. છતાં પણ સરળતાના નામ પર પ્રવાહિતા પેસી ન જાય અને કહેવાનું તાત્પર્ય જ ન બદલાઇ જાય તેનો પણ સાથે વિચાર રાખ્યો છે. જો કે ગુણ કહો કે દોષ કહો પણ મારી લેખન શૈલીમાં વાક્યો વધુ પડતાં લાંબા-પંક્તિઓમાં લખાય છે જેથી જિજ્ઞાસુજનોને

સમજવામાં મુશ્કેલી અનુભવાય છે. એમ ન થાય તેનો પણ પ્રયત્ન કર્યો છે છતાં પણ આ લેખનમાં પચીસ ટકાથી વધુ સફળ રહ્યો નથી પરંતુ આગળ નાના-નાના વાક્યોથી વિષય પ્રસ્તુત કરવાનો જરૂર પ્રયત્ન કરતો રહીશ જેથી સર્વને અનુકૂળ થઇ પડે.

આ મુજબ ષોડશગ્રન્થ ના સોળે ગ્રન્થ ઉપર પૂર્વપીઠિકા અને ગ્રન્થ વિવરણના રૂપમાં લેખન કરવાનો શ્રીઆચાર્યચરણોએ મનમાં સંકલ્પ કરાવ્યો છે અને તેમાં પણ પૂર્વપીઠિકાનું લેખન પ્રથમ પૂર્ણ કરવાનું વિચાર્યું છે જે પૈકી કૃષ્ણાશ્રય અને સિદ્ધાન્ત રહસ્ય એમ બે ગ્રન્થની પૂર્વ પીઠિકા આ સાથે પ્રકાશિત થઇ જાય છે અને જલભેદ, પંચપદ્યાનિની પૂર્વપીઠિકાનું લેખન તૈયાર છે જે આ પછી પ્રેસમાં છપાવા જશે. જ્યારે સંન્યાસનિર્ણયની પૂર્વપીઠિકાનું લેખન લગભગ પંચોતેર ટકા જેટલું પૂર્ણ થઇ ગયું છે અને તેને પૂર્ણ કરવાનો પણ હવે પ્રયત્ન આરંભીશ તથા ત્યાર બાદ સેવાફલ અને નિરોધલક્ષણની પૂર્વપીઠિકાનું લેખન કરવાનું વિચારી રાખ્યું છે. જલભેદ પૂર્વપીઠિકાનું લેખન શ્રીમહાપ્રભુજી ના પ્રાકટય ઉત્સવ સુધીમાં પ્રકાશિત થઇ શ્રીઆચાર્યચરણની સેવામાં અને સહુ સમક્ષ પ્રસ્તુત થાય તેવી ભાવના અને પ્રયત્નો છે.

આ લેખનની પ્રસ્તાવના સમ્પ્રદાયના વિદ્વાન અને સુવિચારક એવા આદરણીય ગોસ્વામી શ્રીરસિકરાયજી મહારાજશ્રી (પોરબંદર) દ્વારા લખાય તેવી ભાવના હતી અને મારા વડે આ માટે પ્રાર્થના કરાતાં તેઓશ્રીએ સહર્ષ આનો સ્વીકાર કર્યો અને થોડા જ સમયમાં શીઘ્રતાથી પ્રસ્તાવના લખી મોકલી તે બદલ હું તેઓશ્રીનો ઋણ સ્વીકાર કરું છું અને આ મુજબ જ આગળ પણ તેઓશ્રી સ્નેહ અને અનુગ્રહ બનાવી રાખશે તેવી ભાવના વ્યકત કરું છું. શ્રીરસિકરાયજી મહારાજશ્રીમાં અનેક ગુણો છે તે પૈકી તેઓ નિર્ભીક નિખાલસ અને સ્પષ્ટ વકતા છે અને છતાં પણ લખતી યા કહેતી વખતે તેઓશ્રીના હૃદયમાં અંશમાત્ર પણ કાલુષ્ય હોતું નથી જે તેઓશ્રીના સમ્પાદનમાં પ્રકાશિત નવપ્રકાશ માસિકના ઘણા બધા સમ્પાદકીય

લેખોમાં જોઇ શકાય છે અને તેથી જ મારી ઇચ્છા હતી કે તેઓશ્રી દ્વારા આની પ્રસ્તાવના લખાય.

આ લેખન પ્રસંગે અમારા પરમ પ્રિય કૃષ્ણકાંતભાઇ શાહના પુત્રી કુ.સેજલ શાહે હું જેમ લખાવતો જાઉં તેમ કાગળ પર લખતા જવાની લહિયા તરીકેની પોતાની સેવા આપી અને તે માટે સમયનું સમર્પણ કર્યું તે બદલ કું. સેજલ શાહને અનેક અભિનન્દનો સહ તેની લખવાની સેવા અને સમયનું સમર્પણ એ બન્ને મહાપ્રભુ શ્રીઆચાર્યચરણના ચરણદ્વન્દ્વમાં નિવેદન કરું છું અને આગળ પણ એની શ્રદ્ધા-ભક્તિ વૃદ્ધિને પામે અને તેનું જીવન શ્રીમહાપ્રભુની સેવામાં વ્યતીત થાય તેવી ભાવના શ્રીપ્રભુ સમક્ષ નિવેદન કરું છું.

યદ્યપિ મને દઢતાથી નામ નહિં જાહેર કરવાનું મુંબઇના એક વૈષ્ણવ બહેને જણાવ્યું હતું અને તેમની સૂચના મુજબ નામ જાહેર નથી કરતો પરંતુ તેમણે સામે ચાલીને મને કહ્યું હતું કે પુસ્તક પ્રકાશનમાં મારે સેવા કરવી છે અને તેમણે અતિશય ઉદારતાથી આ પુસ્તકના પ્રકાશનમાં 30,000 હજાર (ત્રીસ હજાર)ની રકમ તત્કાલ આપી. આ વૈષ્ણવ બહેનને હું જાણું છું તેઓ શ્રીઠાકોરજીની સેવામાં સતત પરાયણ રહે છે અને ખૂબ જ સ્નેહે શ્રીપ્રભુની સેવા કરે છે એટલું જ નહિં તેમને શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તગ્રન્થોનું વાંચન કરવાનો જબરો શોખ છે અને તેમાં પણ શ્રીસુબોધિનીજીનું પ્રાયઃ વાંચન કરતા રહે છે. ઉપરાંત આદરણીય ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (પાર્લા) ના સુબોધિનીજી પ્રકાશનના કાર્યમાં સંસ્કૃતનું કોમ્પ્યુટર પર ટાઇપ સેટિંગ પણ તેઓ પોતાના ઘરે કોઇ પણ સંકોચ વિના હું મોટા ઘરની છું તેવો અહંકાર રાખ્યા વિના ખૂબ જ આદરથી સેવા ભાવે કરે છે. ખરેખર તેમણે પોતાની વૈષ્ણવતાને શોભાવી છે અને તેઓ સ્વનામધન્ય છે. આ વૈષ્ણવ બહેન ઉપર શ્રીઆચાર્યચરણની સદા કૃપા વરસતી રહે અને આમરણાન્ત તેમનું સમ્પૂર્ણ જીવન અને જીવનનો સમ્પૂર્ણ સમય પ્રભુ શ્રીકૃષ્ણની અને શ્રીમહાપ્રભુની સેવામાં તન્મય બની રહે એ જ ભગવચ્ચરણોમાં અભ્યર્થના.

અન્તમાં શ્રીઆચાર્યચરણ, શ્રીપ્રભુચરણ, મારા સેવ્ય શ્રીપ્રભુના શ્રીચરણોમાં એ જ પ્રાર્થના જીવનના પ્રત્યેક શ્વાસ-ઉચ્છ્વાસ આપશ્રીની સેવામાં જ શ્વસિત-ઉચ્છ્વસિત થતા રહે અને જ્યારે જ્યાં પણ જન્મ થાય શ્રીવલ્લભભક્તિવાળા જ ગૃહમાં થાય અને દરેક જન્મોમાં સમ્પૂર્ણ જીવન આપશ્રીની સેવામાં અને આપશ્રીના સિદ્ધાન્ત અનુસાર પસાર થતા રહે.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

ગુર્જર વિ.સં. ૨૦૫૭
પોષ શુ. ૧, મંગળવાર
તા.૨૬-૧૨-૨૦૦૦
વડોદરા.

પ્રસ્તાવના

પૂ.પા.ગો.૧૦૮શ્રી રસિકરાયજી મહારાજશ્રી - (રાજકોટ-પોરબંદર)

પુષ્ટિ ભક્તિ માર્ગની ભૂતલ પર સ્થિતિ થાય એ માટે, શ્રીમહાપ્રભુજીનેં કલિયુગમાં અનેક દોષ ગ્રસ્ત, પરન્તુ દૈવી જીવો જેનું વરણ પ્રભુએ પુષ્ટિમાર્ગમાં કર્યુ છે એવા જીવોનો (ભાવ) સંબધ પ્રભુ સાથે કેમ થાય ! એ વિષયમાં, શ્રીમહાપ્રભુની ચિંતાથી કરૂણા-વરૂણાલય શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ) સાક્ષાત્ (પ્રત્યક્ષ) પ્રકટ થઇ, માર્ગ પ્રવર્તનની તથા સ-ગદ્ય પંચાક્ષરની, બ્રહ્મસંબંધની આજ્ઞા પ્રદાન કરી.

એ આજ્ઞાના બીજરૂપે શ્રીમહાપ્રભુની (દૈવીજીવો ના ઉદ્ધાર વિષયક) ચિન્તા હતી એ વાત તો સ્પષ્ટ જ છે.

પુષ્ટિ ભક્તિમાર્ગ તો સારસ્વત કલ્પ માં શ્રીકૃષ્ણ ગોકુલ મદ્યે પ્રકટ થયા ત્યારે જ નિ:સાધન જનોં ને ફલદાન માટે પ્રભુ દ્વારા પ્રકટ હતો.

તે સમયના જીવોનાં દોષની નિવૃત્તિ તો પ્રભુનાં સ્વરૂપ સામર્થ્યથી જ થઇ હતી.

અવતાર કાલમાં-વિવિધ નિરોધાત્મક લીલા દ્વારા શ્રીકૃષ્ણેં ભક્તોનાં અદ્યાસોની નિવૃત્તિ ધેનુકાસુર નો વધ કાલીયનાગ (દમન) પ્રલમ્બાસુર નો વધ તથા ૨ વખત દાવાગ્નિપાન દ્વારા જ કરી હતી.

અત્યારે પરન્તુ પ્રભુનોં અવતાર કાલ નથી ત્યારે અનેક દોષો થી ગ્રસ્ત જીવો અને પૂર્ણ નિર્દોષ પ્રભુનો સંબંધ કઇ રીતે સ્થાપિત થઇ શકે ? આ ચિન્તા શ્રીમહાપ્રભુજીએં કરી તેના પરિણામ સ્વરૂપે શ્રીકૃષ્ણચન્દ્રે સાક્ષાત્ પ્રકટ થઇ, માર્ગ પ્રકટ કરવાની આજ્ઞા સાથે સગદ્ય પંચાક્ષર ની દીક્ષા આપવાની આજ્ઞા કરી.

સાધારણ વ્યક્તિઓની ચિન્તા વ્યક્તિગત હોય છે અને તેઓ

ની ચિન્તા થી ભય ઉદ્વેગાદિ પ્રકટ થાય છે જ્યારે મહાપુરુષો ચિંતા કરે છે તે સમષ્ટિ ગત હોય છે અને તેનાથી ઉત્તમ વસ્તુ આવિર્ભાવ પામે છે.

અર્જુન ના વિષાદથી શ્રીમદ્ ભગવદ્ગીતા શ્રીવ્યાસજીની વેદનાથી-શ્રીમદ્ભાગવત તો શ્રીમહાપ્રભુ ની ચિન્તા થી સાક્ષાત્ ગોકુલેશ નું પ્રાકટ્ય અને પ્રત્યક્ષ પુષ્ટિ માર્ગ પ્રકટ કરવાની આજ્ઞા થઇ પરિણામે શ્રીમહાપ્રભુજી દ્વારા પુષ્ટિ સમ્પ્રદાયની સ્થાપના બ્રહ્મસંબંધ (સમર્પણની) દીક્ષા એવં સેવા માર્ગનું પ્રવર્તન થયું.

આ બ્રહ્મસંબંધ એક સંસ્કાર છે. સંસ્કાર આધિભૌતિક, આધ્યાત્મિક એવં આધિદૈવિક એમ ત્રણ પ્રકારના હોય છે.

ભૌતિક સંસ્કાર પર વિચારીએ તોં પ્રકૃતિએ વસ્તુ ઉત્પન્ન કરી છે તે એ જ રૂપમાં એટલે કે પ્રાકૃત રૂપમાં ઉપયોગમાં આવતી નથી પરન્તુ તેમાં સંસ્કાર કરવાથી એ પ્રાકૃત વસ્તુ સંસ્કૃત બને છે ત્યારે ઉપયોગમાં આવે છે જેમ આપણે જે વસ્ત્ર પરિધાન કરીએ છીએં તે કપડું ત્રણ પ્રકાર ના સંસ્કાર થયા પછી જ પરિધાન યોગ્ય બન્યું હોય છે. (૧) દોષમાર્જન (૨) અતિશયાધાન (૩) હીનાંગ પૂર્તિ - કપાસ થી રૂ ને અલગ પાડવું દોષમાર્જન છે. રૂ ને, વણી ને તેમાં વિશેષ નું આધાન-કપડું બનાવવું અતિશયઆધાન છે. અને કૅંસ્ યા બટન ટાંકવા હીનાંગ પૂર્તિ છે.

આ ભૌતિક સંસ્કારની વાત થઇ. આધ્યાત્મિક સંસ્કારો સ્મૃતિ ગ્રંથો (ધર્મશાસ્ત્રો)માં બતાવ્યાં છે તેમાં પણ દોષ માર્જન આદિ સંસ્કારો છે. કારણ કે ભૌતિક પદાર્થોને સંસ્કાર દ્વારા ઇચ્છિત ગુણોં પ્રકટ કરી શકાય છે તો ઋષિ મુનિઓ એં વિચાર્યું કે (આધ્યાત્મિક) સંસ્કાર દ્વારા મનુષ્યને પણ જેવો ઇચ્છીએ તેવો શા માટે ન બનાવી શકાય ?

બ્રહ્મસંબંધ એ આધિદૈવિક સંસ્કાર છે અને એ સ્વતંત્રરૂપે ગોકુલેન્દુ પ્રભુએ શ્રીમહાપ્રભુજી સમક્ષ પ્રકટ થઇને પ્રદાન કરેલ છે. તેમાં પણ દોષમાર્જન - "**सर्व दोष निवृत्तिर्हि**" થી - અને માનવ માં વૈષ્ણવ-પણાની વિશેષતા યુક્ત સેવાધિકાર, શ્રીગોકુલેશ ભજનાધિકાર પ્રાપ્ત થાય

છે એ અતિશયાધાન છે. દીક્ષા પ્રાપ્ત થયા પશ્ચાત્, અસમર્પિત વસ્તુનાં ઉપયોગ નો, અન્યાશ્રયનો ત્યાગ-ફરિથી પૂર્વ કૃત દોષો જે ભગવદ્ સેવાનાં અધિકારમાં આત્મનિવેદન ને કારણે પ્રતિબંધક ન થયાં એ દોષો બ્રહ્મસંબંધ લીધા પછી ફરિથી પ્રબલ ન થાય એ માટે જરૂરી છે. આના આ વિષયમાં દીક્ષાની ફલોન્મુખતા સિદ્ધ-થવામાં-સગદ્ય પંચાક્ષરના ત્રણ તબક્કા વિચારણીય છે પ્રથમ નિવેદન પછી સંર્પણ અને ત્યાર બાદ વિનિયોગ.

"**सहस**" થી લઇ "**तिरोभावोऽहम्**"-નિવેદન છે. તેમાં દીક્ષાર્થી પોતાની જે સહજ સ્થિતિ છે તેનું નિવેદન (વિજ્ઞાપન) કરે છે.

"**भगवते कृष्णाय**"થી લઇને "**आत्मनासह समर्पयामि**" સુધી સમર્પણ છે. તેમાં જીવ પોતાની અહંતા અને મમતાનું પોતાના સ્વત્વનું સમર્પણ કરે છે. અને "**दासोऽहं कृष्णतवास्मि**" માં વિનિયોગ ની વાત છે.

દીક્ષાના આદાન-પ્રદાન વિષયમાં આ વાત વિચારણીય છે.

સમર્પણના વિષયમાં પ્રભુ દ્વારા સ્વીકારનું મહત્ત્વ વિશેષ રીતે રહેલું છે. સમર્પણ કર્તાએ પોતાનાં સ્વત્વ ની વસ્તુનું સમર્પણ કરવાથી જ પ્રભુ તેનો સ્વીકાર કરે છે. અને પ્રસન્ન થાય છે. એ જ રીતે તનુ-વિત્તજા એ સાધનરૂપ સેવા, ફલરૂપા માનસી સેવાની સિદ્ધિ અર્થે છે. તેમાં પોતાનું તન અને બીજાનું ધન યા પોતાનું ધન અને બીજાનું તન એ વિકૃત-વ્યવસ્થા થી સમર્પણ ફલિત નથી થતું આ સિદ્ધાન્તનું રહસ્ય છે.

સંક્ષેપમાં સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથમાં બતાવેલ સિદ્ધાન્ત જોઇએ તો પ્રથમ શ્લોકમાં બ્રહ્મસંબંધની તથા પુષ્ટિ સંપ્રદાય ને પ્રકટ કરવાની આજ્ઞા પ્રભુએં મહાપ્રભુજીને કરી તેનો ઉલ્લેખ છે. પછી બ્રહ્મસંબંધ કરવાથી સર્વે દેહધારી જીવોના સર્વે દોષોની નિવૃત્તિ થાય છે એમ પ્રતિપાદન કર્યા પછી સહજ, દેશકાલોત્થ, લોક વેદ નિરૂપિત, સંયોગજ, અને સ્પર્શ જ એ પાંચ

પ્રકારનાં દોષો-બ્રહ્મસંબંધ લેનારનાં પ્રભુ ન ગણીને તેનો સેવક તરીકે સ્વીકાર કરે છે, તેની સેવાને અંગીકાર કરે છે. પછી કહ્યું છે કે અન્ય કોઇ પ્રકારે (શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્તાદિ બતાવ્યાં છે તેનાથી) દોષોની નિવૃત્તિ નથી થતી એટલે કે સેવાધિકાર પ્રાપ્ત થવામાં નડતાં ઉપર્યુક્ત દોષોની નિવૃત્તિ વિના-પ્રભુસેવા યોગ્ય નિર્દોષતા પ્રાપ્ત થતી નથી. એ દોષો બ્રહ્મસંબંધ પછી ફરિ પ્રબલ ન બને એ માટે અસમર્પિત વસ્તુનાં ગ્રહણનો નિષેધ સૂચવ્યો છે. પશ્ચાત્ કહેવાયું છે કે જેણે નિવેદન (બ્રહ્મસંબંધ લીધું છે) કર્યું છે તેવાઓએ સર્વ વસ્તુનું સમર્પણ કરીને પછી જ પોતાનો વ્યવહાર કરવો. પછી આપણાં સેવ્ય સ્વરૂપ ને જે ભોગ સમર્પિત કરીએ તે પોતાથી યા અન્ય દ્વારા ભોગવેલું ન હોવું જોઇએ. દેવાધિદેવ એવાં શ્રીકૃષ્ણનેં પોતે રંચકમાત્ર પણ ભોગવેલું સમર્પિત ન કરવું કારણ કે એથી અપરાધ લાગે. તેથી કોઇ પણ વસ્તુનાં ઉપભોગ પૂર્વે સર્વકાર્યમાં સમર્પણ કરવું એમ કહ્યું છે. આપીને પાછુ ન લેવાય. એવું શાસ્ત્રમાં વચન છે. તો સમર્પિત કરીને પાછું લેવાથી (ગ્રહણ કરવાથી) આપીને પાછું લેવાનો દત્તાપહાર દોષ લાગે તેનું શું ? તો ત્યાં કહ્યું છે કે પૂજા માર્ગમાં એ વિધાન લાગુ પડે છે, ભક્તિમાર્ગમાં તો સેવક સ્વામીની પ્રસાદી વસ્તુથી જ પોતાનો નિર્વાહ કરેં તેનાથી જ તેની નિર્દોષતા અક્ષુણ્ણ રહે છે. એવો સેવકોનોં વ્યવહાર તો પ્રસિદ્ધ છે જ સમર્પણ કરેલ વસ્તુમાં બ્રહ્મરૂપતા સિદ્ધ થાય છે. છેલ્લા શ્લોકમાં ઉદાહરણ આપ્યું છે કે ગટરનું ગંદુ જલ ગંગા જલમાં ભળી ગયા પછી ગંગારૂપ બની જાય છે. તેમ સમર્પણ પછી સદોષ જીવ નિર્દોષતા પ્રાપ્ત કરે છે.

આ અવલોકન કરવાથી સ્પષ્ટ થાય છે કે સિદ્ધાન્તનું રહસ્ય એટલે, સમર્પણ અને સેવાનાં સિદ્ધાન્તનું રહસ્ય આ ગ્રથમાં છે એટલે સિદ્ધાન્ત મુક્તાવ઼લી માં શ્રીમહાપ્રભુજી સ્વસિદ્ધાન્તનું પ્રતિપાદન કરતાં કહે છે કે કૃષ્ણ સેવા સદા કાર્યા...........

ગો.શ્રીચન્દ્રગોપાલજીએં ખૂબ જ પરિશ્રમ લઇને આ સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથનું વિશદ વિવેચન પ્રસ્તુત કર્યું છે જેમાં પ્રથમ પ્રકરણમાં સિદ્ધાન્ત પ્રતિપાદક વાક્ય **"कृष्ण सेवा सदा कार्या"** નાં એકએક

શબ્દની અનિવાર્યતા એટલે કે સેવ્ય તેમની સેવા, અને તેમાં સક્રીયતા અને નિત્યવિધિ માં સમગ્ર સ્વ સિદ્ધાન્ત કહેવાયો છે. એમ સચોટ પ્રમાણોનાં સંદર્ભથી સુંદર પ્રતિપાદન કર્યું છે.

બીજા પ્રકરણમાં ગ્રંથનાં નામાભિમાન઼નાં સમય નાં નિર્ધારણ પર પ્રકાશ ફેંક્યો છે. ત્રીજા પ્રકરણમાં આ ગ્રંથ પરની ટીકાઓનો વિસ્તૃત પરિચય આપ્યો છે, સાથે સાથે ટીકાકાર પરવર્તિ મહાનુભાવોનોં પરિચય પણ આપ્યો છે.

ચોથા પ્રકરણમાં ગદ્યમંત્ર પરનાં ટીકા સાહિત્ય વિષે વિસ્તૃત પરિચય તેમજ ટીકાકારો નાં પરિચય ઉપરાન્ત તેઓ ના મતંવ્ય ની મીમાંસા છે. પાંચમાં પ્રકરણમાં પુષ્ટિમાર્ગીય સંસ્કૃત તેમજ ભાષા ગ્રંથોમાં ગદ્યમંત્રના પ્રાદુર્ભાવનાં ઇતિહાસ ની ગવેષણાપૂર્ણ સમીક્ષા છે. છઠ્ઠા પ્રકરણમાં સ્વ-સિદ્ધાન્ત પ્રતિપાદનમાં શ્રીમહાપ્રભુએ કહેલ ફલરૂપ માનસી (સેવા) અને તેની સિદ્ધિ માટે થતી સાધનરૂપા તનુવિત્તજા સેવા નું ખૂબ જ તલસ્પર્શી વિવેચન પ્રસ્તુત થયું છે. આ પ્રકરણમાં જ કેટલાક વિદ્વાનોનોં મત કે એકાદશ સ્કંધમાં વૈદિક-તાંત્રિક-મિશ્ર એ ત્રણેય પ્રકારથી પુષ્ટિ માર્ગીય સેવાનોં પ્રકાર છે. તેનું સપ્રમાણ ખંડન કરી અને આ સેવા પ્રકાર તેનાથી ભિન્ન અને વિલક્ષણ છે. એ વાત અનેક પુષ્ટ પ્રમાણોંથી સિદ્ધ કરી છે. પ્રકરણ ૭ માં સેવામાં બાધક પાંચ દોષો અને બ્રહ્મસંબંધથી તેની નિવૃત્તિનું તાત્પર્ય બહુ જ સરસ રીતે પ્રસ્તુત કર્યું છે, આજ પ્રસંગ ના પ્રતિપાદનમાં મર્યાદાભક્તિમાં સાધન તરીકે મનાતાં દાન,વ્રત,તપ,હોમ વિગેરે સત્ત્વશુદ્ધિ તો સાધે છે, પુષ્ટિભક્તિમાં અપેક્ષિત નિર્ગુણાવસ્થા સાધવા સક્ષમ નથી એ શીર્ષક હેઠળ-પુષ્ટિ ભક્તિની વ્યવસ્થા તેનાથી જુદી છે એમ પ્રતિપાદન કર્યું છે. પ્રકરણ આઠમાં ભગવદ્ ધર્માનુરોધી તથા વ્યંવહારાનુરોધી એવાં સમર્પણના બે પ્રકારોનું વિવેચનં હૃદયગ્રાહ્ય છે તદુપરાન્ત પ્રાચીન પરંપરાએ શ્રી વલ્લભકુલનાં ગ્રહોમાં જે પ્રચલિત સેવા પ્રકાર છે એ શુદ્ધ ભગવદ્ધર્માનુરોધી સમર્પણનો પ્રકાર છે તથા એક જ ઘરમાં શ્રીઠાકુરજીનો ભંડાર, રસોઇ અને પોતાના અંગત ભંડાર રસોઇ અલગ એ સિદ્ધાન્ત સિદ્ધાન્તરહસ્ય માં બતાવેલ

સમર્પણથી સંગત છે ? એવો પ્રશ્ન કરી તેની સમીક્ષા કરી છે જે આધુનિક યુગમાં પ્રવાહિત થઇ ગયેલા કેટલાક પ્રકારોની આલોચના અને એમાં પેહેલી વિકૃતિઓનું દિગ્દર્શન કરાવીને કઇ રીતે એ વ્યવસ્થા સિદ્ધાન્ત શુદ્ધ પ્રકારે જાળવવી તેનું અત્યન્ત સચોટ માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. ઉપરાન્ત મનોરથી ઓ દ્વારા આવતા દ્રવ્યથી અગર આવેલાં દ્રવ્યથી અડધી રકમથી ધરાયેલી સામગ્રી અગર કરાતાં મનોરથો તેને અગાઉ બતાવેલાં સમર્પણનાં સિદ્ધાન્તાનુરોધી અને વ્યવહારાનુરોધી બેમાંથી કયો પ્રકાર સમજવો ? આ પ્રશ્નનાં જવાબમાં તેમણે વિસ્તૃત વિવેચન કર્યું છે. સિદ્ધાન્ત શુદ્ધ પ્રણાલિકાનોં વિચાર કરીએ તો આ પ્રકાર અશુદ્ધ અને વિકૃત સાબિત થાય છે. ગો.શ્રીશ્યામમનોહરજી (પાર્લા) દ્વારા ઘણાં સમયથી આ વિકૃત વ્યવસ્થા નું વિકૃત સ્વરૂપ સમજાવવાની પ્રવૃત્તિ લેખન પ્રવચનો દ્વારા સતત થતી રહી છે અને થઇ રહી છે. જેનોં વિરોધ કરવાનો પ્રયત્ન થતો રહ્યો છે પરન્તુ શ્રીમહાપ્રભુ અને પરવર્તી આચાર્યો નાં વિધાન વાક્યોનું સમ્પાદન તેમણે જે કર્યું છે તેથી પત્થર ની લકીર સમાન એ શબ્દરાશીની પ્રામાણિકતા ક્યારેય કોઇ પણ કાલમાં પડકારી શકાય તેવી નથી. એ સાબિત થયેલ છે. સિદ્ધ થયેલ છે. “**तत्सिद्धयै तनुवित्तजा**” નું વિવેચન કરતાં શ્રીગુસાંઇજી પ્રભુચરણનું સુસ્પષ્ટ વિધાન કોંઇ પણ પ્રકારની વિકૃત વ્યવસ્થાને અસ્વીકાર કરવા બાધ્ય કરે છે. ઉપરાન્ત ભગવદ્ધર્માત્મક સમર્પણને સ્વીકારી ચુકેલા અને ઘરમાં સ્થિતિ કરનારા પરમ ભગવદીયો ને પણ વ્યવહારાનુરોધે થતું સમર્પણ પ્રાપ્ત થાય છે એ શીર્ષક હેઠળનું વિવેચન શુદ્ધ સિદ્ધાન્તાનુસાર ચાલવા માટે સિદ્ધાન્ત પર પ્રકાશ ફેંકે છે ઉપરાન્ત વ્યવહાર નિભાવવો પડે તે વખતે પણ વ્યવહાર વધે નહિં પરન્તુ ઘટે એ માટે ૮૪ વૈષ્ણવની વાર્તામાંથી શ્રીકુંભનદાસજીનોં પ્રસંગ ઉદાહરણરૂપે પ્રસ્તુત કર્યો છે જે વિચારણીય છે. પછી આગળ સમર્પણ માટે ગીતામાં કહેવાયેલી ૪ શરતો જળવાવી જોઇએ એ “**मे यच्छति**”, “**भक्त्या प्रयच्छति**” - **भक्त्युपहृतं प्रयच्छति**” અને “**प्रयतात्मा भूत्वा प्रयच्छति**” છે. જેનો પ્રકાર શ્રીપદ્મનાભદાસ નોં પ્રસંગ ટાંકીને તેમણે પોતાનાં જીવનમાં આ શરતો નો નિર્વાહ કરીને પોતાની સિદ્ધાન્ત નિષ્ઠાનોં નિભાવ કર્યો તેનું અકાટ્ય

પ્રમાણ આ વિવેચન માં ઉજાગર થાય છે, પછી શિષ્ય હોય કે ગુરુ હોય, પુષ્ટિમાર્ગીય સમર્પણમાં પોતાનાં જ સ્વત્ત્વવાળા દ્રવ્યથી સેવા-સમર્પણ કરવા-પરસ્પર એક બીજાનાં દ્રવ્યથી ન કરવા એ સિદ્ધાન્ત શુદ્ધ વ્યવસ્થાનું પ્રતિપાદન શ્રીપદ્મનાભદાસજીનાં પ્રસંગથી સિદ્ધ થાય છે. તેનું તાત્પર્ય એ શીર્ષક નીચેનું વિવેચન ઘણું જ માર્ગદર્શન, ખાસ કરીને વર્તમાન સમયમાં ચાલતી વ્યવસ્થાને મહાપ્રભૂપદિષ્ટ સિદ્ધાન્ત પ્રમાણે તેમાં સુજ્ઞ વ્યક્તિઓં દ્વારા સુધારો લાવવા માટે સચોટ માર્ગદર્શન છે. ઉપરાન્ત દશમ સ્કંધ માં શ્રીયશોદાજી અને વ્રજભક્તોના સમર્પણનાં પ્રકારોં એ શીર્ષક હેઠળનાં વિવેચનમાં પ્રેમલક્ષણા ભક્તિ પર આધારિત આપણી સેવા પ્રણાલી છે તેનું પ્રમાણ પુરસ્સર પ્રતિપાદન છે અને છેલ્લે વૈષ્ણવોએ કે શ્રીવલ્લભ મતાનુવર્તી કોઇએ પણ સેવા વૈકુંઠ વૈભવથી નહિં, વ્રજ વૈભવથી કરવી. વૈષ્ણવોએ પણ પોતાના ઘરે શ્રીઠાકુરજી નિમિત્તનું બીજાનું પુષ્પ ફલ વિગેરે નહીં સ્વીકારવું દામોદરદાસ સંભલવાળાની વાર્તાનો અડેલ વાળો પ્રસંગ એ શીર્ષક થી સરસ વિવેચન છે.

ઉપર્યુક્ત શીર્ષકો થી જ સમજી શકાય છે કે પ્રસ્તુત વિવેચન આજે જ્યારે સિદ્ધાન્ત નિર્ધારણ બાબતમાં વૈષ્ણવો ને જ નહિં, અનેક પુષ્ટિમાર્ગાનુયાયીઓમાં અસમંજસતા ફેલાણી છે તેમને શુદ્ધ સિદ્ધાન્ત ને સમજી ને જીવન નિષ્ઠાપૂર્ણ, પ્રામાણિક બનાવવા નું સૌદર્ય પ્રસ્તુત ગ્રંથોક્ત વિવેચનનું બારીકાઇથી અદ્યયન ચિંતન કરવાથી પ્રાપ્ત થાય છે.

સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથ વિવરણનાં આ પ્રથમ ભાગમાં પ્રસ્તુત થયેલી સમીક્ષા અત્યન્ત રોચક છે અને તેનું વારંવાર અદ્યયન કરવાથી સિદ્ધાન્ત અને વ્યવહાર વચ્ચે ઉભી થયેલી તિરાડ કે જેને કારણે આવાં સર્વોત્કૃષ્ટ માર્ગમાં પ્રભુ દ્વારા વરણ, અને મહાપ્રભુ દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત હોવા છતાં તેના વાસ્તવિક જ્ઞાનના અભાવમાં ચારે બાજુ ભટકતાં પુષ્ટિમાર્ગીઓને નિશ્ચિત દિશા પ્રાપ્ત થાય છે.

જેમ કે વિવેચનની સમાપ્તિમાં લેખક મહોદયે લખ્યું છે કે વિશેષ

વ્યાખ્યાન સિદ્ધાન્ત રહસ્ય વિવરણ નામે ભાગ-૨ માં કરવામાં આવશે.

આ પ્રથમ ભાગનું વિવરણ વાચ્યાં પછી બીજા ભાગની તીવ્ર પ્રતીક્ષા અધ્યયન પ્રેમીઓને થાય એ સ્વાભાવિક છે. પુષ્ટિમાર્ગીય નામ-સેવાની ઠોસ પ્રવૃત્તિ ગો.શ્રીચન્દ્રગોપાલજી મહોદય દ્વારા થઇ છે અને એ પ્રવૃત્તિઓનો ખૂબ જ સત્કાર થયો છે.

ષોડશ ગ્રંથાન્તર્ગત - કૃષ્ણાશ્રય ગ્રંથનું વિસ્તૃત વિવેચન (ગુજરાતીમાં) બે ખંડોમાં પ્રકાશિત થયું હતું એ શ્રૃંખલામાં સિદ્ધાન્ત રહસ્ય જેવાં સિદ્ધાન્ત-પ્રતિપાદક ગ્રંથનું આ રીતે વિશદ વિવેચન અત્યન્ત શ્લાઘનીય છે.

વિશ્વાસ છે કે ભવિષ્યમાં ષોડશ ગ્રંથો પૈકી નાં અન્ય ગ્રંથો પર પણ લેખકશ્રી દ્વારા વિવેચન યુક્ત પ્રકાશન થશે. આ મહત્ત્વ પૂર્ણ ગ્રંથ પર પ્રસ્તાવના લખવાનું (નામ-સેવાનું) મને સૂચન લેખકશ્રી દ્વારા પ્રાપ્ત થયું એ બદલ હું તેમનો ઋણિ છું.

મહારાજ નિવાસ
લીંબડા ચોક-રાજકોટ
ફોન (૦૨૮૧) ૪૬૫૩૨૪

ગો.રસિકરાયજી
સંપાદક-"નવપ્રકાશ"
તા.૧૧-૧-૨૦૦૧

सिद्धान्त रहस्यम् ।

श्रीमद्वल्लभाचार्यचरणदृष्टम् ।

श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥ १ ॥
ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः ।
सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधाः स्मृताः ॥ २ ॥
सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ।
संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथञ्चन ॥ ३ ॥
अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन ।
असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥
निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ।
न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ॥ ५ ॥
तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ।
दत्तापहारवचनं तथा च सकलं हरेः ॥ ६ ॥
न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ।
सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यति ॥ ७ ॥
तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ।
गङ्गात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ॥ ८ ॥
गङ्गात्वे न निरूप्या स्यात्तद्वदत्रापि चैव हि ॥ ८ $\frac{१}{२}$ ॥

इति श्रीवल्लभाचार्यविरचितं सिद्धान्तरहस्यम् ।

તા.ક.

સદર પ્રકાશનમાં પરિશિષ્ટથી આપેલ અંગ્રેજીનું પ્રૂફ રીડિંગ કરી આપવા બદલ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પ્રાચ્યવિદ્યામંદિર વિભાગના મુખ્ય ડાયરેક્ટર શ્રીરાજેન્દ્રભાઇ નાણાવટીનો હું આભાર માનું છું. તેઓ અતિશય વ્યસ્ત હોવા છતાં પણ ખૂબ જ શીઘ્રતાથી બે વખત પ્રૂફ રીડિંગ કરી આપ્યું એ એમના અમારા પ્રત્યેના સૌહાર્દ બદલ હું મારી હાર્દિક પ્રસન્નતા વ્યક્ત કરું છું.

ગોસ્વામી ચન્દ્રગોપાલ

॥ શ્રી કૃષ્ણાયનમ: ॥
॥ શ્રી ॥

પ્રકરણ - ૧

ઉપક્રમ તથા "સિદ્ધાન્ત રહસ્ય" એમ ગ્રન્થના નામનો ભાવાર્થ

શ્રીમદ્ગોવર્દ્ધનધરણ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રના મુખથી નિઃસૃત વાક્યોના સંકલનરૂપ અને શ્રીમદ્વલ્લભાચાર્યચરણ દ્વારા પ્રકટિત સિદ્ધાન્તરહસ્ય નામક સાડાઆઠ શ્લોકનો આ નાનકડો ગ્રન્થ પુષ્ટિસમ્પ્રદાયમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણાય છે. આ ગ્રન્થની મહત્ત્વપૂર્ણતા તો વાર્તા પ્રસંગમાંથી પણ જાણી શકાય છે કે જે ચોર્યાસી વૈષ્ણવોની વાર્તા પૈકી પહેલી શ્રીદામોદરદાસ હરસાનીજીની વાર્તામાં વાર્તાપ્રસંગ પાંચમાં કહેવાઇ છે. વાર્તા પ્રસંગ-૫ માં આ મુજબ ઉલ્લેખ છે. - **"ઔર એક દિન દામોદરદાસ કે પિતાકો શ્રાદ્ધદિન હતો, તા દિન શ્રીગુસાંઇજી તહાં પધારે, વા કે પિતાકો શ્રાદ્ધ કરવાયો, પાછેં ઉત્થાપન કે સમેં દામોદરદાસ દરસનકોં આયે, તબ શ્રીગુસાંઇજીને કહી, જો મોકોં શ્રાદ્ધકી દક્ષિણા દેઉ, તબ દામોદરદાસને કહી, જો દક્ષિણામેં એક બાત કહૂંગો, સો સિદ્ધાન્તરહસ્ય કે ડેઢ શ્લોક કો વ્યાખ્યાન કહે, યહ ઐસી બાત હૈ, તબ શ્રીગુસાંઇજી કહે જો આગે કહો, તબ દામોદરદાસને કહી, જો મૈંને તો ઇતનો હી સંકલ્પ કિયો હૈ, તબ શ્રીગુસાંઇજી ચુપ કરિ રહે."** આ ઉપરાન્ત આમાં જ આગળ વાર્તા પ્રસંગ આઠમાં આ મુજબ ઉલ્લેખ છે - **" એક સમેં શ્રીગુસાંઇજી બૈઠે હે, તબ દામોદરદાસને કહી મહારાજ ! અપનો મારગ નિસંગતાકો નાહીં, રૂપ પ્રગટ કર્તા (હૈ), (ઔર કહીં,જો) એક સમેં શ્રીમહાપ્રભુજી પૌઢે હતે, તબ શ્રીગોવર્દ્ધનનાથજી આપ કહે, જો જીવકો ઉદ્ધાર કરો, લીલાકર્તા અવલંબન,સુદ્ધિ કરતા ઉદ્દીપન ભાવ, યા પ્રકાર ડેઢ શ્લોક કહે -**

श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद् भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥१॥
ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देह-जीवयोः ।

યે ડેઢ શ્લોકમેં સબ આયો "

આ બંને પ્રસંગો પર ભાવપ્રકાશ માં આ મુજબ પ્રકાશ પાડવામાં આવ્યો છે -(વાર્તા પ્રસંગ-પ ઉપર -) " **ઔર દક્ષિણામેં દામોદરદાસને સિદ્ધાન્તરહસ્ય કે ડેઢ શ્લોક કો વ્યાખ્યાંન કિયો, તબ શ્રીગુસાંઇજી કહેં આગે કહો, તબ દામોદરદાસને કહી, જો મૈંને તો ઇતનો (હી) સંકલ્પ કિયો હૈ, તાકો કારન યહ હૈ, જો સત્ય સંકલ્પ (તો) ઇતને હી મેં સગરો મારગ હૈ."** (વાર્તા પ્રસંગ-૮ ઉપર) "**સો (અભિપ્રાય) કહત હૈં, શ્રાવણ મહિના કે પતિ ભગવાન હૈં, એક અમલ જો ઉજયારો પક્ષ ભકતજનન કો હૈ, તિન એકાદશી કો દિન પ્રભુન કો હૈ, એકાદશ્યાં, એકાદસ ઇન્દ્રિય કી સુદ્ધિ ભકતજનન કોં કરાયવેકોં મહાનિશિ, જો-અર્દ્ધરાત્રિ, રાસલીલામેં સાક્ષાત્ ભગવાન (ભકતન)સોં નિસંક હોઇ રહસ્ય વાર્તા કરત હૈં લીલામેં, તેસે હી શ્રી આચાર્યજીસોં બોલે, સગરે અક્ષર કહત હૈં, યહાં તાંઇ શ્રી આચાર્યજી ઉપર ભાવ, શ્રીગોવર્દ્ધનનાથજી અબ કહેં, બ્રહ્મસબન્ધ કરાવો, સબકોં દેહ-જીવકોં, તાતેં (દામોદરદાસને શ્રીગુસાંઇજી સોં કહ્યો) જો ભકિતમારગ કે વિસ્તાર કી આજ્ઞા હૈં, સો તુમ કરો, અજ્ઞાન જીવ હૈં, યાહી બ્રહ્મસમ્બન્ધ તેં દોષ જાંઇગે અંગીકાર કરાયે, એક શ્લોકમેં લીલા, આધે શ્લોકમેં મારગ કી રીતિ, સબ ઇનમેં આયો, યા પ્રકાર શ્રીગુસાંઇજી સોં દામોદરદાસને કહ્યો** ".

ઉપર્યુકત વાર્તા સાહિત્યના બે પ્રસંગોથી સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થનું મહત્ત્વ અને ગ્રન્થ રચનાનું તાત્પર્ય એમ બંને વાતો જાણવા મળે છે. ગ્રન્થનું નામ **સિદ્ધાન્ત રહસ્યમ્** છે. " **सिद्धान्त रहस्यम्**" એટલે કે સિદ્ધાન્તનું રહસ્ય જેમાં કહેવાયું છે તેગ્રન્થ

"સિદ્ધાન્ત રહસ્ય", અથવા " **रहस्यात्मको सिद्धान्तः**" એટલે કે રહસ્યરૂપ સિદ્ધાન્ત જે ગ્રન્થમાં નિરૂપાયો છે તે "સિદ્ધાન્ત રહસ્ય" આમ બે પ્રકારે વાક્યાર્થ ગ્રહણ થઇ શકે છે.

ગ્રન્થના નામમાં આવેલ સિદ્ધાન્ત શબ્દનું તાત્પર્ય

પ્રથમ અર્થ પ્રકારે વિચારવામાં આવે ત્યારે સર્વ પ્રથમ સિદ્ધાન્તનો નિશ્ચય થવો જરુરી બની જાય છે, કારણકે સિદ્ધાન્તનો જો નિશ્ચય થાય તો જ તે સિદ્ધાન્તનું રહસ્ય શું તે વિચારી શકાય આ માર્ગનું નામ પુષ્ટિમાર્ગ છે અને એનો અર્થ થાય છે અનુગ્રહનો માર્ગ તેથી "અનુગ્રહ" એ સિદ્ધાન્ત છે ? કે પછી આ સમ્પ્રદાય ભકિતસંપ્રદાય હોવાથી ભકિત એ સિદ્ધાન્ત છે ? કે પછી શ્રીમહાપ્રભુ સુબોધિનીમાં જણાવે છે કે સાધનસમ્પત્તિ વડે હરિપ્રસન્ન થતા નથી પરન્તુ દૈન્યભાવ જ એક માત્ર હરિતોષણનું કારણ છે તેથી દૈન્યભાવ એ સિદ્ધાન્ત છે ? અથવા તો ભકિતમાં પણ મુખ્ય પ્રેમ હોવાથી પ્રેમ એ સિદ્ધાન્ત છે ? અથવા આશ્રયભાવ, આત્મનિવેદન વિગેરે અનેક બાબતો પર શ્રીમહાપ્રભએ સુબોધિની, અણુભાષ્ય, નિબન્ધ, ષોડશગ્રન્થો વિગેરે સ્વરચિત ગ્રન્થોમાં ચર્ચા કરી છે તે સિદ્ધાન્ત છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીમહાપ્રભુ પોતે જ પોતાનો સિદ્ધાન્ત- નિશ્ચય જાહેર કરે છે તેથી વધુ વિચારવાની જરૂર જ રહેતી નથી. તેઓશ્રી ષોડશગ્રન્થ પૈકી ત્રીજો ગ્રન્થ "સિદ્ધાન્તમુકતાવલિ " ગ્રન્થમાં જણાવે છે કે -

नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिद्धान्तविनिश्चयम् ।
कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ॥
चेतस्तत् प्रवणं सेवा तत्सिद्धयै तनु-वित्तजा ।
(સિદ્ધાન્ત મુકતાવલિ)

અહીં શ્રી આચાર્યચરણ પ્રથમ સ્વ એટલે પોતાનો સિદ્ધાન્ત બાબત

વિનિશ્ચય કહેવાની પ્રતિજ્ઞા કરીને તે સિદ્ધાન્ત વિનિશ્ચય શું છે ? તો આગળ કહે છે - “**कृष्ण सेवा सदा कार्या**” “કૃષ્ણસેવા સદા કરવી” એમ સિદ્ધાન્ત વિનિશ્ચય છે. આ વાક્યમાં કુલ ચાર પદો છે, **कृष्ण-सेवा-सदा-कार्या** આ ચારમાંથી એક પણ પદનો લોપ થાય તો તે સ્વ - એટલે શ્રીમહાપ્રભુનો સિદ્ધાન્ત વિનિશ્ચય નહિં કહેવાય પણ તે અન્યોનો - અન્યમાર્ગીઓનો સિદ્ધાન્ત થઇ જાય છે. “**कार्या**” પદનો લોપ કરી “**सदा कृष्णसेवा**” એમ ત્રણ પદ લેવામાં આવે તો કરણ-ક્રિયા દર્શાવતા પદનો અભાવ રહેવાથી કૃષ્ણસેવાનું સ્વરૂપ અન્તઃમનનાત્મક - ચિન્તનાત્મક થઇ જશે જે જ્ઞાનમાર્ગને અનુકૂળ થઇ ભક્તિમાર્ગથી સર્વથા વિરુદ્ધ થઇ જશે.“**सदा**” પદનો લોપ કરવામાં આવે ત્યારે “**कृष्णसेवा कार्या**”એમ ત્રણ પદથી સેવાનું ગંગાપ્રવાહવત્ સાતત્ય નહિં રહે અને તેવી સ્થિતિમાં કૃષ્ણસેવા વિમુખ જીવનના ભાગમાં આસુરભાવ પ્રવેશી કર્યા કારવ્યા પર પાણી ફરી જશે. શ્રીકૃષ્ણનું એક વખત પણ શુદ્ધભાવે નામ લેવામાં આવે તો કરોડો જન્મોના પાપ મટી જાય છે એમ શ્રીચૈતન્યમહાપ્રભુનો મત ચરિત્રગ્રન્થોમાંથી જાણવા મળે છે, જ્યારે શ્રી મહાપ્રભુએ શ્રીચૈતન્ય સમક્ષ પોતાનો એ જ અભિમત દર્શાવ્યો છે કે જેને આસુરવ્યામોહલીલાના પ્રસંગે ગ્રન્થબદ્ધ લખીને જણાવ્યું છે. તે પ્રસંગે શિક્ષાશ્લોકાઃમાં શ્રીમહાપ્રભુ ઉપદેશે છે કે -

यदा बहिर्मुखा यूयं भविष्यथ कथञ्चन ।
तदा कालप्रवाहस्थाः देहचित्तादयोऽप्युत ।
सर्वथा भक्षयिष्यन्ति यूष्मानितिमतिर्मम ॥
(શિક્ષાશ્લોકાઃ)

यदा એટલે જે સમયે - જે ક્ષણે તમે **બહિર્મુખ** એટલે કૃષ્ણસેવાથી બહિર્મુખ થશો, એટલે કે જે ક્ષણે તમારા દેહ-ઇન્દ્રિય-પ્રાણ-મન-બુદ્ધિ-ચિત્ત કૃષ્ણસેવાથી બહિર્મુખ થશે તે ક્ષણે કાલપ્રવાહના મધ્યમાં રહેલા એવા તમારા દેહ-પ્રાણ વિગેરે સર્વનું અને તે દ્વારા તમારું સર્વથા ભક્ષણ આ કાલ કરી જશે. અતઃ પોતાનાં દેહ-પ્રાણ-ચિત્ત વિગેરે સર્વનું ક્ષણ ના વિરામ વિના કૃષ્ણ પ્રતિ અભિમુખ રહેવું આવશ્યક છે અને તે સેવાનાં સાતત્ય વડે જ સંભવી શકે છે. અતઃ “**सदा**” પદનો લોપ થતાં પણ તે શ્રીમહાપ્રભુનો સિદ્ધાન્ત રહેતો નથી. તેવી જ રીતે “**सेवा**” પદનો લોપ થતાં જેમ બાકીનાં ત્રણ પદો રહીને પણ કર્તાવિભક્તિ ન રહેવાથી આખું વાક્યજ અશુદ્ધ યા અપૂર્ણ બની જાય છે, તેમ પુષ્ટિ-દૈન્ય-આશ્રય-પ્રેમ-કૃપા વિગેરે સર્વ બાબતો હોઇને પણ ‘સેવા’ પદ વિના શ્રીમહાપ્રભુના આ માર્ગનો સિદ્ધાન્ત જ નથી રહેતો. ત્યારે આ બધા જ શબ્દો મર્યાદામાર્ગ પરક બની જાય છે. દૈન્યભાવ, આશ્રયભાવ કે પ્રેમભાવ પણ જયારે સેવાભાવ સાથે મળેલા હોય ત્યારે જ તે પુષ્ટિમાર્ગીય કહેવાય છે, સેવાભાવ શૂન્ય આ ભાવો જીવ હિતકારી પ્રકારે મર્યાદા માર્ગીય કહેવાય છે.જીવહિતકારી એટલે જેનો હેતુ જીવનું હિત હોય એને જીવહિતકારી કહેવાય છે. તેથી જ શ્રી મહાપ્રભુ શ્રીભાગવતનો પુષ્ટિ સ્કન્ધ-છઠ્ઠો એનાં ઉપરના નિબન્ધમાં જણાવે છે કે “**पुष्टिः स्वार्था परार्था तु भक्तिः साऽनवमे मता**” (ભાગવતાર્થ નિબન્ધ, ૬-૧૩)અહીં છઠ્ઠાસ્કન્ધમાં કહેવાયેલ પુષ્ટિ-અનુગ્રહ એ સ્વાર્થ એટલે જીવહિતકારી છે, જયારે પરાર્થ એટલે પર એટલે ભગવાન તેમનાં સુખાર્થે ભક્તિરૂપા પુષ્ટિ એ તો પૂર્ણ અનુગ્રહે જ કહેવાયેલી છે. અતઃ પુષ્ટિમાર્ગમાં મુખ્ય અર્થે પુષ્ટિ પૂર્ણઅનુગ્રહ સ્વરૂપની જ સમજવી જોઇએ, અતઃ અહીં “**सेवा**” પદનો લોપ થતાં પુષ્ટિમાર્ગનો જ લોપ થઇ જાય છે. તેવી જ રીતે “**कृष्ण**” પદ લોપ થતાં બાકી રહેલા **सेवा-सदा-कार्या** એમ ત્રણ પદો રહેતાં વિભૂતિ, અવતાર, નારાયણ, અક્ષર, દેવ વિગેરેમાંથી કોની સેવા કરવી એ બાબતે સેવા પદ સંદિગ્ધ બની જાય છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં આનન્દમય રસાત્મક પૂર્ણપરબ્રહ્મ ભગવાન જ કોઇ પણ પ્રકારનાં સન્દેહ વિના સેવ્ય છે, તેથી ઉતરતું ભગવાનનું કોઇ પણ રૂપ સેવ્ય તરીકે સ્વીકાર્ય નથી.આ પ્રમાણે ચાર પદો ભેગા મળીને બનેલું એક વાક્ય એ સ્વ-એટલે શ્રીમહાપ્રભુનો સિદ્ધાન્ત વિનિશ્ચય છે.

આ સિદ્ધાન્ત વિનિશ્ચયને જ વધુ સ્પષ્ટ અને સપ્રમાણ સમજવા માટે સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થ પરની શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ વિરચિતા વિવૃતિનો પ્રથમ શ્લોક પરનો અંશ અત્ર ઉલ્લેખનીય છે. શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રીમહાપ્રભુના વાક્યોનું તાત્પર્ય પ્રકટ કરતાં લખે છે કે -“**अग्रे वक्ष्यमाणैर्बहुभिर्मिथो विरुद्धैः सिद्धान्तैः शास्त्रार्थसन्देहे तन्निरासाय स्वसिद्धान्तरूपं शास्त्रार्थनिश्चयं वक्ष्यामीत्यर्थः । तमेवाहुः कृष्णसेवेति । फलात्मकनामोक्त्या स्वतः पुरुषार्थत्वेन सेवाकृतिः स्वसिद्धान्तः, न तु अन्यशेषत्वेनेति ज्ञाप्यते । सेवा हि सेवकधर्मः । तदुक्त्या जीवानामशेषाणां सहजदासत्वं ज्ञापितम् । अत एव न कर्मणीवात्र कालपरिच्छेदः अस्तीत्याहुः सदेति । आवश्यकार्थण्यत्प्रत्ययान्तकार्यपदोक्त्या तद् अकरणे प्रत्यवायी भवतीति ज्ञाप्यते । सा च फलरूपा साधनरूपा चास्ते । तत्र मानसी सा परा फलरूपा इत्यर्थः । यथा व्रजसीमन्तिनीनाम् । तदेव तत्प्राणनाथेन गीतं “तानाविदन्मय्यनुषङ्गबद्धधियः स्वमात्मानमदस्तथेद” मित्यादिना**” અર્થાત્ - આગળ (આજ ગ્રન્થમાં આગળ ચોથા શ્લોકમાં જણાવ્યા મુજબ અક્ષરબ્રહ્મના બે રૂપો પ્રતિપાદન કરી બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રય હોવાથી અક્ષરનું એક રૂપ પ્રપંચ છે અને બીજું રૂપ તેથી અલગ છે એમ વેદાદિ સર્વશાસ્ત્રોથી સમ્મત હોઇને પણ માયાવાદીઓ જગતને માયિક કહે છે, સાંખ્યો ગુણકાર્ય કહે છે, દ્વિઅણુ વિગેરે ક્રમ વડે ઇશ્વર કાર્ય વૈશેષિકો કહે છે વિગેરે પ્રકારે -) કહેવાયેલા ઘણાં બધા મતોના પરસ્પર એક બીજાથી વિરુદ્ધ સિદ્ધાન્તો વડે કરીને ભાગવત - ગીતા વિગેરે શાસ્ત્રોના અર્થોમાં સન્દેહ ઉત્પન્ન થતાં તેવા સન્દેહના નિવારણને અર્થે સ્વ એટલે પોતાના સિદ્ધાન્ત રૂપ જે શાસ્ત્રાર્થનો નિશ્ચય છે તે હું કહીશ એમ અર્થ છે. શાસ્ત્રાર્થનિશ્ચય તમારા સિદ્ધાન્તમાં શું છે ? તો કહે છે -**કૃષ્ણસેવા સદા કરવી**. (અહીં સેવા કોની કરવી ? એ બાબતમાં બીજા નામોં નહિં કહીને “કૃષ્ણ” એમ જે -) ફલાત્મક નામ કહ્યું છે તેથી કરીને સ્વતઃ પુરુષાર્થપણાએ સેવાકૃતિ-સેવા કરવી કે થવી એ સ્વ એટલે શ્રીમહાપ્રભુનો સિદ્ધાન્ત છે, જેમાં અન્યશેષપણું હોય તેવી સેવા સ્વસિદ્ધાન્ત નથી એમ જણાવ્યું છે(એવા પ્રકારની સેવા કે જે પોતે જ સ્વયં સ્વતઃ પુરુષાર્થ રૂપા હોઇ ધર્મ-અર્થ-કામ-મોક્ષ તેનાં થી જ સિદ્ધ થઇ જતાં હોઇ - સેવાથી ઇતર અન્ય કંઇ કરવું જેમાં બાકી રહેતું ન હોય તેવી સેવા). નિશ્ચય કરીને સેવા એ જ સેવક ધર્મ છે, આમ કહેવાથી અશેષજીવો (ભગવદંશ બધા જ જીવો) ભગવાનનાં દાસ છે અને એમનું આ દાસપણું સહજ એટલે કે બ્રહ્મમાંથી જીવોનું વ્યુચ્ચકરણ થયું ત્યારથી જ સિદ્ધ છે (તે પૂર્વમાં પણ ભગવાનનો દાસ જ હતો, આજે પણ તે દાસ જ છે અને આગળ પણ તે દાસ જ રહેશે) એમ જ્ઞાપિત થયું છે. એટલા જ માટે (જીવો સદાકાળ ભગવાનનાં દાસ જ હોવાથી) જેમ કર્મમાં કાલપરિચ્છેદ હોય છે કે અમુક કર્મ અમુક કાળમાં જ કરવું અને અમુક કર્મ અમુક કાળમાં ન કરવું, તેમ તેવો પરિચ્છેદ અહીં - સેવામાં નથી (કે સેવા અમુક કાળમાં જ કરવી અને અમુક કાળ ગયે સેવા ન કરવી) એમ જણાવવા માટે ‘સદા’ - સર્વદા સેવા કરવી એમ જણાવ્યું છેં “**सदा कार्या**”માં કાર્યા પદ કે જે વ્યાકરણના નિયમથી ‘ण्यत्’ પ્રત્યયાન્ત છે અને જેનો અર્થ આવશ્યક અર્થમાં થાય છે (તેથી સેવા પણ ઇચ્છા હોય તો કરવી અને ન હોય તો ન કરવી એમ નહિં પરન્તુ જીવમાત્રે ભગવાનની સેવા કરવી એ આવશ્યક - અનિવાર્ય છે અને) તે સેવા નહિં કરાતાં સેવા નહિં કરનાર વ્યકિત પ્રત્યવાય દોષવાળો થાય છે એમ જણાવ્યું છે (પ્રત્યવાચ દોષ એટલે જેમ કોર્ટનો હાજર રહેવાનો હુકમ માનવો આવશ્યક -અનિવાર્ય છે અને જો કોઇ ન માને તો તે સજાને પાત્ર ઠરે છે - આ પ્રકારનો દોષ પ્રત્યવાય કહેવાય છે). (ફલાત્મક સ્વરૂપ શ્રીકૃષ્ણની સ્વતઃ પુરુષાર્થ પણાએ સદા સેવા કરવી) તે સેવા બે પ્રકારની છે, એક ફલરૂપા અને બીજી સાધનરૂપા. આ બે સેવાઓ મધ્યે અવિચ્છિન્નમનની ભગવાનમાં ગતિ થવા રૂપ માનસી સેવા એ સાધન રૂપ સેવાના ફલરૂપે પ્રકટ થતી હોઇ પરા ફલરૂપા કહેવાય છે (તથા જે સેવારૂપ સાધનથી માનસી -ફલરૂપા સેવા સિદ્ધ થાય છે તે ફલરૂપા સેવાના સાધન રૂપમાં હોઇ અપરા-

સાધનરૂપા કહેવાય છે). જેમ વ્રજસીમન્તિનીઓ શ્રીગોપીજનો ની સેવાનો પ્રકાર હતો એ જ માનસી સેવા (ની પરાકાષ્ઠા) છે, આ જ વાત તે શ્રીગોપીજનોના પ્રાણનાથ એવા શ્રીકૃષ્ણના મુખથી હૃદયમાં રહેલા શબ્દો નિસરી પડ્યા કે **“ता नाविदन् मय्यनुषङ्गबद्धधियः स्वमात्मानमदस्तथेदम्, यथा समाधौ मुनयोऽब्धितोये नद्यः प्रविष्टा इव नामरूपे”** (ભાગવત, ૧૧ -૧૨-૧૨) અર્થાત્ - જેમ સમાધિમાં પ્રવેશેલા મુનિજનો અને મહાસાગરમાં પ્રવેશેલી નદીઓ પોતાનાં નામ-રૂપને વિલીન કરી દે છે, તેમ મારામાં જ બંધાઇને રહેલી બુદ્ધિજેની થઇ ગઇ છે એવી એ ગોપીઓ પોતાની જાત, પોતાનું કહેવાતું સર્વ તથા પ્રત્યક્ષ - પરોક્ષ સર્વ કાંઇ ના અનુભવ વિનાની એક માત્ર મારા જ અનુભવવાળી થઇ ગઇ હતી.

ફલરૂપા માનસી સેવા એટલે શું ?

ઘણાં વૈષ્ણવો માનસી સેવા વિષયમાં ભ્રાન્તિવાળા છે. તેમનું માનવું છે કે પોતાનાં ઘરમાં જે કલાક - બેકલાક સેવા કરતા હોઇએ તેની જગ્યાએ પ્રત્યક્ષ સેવા ન કરી અને પ્રત્યક્ષ પદાર્થનો ભગવાનમાં વિનિયોગ ન કરી, તન-ધનને ભગવદુપયોગમાં લાવ્યા વિના જ મનના લાડુ ભગવાનને ધરવા અને કાલ્પનિક આભૂષણો ધરાવવા તથા પોતાનાં તન -ધનને સંસારમાં વ્યસ્ત રાખવા એટલે કે પ્રત્યક્ષ સેવા ન કરી મનમાં જ બધા ભાવો વિચારી સેવા કરવી એ માનસી સેવા છે. પરન્તુ એ લોકોનો આવો ખ્યાલ ઘણો જ ભૂલ ભરેલો છે. આવા પ્રકારની માનસી શ્રીમહાપ્રભુએ કે શ્રીપ્રભુચરણે કયારેય કયાંય જણાવી નથી. માનસીનો અર્થ જે અવિચ્છિન્ન મનની ગતિ ભગવાનમાં થવી છે તેવી મનની સ્થિતિ આવી માનસીમાં કલ્પી શકાય તેમ પણ નથી. વિવૃતિમાં શ્રીપ્રભુચરણ માનસીમાં જે વ્રજગોપિકાઓએ કરેલી સેવાનો પ્રકાર જણાવે છે ત્યાં ગોપીજનોએ આવી માનસી સેવા કરી નથી. પ્રભુનો વેણુનાદ સાંભળતાં તેઓ પરસ્પર કૃષ્ણગાન કરવામાં પ્રવૃત્ત થઇ છે અને શરદની સંધ્યાએ કૃષ્ણનો વેણુનાદ

સાંભળતાં તેઓ માનસીમાં આવી જઇ ઘરમાં જ કૃષ્ણ ધ્યાન કરવા લાગી ગયા નથી, પરન્તુ પ્રત્યક્ષમાં ઘર-ગૃહસ્થી સર્વનો ત્યાગ કરી કૃષ્ણની દિશા તરફ પોતાનાં ચરણ દોડીને આગળ ધપાવ્યા છે. તેમજ કૃષ્ણ પાસે પહોંચીને પણ વ્રજમાં પાછા વળવાનું શ્રીકૃષ્ણ દ્વારા કહેવાતાં પાછા નહિં જઇને કૃષ્ણનાં દસ શ્લોકોથી કહેવાયેલ વાક્યોનો અગિયાર શ્લોકો વડે સચોટ રીતે ઉત્તર વાળીને શ્રીકૃષ્ણને પુષ્ટિમાર્ગમાં બિરાજી જે કહેવું હોય તે કહેવા આગ્રહ કરતી રહી છે, નહિં કે કૃષ્ણ દ્વારા ના કહેવાતાં નીચે બેસી ધ્યાન અવસ્થામાં આવી માનસીમાં રાસનો અનુભવ કરવાનો માર્ગ કાઢયો છે. તેથીજ તો શ્રીઆચાર્યચરણે પણ તેમની મહત્તામાં ત્યાં લખ્યું છે કે **“तासां वाचो जयन्ति हि”**. જો યુગલગીતના પ્રસંગને વિચારવામાં આવે તો ત્યાં પણ **“कृष्णे वनं याते”** થી શ્રીકૃષ્ણની વ્રજમાં સ્વરૂપ વડે પ્રત્યક્ષ સ્થિતિ ન હોતાં અને **“तमनुद्रुतचेतसः”** થી ભગવાન વિના સ્થિતિ નહિં થઇ શકે તેવી મનની ઉત્કટ વ્યસનની દશા માં એમના હૃદયમાં લીલાઓ સહિત ભગવત્સ્વરૂપનું જે સ્ફુરણ થયું તેને પણ **“कृष्णलीलाः प्रगायन्त्यः”** થી કૃષ્ણલીલાનું ગાન કરવામાં પ્રવૃત્ત કહ્યા છે અને તે પણ **“निन्युर्दुःखेन वासरान्”**થી ભગવાન યદ્યપિ સાંઝે વ્રજમાં પાછા પધારવાના જ છે તેમ છતાં પણ દિવસભરનો લાંબા સમયનો ભગવદ્વિરહ બનતાં વિરહના સ્વભાવે તેમનાં હૃદયમાં જે લીલાઓનું સ્ફુરણ થાય છે તેનાં ગાન વડે કેમે કરીને અતિશય દુ:ખ પૂર્વક ભક્તો દિવસ વિતાવતા હતા. જયારે આધુનિકોની માનસીમાં આ બાબતો ની સંભાવના જ નથી. ઉપરાન્ત સાંઝે શ્રીકૃષ્ણ વ્રજે પાછા પધારતાં તો તેઓ શ્રીકૃષ્ણને પ્રત્યક્ષ જ નિહાળતા હતા અને પ્રત્યક્ષ જ સેવા કરતા હતા, નહિં કે તે સમયે તેઓ હવે શ્રીકૃષ્ણ આવી ગયા હશે તેવી કલ્પના કરી પોતાના ઘરે ઉક્ત પ્રકારની માનસીમાં બેસી જતા હતા. ઉપરાંત પ્રતિદિનમાં પણ તેઓ શ્રીકૃષ્ણને અરોગાવવા વિવિધ સામગ્રીઓ પોતાના ઘરે ન તો તેવી માનસીમાં સિદ્ધ કરતા હતા કે ન તેઓ શ્રીપ્રભુને સિદ્ધ કરેલી સામગ્રી માનસીમાં અરોગાવતા હતા,

અપિતુ કૃષ્ણ ઘરે પધારે તેની પ્રતીક્ષા જ કરતાં હતા. તેથી ગોપીઓના ઘરે કૃષ્ણે માનસીના માખણ, દૂધ, દહીં, છાશ ચાખ્યા નથી પણ પ્રત્યક્ષ જ રહેલા પદાર્થોને પ્રત્યક્ષ આરોગ્યા છે.

અતઃ માનસી નો અર્થ જે ટીકાકારો એ પ્રદર્શિત કર્યો છે કે ભગવાનમાં મનની અવિરત-અવિચ્છિન્ન ગતિ થવી તે અનુસાર તેમજ શ્રીપ્રભુચરણે વિવૃતિમાં સ્પષ્ટ કરેલ સેવાનું સ્વરૂપ તે બન્નેને સાથે રાખતાં શ્રીભાગવત-ગીતા વિગેરે શાસ્ત્રોનાં નિષ્કર્ષરૂપ, રસાત્મક આનન્દમય પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણમાં દાસભાવે સાર્વદિક સ્વસર્વસ્વનિવેદન સ્વરૂપની મનની અવિરત-અવિચ્છિન્ન ગતિ થવી એ માનસી સેવા છે. એ માનસી પૂર્ણ પ્રેમોદ્ગમપૂર્વક થાય એ એની પરાકાષ્ઠા છે કે જે દશમસ્કન્ધસ્થ ભક્તોની કૃષ્ણમાં ચિત્ત નિરોધ સ્વરૂપની ભક્તિ કહેવાઇ છે. દશમસ્કન્ધના અન્તે વૃષ્ણિકુલનાં સર્વની ચિત્તનિરોધ દશાને જણાવતાં શ્રીશુકદેવજી કહે છે -

शय्यासनाटनालापक्रीडास्नानाशनादिषु ।
न विदुः सन्तमात्मानं वृष्णयः कृष्णचेतसः ॥
(ભાગવત ૧૦-૯૦-૪૬)

સૂતાં બેસતાં, ફરતાં, બોલતાં, રમતાં, નહાતાં, જમતાં વિગેરે ક્રિયાઓમાં પણ કૃષ્ણ જ જેનું ચિત્ત થઇ ગયા છે તેવા કૃષ્ણચિત્ત વૃષ્ણિકુલજનોને પોતાની જાતની સુધ-બુધ ન હતી, આ બધી ક્રિયાઓ કરતાં પણ તેઓ પોતાને વિસ્મરી શ્રીકૃષ્ણમાં જ પરાયણ ચિત્ત બન્યાં હતા. આ પ્રકારની સેવા એ માનસી સેવા છે. માનસી કહેવાથી અને તન-વિત્તને સાધનમાં જણાવવાથી એમ ન માનવું જોઇએ કે માનસીમાં તન-વિત્ત નિરુપયોગી બની જાય છે. અતઃ મનની કૃષ્ણમાં અવિરત ગતિ વિના સાધારણ પ્રકારની-સેવાસામયિક મનની કૃષ્ણમાં ગતિ રાખી સાધારણ સ્નેહ સહિત પોતાનાં તન-વિત્તને કૃષ્ણ સેવામાં યોજવા એ સાધનરૂપા સેવા છે કે જેનાં સતત આવર્તનથી તન-વિત્તની સંસારમાં ગતિ-ઉપયોગ નહિં થવાથી મન પ્રેમ, આસક્તિ બંને દશા

વટાવી વ્યસનદશામાં કૃષ્ણપ્રવણસ્વરૂપની ફલરૂપા-માનસી ભક્તિ સ્વરૂપમાં પ્રવેશી શકે, અને ત્યારે કૃષ્ણમાં પ્રવણ બની ગયેલા મનની તન-વિત્ત વડે થનારી સેવા એટલે કે મન-તન-વિત્ત ત્રણેની એકમાત્ર કૃષ્ણમાં જ ગતિ થઇ સેવાનું જે સ્વરૂપ બને તે કરાયેલી સાધનરૂપા સેવાના ફલરૂપે ફલરૂપા-માનસી સેવા છે એમ સમજવું જોઇએ. તેવી જ રીતે પૂર્ણરૂપેણ કૃષ્ણમાં પ્રવણ બની ગયેલા ચિત્તમાં જ્યારે કૃષ્ણ પ્રત્યેનો પૂર્ણ પ્રેમનો ઉદ્ગમ થઇ વિશિષ્ઠ ભાવમાં સ્થિતિ થઇ તન-વિત્ત વડે જે સેવા થાય એ માનસીની પરાકાષ્ઠા છે. આ રીતે માનસીની પણ બે દશા સ્પષ્ટ થાય છે જેમાં પહેલી આરંભ દશા અને બીજી પરાકાષ્ઠા છે. અતઃ સાધનસેવામાં સેવકના મનમાં મુખ્યરૂપે દાસભાવ હોય છે, સ્નેહભાવ અતિશય સાધારણ સ્વરૂપનો સ્વલ્પ હોય છે જેને શ્રીમહાપ્રભુનાં શબ્દોમાં ભક્તિબીજ નામે પણ જાણી શકાય છે. આ ભક્તિબીજ રૂપ સ્નેહ જ્યારે ત્યાગ-શ્રવણાદિ અથવા તનુ-વિત્તજ સેવાદિ સાધનો વડે રસરૂપે ચિત્તમાં અંકુરિત થાય છે ત્યારે એને માનસીની આરંભદશા કહેવામાં આવે છે. આ આરંભ દશામાં પણ દાસભાવ કાયમ રહી સ્નેહપૂર્વક સેવા તન-વિત્ત વિગેરે વડે કરવામાં આવે છે. પૂર્ણ સ્નેહનાં ઉદય વિનાની અવસ્થામાં જો દાસભાવ મજબૂત ન રહે તો માત્ર જીવભાવ રસને આગળ-આગળ વધવાની પ્રક્રિયામાં અવરોધક બની ભક્તિની ઉત્કૃષ્ટ દશા સુધી પહોંચવામાં બાધા આવી જાય. અતઃ માનસીની આરંભ દશામાં પણ દાસભાવ તો જરૂરી જ છે. માનસીની પરાકાષ્ઠા એટલે રસની હૃદયમાં પરિપૂર્ણ રૂપે સ્થિતિ થવી, ચક્ષુ પ્રીતિથી આરંભી મરણ પર્યન્તની રસશાસ્ત્રમાં કહેવાયેલી દસ અવસ્થાઓમાં દસમી મરણ અવસ્થા સિદ્ધ થતાં રસ પરિપૂર્ણતાએ પહોંચે છે. મરણ એટલે **“मृत्युरत्यन्तविस्मृतिः”** (ભાગવત ૧૧-૨૨-૩૮) વાક્ય મુજબ અત્યન્ત વિસ્મરણ થઇ જવું એટલે કે -

तन्मस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिकाः ।

तद्गुणानेव गायन्त्यो नात्माऽऽगाराणि सस्मरुः ॥
(ભાગવત ૧૦ -30-૪3)

જેમ ગોપિકાઓના મન, વાણીથી થનારો આલાપ, પ્રાણોથી થનારી સર્વ ચેષ્ટાઓ, બુદ્ધિના વિચારો, ચિત્તથી થનારું ચિન્તન, અસ્મિતાથી અનુભવાતો અહંભાવ અને હૃદયથી થનારું ગાન સર્વ કંઇ માત્ર શ્રીકૃષ્ણમય બની ગયા હતા અને તે વખતે તેઓ પોતાની જાત અને પોતાના ગૃહસ્થીના સ્મરણથી રહિત એક માત્ર કૃષ્ણસ્મરણ વાળાં જ બની રહ્યાં હતાં, તેમ કૃષ્ણ સિવાયનું બધું જ વિસ્મરી જવું, પોતાની જાતનું પણ સ્મરણ ન રહેવું તૂ અને હું નો ભાવ જ ન રહેવો અને માત્ર કૃષ્ણની જ ભાવરૂપે સ્થિતિ રહેવી એ માનસીની પરાકાષ્ઠા છે. આ ભાવને જ વેદાન્તમાં અથવા તો ભક્તિશાસ્ત્રોમાં સર્વાત્મભાવ નામે આલેખવામાં આવે છે. આ ભાવને જ છાન્દોગ્ય ઉપનિષદ્‌માં સનત્ કુમાર-નારદ સંવાદમાં સુખની ચર્ચા કરતાં જુદી-જુદી ભૌતિક બાબતોની ચર્ચા કરીને અન્તે ભૂમા-ભગવાન જ સુખ છે, બાકીના બધાં જ અલ્પ છે અને એમાં એ સુખ નથી એમ જણાવી ભક્તોના હૃદયમાં રહેલા સર્વાત્મભાવની ચર્ચા કરતાં **"स एव अधस्तात्"** વિગેરે વાક્યોથી **તદાદેશ** એટલે કે તદ્ આદેશ એટલે કે 'તે ભગવાન' એવા ભાવની હૃદયમાં સ્થિતિરૂપ રસની અવસ્થા જણાવીને કયારેક વિશેષ પ્રકારે રસાનુભવ કરાવવા ભગવાન જીવની અન્દર ભાવરૂપે પ્રવેશ કરે છે ત્યારે તે જીવ **અહંકારાદેશ** એટલે કે 'હું જ છું'(પોતાનામાં ભગવાનના ભાવ થકી ભગવદ્ ભાવે હું જ છું તેવો ભાવ, હૂં એટલે હૂં જીવ એમ નહિં પણ હૂં એટલે ભગવાન) એવા રસના સંચારીભાવવાળો થાય છે જેને **"अहमेव अधस्तात्"** વિગેરે વાક્યોથી જણાવી ત્યાર બાદ રસની ચરમ અવસ્થાસ્વરૂપના સર્વાત્મભાવને દર્શાવતાં **"आत्मा एव अधस्तात्"** વિગેરે વાકયોથી **આત્માદેશ** એટલે કે આત્મા+ આદેશ એટલે કે (તૂં છે અથવા હૂં છું એવો ભાવ સર્વથા ન રહી એક માત્ર -) 'આત્મા' છે એવા ભાવની હૃદયમાં સ્થિતિ હોવી, એવો સર્વાત્મભાવ દર્શાવ્યો છે. અહીં આત્મા શબ્દથી ભગવાન સમજવાનું છે. આત્મા-ભગવાન સિવાયનું બધું જ વિસ્મરણ થઇ જવું એ જ અત્યન્ત વિસ્મૃતિ છે. આત્માદેશ સ્વરૂપના આ સર્વાત્મભાવ-વાળી દશામાં યુષ્મદ્ -અસ્મદ્ શબ્દના ભાવો સર્વથા વિગલિત થઇ જતાં જયાં હૂં નો જ ભાવ નથી ત્યારે પછી 'હૂં દાસ છું' તેવા ભાવની સંભાવના પણ કયાં રહે છે ? અતઃ આ દશામાં હૂં દાસ છું તેવું જ્ઞાન પણ તિરોહિત થઇ જાય છે અને તે સ્થાને આત્માનુભવ-કૃષ્ણાનુભવ-પરમાનન્દાનુભવ યા પરમ રસાનુભવ શેષ રહે છે. આનાંથી તે દાસ મટી જતો નથી, દાસપણું તો સાર્વદિક છે, પરન્તુ આ દશામાં ભગવદિચ્છાએ જ યા રસ સ્વભાવે જ દાસજ્ઞાન તિરોહિત થઇ જાય છે. આવી દશામાં જ ભગવાનનાં અતિશય - વિશિષ્ઠ અનુગ્રહે તે જીવ સેવાફલ માં કહેવાયેલ અલૌકિક સામર્થ્યરૂપ ઉત્તમ ફલને પામવાવાળો થઇ તે ભગવાનની અનન્ત લીલારૂપ લીલાક્ષીરાબ્ધિમાં પ્રવિષ્ટ થઇ અનન્તલીલાવિશિષ્ટ પરમાન્દ સ્વરૂપ શ્રીપ્રભુના લીલાસહિત પરમાનન્દનો ભગવાનની સાથે રહી ભોગ કરવાવાળો થાય છે. ભક્તિ-સેવાની સાધન અવસ્થાથી લઇને માનસીની પૂર્ણસિદ્ધિ પર્યન્ત દાસભાવે- દાસધર્મે સેવા થાય છે અને માનસીની પૂર્ણ સિદ્ધિ થતાં પ્રેમભાવે-રસધર્મે સેવા થાય છે. સાધન અવસ્થાથી આગળ વધી જીવ જ્યારે માનસીમાં પ્રવેશે છે ત્યારે જીવ જેમ-જેમ તેમાં આગળ વધતો જાય છે તેમ-તેમ દાસભાવ ગૌણ બનતો જાય છે અને સ્નેહભાવ મુખ્યમાં આવતો જાય છે અને ત્યારે તે ગૌણદાસભાવે અને મુખ્ય સ્નેહભાવે તે સેવાકૃતિ વાળો થાય છે અને રસના પૂર્ણ આવિર્ભાવે દાસભાવ તિરોહિત થઇ માત્ર સ્નેહભાવે જ તે સેવા કરવા વાળો થાય છે કે જે પ્રકાર શ્રીગોપીજનોમાં જોવા મળે છે. એને જ શ્રીપ્રભુચરણે સિદ્ધાન્તમુક્તાવલી વિવૃતિમાં **"यथा व्रजसीमन्तिनीनाम्"** વાક્યથી જણાવ્યું છે. આ વાતને યદિ રસશાસ્ત્રનાં દષ્ટિકોણથી જોવામાં આવે તો વાત્સાયનમુનિ લખે છે-

शास्त्राणां विषयस्तावद् यावन्मन्दरसा नराः ।
रतिचक्रे प्रवृत्ते तु न च शास्त्रं न च क्रमः ॥

"**शास्त्राणाम्**"એટલે નારદ,શુક વ્યાસાદિ ભક્તિમાર્ગાચાર્યો દ્વારા તેમનાં-તેમનાં શાસ્ત્રોમાં ભક્તિ કરણ બાબતમાં નિર્દેશાયેલા, "**विषयः**"એટલે વિધિ-નિષેધ સ્વરૂપની બાબતો, આ દિવસે - આ સમયે આમ કરવું અને આ દિવસે - આ સમયે આમ ન કરવું પ્રકારની બાબતો, જેમ શ્રાવણ માસમાં (ગુજરાતી અષાઢ વદ પડવાથી શ્રાવણ સુદ પૂર્ણિમા પર્યન્ત) વિષ્ણુને હિન્દોલારોહણ કરાવવું, અક્ષયતૃતીયાથી બે માસ પર્યન્ત શ્રીપ્રભુને સેવામાં વિશેષતઃ શીતોપચાર કરવા, ફાલ્ગુની પૂર્ણિમા સમીપ ઉત્તરાનક્ષત્રમાં દોલારોહણ કરાવવું વિગેરે, તેવી જ રીતે વૈશાખ શુકલની ત્રયોદશી વિદ્ધા ચતુર્દશીએ નૃસિંહ ચતુર્દશી નહિં માનવી, ચૈત્ર સુદમાં અષ્ટમી વિદ્ધા નવમીએ રામનવમી ઉત્સવ નહિં માનવો, ભદ્રાકાલમાં શ્રીપ્રભુને રક્ષાબંધન ન કરવું તથા પવિત્રા નહિં ધરાવવા, કાર્તક સુદમાં દશમીવિદ્ધા એકાદશીએ દેવોત્થાપન-મંડપ-પંચામૃતાદિ નહિં કરવા વિગેરે, આ વિધિ-નિષેધાત્મક શાસ્ત્રનિર્દેશનો સેવામાં ઉપયોગ "**तावत्**" એટલે કે ત્યાં સુધી જ છે, "**यावत्**"એટલે જ્યાં સુધી "**नराः**"મનુષ્યો-દેહાદિ અભિમાનવાળા સેવામાં પ્રવિષ્ટ થયેલા સેવકો, "**मन्दरसाः**" મન્દ-એટલે અલ્પ અને રસ એટલે ભાવ, એટલે કે સેવા કરનારો સેવક-વૈષ્ણવ જ્યાં સુધી અલ્પભાવવાળો-અલ્પ સ્નેહભાવવાળો હોય ત્યાં સુધી જ નારદાદિ ભક્તિમાર્ગાચાર્યો દ્વારા સેવાકરણ બાબત નિર્દેશાયેલા વિધિ-નિષેધાત્મક વાક્યોનો સેવાકરણ અર્થે ઉપયોગ રહે છે, એટલે ભાવની અલ્પ સ્થિતિમાં ભાવવૃદ્ધિને અર્થે તેમજ પૂર્ણભાવ-સ્નેહને પામવા માટે ગુરુજનો દ્વારા જે રીતે સેવા કરવાનું ઉપદેશાયેલું હોય તે મુજબ સેવા કરવી, (પરન્તું) "**रतिचक्रे**" એટલે "**रतिर्देवादिविषया भाव इत्यभिधीयते**" એ વાક્ય મુજબ તેમજ "**रसो रतिः प्रीतिभार्वो रागो वेगः समाप्तिरिति रतिपर्यायाः**"(વાત્સા. કા. સૂ. અ.૨,અ. ૧, શ્લો. ૩૨)આ વાત્સાયનીય વાક્ય મુજબ રતિ એટલે અનુરાગાત્મક ભાવ, રતિ શબ્દ "**रमु**" ધાતુને "**क्तिन्**" પ્રત્યય લાગીને બનેલો શબ્દ છે, ધાતુનો અર્થ ક્રીડા થાય છે અને ભક્તિ શબ્દની માફક અહીં પણ પ્રત્યય નો અર્થ પ્રેમ એવો કરતાં રતિશબ્દનો અર્થ પ્રેમક્રીડા એવો થાય છે. ક્રીડા એ આનન્દનો સ્વભાવ છે અને પ્રેમ એ આત્મધર્મ છે, અતઃ પ્રેમ ભાવે આત્માનું રમણ કરવું એ રતિ છે. અતઃ જેમાં વિરતિ નથી તેવી રતિનું સાતત્ય એ રતિચક્ર છે - મનનું પ્રેમાત્મક ભાવોમાં સાતત્યે રમણ થવું એ રતિચક્ર છે, આ રતિચક્ર "**प्रवृत्ते**" એટલે મનમાં ઉદ્‌ભવેલી અને રહેલી રતિનું દેહ, પ્રાણ, આત્મા, ઇન્દ્રિયો વિગેરે સર્વને પૂર્ણ રૂપેણ પોતાનામાં આવરી લેવું એ રતિચક્રનું પ્રવર્તન છે. રતિચક્રનું પ્રવર્તન થવું એટલે પ્રેમક્રીડામાં મનસહિત દેહ, પ્રાણ વિગેરેનું અભિનિવિષ્ટ થવું, એ પ્રમાણે રતિચક્ર પ્રવર્તિત થતાં પછી રતિ નામથી પ્રસિદ્ધ ભાવ જ સર્વ ક્રિયાઓનો નિયામક - પ્રેરક બની જવાથી ત્યાં શાસ્ત્ર પ્રેરક નથી રહેતું અને કોઇ ક્રમ નિયામક નથી રહેતો. મનમાં રહેલો એ પ્રીતિભાવજ પોતાના સ્વભાવ અને સ્વરૂપને અનુકૂલ જીવ પાસે ક્રિયા કરાવે છે, અતઃ માનસીની સિદ્ધ દશામાં ભગવાન પ્રત્યેનો વિગાઢ પ્રીતિભાવજ વિવિધ પ્રકારે સેવા કરવા પ્રેરે છે.

સાધનરૂપા તનુ-વિત્તજા-સેવા

આ પ્રમાણે ફલરૂપા માનસી સેવાને વિચારતાં માનસી ફલરૂપા સેવાનું સાધન એવી તનુ-વિત્તજા સાધન સેવાનું પણ સ્વરૂપ નિશ્ચય થઇ જાય છે કે તે એવા પ્રકારે સાધન બનવું જોઇએ કે જેનાથી માનસી સિદ્ધ થાય. તેથી જ શ્રી આચાર્યચરણ પણ ઉક્ત સ્થળે "**तत्सिद्धयै तनु-वित्तजा**"એમ કહી તનુ-વિત્તજા ને તે એટલે માનસીની, સિદ્ધિ એટલે ઉપલબ્ધી અર્થે-પામવા માટે સાધનરૂપમાં સૂચવે છે. પોતાના તન અને વિત્તને કૃષ્ણસેવામાં એવા પ્રકારે વિનિયોગ કરવો કે જેનાં વારંવાર આવર્તને પોતાનું મન પણ કૃષ્ણસેવામાં પરોવાઇ જાય.

માનસી સેવાનું સાધન એ જ બની શકે જે માનસીના સ્વરૂપના અનુકૂલ સ્વરૂપનું હોય, માનસી સેવાથી વિરુદ્ધ પ્રકારનું

સાધન માનસીને સાધવા સમર્થ નહિં થાય. અતઃ "**कृष्णसेवा-सदाकार्या**"શ્રીમહાપ્રભુનું આ વાક્ય તથા આનાં ઉપરની વિવૃતિમાં શ્રીપ્રભુચરણે જે સ્વરૂપ-પ્રકાર દર્શાવ્યો છે કે રસાત્મક આનન્દમય પરબ્રહ્મ પરમફલરૂપ ભગવાન શ્રીકૃષ્ણની દાસભાવે અવિરત-અહર્નિશ સ્વસર્વસ્વનિવેદન સ્વરૂપની સેવા કરવી આ સ્વરૂપ અને પ્રકાર ફલાત્મિકા માનસીસેવામાં અને સાધનરૂપા તનુ-વિત્તજ સેવામાં બન્નેમાં કાયમ રહે છે. એટલે કે ચાહે સાધન પ્રકારે સેવા કરો ચાહે ફલરૂપા સેવા કરો પણ બંને સેવા ફલરૂપ સાક્ષાત્ શ્રીકૃષ્ણની જ કરવાની છે, તે પણ બંને સેવા દાસભાવે જ કરવાની છે, તે પણ બંને સેવા અવિરત-ક્ષણભર પણ રોકાયા વિનાની સર્વદા કરવાની છે અને તે પણ બંને સેવા પોતાનું સર્વસ્વ જેમાં ભગવાનને નિવેદન થતું હોય અને એનો ક્યાંય બીજે અન્યયોગ ન થતો હોય તેવા સ્વરૂપની જ - પ્રકારની જ કરવાની છે તેમજ તે પણ બંને સેવા યોગ, ધ્યાન,જ્ઞાન, કર્મ, યજ્ઞ, યાગ, દાન, તપ વિગેરે અન્ય ઉપસાધનોની સાપેક્ષ હોય તેવી નહિં પણ આ બધા સાધનોથી નિરપેક્ષ એવી જ સેવા કરવાની છે.

આને વધુ સ્પષ્ટ રીતે સમજવા માટે :- ઇન્દ્રિય-પ્રાણ વિગેરે સહિતનું પોતાનું સમ્પૂર્ણ તન અને "**दारा**" થી આરંભી "**इहपराणि**" પર્યન્તમાં કહેવાયેલ સમ્પૂર્ણ વિત્ત એ બંનેનો શ્રીકૃષ્ણની સેવામાંજ - શ્રીકૃષ્ણની સેવા અર્થેજ ઉપયોગ કરવો, તેથી ઇતર બીજાને અર્થે કે પોતાના સ્વયંના અર્થે પણ ઉપયોગ કરવો નહિં, (કારણ કે આપણે પહેલાં જોઇ ગયા તેમ રસની ઉત્કૃષ્ટ દશામાં અત્યન્તવિસ્મૃતિમાં કૃષ્ણજ્ઞાન સિવાયનું બીજું જે પણ જ્ઞાન છે તે અન્યજ્ઞાન છે અને તે અન્યજ્ઞાન જ રસની કહો કે ભક્તિની કહો ઉત્કૃષ્ટ દશામાં પ્રતિબન્ધક છે, અતઃ એને તો પ્રયત્ને દૂર કરવાનું છે, આવી સ્થિતિમાં કૃષ્ણથી ઇતર - અન્યનું ભજન કે અન્યમાં દેહાદિનો ઉપયોગ એ ભક્તિની ઉત્કૃષ્ટતામાં પ્રતિબન્ધક એવા અન્ય જ્ઞાનને વધારવાવાળું બની જાય, અન્યજ્ઞાનનું કે અન્ય જ્ઞાન થકી થનારી

ક્રિયાઓનું પોષણ એ અન્યચિન્તનની જ વૃદ્ધિ કરનારું બને અને તેથી માનસીની પરાકાષ્ઠામાં તો ઠીક પણ માનસીની આરંભ દશામાં પણ પહોંચવું અશક્ય બની જાય તેથી બીજાને અર્થેકે પોતાના અર્થે કે જે કૃષ્ણભાવથી અન્ય છે તેનાં અર્થે દેહાદિનો ઉપયોગ ન કરવાથી અન્યચિન્તનમાં આપોઆપ ઘટાડો થઇ કાલાન્તરમાં અન્યચિન્તન છૂટી માત્ર કૃષ્ણજ ચિન્તનવાળું ચિત્ત કૃષ્ણમાં પ્રવણ થઇ જાય છે),

નંબર બે થી કહેવાયેલ દાસભાવે જ સેવા કરવી એટલે હું કર્મનો કર્તા છું તેવો અહંકાર રાખી કરાયેલી ક્રિયારૂપ સેવા એ કર્મમાર્ગીયા બની જાય છે, આવી સેવા અગર સકામભાવે કરવામાં આવે તો પુણ્યાદિને ઉત્પન્ન કરી સ્વર્ગાદિ કર્મફલભોગને ઉત્પન્ન-કરનારી બને છે જે સ્વયં અન્તઃ અશુદ્ધિરૂપ છે અને હું કર્મનો કર્તા છું તેવો અહંકાર રાખી નિષ્કામભાવે કરાયેલી સેવા ચિત્તમાં જ્ઞાન ઉત્પન્ન કરી ભક્તિના ભાવોનો નાશ કરનારી બને છે, જેમ યોગશાસ્ત્રમાં પણ ચિત્તની એકાગ્રતા માટે "**ईश्वरप्रणिधानाद्वा**" સૂત્રથી ઇશ્વરપ્રણિધાન કરવાનું જણાવીને તેનો ઉપયોગ માત્ર ધ્યાનની સિદ્ધિ જેટલો જ છે, ત્યાર બાદ તો ભગવદ્ રૂપને પણ સમાધિમાં ખલેલ સમઝી ધીમે રહીને ચિત્તમાંથી તે પૂર્વસિદ્ધ ભગવદ્ રૂપને પણ ખસેડી દેવાનું જણાવ્યું છે, તેમ જ્ઞાનનો ઉદય થતાં સુધી જ ચિત્તની એકાગ્રતા માટે અથવા તો રજોગુણ-તમોગુણને ક્ષીણ કરવા પૂરતો જ સેવા ભક્તિનો ઉપયોગ રહે છે, પરન્તુ સેવા એમાં ક્રિયા થવી અવશ્ય છે અને જ્ઞાનનો સ્વભાવ જ ક્રિયા વિરોધી હોવાથી જ્ઞાનોદય થતાં તેનાંથી ક્રિયા થવી જ અર્થ હીન હોવાથી તે "**वासुदेवः सर्वम्**" આકારનાં જ્ઞાનમાં સ્થિતિ કરવાવાળો બની જાય છે, ત્યારે કોણ, કોની અને શું સેવા કરે ? જીવભાવનું ખંડન થઇને માત્ર બ્રહ્મભાવમાં સ્થિતિ થવી એ જ્ઞાનીનું લક્ષણ છે જ્યારે જીવભાવનું ખંડન થઇને બ્રહ્મભાવ દશામાં પણ પૂર્વસિદ્ધ દાસભાવનું કાયમ રહેવું અને દાસભાવે જ તેનાં જ્ઞાન અને ક્રિયા હોવાં એ ભક્તનું લક્ષણ છે. ત્યારે તે "**पूर्णमदः पूर्णमिदम्**"પ્રકારે બ્રહ્મભાવ પ્રાપ્ત થઇને પણ "**पूर्णात् पूर्णमुदच्यते**" નાં શ્રુતિતાત્પર્યે જ્ઞાનવાળો

હોય છે જે જ્ઞાન ભક્તિમાર્ગીય જ્ઞાન છે. આ ભક્ત્યાત્મક જ્ઞાનને જ ગીતાનાં અઢારમા અધ્યાયમાં “**भक्त्या मामभिजानाति**”કહેવાયું છે. “**वासुदेवः सर्वम्**”એ ગીતાના સાતમા અધ્યાયનું વાક્ય જ્ઞાનીની પ્રપત્તિનો પ્રકાર દર્શાવે છે જ્યારે “**भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः**” આ અઢારમાં અધ્યાયના વાક્યમાં ભકતની પ્રપત્તિમાં રહેલા જ્ઞાનના કે જે ભક્ત્યાત્મક જ્ઞાન છે એનો પ્રકાર દર્શાવે છે. ભકતના એ જ્ઞાનને ત્રણ વાકયોથી ગીતામાં સ્પષ્ટ કરાયું છે - જેને ભક્તિનો લાભ થયો છે એવો ભકત મને કેવા પ્રકારે જાણે છે ? તો કહે છે -“**यावान् यश्चास्मि**” એટલે હું જેટલા પરિમાણનો છું તેને જાણે છે, હું કેટલા પરિમાણનો છું ? તો ભક્તિ વડે જાણતો હોવાથી સેવામાં પોતાના સમક્ષ પલનામાં પોઢી રહેલા યા સિંહાસન પર બિરાજી રહેલા ભગવાન જેટલા છે - એમના જે પરિમાણના કર, ચરણ,મસ્તક,મુખ વિગેરે છે તેટલા પરિમાણના ભગવાન છે તેમ જાણે છે. તેથી જ તો વૈષ્ણવો સેવામાં બોલતા હોય છે કે આ વસ્ત્રો મારા ઠાકોરજીના માપના છે, બરાબર આવી જશે, અથવા તો આ નાના યા મોટા છે બરાબર નહિં આવશે. મતલબ કે ભગવાનનાં અમે દાસોના હૃદયના ભાવ પરિમાણના ભગવાન છે, “**यः**” એટલે હું જે છું તે જાણે છે. હું શું છું ? તો તે ભક્તિ વડે જાણતો હોવાથી સદાના અમે દાસોના પ્રભુ સર્વદાકાલ સ્વામી છે, પ્રભુ અમારા નિત્ય પ્રેષ્ઠ-નિત્ય સ્વામી છે અને અમે પ્રભુના નિત્ય સેવકો -નિત્ય દાસો છીએ, વળી તે **तत्त्वतः** મને જાણે છે એટલે કે હું જે તત્ત્વ છું તેને યથાર્થ રીતે જાણે છે, યથાર્થ રૂપમાં તે મને શું તત્ત્વતઃ જાણે છે ? તો તે ભક્તિ વડે જાણતો હોવાથી ભગવાન જ અમારી આત્મા હોવાથી અમારા અંદર બહાર સર્વત્ર જે વ્યાપીને રહેલો છે અને જેનાં થકી અમારું અસ્તિત્વ છે તે તત્ત્વ ભગવાન છે એમ જાણે છે. અતઃ સેવા સકામભાવે પણ ન કરવી, નિષ્કામ ભાવે એટલે કે સેવાના ફલની આશા રાખ્યા વિના અને સેવામાં આસક્તિ રાખ્યા વિના સેવામાં ફલ-આસક્તિ બંને રાખ્યા વિનાની તેવા નિષ્કામ ભાવે પણ સેવા ન કરવી, એટલે કે ફલની

આશા ન રાખવી પણ સેવામાં આસક્તિ તો જરૂરી છે. તેમજ ઇતર ફલની આશા ત્યાગીને પણ ભગવત્તોષ ની તો ઇચ્છા રાખવી જ. તેવી સેવા કરવાથી જે પ્રકારની ગોપીજનોએ કરેલી માનસી સેવા છે ત્યાં સુધી પહોંચી શકાતું નથી, પરન્તુ તેને પામવા માટે તો દાસભાવે જ આગળ વધી શકાય છે. આ દાસભાવમાં કયાંય કોઇ પણ પ્રકારે હીનતા નથી કારણકે આમાં દાસપણાનો ભાવ હોઇને પણ પરમાનન્દનું દાસત્વ છે, તેથી આ દાસત્વ પણ રસભાવથી ભિન્ન નથી. દાસભાવને રસાત્મક પ્રકારે કહેવામાં આવે તો આ ભોગ્યભાવ છે, જેમ ભોજ્ય પદાર્થો ભોક્તા વડે ભોગ થવાથી જ તેની સાર્થકતા છે, તેમ ભગવાનના નિત્યદાસ એવા જીવની સેવકત્વના નિર્વાહે જ સાર્થકતા છે, તેથી જ શ્રીપ્રભુચરણ વિવૃતિમાં લખે છે કે “**सेवा हि सेवकधर्मः**” અતઃ અન્યકામના પૂર્તિ વિગેરે ના સાધનરૂપે યા મોક્ષપ્રાપ્તિના સાધનરૂપે યા ભગવત્પ્રાપ્તિના સાધનરૂપમાં સેવા કરવી એ અર્થો માં શ્રીઆચાર્યચરણ પુષ્ટિમાર્ગીય જીવો માટે સેવાનો નિર્દેશ નથી કરતા, અપિતુ સ્વધર્મે સેવા કરવાનું નિર્દેશે છે. મને પ્રભુના દર્શન થાઓ, યા મને કયારે ભગવદ્રૂપ નીરખવા મળશે ! તેવી આકાંક્ષા હોવી એ જુદી વાત છે અને તે માટે સેવા કરવી એ જુદી વાત છે. તેવી મનમાં ભગવદ્ રૂપ દિદક્ષા રહીને પણ તેની સમ્પૂર્તિ એ માત્ર ભગવાનની ઇચ્છાને જ આધીન છે, તેમાં જીવનું કરેલું - વિચારેલું કંઇ ચાલે નહિં એમ સ્પષ્ટ જાણકારી રાખીને જેમ જોવુંએ આંખનો ધર્મ જ છે, સાંભળવું એ કર્ણેન્દ્રિયનો ધર્મજ છે, શીતોષ્ણાદિ અનુભવ થવો એ ત્વચાનો ધર્મજ છે તેમ જીવની આ જગતમાં સ્થિતિ અને જીવને આ જગતમાં દેહ,પ્રાણ, ઇન્દ્રિયો, અન્તઃકરણ વિગેરે અને તે સહિતનું જીવન પ્રભુએ આપ્યું છે તેનો હેતુ ભગવત્સેવા જ માત્ર હોવાથી ભગવત્સેવા એ દેહાદિ સહિત જીવનો સ્વધર્મ જ છે.અતઃ આ પ્રકારની સેવાના અર્થે પોતાનામાં દાસભાવ જ અનિવાર્ય આવશ્યક હોવાથી સેવા દાસભાવે જ કરવી. દાસભાવે સેવા કરવી એટલે કે જીવાત્મા સ્વયં શ્રીપ્રભુનો નિત્યદાસ હોવાથી તેનાં સમ્બન્ધથી રહેલું ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ,

અંગ, ઉપાંગ સહિતનું આ શરીર તથા બંનેના સમ્બન્ધથી રહેલું દારા-આગારાદિ વિત્ત અથવા તો ધન-દ્રવ્યાદિ વિત્ત એ બધું એક માત્ર ભગવાનનું જ અને ભગવાનની સેવાના અર્થે જ હોઇ જીવને ધરોહરના રૂપે પ્રાપ્ત થયેલું છે, અતઃ એનો ભગવાનની સેવાથી ઇતર બીજા કોઇના અર્થે કે પોતાના અર્થે ઉપયોગ નહિં કરી માત્ર પોતાના સ્વામી શ્રીપ્રભુમાં જ - પ્રભુસેવામાં જ ઉપયોગ કરવો.

ત્રીજા નંબરે કહેવાયેલ - “સેવા અવિરત- ક્ષણભર પણ રોકાયા વિના સર્વદા કરવી” એટલે શ્રીપ્રભુની સેવામાં પોતાના તન-વિત્તને એવા પ્રકારે યોજવા કે જેમાં સેવામાં વિરામ અને વિક્ષેપ આવી ન શકે. વિરામ એટલે સેવા આરંભ કરવામાં આવે ત્યારથી લઇને અન્તકાળે દેહ છૂટે ત્યાં સુધીના સમય-ગાળા માં કયારેય એક ક્ષણ માટે પણ સેવા રોકાય નહિં અને ગંગા પ્રવાહની માફક રાત-દિવસ મહિનાએ -વર્ષો સેવા પ્રવાહરૂપે વહ્યા જ કરે. જેટલી ક્ષણ સેવામાં વિરામ રહે તેટલી ક્ષણ ભગવદ્ ભાવ વિહોણી આસુરી હોય છે અને એ આસુરભાવવાળી ક્ષણો ભક્તિભાવ વિઘાતક હોય છે જે પરિણામે મનમાં રતિચક્રનું પ્રવર્તન નહિં થવા દઇ માનસીની સિદ્ધિમાં બાધક બને છે. અતઃ માનસી સિદ્ધિના અર્થે તેની સાધન સેવાના પ્રકારમાં માનસી વિરોધી વિષયો દૂર થાય તો જ માનસી સાધનારી બને. તેથી સેવાનો પ્રકાર વિરામ વિનાનો હોવો જોઇએ. આમ કહેવાથી એ પણ નિશ્ચય થાય છે કે પોતાના તન-વિત્તમાં સતત ભગવદીયપણાનું ચિત્તમાં અનુસન્ધાન રાખી સર્વદા સેવા કરવી. અતઃ જે ભગવદીય છે, જે ભગવાનની સેવામાં યોજાઇને રહેલા છે, તેવા જ તન-વિત્તને સેવાસમ્બન્ધે “**मामकाः**” માનવા, જે તેવા નથી કે પછી જે સેવામાં એકવાર યોજાઇને પણ પછીથી સેવામાં અનુપયોગી બન્યા હોય તેવાને ત્યાગવા, તેવાનો સંગ કે તેવામાં કોઇ પણ પ્રકારની આસક્તિ રાખવી નહિં. આ પ્રકારને જ શ્રીગોપીજનો ગોપીગીતના પ્રથમ શ્લોકમાં “**त्वयि धृतासवः**” વાક્યથી જણાવે છે. આવાક્ય પરની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ લખે છે કે “**त्वदर्थमेव धृता असवः प्राणा यैः। यदैव त्वदनुपयोगं ज्ञास्यन्ति तदैव त्यक्ष्यन्तीति भावः** ” અર્થાત્ - આ પ્રાણો અમે તમારી સેવાને અર્થે જ ધારણ કર્યા છે, તમારી સેવામાં આ પ્રાણો ઉપયોગી છે એમ પ્રાણોની ભગવદીયતા જાણીને જ પ્રાણધારણ- પ્રાણરક્ષણ અમે કરી રહ્યા છીએ, જ્યાં પોતાના પ્રાણો કે પોતાનું જીવન પણ જો સેવોપયોગી ન હોય તો તેમાં પણ મમત્વ ન હોવું અને તેને પણ ત્યાગવાની ઇચ્છા થવી એ ભક્તિમાં સ્થિતિ છે ત્યાં બીજી બાબતો માટે તો કહેવાનું જ શું હોય, અતઃ અભગવદીય- ભગવદ્ ઉપયોગ વિહોણી ક્ષણનો પણ જીવનમાં સંગ્રહ ન થાય તે પ્રકારે વિરામ વિનાની સેવા કરવી.

વિક્ષેપ એટલે બાધા થવી અથવા તો કોઇ બીજી વસ્તુની મિલાવટ થવી. આ મુજબ સેવામાં તન-વિત્તની એવા પ્રકારે અને એવા સ્વરૂપે યોજના થવી જોઇએ કે જેથી તન - વિત્તથી અગ્રિમસેવામાં કે સેવાના અવિરતપણામાં બાધા ઉત્પન્ન ન થાય. (અહીં એક વાત સ્મરણમાં રાખવી જોઇએ કે પુષ્ટિમાર્ગમાં પ્રત્યક્ષ - ભગવદ્ રૂપની સેવા એ જ મુખ્ય હોઇ ભગવદ્રૂપ -પ્રત્યક્ષસેવાને કેન્દ્રમાં રાખીને જ પરોક્ષમાં ભગવન્નિમિત્ત થતી ક્રિયાને સેવા કહેવામાં આવે છે. નહિં કે પોતાની અન્દર જ અન્તર્યામીરૂપે બિરાજમાન પ્રભુના સ્મરણથી તેમનાં સંતોષ અર્થે કરેલી રસોઇ કે ભરેલું જળ એ સેવા છે. ઘરમાં બિરાજમાન સ્વસેવ્ય ભગવત્સ્વરૂપની સેવાર્થે પરોક્ષમાં કરાયેલી સેવા રસોઇ બનાવવું - જળભરવું વિગેરેને સેવા કહેવાય છે. અતઃ અવિરત સેવા કહેતાં સેવાનો મુખ્ય વિષય ભગવદ્રૂપ સેવા જ છે, તેથી જ તો શ્રી આચાર્યચરણ જણાવે છે કે “**भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्**” જેમ કોઇ એમ વિચારીને કે વધુ દ્રવ્ય હોય તો વધુ સારી રીતે સેવા થઇ શકે તેથી વધુ દ્રવ્યને અર્થે ભગવત્સેવાને ટુંકાવીને અથવા બીજાના ભરોસે છોડીને પોતે વધુને વધુ વ્યાપારમાં સમય આપે, ત્યારે એ પોતાનાં અર્થે પૈસો નથી ચાહતો પણ ભગવત્સેવાર્થે પૈસો ઇચ્છી રહ્યો છે અને તે માટે વધુ વ્યાપાર કરી રહ્યો છે તેથી તેમાં પણ સેવાનો હેતુ રહેલો હોવાથી પરોક્ષરૂપે સેવા

જ છે, તેમ છતાં પણ તેથી પ્રત્યક્ષ સેવાને બાધ થાય છે તેથી તેવો વિચાર બરાબર નથી. જો કે ચોર્યાસી વૈષ્ણવોની વાર્તામાં બેનીદાસ માધોદાસની વાર્તા નવમીમાં માધોદાસે શ્રી નવનીતપ્રિય પ્રભુને કીમતી મોતીની માળા ધરાવવાનો મનમાં મનોરથ સેવીને દક્ષિણ તરફ ના પ્રદેશમાં વ્યાપાર અર્થે ગયા હતા અને ત્યાંથી ઘણું દ્રવ્ય કમાઇને તેમાંથી કીમતી મોતીઓ શ્રીપ્રભુ માટે લાવ્યા હતા તેવો પ્રસંગ વાંચવા મળે છે, તેમ છતાં પણ ત્યાં પણ શ્રીનવનીતપ્રિયજી ની નારાજગી તો જોવા મળે છે, ઉપરાંત શ્રી માધોદાસ શ્રી મહાપ્રભુના પૂર્ણ કૃપાપાત્ર અને ભકિતની સિદ્ધદશામાં તેઓ સ્થિત હતા અને તેથી તેમનું મન શ્રીપ્રભુની પ્રત્યક્ષ સ્થિતિનું અનુભવ કરવાવાળું હતું અને તેથી જ નાવમાં પણ તેઓ શ્રીપ્રભુના દર્શન કરવા અને શ્રીપ્રભુની કૃપાયુક્ત-પ્રેમભરી વાણી શ્રવણ કરવા સૌભાગ્યશાલી બન્યા હતા. તેથી તેમની દેખાદેખી અદઢબીજ ભાવવાળા વૈષ્ણવોએ કરવી જોઇએ નહિં). (બીજી વાત એ પણ અહીં સ્પષ્ટ કરવા જેવી છે કે તન - વિત્ત એમ બે સાધનો સેવાર્થે જણાવ્યા છે, તેમાં પણ મુખ્યતા તનની છે અને વિત્ત ગૌણ છે, કારણ કે દેહસ્થિતિમાં જીવ શરીર સાથે અભિન્નભાવે દેહાભિમાનવાળો હોય છે, તેવું વિત્તમાં નથી હોતું , દેહમાં અહં-મમ બંને હોય છે જયારે વિત્તમાં માત્ર મમતા રહે છે, અતઃ પ્રથમ તનનો અભિનિવેશ સેવામાં છે અને તેનાં અનુસાર વિત્તનો પણ પ્રવેશ સેવામાં થાય છે. અતઃ જ્યાં તન છે ત્યાં અનુસરણે વિત્ત છે, નહિં કે જ્યાં વિત્ત છે તેનાં અનુસરણે તનની સેવામાં યોજના છે. વિત્તમાં ગણાવેલા વિષયો ત્યાગી શકાય પણ છે અને વિત્ત ત્યાગીને વિત્તરહિત સ્થિતિમાં પણ માત્ર તનથી પણ સેવા સંભવ છે, જયારે વિત્ત રહીને પણ તનના - શરીરના અભાવમાં તો કોઇ પણ સેવા શક્ય નથી , અતઃ વિત્ત સહિત તનથી સેવા કરવી એ જ સાધનનું શુદ્ધ સ્વરૂપ છે), સારાંશમાં તન કે વિત્તની સેવામાં એવા પ્રકારે યોજના થવી જોઇએ કે જેનાથી સેવાના સાતત્યમાં કોઇ બાધા ઉત્પન્ન ન થાય.

વિક્ષેપનો બીજો અર્થ મિલાવટ થવી, એટલે,

માનસીને સિદ્ધ કરવામાં મનમાંથી ચાંચલ્ય વિગેરે દોષોની નિવૃતિ અને વિશુદ્ધ પ્રેમાત્મક નૈર્મલ્ય હોવું જરૂરી છે, આ બંને કાર્યો તનુ-વિત્તની સેવાથી જ સાધવા પણ તેને માટે સેવાની સાથે યોગાદિ સાધનોની ભેળસેળ કરવી નહિં. કારણ કે યોગાદિ સાધનો દેહ-ઇન્દ્રિય વિગેરેની પ્રવૃત્તિ ને અવરોધી મનમાં ધ્યાન વડે ચિત્તને સ્થિર કરી જીવને સમાધિ દ્વારા જ્ઞાનમાં પ્રવેશાવવાનાં સ્વરૂપ અને સ્વભાવના છે, જયારે ભક્તિમાં તો દેહ - ઇન્દ્રિયાદિનું સેવામાં સાતત્ય રહેવાનું સ્વરૂપ છે અને દેહ-ઇન્દ્રિય વિગેરેનો સેવા જ સ્વભાવ બની જતો હોય છે, અતઃ સાધનોની ભેળસેળ એ ભક્તિ વિરોધી હોવાથી તેમ કરવું જોઇએ નહિં. ચિત્તમાંથી ચાંચલ્ય વિગેરેની નિવૃતિ અને મનમાં પ્રેમાત્મક નૈર્મલ્ય ને અર્થે ભકિતસાધક એવો જે ભગવદાશ્રયભાવ છે એ આશ્રયભાવ રૂપ સાધન વડે જ સાધવું જોઇએ. શ્રીમહાપ્રભુ તેમજ શ્રીપ્રભુચરણ પણ એજ પ્રકાર દર્શાવે છે, સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં જે કહેવાનું શેષ છે અને તે જે ગ્રન્થમાં કહેવાયું છે તે નવરત્ન ગ્રન્થમાં ચિત્તમાં થતા ઉદ્વેગ વિગેરેની નિવૃત્તિને અર્થે ભકિતમાર્ગીય અને પાછો સુકર એવો ઉપાય દર્શાવતાં શ્રી આચાર્યચરણ લખે છે કે

> तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णःशरणं मम ।
> वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः
> (નવરત્ન ગ્રન્થ)

આમાં શરણમંત્ર અષ્ટાક્ષરનું સતત રટણ - ઉચ્ચારણ કરતાં સ્થિતિ કરી રહેવું -"**स्थेयम्**" એમ આશ્રયને ઉપાય રૂપે સૂચવ્યો."**स्थेयम्**" રહેવું એનું તાત્પર્ય જણાવતાં શ્રીપ્રભુચરણ લખે છે-"**एवं उक्तप्रकारेण सेवापरतया स्थेयं इत्यर्थः**" અર્થાત્ ઉકતપ્રકારે એટલે શરણમંત્ર અષ્ટાક્ષરને રટતાં વૈષ્ણવોએ સેવામાં પોતાની જાતને પરાયણ બનાવી રાખી રહેવું. ચિત્તદોષની નિવૃત્તિ કે પછી પોતાના કાયિક, વાચનિક, માનસિક સર્વ પ્રકારના દોષોની નિવૃત્તિ અર્થે જયારે - જયારે પણ દોષો સંભવે અને મારાથી આ દોષ

થઇ ગયો છે તેવું અપરાધજ્ઞાન ચિત્તમાં આવે ત્યારે-ત્યારે તેવા સર્વદોષની નિવૃત્તિ અર્થે પ્રાયશ્ચિત્ત વિગેરે સાધનોનો આશ્રય ન કરી માત્ર શ્રીકૃષ્ણના આશ્રયનું જ ચિત્તમાં ભાવન કરવું અને તેને જ વાણીથી ઉચ્ચારવું એમ ઉપાય દર્શાવતાં શ્રીઆચાર્યચરણ વિવેકધૈર્યાશ્રય-ગ્રન્થમાં જણાવે છે -

ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।
दुःखहानौ तथा पापे भये कामाद्य पूरणे ॥
भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ॥
अहङ्कारकृते चैव पोष्यपोषणरक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यतिक्रमे ॥
अलौकिकमनःसिद्धौ सर्वथा शरणं हरिः ।
एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत् ॥

(વિવેકધૈર્યાશ્રય -૯ થી ૧૩)

વિવેકધૈર્યાશ્રય ગ્રન્થના આ વાક્યો પૈકી બીજી બધી બાબતોમાં ભગવદાશ્રય રાખવાનું જણાવ્યા ઉપરાન્ત તેરમા શ્લોકમાં તો અલૌકિકમનની સિદ્ધિ અર્થે પણ માત્ર ભગવદાશ્રય રાખવાનું શ્રીઆચાર્યચરણ જણાવે છે. આ સ્થળની પોતાની વિવૃતિમાં શ્રીવ્રજરાજજી જણાવે છે -“**कामसङ्कल्परहितमनःसिद्धयर्थं सेवाश्रयाद्यनुकूलमनः सिद्धयर्थमित्यर्थः**” આ મુજબ સેવાને અનુકૂલ કામસંકલ્પ વિગેરેથી રહિત અને અલૌકિતાવાળા મનની સિદ્ધિને અર્થે માત્ર ભગવદાશ્રય સાધવો એમ અહીં તાત્પર્ય છે. આથી તન, મન, કે વિત્ત સમ્બન્ધી સેવાની કોઇ પણ બાબતે ભગવાન અને ભગવત્સેવા-ભગવદાશ્રયથી અતિરિકત અન્યસાધનોનો સેવાના હેતુથી પણ વિક્ષેપ કરવો નહિં. મનના અર્થે યજ્ઞ, યાગ, યોગ વિગેરેનો, તનના અર્થે -ઇન્દ્રિયોની શક્તિ અર્થે કે રોગાદિની નિવૃત્તિ અર્થે સૂર્ય વિગેરે દેવોની ઉપાસના કે ગ્રહાદિની ઉપાસના જાપ વિગેરે તથા વેદ-

પુરાણો -ભાગવત વિગેરેમાં કહેવાયેલ મંત્ર-તંત્ર વિગેરે અને વિત્તને અર્થે સેવા માટે સતત વિત્તાગમ થતું રહે તો વિત્ત વડે સેવા થઇ શકે તેમ વિચારી વિત્તાગમને માટેના માંત્રિક-તાંત્રિક ઉપાયો વિગેરે, આ બધું સર્વથા નહિં આચરી માત્ર ભગવદાશ્રય ભાવે “**सेवापरतया स्थेयम्**”નો સિદ્ધાન્ત સેવવો. ભગવત્સેવા સ્વયં એક એવું પૂર્ણ સાધન છે જેમાં અન્ય કોઇ સાધનની સહયોગે અપેક્ષા રહેતી નથી. બલ્કે પૂર્વોક્ત યોગ, યજ્ઞ, ઉપાસના વિગેરે સાધનોની પરાકાષ્ઠાએ જે કંઇ પણ સિદ્ધ થાય છે તે તો સેવામાં સેવકને અનાયાસ જ અને અનપેક્ષાએ જ સિદ્ધ થઇ જાય છે. આ બાબતને જણાવવા માટે શ્રીમહાપ્રભુ સિદ્ધાન્તમુકતાવલી ગ્રન્થમાં લખે છે -“**ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम्**” સર્વ અનિષ્ટ નિવૃત્તિ અને ઇષ્ટપ્રાપ્તિ એતો સેવામાં અભિનિવિષ્ટ થયેલાને અનપેક્ષિત હોઇને પણ માનસીપૂર્વરૂપ વસ્તુ સ્વભાવ થકી જ અવાન્તર ફલ સિદ્ધ થાય છે. અજ્ઞાનનિવૃત્તિ અને જ્ઞાન પ્રાપ્તિ એમ બે વાતો શ્રીમહાપ્રભુ સંસારદુખની નિવૃત્તિ અને બ્રહ્મબોધન વાકયથી જણાવે છે. જેમ-જેમ વૈષ્ણવ ઇતર સર્વ આયાસ છોડી દઢ ભગવદાશ્રયે શ્રીમહાપ્રભુની વાણીમાં વિશ્વાસ રાખીને પોતાનું સર્વસ્વ ભગવાનને નિવેદન કરીને દાસભાવે સાક્ષાત્ ફલરૂપ શ્રીકૃષ્ણની તન અને વિત્ત વડે સેવાનો આરંભ કરે છે તેમજ તેમાં જ આગળ વધીને જયારે તે શ્રીમહાપ્રભુએ- શ્રીપ્રભુચરણે એકાદશ સ્કન્ધ માં “**कायेन वाचा**” ઉપરની સુબોધિનીમાં તથા સ્વતંત્ર લેખમાં જણાવ્યા મુજબ સેવા-સમર્પણના સાતત્યમાં પ્રવેશે છે, ત્યારે લૌકિક પ્રવૃત્તિઓ છૂટીને થઇ રહેલી સતત ભગવત્પ્રવૃત્તિના - ભગવદ્ધર્મના પ્રભાવે જેમ-જેમ ભગવાન પ્રત્યેના સ્નેહ - આસક્તિ વધતાં જાય છે તેમ-તેમ સ્નેહના સ્વભાવે જ વિષયો પ્રતિ વૈરાગ્ય અને ગૃહ-ગૃહસ્થો વિગેરે પ્રતિ અનાસકિત અનાયાસ જ સિદ્ધ થતી જાય છે. એટલું જ નહિં પણ શ્રીમહાપ્રભુના જણાવ્યા મુજબ તો ગૃહ-ગૃહસ્થો વિગેરે એને અપ્રિયભાવે સેવામાં બાધક રૂપે જણાતાં જાય છે. અતઃ ભગવદ્ ભાવનું કાયા, વાણી, મન વડે સતત સેવન અને ભગવદ્રૂપની

(પોતાના ઘરે બિરાજતા ભગવત્સ્વરૂપની) ચક્ષુ અથવા મન સમક્ષ સ્થિતિ (પ્રત્યક્ષ સેવામાં ચક્ષુ સમક્ષ અને પ્રત્યક્ષ સેવા સમય પછીના સમયમાં મન સમક્ષ સ્થિતિ), આટલું જ ભગવત્ પ્રેમ ના ઉદ્ગમ માટે પર્યાપ્ત છે, આનું સતત આવર્તન જ વૈષ્ણવ હૃદયમાં ભગવાન માટેનો સ્નેહ ઉત્પન્ન કરે છે અને એ સ્નેહની વૃદ્ધિ જ માનસીને સિદ્ધ કરી આપે છે. આજ વાતને શ્રીઆચાર્યચરણ ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં જણાવે છે કે -

स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद् गृहारुचिः ।
गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ।
यदा स्याद्व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥
(ભક્તિવર્દ્ધિની)

અહીં શ્રીમહાપ્રભુના જણાવ્યા અનુસાર જેમ-જેમ શ્રીપ્રભુમાં સ્નેહ અધિકથી અધિક વૃદ્ધિને પામતો જાય છે તેમ- તેમ સાંસારિક વિષયો પ્રતિનો રાગ આપોઆપ ઘટતો જઇ પરિણામે નાશ પામે છે, કારણ કે **"कृष्णः संसारमोचकः"** એમ નિબન્ધમાં જણાવ્યા અનુસાર કૃષ્ણરૂપ - કૃષ્ણભાવ એ સંસાર વિરોધી હોવાથી અને ભક્તોના અહંતા-મમતાત્મક પ્રપંચનો નાશ એ કૃષ્ણ થકી જ થતો હોવાથી જેમ-જેમ જીવ ભકિત વડે કૃષ્ણમાં પ્રવણ થતો જાય છે, ભકિતથી હૃદય જેમ-જેમ આર્દ્ર બનતું જાય છે, તેમ-તેમ કૃષ્ણમાં અતિશય દીનભાવે ઝુકતું ચાલ્યું જાય છે, આમ કૃષ્ણમાં અતિશય દીનભાવે અત્યંત ઝુકી ગયેલા અને અતિશય સ્નેહવશ કૃષ્ણવ્યસની થઇ ગયેલા મનવાળી દશાને જ માનસી નામે ઓળખવામાં આવે છે, એટલે કે આવા મનવાળા થઇને - આવા મનપૂર્વક જે સેવા કરવામાં આવે તે માનસી સેવા છે. અતઃ તન અને વિત્તથી સેવાની સતત અનુવૃત્તિ જ મનમાં સ્નેહ ભાવ ઉત્પન્ન કરનારી હોવાથી અન્ય સાધનોનો વિક્ષેપ હાનિકારક છે. જેમ આધુનિક ઉચ્ચ સંવેદનશીલ કોમ્પ્યુટર વિગેરે યંત્રો બહારથી વિક્ષેપ થયેલા ધુળના એક કણને

પણ સહી શકતા નથી -ચલાવી લેતા નથી, તેવી જ રીતે ભકિત એ પણ તેનાંથી પણ ઘણી અધિક સંવેદનશીલા છે કે તે ભક્તિ સિવાયના અન્ય કોઇ પણ વિષય ના વિક્ષેપને સહી શકતી નથી, અન્ય સાધનોથી રહિત માત્ર ભક્તિમાર્ગીય સાધનો વડે જ સિદ્ધ થયેલા ભક્તિમય મનમાં જ પ્રેમાત્મક અતિશય કોમલ ભાવોનો પ્રાદુર્ભાવ થાય છે, જેમ રોટલી - શાક જેવા સૂકા પદાર્થો જમવા માટે પતરાળા સાધન હોઇ શકે પણ દૂધ કે ફળોના રસના પાત્ર તરીકે પતરાળા ન ચાલે, તેને માટે તો દોનાનું પાત્ર જ જોઇએ, ત્યાં જેમ પતરાળાના આકારમાં રસને - પ્રવાહીને ટકાવી રાખવાની ક્ષમતા નથી હોતી, તે તો દોનાના આકારમાં જ ક્ષમતા હોય છે, તેમ યોગાદિ સાધનો વડે સિદ્ધ થયેલા જ્ઞાનાકાર મનમાં ભક્તિરસ જે દ્રવીભૂતરૂપ હોય છે તેને ટકાવી રાખવાની ક્ષમતા નથી હોતી, તે તો ભકિતમાર્ગીય સાધનો વડે સિદ્ધ થયેલા પ્રેમાકાર મનમાં જ ક્ષમતા રહેલી હોય છે. અતઃ જે ભક્તિરૂપ સાધનો છે કે જેમાં બીજરૂપ પ્રેમની સ્થિતિ રહેલી જ હોયછે તે સાધનો જ મનમાં પ્રેમભાવને અંકુરિત કરી શકે છે. ખરેખર તો આ પ્રેમભાવ કૃષ્ણરૂપ જ છે. ભગવાનનું નિજ આનન્દમય સ્વરૂપ જ પરમાનુગ્રહે ભક્તોના હૃદયમાં પ્રેમભાવ યા ભક્તિભાવ રૂપે સ્થિતિ કરે છે. હૃદયમાં ભગવાનની આ ભાવરૂપ સ્થિતિ જ આનન્દ વિરોધી સર્વદૂષણો દૂર કરી જીવને શુદ્ધ- ભક્તિયોગ્ય બનાવે છે. શ્રીઆચાર્યચરણ ઉપર્યુક્ત વાતને જ- પ્રકારને જ નિબન્ધમાં જણાવે છે કે -

यथा यथा हरिः कृष्णः मनस्याविशते निजे ।
तथा तथा साधनेषु परिनिष्ठा विवर्धते ॥
(નિબંધ સ.નિ.પ્ર.૨૪૦)

અર્થાત્ જેમ-જેમ પ્રભુશ્રી હરિ -શ્રી કૃષ્ણનો પોતાના (સેવા કરનાર ના) મનમાં નિવેશ થતો જાય છે, તેમ-તેમ તેની (સેવા કરનારની) ભક્તિરૂપ સાધનોમાં નિષ્ઠા વધતી જાય છે.

સર્વનિર્ણયનિબન્ધના આ સ્થળે આનાં પહેલાં

શ્લોક-૨૨૭ ના આભાસમાં "**तत्रादितः साधनान्याह**" એમ ઉપક્રમમાં પ્રેમોત્પત્તિના સાધન જણાવવાનું કહીને પ્રથમ ભક્તિમાર્ગીય - પુષ્ટિમાર્ગીય ગુરુનું લક્ષણ જણાવી તેમની ઉપસત્તિ કરવાનું કહીને તેમણે ઉપદેશ્યા અનુસાર ભગવત્સેવા કરવી એમ જણાવ્યું. ત્યારબાદ શ્લોક ૨૩૦, ૨૩૧ દ્વારા જેઓ દ્રવ્યસાધન સમ્પન્ન છે તેમના માટેનો રાજોપચારનો સેવા પ્રકાર દર્શાવી કુટુંબીજનોને પણ સેવામાં લેવા વિગેરે જણાવી ત્યારબાદ અલ્પ દ્રવ્યવાળાઓ માટેનો પ્રકાર દર્શાવી આન્તર્ભજન પ્રકાર જણાવીને સેવા સમ્બન્ધી ઘણીબધી ઉપયોગી વાતો શ્લોક ૨૨૭ થી લઇને શ્લોક ૨૩૯ પર્યન્તમાં જણાવ્યા બાદ શ્લોક ૨૪૦ના આભાસમાં લખે છે -"**अत्र मार्गे पूजासाधनानामनुवृत्तौ कारणमाह**" અહીં -ભક્તિમાર્ગમાં પૂજાસાધનોની અનુવૃત્તિ શા માટે કરવી તેનું કારણ કહે છે એમ જણાવી શ્લોક-૨૪૦ મો કહ્યો છે. સદર શ્લોક પરનાં પ્રકાશમાં શ્રીઆચાર્યચરણ લખે છે -"**यथा यथेति । श्रवणकीर्तनादिना हरिश्चेद् हृदये निविशते तदा पूजा सर्वदा निर्वहतीत्यर्थः**" યથા -યથા એટલે શ્રવણ - કીર્તન વિગેરે ભક્તિસાધન દ્વારા જો શ્રીહરિ હૃદયમાં નિવિષ્ટ થાય ત્યારે સર્વદા પૂજાનો નિર્વાહ થાય છે અહીં થયેલો પૂજા પદનો પ્રયોગ એ સાધન સેવા પરક સમજવો જોઇએ, કારણ કે અહીં કર્મમાર્ગીયા કે ઉપાસનામાર્ગીયા પૂજા જણાવવામાં આવી નથી પરન્તુ ભક્તિમાર્ગીયા પૂજા એટલે કે પ્રેમાત્પત્તિ પૂર્વની ઉત્સવ, યાત્રા, પર્વ વિધાન સહિતની વિવિધ ઉપચારોના પ્રકારની રોજ-રોજ કરાતી પૂજા કહી છે જે સાધનરૂપ છે અને તે પણ પ્રેમાત્પત્તિના સાધનરૂપમાં છે. શ્રીઆચાર્ય-ચરણ આ શ્લોક દ્વારા એમ કહેવા માંગે છે કે એકાદશસ્કન્ધમાં "**परिनिष्ठा च पूजायाम्**" (ભાગ. ૧૧-૧૯-૨૦) એમ જે પૂજામાં પરિનિષ્ઠા હોવી એ પણ ભક્તિહેતુમાં એક કારણ છે એમ કહ્યું છે, તે મુજબ જ્યારે ભક્તિસાધનમાં જીવ જ્યારે બરાબર પરિનિષ્ઠાવાળો થાય છે ત્યારે જ સર્વદા પૂજાનો નિર્વાહ થઇ શકે છે અને ભક્તિસાધનોમાં જીવની ત્યારે જ સારી પેઠે નિષ્ઠા થાય છે જયારે તે ભોગસાધનો માં શબ્દાદિ વિષયોમાં વિરાગવાળો થાય અને ભોગોમાં આસક્તિ વિનાનો અનાસક્ત મનવાળો થાય. આ વિરાગ અને અનાસક્તિ એ હૃદયમાં સ્નેહભાવની વૃદ્ધિએ અનાયાસ થાય છે એમ ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં "**स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद् गृहारुचिः**" વિગેરે વાક્યોથી કહેવાયું છે, અતઃ ભગવાનની હૃદયમાં સ્નેહભાવ રૂપે સ્થિતિ અને તેની જેમ-જેમ વૃદ્ધિ તન- વિત્ત વડે સેવાના સાતત્યે અને સતત ભગવત્સન્નિધાને સિદ્ધ થતી જાય છે તેમ-તેમ તે વૈષ્ણવની સાધનરૂપા સેવા ક્રિયા અને આદરથી આગળ વધીને સ્નેહપૂર્વિકા બનતી ચાલી જાય છે, અને તેમ-તેમ તે વધુને વધુ સ્નેહથી સેવા કરવાવાળો થાય છે અને તે સ્નેહ જ દઢ રૂપે પ્રવૃદ્ધ થાય છે ત્યારે તે સેવા માનસીમાં પ્રવેશે છે. આ પ્રકારે પોતાનું સર્વસ્વ ભગવાનને નિવેદન કરીને, શ્રીપ્રભુ મારા નિત્યસ્વામી છે અને હું પ્રભુનો નિત્યદાસ છું તેવો દાસભાવ મનમાં રાખીને, પોતાના તનને અને પોતાનું કહેવાતું જે કંઇ પણ સ્ત્રી, પુત્ર, ગૃહ, કુટુમ્બીજનો, ચલ-અચલ સમ્પત્તિ, આલોક-પરલોક સમ્બન્ધી જે કંઇ પણ હોય તે સર્વ વિત્તને આ બધું "**ईशावास्यामिदं सर्वं यत् किञ्च जगत्यां जगत्, तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्य स्विद्धनम्**" આ ઇશાવાસ્યોપનિષદ્ ની શ્રુતિમાં જણાવ્યા મુજબ ચેતન-અચેતન સર્વ કંઇ એ એક માત્ર ભગવાનનું જ છે અને તેથી હું આ જીવાત્મા એ પણ ભગવાનનો જ છું તેથી તેમની સેવા કરવી એ જ મારો નિજ-સ્વ ધર્મ છે, આ વિચારથી અન્ય ઇતર કોઇ પણ વિચારે જીવનનો નિર્વાહ કરવો કે જીવન વિતાવવું એ વિધર્મ છે એમ વિચારને હૃદયમાં સારી રીતે ધારણ કરી લૌકિકમાં વહી રહેલા પોતાના તન-મન-પ્રાણાદિ તથા સ્ત્રી,પુત્ર, ગૃહ, દ્રવ્ય વિગેરે ને ધીમે રહીને લૌકિકમાંથી સંકેલતા જઇ પ્રભુસેવામાં વાળતાં જવું અને વાળતાં પણ જેની પ્રભુસેવામાં યોજના ન જ થાય તેને-તેને જીવનમાંથી સર્વથા ત્યાગતા જવું અનેઆ પ્રકારે તન-વિત્તથી સતત સર્વદા સેવા કરતા રહેવું, આ સિવાય અન્ય કોઇ સાધનની અપેક્ષા કે ઉપયોગ રાખવા નહિં અને ભગવાનને સમર્પિત થયેલા પદાર્થો થી

જ પોતાના જીવનનું પોષણ-રક્ષણ અને તે પણ ભગવત્સેવાર્થ જ કરવું. આ મુજબ વર્તવામાં શરીર, મન કે બાહ્યપ્રસંગોથી વિટંબણાઓ ઝંઝાવાતી સ્વરૂપે એકવાર સામે આવે ત્યારે ભગવદાશ્રય ભાવે વિવેકધૈર્યાશ્રયમાં જણાવ્યા પ્રમાણે ધૈર્ય ધારણ કરી આવી પડેલી આપત્તિઓના કષ્ટોને સહન કરીને પણ જે રીતે દુખ કલેશ સેવામાં બાધા ન કરે તે રીતે નિબન્ધમાં જણાવેલા કે ભક્તિવર્દ્ધિની વિગેરે ગ્રન્થોમાં જણાવેલા પ્રકારે માર્ગ શોધીને તે મુજબ સેવામાં પરાયણ બન્યા રહેવું. જેમ વર્ષો સુધી વ્યાયામ નહિં કરાતાં અક્કડ-જડ થઇ ગયેલા સ્નાયુઓ વ્યાયામ આરંભ કરાતાં એકવાર તો દુ:ખ અનુભવ કરાવે જ છે, પરન્તુ તેની પરવા નહિં કરીને સતત વ્યાયામ ચાલુ રાખી ક્રિયાશીલ રહેતાં રબર જેવા લચીલા અને યોગના કિલષ્ટ આસનોને પણ સરલતા થી સાધી શકવા શકય બને છે, તેવી જ રીતે સાંસારિક ભોગેષણા વિગેરેની દૂષિત હવાઓથી ઝામીને જડ-અક્કડ-અચેતન જેવા બની ગયેલા મનુષ્યના મન, બુદ્ધિ, ચિત્ત, ઇન્દ્રિયો, પ્રાણ, શરીર અને તેનાં અંગો-ઉપાંગો એકવાર અત્યન્ત પ્રતિરોધ સ્વરૂપે સામે ઉપસ્થિત થઇ દુ:ખ-કલેશ-અનિચ્છા વિગેરે નો અનુભવ કરાવે, પરન્તુ તેવા સમયે તેની આગળ નહિં ઝુકીને મક્કમતાથી જો મનુષ્ય ધૈર્યપૂર્વક સેવામાર્ગમાં પોતાના ડગ ભરવા ચાલુ રાખે અને સતત સેવા-સમર્પણમાં પોતાને વ્યસ્ત રાખે તો પરિણામે મન, બુદ્ધિ, શરીર વિગેરે સર્વ સેવામાં લચીલા અને ચેતનવન્તા બની જઇ તે વ્યકિત સેવામાં પ્રેમ-આનન્દ-પ્રસન્નતાનો અનુભવ કરવાવાળો નિશ્ચિત જ બની જાય છે. અત: માનસીની સિદ્ધિ કરવા અર્થે શ્રીમહાપ્રભુએ દર્શાવેલા સાધનો અને પ્રકારનો જ જીવનમાં અંગીકાર કરવો પણ ઇતર સાધનો અને પ્રકારોનો સેવામાં વિક્ષેપ કરવો નહિં.

ચોથા નંબરે કહેવાયેલ **"પોતાનું સર્વસ્વ જેમાં ભગવાનને નિવેદન થતું હોય અને એનો બીજે કયાંય અન્ય યોગ ન થતો હોય તેવા સ્વરૂપે સેવા કરવી"** અહીં પોતાનું સર્વસ્વ એટલે અહંતા-મમતાસ્પદ સર્વ પદાર્થો, જીવ અહં હું પણાએ જેને-જેને માનતો - અનુભવતો હોય તે બધા પદાર્થો, **અન્તઃકરણ** (મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર), **પ્રાણો** (પ્રાણ-અપાનાદિ તથા નાગ-કૂર્મ વિગેરે), **ઇન્દ્રિયો** (આંખ, નાક, હાથ, પગ, પાયુ વિગેરે) , **દેહ-શરીર** (અંદર-બહારના સર્વ અંગ-ઉપાંગો સહિત) અને આ બધાનાં મન-બુદ્ધિ-શરીર વિગેરે નાં જે **ધર્મો** (ભાવન કરવુ, વિચારવું, સ્મરણ કરવું, ચિન્તવવું, ચેષ્ટા કરવી, જોવું, સૂંઘવું, કરવું, ચાલવું, કફ-પિત્ત-વાતનું પ્રવર્તન થવું,) હૃદય, લીવર, કીડની, ફેફસા, આંતરડા, જઠર, સ્નાયુઓ, વિગેરેનું પોતપોતાના કાર્યમાં પ્રવર્તન થવું. એટલે કે રક્તભ્રમણ થવું, રક્ત બનાવવું, ધૃત વિગેરે તેજસ્ પદાર્થોને પચાવવું, રક્તશુદ્ધિ કરવી, રક્તમાંથી નકામા - દૂષિત તત્ત્વોને અલગ પાડી દેહથી દૂર કરવા, પ્રાણવાયુ ગ્રહણ કરવું, ભક્ષણ કરાયેલા અન્ન-ફલ વિગેરેને પચાવવું વિગેરે ધર્મો), તેમજ હું મનુષ્ય છું, હું બ્રાહ્મણાદિ વર્ણનો છું, હું ગૃહસ્થાદિ આશ્રમમાં રહેલો છું, હું પુરુષ કે સ્ત્રી છું, હું પુત્ર, પત્ની, પતિ, પિતા, માતા, શિષ્ય, ગુરુ વિગેરે છું પ્રકારે દેહ થકી ઉત્પન્ન થતું વિશિષ્ટ અહંપણું બને તેનાં થકી જે-જે પણ ધર્મો હોય તે, આ બધા જીવ ને હું છું તેવા અનુભવે આવતા સર્વ **અહંતાસ્પદ** પદાર્થો કે જેને સેવા સમ્બન્ધમાં શ્રીમહાપ્રભુ દ્વારા તનુ શબ્દથી આવરી લેવાયા છે, તેમજ **મમતાસ્પદ** એટલે જીવ જેને મારા તરીકે માનતો-વિચારતો હોય તે બધા પદાર્થો, **દારા** એટલે પતિ કે પત્ની, **આગાર** એટલે ગૃહ કે ગૃહસમ્બન્ધી જે કંઇ પણ હોય તે નોકર, અતિથિ વિગેરે સર્વ, **પુત્ર** એટલે સંતાન - માતા- પિતા વિદ્યાદાતા ગુરુ - શિષ્ય, રાજા -પ્રજા તથા સાસુ - સસરા વિગેરે, **આપ્ત** એટલે પોતાના સમ્બન્ધે સમ્બન્ધીઓમાં ગણાતા મામા, માસી, ભાણેજ, દૌહિત્ર વિગેરે સર્વ સગોત્ર, સપિંડ, સમાનોદક, બાન્ધવત્રય વિગેરેથી આવતા સર્વ સમ્બન્ધીઓ તેમજ મિત્રો, સહાધ્યાયીઓ, સહકાર્યકરો વિગેરે સર્વ **વિત્ત** એટલે જમીન, સુવર્ણાદિ ધાતુઓ, માણેક વિગેરે રત્નો, મોટર, સ્કુટર અશ્વ વિગેરે વાહનો, ગાય, ભેંસ, બકરી વિગેરે પશુઓ, સુખકારક તથા સમૃદ્ધિમાં ગણાતા પદાર્થો, અન્ન-વસ્ત્ર -ફલ -જલાદિથી યુકત ભંડારો, નોટ - સિક્કા વિગેરે ચલણી દ્રવ્ય વિગેરે,

આલોક - પરલોક સમ્બન્ધે જે કંઇ પણ એટલે નિત્ય-નૈમિત્તિક - કામ્ય કર્મો, સદ્- અને -અસદ્ નામ થી કહેવાયેલા કર્મોથી ઉત્પન્ન થનાર પુણ્ય - પાપ તથા નાન્તરીયક નામે પ્રસિદ્ધ પુણ્યથી અલગ ન પાડી શકાય તેવું પુણ્ય સાથે સંકળાઇને રહેનારું પાપ, પાપ-પુણ્ય નામે પ્રસિદ્ધ કર્મોથી ઉત્પન્ન થનારા સુખ- દુ:ખરૂપ ફળો, તે ફળોની અનારબ્ધ - પ્રારબ્ધ અને ભોગ અવસ્થા, આ ફલરૂપે પ્રાપ્ત થનારા ઉપર-નીચે તથા મધ્યસમ્બન્ધી સારા-નરસા લોક, અથવા તે-તે ફલરૂપમાં જે કંઇ પણ પ્રાપ્ત થવાનુ હોય તે સર્વ કંઇ, આ બધાં જીવને મમ મારું છે તેવી માન્યતાએ આવતા સર્વ મમતાસ્પદ પદાર્થો કે જેને સેવા સમ્બન્ધમાં શ્રીમહાપ્રભુ દ્વારા વિત્ત શબ્દથી આવરી લેવાયા છે. **“तनु विस्तारे”** થી તનુ શબ્દ વિસ્તારના અર્થને દ્યોતે છે, અતઃ જીવ પોતાનાં હું પણાને જે-જે પદાર્થોમાં અને પ્રકારે જેટલા અંશે વિસ્તારે છે તેને માટે તનુ પ્રયોગ કરી દેહ-ઇન્દ્રિય વિગેરેથી સેવા કરવી એ તનુજા સેવા અને **“विद्लृ लाभे”** એ અર્થે વિદ્લૃ ધાતુને ક્ત પ્રત્યય લાગી બનેલો વિત્ત શબ્દ હોવાથી જીવ જેને સ્ત્રીલાભ, પુત્રલાભ, ધનલાભ, ગૃહલાભ વિગેરેથી લાભ થયો એમ માની જે-જે પદાર્થોમાં અને જે પ્રકારે જેટલા અંશે મારું છે એમ માનવાવાળો થઇ મમત્વ ધરાવતો થાય છે તેને માટે વિત્ત પ્રયોગ કરી તે પદાર્થોનો ભગવાનમાં વિનિયોગ વડે થતી સેવા એ વિત્તજા સેવા, આ બન્ને સેવા એક વ્યક્તિ દ્વારા થાય ત્યારે જ તે સાધન સેવારૂપ બને છે તેથી બન્નેને એકદ્વારા કરાયેલી જણાવવા માટે સમાસ વડે તનુવિત્તજા એમ કહ્યું છે. આ રીતે અહંતાસ્પદ અને મમતાસ્પદ પદાર્થો એ દેહધારી જીવનું સર્વસ્વ કહેવાય છે. જીવાત્મા પોતાના સહિત અહંતા-મમતાસ્પદ સર્વ પદાર્થોનો પોતાના અર્થે કે અન્યના અર્થે વિનિયોગ ન કરી માત્ર શ્રીપ્રભુની સેવામાં જ વિનિયોગ કરે અને તે પણ મનમાં એવો પાકો નિશ્ચય કરીને કે **“ईशावास्यमिदं सर्वम्”** આ બધું જ જે કંઇ પણ છે તે મારું પણ નથી, તારું પણ નથી અને કોઇનું પણ નથી, પરન્તુ એક માત્ર ભગવાનનું જ - ભગવાનની જ સત્તામાં છે, તેથી તેને પોતાના

અધિકારનું કે પોતાની માલિકીનું માનવું અને તે મુજબ વ્યવહાર કરવો એ સ્વામી શ્રીપ્રભુ પ્રત્યેનો અપરાધ છે, આ જે કંઇ પણ આપણી પાસે છે તે શ્રીપ્રભુએ જ આપણને આપી રાખ્યું છે અને તે પણ તેમની સેવાર્થે જ સાધનરૂપમાં આપી રાખ્યું છે. અતઃ આ બધું જ આપણી પાસે ભગવાનની ધરોહર રૂપમાં છે તેથી તે શ્રીપ્રભુને જ નિવેદન કરવું એ જ દાસધર્મ છે, એમ વિચારે સ્વ-સર્વસ્વ પ્રભુને નિવેદન કરવું અને તનુવિત્તમાં કહેવાયેવ સર્વ પદાર્થો નિવેદનાત્મક રૂપમાં સદૈવ ભગવત્સંબન્ધવાળા બન્યા રહે અને તેનો ભગવાનની સેવામાં જ ઉપયોગ પ્રકારે કૃષ્ણયોગ સર્વ સાથે સદૈવ રહે, કૃષ્ણથી ઇતર અન્ય કોઇનો પણ કોઇપણ પ્રકારે યોગ ન થાય તે મુજબ સેવાનો પ્રકાર ગોઠવી સેવામાં પરાયણ થવું. આ અર્થમાં જ શ્રી આચાર્યચરણ લખે છે કે --

“संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै ।
कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ॥
श्रवणं कीर्तनं स्पष्टं पुत्रे कृष्णप्रिये रतिः ।
पायोर्मलांशत्यागेन शेषभागं तनौ नयेत् ॥
यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते ।
तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः ॥

(નિરોધલક્ષણ - ૧૪ તથા ૧૮ -૧૯)

સર્વવસ્તુઓ - પદાર્થો શ્રીકૃષ્ણમાં - શ્રીકૃષ્ણને અર્થે યોજવા, યદિ દેહ-ઇન્દ્રિયો વિગેરે પોતપોતાના વિષયોને લઇને માંગણીઓ મુકે તો ત્યારે તપાસી લેવું કે માંગણીઓ જીવહિતપરક છે કે ભગવત્ સુખ પરક છે, જો ભગવત્સુખને અર્થેની હોય તો અવશ્યમેવ તે માંગણીઓ પૂર્ણ કરવી, પરન્તુ જો તેવી માંગણીઓ જીવહિત-સુખપરક હોય અથવા તો તેમાં સન્દેહ રહેતો હોય તો તેવી માંગણીઓ પૂર્ણ નહિં કરી ઇન્દ્રિયાદિનો નિગ્રહ કરવો. આ સ્થળે શ્રીમહાપ્રભુ તનુ શબ્દ થી આવરી લેવાયેલા સકલ અહંતાસ્પદ દેહ-ઇન્દ્રિય વિગેરે પદાર્થોની

ભગવત્સેવામાં કેવી રીતે યોજના કરવી તેની પ્રક્રિયા જણાવે છે અને એ દેહ-ઇન્દ્રિયાદિ સર્વ જો જયારે - કયારે પણ કૃષ્ણયોગથી અલગ પોતાના સમ્બન્ધે કે બીજાના સમ્બન્ધે અન્યયોગ પ્રતિ પ્રવૃત્ત થવાં માંગતા હોય તેવો સન્દેહ પણ થાય તો તેવે વખતે એનો નિગ્રહ સૂચવ્યો છે. દેહ-ઇન્દ્રિય-પ્રાણ વિગેરેની વૃત્તિઓ જો મનને લૌકિક વિષયોમાં સતત ખેંચતા રહે ત્યારે તો પછી મન કેમ કરીને કૃષ્ણમાં પ્રવણ થઇ શકશે ? અતઃ મનને લૌકિકમાં ખેંચતા શરીર - ઇન્દ્રિયો વિગેરે એને જ જો કૃષ્ણસેવામાં જોડી દેવામાં આવે અને એની સેવાવૃત્તિને પોષતા જઇ લૌકિક વૃત્તિઓનો સતત નિગ્રહ કરવામાં આવે તો મનને કૃષ્ણમાં પ્રવણ થવામાં કોઇ બાધા નડે નહિં. તેવી જ રીતે વિત્ત શબ્દથી આવરી લેવાયેલા મમતાસ્પદ સર્વ પદાર્થોની ભગવત્સેવામાં કેવી રીતે યોજના કરવી અને ન થાય ત્યારે શું કરવું તે બાબત શ્રીમહાપ્રભુ નિબન્ધમાં જણાવે છે કે --

यथा सुन्दरतां याति वस्त्रैराभरणैरपि ।
अलङ्कुर्वीत सप्रेम तथा स्थानपुरःसरम् ॥
भार्यादिरनुकूलश्चेत् कारयेत् भगवत् क्रियाम् ।
उदासीने स्वयं कुर्यात् प्रतिकूले गृहं त्यजेत् ।
तत्त्यागे दूषणं नास्ति यतो विष्णुपराङ्मुखाः ॥
(સર્વનિર્ણય પ્રકરણ - ૨૩૦ -૨૩૧)

શ્લોક ૨૩૦ માં પ્રથમ વસ્ત્ર, રત્ન વિગેરે જે અચેતન પદાર્થો છે તેની ભગવત્સેવામાં યોજનાનો પ્રકાર દર્શાવ્યો અને શ્લોક-૨૩૧માં ચેતન પદાર્થ પત્ની-પુત્ર વિગેરે સમ્બન્ધીઓની સેવામાં યોજનાનો પ્રકાર દર્શાવ્યો અને અન્તમાં આમાંના જે સપ્રયત્ને પણ સેવામાં યોજાતા ન હોય અને વધુમાં પાછા સેવાના સાતત્યમાં બાધા ઉત્પન્ન કરતા હોય તેવાઓને ત્યાગવા એમ જણાવ્યું. ત્યાગ બાબતમાં આ સ્થળનાં પ્રકાશમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે - “अनेन अवैष्णवैः सह अस्मिन्मार्गे न स्थातव्यं इत्युक्तं भवति” અર્થાત્ - બહિર્મુખોને ત્યાગવા એમ કહેવાથી જે કોઇ પણ અવૈષ્ણવો હોય તેમની સાથે આ માર્ગમાં રહેલાઓએ રહેવું નહિં તથા તેમનો સંગ કરવો નહિં એમ પણ આથી કહેવાયેલું સમજવુ. અહીં શ્રીભાગવત એકાદશ સ્કન્ધનું વાક્ય અને તે પરની સુબોધિની દષ્ટવ્ય છે --

एवं कृष्णात्मनाथेषु मनुष्येषु च सौहृदम् ।
परिचर्यां चोभयत्र महत्सु नृषु साधुषु ॥
(ભાગવત ૧૧-૩-૨૯)

આ સ્થળ પરની સુબોધિનીમાં ---

“एवं विधानपूर्वकमात्मनिवेदनं कृत्वा तादृशैः सह भगवत्परिचर्या कर्तव्येत्याह एवमिति, येषां कृष्णेऽसाधारणः स्वामित्वाभिमानस्ते कृष्णात्मनाथाः, मानुषभावः साधारणो भावः, तेषु च सौहार्दं, चकारात् पश्वादिषु च भगवदीयेषु सर्वत्र, परिचर्या चोभयत्र भगवति भगवदीयेषु च”

(પૂર્વશ્લોકમાં “दारान् सुतान गृहान् प्राणान् यत् परस्मै निवेदनम्” વિગેરે વાક્યોથી વર્ણ-આશ્રમ સમ્બન્ધી જે કંઇ પણ કરવામાં આવતું હોય તથા લૌકિક પ્રવાહે પોતાનું જે કંઇ પણ હોય તેમજ પત્ની, પુત્ર, ગૃહ વિગેરેમાં જે પોતીકી સત્તા હોય તે સર્વ સહિત સ્વદેહ-ઇન્દ્રિય-પ્રાણાદિ સહિત સ્વસર્વસ્વનું ભગવાનમાં આત્મનિવેદન કરવું એમ આત્મનિવેદનનો પ્રકાર જણાવ્યો છે -) એ વિધાન પૂર્વક ભગવાનમાં આત્મનિવેદન કરીને તે નિવેદિત સ્ત્રી-પુત્ર વિગેરેને ભગવત્સેવામાં પ્રયોજીને તેમની સાથે રાખી ભગવત્પરિચર્યા કરવી એમ (શ્રીભાગવત આ શ્લોક દ્વારા) કહે છે, (તેમાં પણ - પોતાના સમ્બન્ધી સ્ત્રી-પુત્રાદિમાં પણ) જે લોકોને કૃષ્ણમાં અસાધારણરૂપે સ્વામીપણાનું ગૌરવ છે એટલે કે શ્રીકૃષ્ણ જ અમારા સ્વામી છે અને શ્રીકૃષ્ણ જ અમારા આત્મા છે એ પ્રકારે દઢબુદ્ધિએ અનન્યભાવવાળા છે અને તે અનુસાર તેઓ દઢ આશ્રયે

- દાસભાંવે સ્નેહપૂર્વક ભગવાનની સેવામાં અભિનિવિષ્ટ થયેલા છે તેવા-જેમના સ્વામી - આત્મા કૃષ્ણ જ છે એવા કૃષ્ણાત્મનાથ સ્ત્રી-પુત્રાદિકો તથા 'ચ' કાર પ્રયોગ હોવાથી કૃષ્ણસેવામાં જેમનો સદા ઉપયોગ થઇ રહેલો હોય તેવા પશુ વિગેરે સર્વમાં સૌહૃદભાવ રાખી એટલે કે પોતે પણ ભગવાન નો સેવક છે અને તેઓ પણ ભગવાનના સેવક છે તેમ બન્ને વચ્ચે સમ્બન્ધ વિચારી તેમનામાં સૌહૃદ ભાવ રાખવો, તેમજ પરિચર્યા ઉભયત્ર-બન્ને ભગવાન અને ભગવદીયો બન્નેની કરવી.

આ પ્રકારે શ્રીભાગવત અને શ્રીઆચાર્યચરણનાં મત અનુસાર સત્પુરુષો, ભકતજનો, ગુરુજનો દ્વારા વેદાદિ શાસ્ત્રોમાં વર્ણન કરાયેલ ભગવત્કથા શ્રવણ દ્વારા, ગુરુજનોને આદરપૂર્વક પ્રશ્ન કરી સન્દેહ નિવારણ દ્વારા, સ્વયં દ્વારા શાસ્ત્રનું અદયયન, મનન, આવર્તન વિગેરે દ્વારા ભગવાનનું સ્વરૂપ શું છે, પોતાનું-જીવનું સ્વરૂપ શું છે જગત નું સ્વરૂપ શું છે, તત્ત્વતઃ આ બધામાં કઇ રીતે અભેદ છે અને તેમ છતાં પણ સ્વરૂપ વિગેરે દ્વારા આ બધામાં શું ભેદ રહેલો છે, ભક્તિનું વિશુદ્ધ સ્વરૂપ શું છે અને ભગવાન દ્વારા ભકિતમાર્ગના કહેવાયેલા સિદ્ધાન્તો શું છે આ બધું સારી પેઠે જાણીને, ભગવત્ સેવા સ્વધર્મે કરવાની અને તેમાં જ જીવનને તન્મય બનાવી જીવનને સફલ કરવાની દઢ અભિલાષા મનમાં સિદ્ધ થતાં ભકિતમાર્ગીય વૈરાગ્યાદિથી યુક્ત, દમ્ભ વિગેરે દૂષણોથી રહિત ભગવદ્‌ભક્તિનિષ્ઠ ભક્તિશાસ્ત્રો માં પારંગત વિદ્વાન એવા વૈષ્ણવસમ્પ્રદાયની પરમ્પરામાં રહેલા સુયોગ્ય -શ્રેષ્ઠ-શ્રદ્ધેય ગુરુના શરણે જઇ તેમના વડે ભક્તિદીક્ષા ગ્રહણ કરી સ્વસર્વસ્વ સહિત ભગવાનમાં આત્મનિવેદન કરી, પોતાનાં કહેવાતાં એવા સર્વની ભગવત્‌સેવામાં યોજના કરવી અને **"यतो यतो निःसरति मनश्चञ्चलमस्थिरम्, ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत्"** (ગીતા. ૬-૨૬) માં જણાવ્યા અનુસાર જેમ વિવિધ એષણાઓ વડે ચંચળ-અસ્થિર બનેલું મન જ્યાં જ્યાંથી પણ ભોગ પદાર્થોમાં નિઃસરણ કરે ત્યાં - ત્યાંથી તેનું નિયમન કરી આત્મામાં જ તેને વશ કરતાં જવું, એની માફક જયાં-જયાં પણ - જે - જે પદાર્થોમાં અને જે -જે પ્રકારે પોતાને વળગેલી અંહતા-મમતારૂપી અવિદ્યાનો વિસ્તાર થતો હોય અટલે કે જ્યાં જયાં પણ હું અને મારું નો ભાવ આવતો હોય ત્યાં ત્યાંથી આ મારી માલકીનું છે કે આ મારા ઉપયોગ માટેનું છે એવા ભાવને વારં-વારં વખતો વખત મિટાવતા જઇને ત્યાં ત્યાં આ કૃષ્ણનું છે એવો ભાવ વિચારપૂર્વક સ્થાપતા જવું. પોતાના અર્થે કે પોતાના સમ્બન્ધે કયાંય - કોઇ પણ જડ-ચેતનમાં કોઇ પણ પ્રકારે ઇચ્છા-પ્રીતિ -કે સમ્બન્ધ રાખવો નહિં, પરન્તુ ભગવત્સંબન્ધ થકી જ જડ-ચેતનોમાં ઇચ્છા-પ્રીતિ કે સમ્બન્ધ રાખવો. પોતાના સમ્બન્ધે રખાતાં બુદ્ધિમાં 'અહં' ના સંસ્કારોને બળ મળે છે અને પદાર્થ માં મમતા સ્થપાય છે, જયારે ભક્તિમાં અહં-મમ ને મિટાવી કૃષ્ણભાવ જ માત્ર સ્વહૃદયમાં સ્થાપવાનો છે. તેથી સેવાની વ્યવસ્થા એવા પ્રકારે ગોઠવવી કે જેમાં તનુ-વિત્ત થી કહેવાયેલ સર્વ જે ભગવાનને આત્મનિવેદન સમયે નિવેદન કરાયેલા છે તે સર્વની શ્રીપ્રભુની સેવામાં યોજના થઇ શકે. તે પૈકી કોઇનો પણ પોતાના પ્રયત્ને ભગવત્સેવા માં યોગ થવાથી ઇતર અન્યયોગ થાય નહિં અને તેમ છતાં પણ અન્યયોગ જ થતો હોય તો તેવામાં ઔદાસિન્ય રાખવું - તેમનામાં ઉપેક્ષાભાવ સેવવો અથવા તો તેને ત્યાગવા.

પાચમાં નંબરે કહેવાયેલ **"યોગ, દયાન, જ્ઞાન, કર્મ, યજ્ઞ, યાગ, દાન, તપ વિગેરે અન્ય ઉપસાધનોની સાપેક્ષ હોય તેવી સેવા નહિં પણ આ બધા સાધનોથી નિરપેક્ષ એવી જ સેવા કરવી"** એટલે કે આ બધા પુષ્ટિમાર્ગમાં આત્મનિવેદન કરેલાઓ માટે નિષિદ્ધ છે એમ નથી, પરન્તુ આ બધા ની જેમાં અપેક્ષા કે આવશ્યકતા રહેતી હોય તેવા પ્રકારની સેવા આત્મનિવેદીઓએ કરવાની નથી, અતઃ આત્મનિવેદન કર્યા પછીથી સેવા વિષયમાં આની સાપેક્ષતા માનવાની નથી. ભગવદ્ ગીતામાં કહ્યું છે કે --

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।

यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥
(ગીતા. ૧૮ - ૫)

આ ગીતાવાક્યમાં યજ્ઞ-દાન-તપને માટે જે "**न त्याज्यम्**" અને "**कार्यमेव**" એમ ભાર પૂર્વક કહ્યું છે તે જીવના દેહાભિમાનને લઇને દેહ પરત્વે કહ્યું છે. તેથી જ આથી આગળ કર્મફલ ત્યાગની વાતો કરીને તેથી આગળ ભગવાન કહે છે કે --

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥
(ગીતા. ૧૮-૧૧)

અર્થાત્ - દેહધારણ કરેલાઓ વડે (દેહમાં રહેલી અવસ્થામાં એટલે કે જીવનની અવસ્થામાં જીવ વડે) અશેષપણાએ એટલે કે જેમાં કોઇ કર્મ શેષ ન રહેતું હોય તેવા પ્રકારે કર્મ ને ત્યાગવું શક્ય નથી (વૈદિક કર્મોને ત્યાગીને પણ લૌકિક કર્મો તો થવાના જ છે અને કર્મેન્દ્રિયોથી થનારા કર્માને ત્યાગીને પણ જ્ઞાનેન્દ્રિયોથી તો કર્મ થવાના જ છે અને બાહ્યકર્મ ત્યાગીને પણ આન્તરકર્મો તો થવાના જ છે, અતઃ કર્મનો નિઃશેષ ત્યાગ દેહદશામાં શક્ય નથી), તેથી સર્વ કર્મ કરીને પણ જે કર્મફલને ત્યાગનારો છે તે જ સાચો ત્યાગી છે અને તેને જ ત્યાગી કહેવામાં આવે છે.

અવિદ્યાને વશ થયેલો જીવ અહં-મમના આધારે લૌકિક કર્મ કરે છે અને એવા લૌકિક કર્મોનું આવર્તન થતાં જીવ વધુને વધુ અવિદ્યામાં ફસાતો જાય છે, એ લૌકિક કર્મો વડે અવિદ્યાના વધુને વધુ દૃઢ બન્ધનો માં જીવ બંધાતો ન જાય તેમજ સ્વને જ માત્ર ઉદ્દેશી લોકેષણા, વિત્તેષણા, દારેષણા, ભોગેષણા વિગેરે થકી જ જીવની સતત કર્મમાં પ્રવૃત્તિ નહિં બની રહી તેથી જુદા પ્રકારે તે કર્મમાં પ્રવૃત્ત થાય કે જેમાં કર્મ કરીને પણ જીવ કર્માસકિત કે કર્મથી ઉત્પન્ન થનારા ફલમાં આસક્તિ વાળો ન બને તે હેતુથી ભગવાન ગીતામાં યજ્ઞ, દાન, તપ

વિગેરેને અનિવાર્ય પ્રકારે સૂચવી રહ્યા છે. યજ્ઞમાં દેવતાને ઉદ્દેશીને ત્યાગ છે, દાનમાં બ્રાહ્મણાદિ દાનલેનારને ઉદ્દેશીને ત્યાગ છે અને તપમાં ભોગપદાર્થોને ચિત્તની અશુદ્ધિ સમજીને ચિત્તશુદ્ધિને અર્થે સુખ અને ભોગપદાર્થોનો ત્યાગ છે. આ રીતે આસકિતપૂર્વક લૌકિકનો સંગ્રહ એનો નિષેધ કરી એના ત્યાગનું વિધાન ગીતામાં થયું છે. પરન્તુ શ્રીમદાચાર્યચરણ ભકિતમાર્ગીય રીતિને બતાવતાં જણાવે છે કે - "**व्यर्थत्यागापेक्षया भगवति समर्पणमुत्तमम्**" કારણ વિના વ્યર્થમાં જ ત્યાગ કરવાની અપેક્ષા વસ્તુઓનું ભગવાનને સમર્પણ કરવું એ વધુ ઉત્તમ છે અને આજ વાતને શ્રીમદ્‌ભાગવતના એકાદશસ્કન્ધમાં પ્રભુશ્રીકૃષ્ણ પણ જણાવે છે કે --

"मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च ।"
(ભાગવત -૧૧, ૧૯ -૨૩)

મારા અર્થે - મારી સેવા-ભક્તિના અર્થે પોતાના સકલ ભોગ અને સુખના વિષયને સર્વ પ્રકારે ત્યાગવા. અતઃ ભક્તિમાર્ગમાં ભગવાનના અર્થે - ભગવાનના હેતુથી અથવા તો ભક્તિ -સેવા ને માટે ત્યાગવું એ સિદ્ધાન્ત છે. તેમાં પણ શ્રીઆચાર્યચરણના નિર્દેશ્યા અનુસાર તો મનુષ્યને દેહેન્દ્રિયાદિ સહિત સકલ પદાર્થો ભગવાને ભક્તિ માટે જ આપ્યા હોઇ તે સર્વનો ભગવાનમાં જ વિનિયોગ કરાવવો જોઇએ. અતઃ મર્યાદામાર્ગમાં જેમ પદાર્થોનો ત્યાગ છે તેમ અહીં ભક્તિમાર્ગમાં વસ્તુઓનું ભગવાનને સમર્પણ છે. પદાર્થોમાં કે સુખ વિષયમાં કર્મમાં કે કર્મફલમાં મનની આસક્તિ એ ચિત્તની અશુદ્ધિ છે કે જે મોક્ષફલમાં બાધક -અવરોધક છે અને સત્ત્વસંશુદ્ધિ એ સાધક છે, અહીં અન્યઆસક્તિ દૂર થવા છતાં પણ મનમાં રહી ગયેલી સત્ત્વગુણના પ્રભાવે જન્મેલી સુખાસક્તિ એ પણ અંતતોગત્વા તો બંધન કરનારી જ છે. તેથી જ ગીતામાં પ્રકૃતિના ત્રણ ગુણોને બતાવતાં સત્ત્વગુણને સમજાવતાં કહેવાયું છે કે --

तत्र सत्त्वं निर्मलत्वात् प्रकाशकमनामयम् ।

यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥
(ગીતા. ૧૮ - ૫)

આ ગીતાવાક્યમાં યજ્ઞ-દાન-તપને માટે જે **“न त्याज्यम्”** અને **“कार्यमेव”** એમ ભાર પૂર્વક કહ્યું છે તે જીવના દેહાભિમાનને લઇને દેહ પરત્વે કહ્યું છે. તેથી જ આથી આગળ કર્મફલ ત્યાગની વાતો કરીને તેથી આગળ ભગવાન કહે છે કે --

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥
(ગીતા. ૧૮-૧૧)

અર્થાત્ - દેહધારણ કરેલાઓ વડે (દેહમાં રહેલી અવસ્થામાં એટલે કે જીવનની અવસ્થામાં જીવ વડે) અશેષપણાએ એટલે કે જેમાં કોઇ કર્મ શેષ ન રહેતું હોય તેવા પ્રકારે કર્મ ને ત્યાગવું શક્ય નથી (વૈદિક કર્મોને ત્યાગીને પણ લૌકિક કર્મો તો થવાના જ છે અને કર્મેન્દ્રિયોથી થનારા કર્મોને ત્યાગીને પણ જ્ઞાનેન્દ્રિયોથી તો કર્મ થવાના જ છે અને બાહ્યકર્મ ત્યાગીને પણ આન્તરકર્મો તો થવાના જ છે, અતઃ કર્મનો નિઃશેષ ત્યાગ દેહદશામાં શક્ય નથી), તેથી સર્વ કર્મ કરીને પણ જે કર્મફલને ત્યાગનારો છે તે જ સાચો ત્યાગી છે અને તેને જ ત્યાગી કહેવામાં આવે છે.

અવિદ્યાને વશ થયેલો જીવ અહં-મમના આધારે લૌકિક કર્મ કરે છે અને એવા લૌકિક કર્મોનું આવર્તન થતાં જીવ વધુને વધુ અવિદ્યામાં ફસાતો જાય છે, એ લૌકિક કર્મો વડે અવિદ્યાના વધુને વધુ દૃઢ બન્ધનો માં જીવ બંધાતો ન જાય તેમજ સ્વને જ માત્ર ઉદ્દેશી લોકેષણા, વિત્તેષણા, દારેષણા, ભોગેષણા વિગેરે થકી જ જીવની સતત કર્મમાં પ્રવૃત્તિ નહિં બની રહી તેથી જુદા પ્રકારે તે કર્મમાં પ્રવૃત્ત થાય કે જેમાં કર્મ કરીને પણ જીવ કર્માસકિત કે કર્મથી ઉત્પન્ન થનારા ફલમાં આસક્તિ વાળો ન બને તે હેતુથી ભગવાન ગીતામાં યજ્ઞ, દાન, તપ

વિગેરેને અનિવાર્ય પ્રકારે સૂચવી રહ્યા છે. યજ્ઞમાં દેવતાને ઉદ્દેશીને ત્યાગ છે, દાનમાં બ્રાહ્મણાદિ દાનલેનારને ઉદ્દેશીને ત્યાગ છે અને તપમાં ભોગપદાર્થોને ચિત્તની અશુદ્ધિ સમજીને ચિત્તશુદ્ધિને અર્થે સુખ અને ભોગપદાર્થોનો ત્યાગ છે. આ રીતે આસક્તિપૂર્વક લૌકિકનો સંગ્રહ એનો નિષેધ કરી એના ત્યાગનું વિધાન ગીતામાં થયું છે. પરન્તુ શ્રીમદાચાર્યચરણ ભક્તિમાર્ગીય રીતિને બતાવતાં જણાવે છે કે - **“व्यर्थत्यागापेक्षया भगवति समर्पणमुत्तमम्”** કારણ વિના વ્યર્થમાં જ ત્યાગ કરવાની અપેક્ષા વસ્તુઓનું ભગવાનને સમર્પણ કરવું એ વધુ ઉત્તમ છે અને આજ વાતને શ્રીમદ્ભાગવતના એકાદશસ્કન્ધમાં પ્રભુશ્રીકૃષ્ણ પણ જણાવે છે કે --

“मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च ।”
(ભાગવત -૧૧, ૧૯ -૨૩)

મારા અર્થે - મારી સેવા-ભક્તિના અર્થે પોતાના સકલ ભોગ અને સુખના વિષયને સર્વ પ્રકારે ત્યાગવા. અતઃ ભક્તિમાર્ગમાં ભગવાનના અર્થે - ભગવાનના હેતુથી અથવા તો ભક્તિ -સેવા ને માટે ત્યાગવું એ સિદ્ધાન્ત છે. તેમાં પણ શ્રીઆચાર્યચરણના નિર્દેશ્યા અનુસાર તો મનુષ્યને દેહેન્દ્રિયાદિ સહિત સકલ પદાર્થો ભગવાને ભક્તિ માટે જ આપ્યા હોઇ તે સર્વનો ભગવાનમાં જ વિનિયોગ કરાવવો જોઇએ. અતઃ મર્યાદામાર્ગમાં જેમ પદાર્થોનો ત્યાગ છે તેમ અહીં ભક્તિમાર્ગમાં વસ્તુઓનું ભગવાનને સમર્પણ છે. પદાર્થોમાં કે સુખ વિષયમાં કર્મમાં કે કર્મફલમાં મનની આસક્તિ એ ચિત્તની અશુદ્ધિ છે કે જે મોક્ષફલમાં બાધક -અવરોધક છે અને સત્ત્વસંશુદ્ધિ એ સાધક છે, અહીં અન્યઆસક્તિ દૂર થવા છતાં પણ મનમાં રહી ગયેલી સત્ત્વગુણના પ્રભાવે જન્મેલી સુખાસક્તિ એ પણ અંતતોગત્વા તો બંધન કરનારી જ છે. તેથી જ ગીતામાં પ્રકૃતિના ત્રણ ગુણોને બતાવતાં સત્ત્વગુણને સમજાવતાં કહેવાયું છે કે --

तत्र सत्त्वं निर्मलत्वात् प्रकाशकमनामयम् ।

सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानघ ॥
(ગીતા -૧૪ -૬)

સત્ત્વગુણ એ પ્રકાશક, નિર્મલ અને રજોગુણ - તમોગુણના દોષ થી રહિત હોવા છતાં પણ તેનાથી ઉત્પન્ન થનારી સુખાસક્તિ -સકલ દુ:ખરહિત સુખભોગમાં આસકિત એ આસક્તિ તો બંધન કરનારી જ છે કારણકે બ્રહ્મથી અતિરિક્ત સર્વમાં બંધન કરવાનો દોષ રહેલો છે. તેવી જ રીતે ભગવાનથી અતિરિક્ત કોઇ પણ વસ્તુ કે વિષયમાં આસક્તિ હોવી એ ભક્તિભાવ વિરોધી દોષરૂપ છે. ગીતામાં પણ ભગવાન અર્જુનને જે ભક્તિના ભાવો માટે જણાવે છે કે - **“मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय”** (ગીતા. ૧૨ - ૮) અહીં ભગવાનમાં જ મનનું આધાન કરવું અને ભગવાનમાં જ બુદ્ધિનો નિવેશ કરાવવો એનો પણ આ જ અર્થ થાય છે કે ભગવાન સિવાય બીજામાં કે પોતાનામાં રહેલું જરા સરખું પણ મન અને ભગવાન કે ભગવાનની ભક્તિ - સેવા સિવાયનો બીજા માટેનો કે પોતાના માટેનો નાનો સરખો પણ બુદ્ધિમાં રહેલો વિચાર એ મોટા પાત્રમાં ભરેલા શુદ્ધ દુધમાં દહીંના ઝીણા છાંટાનું કામ કરે છે. તેથી જ ગીતામાં ભગવાન સિવાય અન્ય કંઇ પણ ન હોવું જોઇએ - બુદ્ધિ કે મનનો ભગવાનથી અતિરિક્ત અન્ય કોઇ પણ સાથે કોઇ પણ પ્રકાર નો યોગ ન હોવા જોઇએ તે બાબત નિષેધ કરવા **“एव”** કારનો એટલે કે મારામાં જ એમ પ્રયોગ થયેલો છે. અતઃ સુખાસકિત કે સર્વદુ:ખ રહિત મોક્ષઅવસ્થામાં આસક્તિ એ પણ મન-બુદ્ધિનો અન્યાશ્રય-અન્યાસકિત જ છે તેથી તે ભક્તિભાવવિરોધી છે. અતઃ ગીતામાં દાન-યજ્ઞાદિનું પ્રાશસ્ત્ય એ ભક્તિમાર્ગીયેતર માટે છે ભક્તિમાર્ગીયો માટે તો ભગવદ્ ભક્તિ જ પ્રશસ્તતર છે. ભક્તિમાર્ગમાં પણ **“विजातीयसंवलिता भगवर्द्धमाः मार्गा इत्युच्यन्ते”** એ શ્રીભાગવત એકાદશસ્કન્ધ સુબોધિની વાક્યાનુસાર સ્વવર્ણ-આશ્રમોચિત ધર્મોનું પાલન સેવાના અવિરોધે આવશ્યક છે. પુષ્ટિમાર્ગીયોએ પણ નિત્ય-નૈમિત્તિક વિગેરે કર્મો નથી કરવાના એમ નથી, પરન્તુ કરવાના જ છે. તેમ છતાં પણ તે કર્મો ભગવદ્રૂપ સેવામાં વિઘ્નરૂપ ન બને તે રીતે અને તે પણ કર્મ પ્રત્યે ભય આસકિત વિગેરેથી નહિં પણ **“कायेन वाचा”** શ્લોક ઉપરના શ્રીપ્રભુચરણ દ્વારા લખાયેલા વિશેષ લેખમાં જણાવ્યા મુજબ તે કર્મો પણ સ્વાભાવિક સમર્પણના રૂપમાં ભગવન્નિમિત્તક જ કરવાના છે. તૃતીયસ્કન્ધ સુબોધિનીમાં **“स्वधर्माचरणं शक्त्या”** શ્લોક પરની સુબોધિનીમાં **“यावद्देहोऽयम्”** વિગેરે વાક્યોથી શ્રીઆચાર્યચરણે જણાવ્યા મુજબ જીવનકાળમાં દેહબુદ્ધિ - હું દેહ છું તેવી બુદ્ધિ રહેલી હોવાથી દેહ સાથે સંકળાયેલા ધર્મોનું પાલન આવશ્યક છે તેમ છતાં પણ ત્યાં જ આગળ કહ્યા મુજબ **“यदा पुनः आत्मानं जीवं मन्यते तदा दास्यमेव स्वधर्मः”** એનાં અનુસાર હું દેહથી અલગ જીવ છું તેવું પણ ભાન રહેતું હોવાથી જીવનો જે મુખ્યધર્મ દાસભાવે દાસે જે કરવું જોઇએ તે સેવા જ એનો મુખ્ય સ્વધર્મ રહે છે. તેથી જ શ્રીમહાપ્રભુ ચતુ:શ્લોકી ગ્રન્થમાં **“स्वस्य अयमेव धर्मः, न अन्यः”** શ્રીગોકુલાધીશપ્રભુ શ્રીકૃષ્ણનું સર્વભાવે ભજન કરવું આ જ પોતાનો - વૈષ્ણવ નો - ભગવત્સેવકનો સ્વધર્મ છે ' એમ જણાવે છે.

પ્રેમાત્મિકા -પ્રેમલક્ષણા ભક્તિ એ સ્વયં સ્વત: પુરુષાર્થરૂપા હોવાથી મનમાં રહેલો ભગવાન પ્રત્યેનો સુદઢ સ્નેહ ભાવ જ સર્વ કાંઇ સાધનારો હોવાથી સેવાની સિદ્ધિ અર્થે સ્નેહ સિવાયનું બીજું કઇ પણ સહકારી રૂપમાં પણ અપેક્ષિત રહેતું નથી. બલ્કે સ્નેહમાં અન્ય ભાવોનું કે સાધનોનું સંમિશ્રણ એ સ્નેહના માધુર્યને ચરમસીમાએ સ્પર્શવામાં બાધક નીવડે છે. પ્રેમમાર્ગમાં સ્નેહ વડે આકર્ષિત થયેલું મન જ પ્રેમભાવના સર્વોચ્ચ શિખરે આરુઢ થવા સક્ષમ બને છે, મનમાં જેમ જેમ ભાવ પ્રવૃદ્ધ બનતો જાય છે તેમ તેમ આપો આપ અન્યાસક્તિ દૂર થઇને મન એકમેવ પ્રેમાસ્પદમાં સ્થિર બની જાય છે પરંતુ યોગાદિ-પ્રાણાયામાદિ સાધનોના સહકારીપણાએ ઉપયોગ થતાં દૂર થયેલી મનની ચંચલતાથી મન સ્થિર જરૂર થાય છે પરન્તુ તેનાથી જે અનાયાસ પ્રેમ પ્રવર્ધન થવાનો પ્રકાર છે તેમાં ઉણપ આવી જ જાય છે. દાન પુણ્યાદિ સાધનોથી પાપનિવૃત્તિ પણ થાય છે

અને ચિત્તશુદ્ધિ પણ સધાય છે તેમ છતાં પણ જેમ વિશુદ્ધ યોગમાર્ગમાં નાડીશુદ્ધિ વિગેરે માટે પ્રાણાયામ વિગેરે યૌગિક સાધનો સિવાયના સ્વમૂત્રપાનાદિ યોગબહારના સાધનોનો નિષેધ કરવામાં આવ્યો છે તેવી જ રીતે ભક્તિમાર્ગમાં પણ અન્ય સાધનોની ભેળસેળ ન કરવા બાબત નિષેધ કરતાં શ્રીભાગવતમાં કહેવાયું છે કે :-

केचित्केवलया भक्त्या वासुदेवपरायणाः ।
अघं धुन्वन्ति कात्स्न्र्येन निहारमिव भास्करः ॥
न तथा ह्यधवान राजन् पूयेत तप आदिभिः ।
यथा कृष्णार्पितप्राणस्तत्पूरूषनिषेवया ॥
(ભાગવત ૬ - ૧ - ૧૫, ૧૬)

અર્થાત્ - ભગવાન વાસુદેવમાં જ જેમનું તન - મન જીવન પરાયણ થયેલું છે એવા દુર્લભ ભક્તિમાર્ગના અધિકારી લોકો માત્ર ભક્તિ વડે જ પોતાના સકલ અઘ-પાપોને સમગ્રતાથી નિ:શેષ ધોઇ નાંખે છે જેમ સૂર્યના ઉદયની સાથે જ સમગ્ર ઝાકળ -ધુમ્મસ દૂર થઇ જાય છે, કૃષ્ણને જ માત્ર અર્પિત થયેલા છે પ્રાણો જેના એવા કૃષ્ણાર્પિતપ્રાણ ભક્તોના તે પરમપુરુષની સેવાથી જે પ્રકારે સકલ પાપો દૂર થઇ તેઓ ભક્તિ વડે પવિત્ર થાય છે તે પ્રકારે તેટલા નિષ્પાપપણું તો તપ વિગેરેના આચરણથી પણ થવાતું નથી."

અહીં આ ભાગવતના વાક્યમાં "**केवलया भक्त्या**" એમાં જે કેવલ ભક્તિ વડે એમ કહ્યું છે તેથી ભક્તિમાં ભક્તિ થી બહારના પ્રાયશ્ચિત્ત, યમ, નિયમ પ્રાણાયામાદિ, તપ, યજ્ઞ, દાન વિગેરે સર્વ સાધનોને નકારી માત્ર સેવા-સ્નેહ-સમર્પણ સ્વરૂપની ભક્તિથી જ ભગવદ્ભક્તોની સર્વ પ્રકારે શુદ્ધિ થાય છે અને તે પણ ઉપર જણાવેલા સાધનોથી નિ:શેષ દોષ નિવારણ સ્વરૂપની તો શુદ્ધિ નથી જ થતી જેમાં દૃષ્ટાન્ત આપ્યું છે કે "**મદિરા થી ભરેલો ઘડો મોઢું બંધ કરીને ઉંધો પાડવામાં આવે અને એના ઉપરથી સકળલોકપાવની ગંગાનો પ્રવાહ ફરી વળે તો પણ મદિરાથી ભરેલો એ ઘડો શુદ્ધ થઇ શકતો નથી, તેવી રીતે આ તપ-દાનાદિ સાધનો મલિનતાથી છલકાતા માનવ અન્ત:કરણને પૂર્ણ શુદ્ધ કરવા સમર્થ નથી હોતા** " આવા અશુદ્ધોને પણ અંદર-બહાર સર્વ પ્રકારે કૃષ્ણભક્તિ શુદ્ધ કરે છે અત: ભક્તો ભક્તિમાર્ગ છોડીને અન્ય કોઇ પણ માર્ગનો આશ્રય-આધાર નહિં રાખીને માત્ર પોતાના હૃદયમાં વિશુદ્ધ પ્રેમ અને સેવાની ભાવના વડે જ દોષોનું પણ નિવારણ કરે છે અને ભક્તિવૃદ્ધિને પણ સાધે છે, તેથી જે લોકો સેવામાં મનની સ્થિરતા માટે પ્રાણાયામ વિગેરે યૌગિક સાધનો ની ભલામણ કરતા હોય તે લોકોએ આટલું સ્પષ્ટ જાણી લેવું જોઇએ કે જેમ યોગમાર્ગમાં યોગની સ્વતંત્ર પ્રક્રિયા છે અને તે પ્રક્રિયાને જ શુદ્ધ અને યોગ્ય સ્વરૂપમાં ઉપયોગ કરાતાં તે ઉપકારક બને છે, જેમ જ્ઞાનમાર્ગમાં તે માર્ગની સ્વતંત્ર પ્રક્રિયા છે, જેમ કર્મમાર્ગમાં તે માર્ગની સ્વતંત્ર પ્રક્રિયા છે અને તેનો શુદ્ધ રૂપમાં ઉપયોગ કરાતાં તે -તે માર્ગનું ફળ સિદ્ધ થાય છે, તેવી રીતે પુષ્ટિમાર્ગમાં પણ તેની આગવી પ્રક્રિયા શ્રીઆચાર્યચરણે જણાવી જ છે અને તે મુજબ જીવનમાં આચરણ કરાતાં વૈષ્ણવ પુષ્ટિમાર્ગીય ફળનો લાભ કરનારો થાય છે. આ સમ્પ્રદાયમાં ભકિતસિદ્ધિની સ્વતંત્ર અને બીજાઓથી અલગ જ પ્રકારની પ્રક્રિયા છે તેથી આની સાથે માર્ગ શબ્દ (પુષ્ટિમાર્ગ) સાંકળવામાં આવ્યો છે. આની ભક્તિપ્રક્રિયા જ આનું માર્ગપણું છે. અત: વૈષ્ણવોએ પોતાની ભક્તિવૃદ્ધિમાં મનમાન્યા સ્વૈચ્છિક કે અન્યો દ્વારા ચીંધવ્યા ઉપાયો નહિં સ્વીકારીને માત્ર શ્રીઆચાર્યચરણોપદિષ્ટ ઉપાયોનું જ આચરણ કરવું જોઇએ કે જે એમના જીવનમાં નિશ્ચિત પ્રકારે પુષ્ટિફળને સાધવા પૂર્ણ સક્ષમ છે.

આ પ્રકારે જયારે વૈષ્ણવ સેવામાં પ્રવૃત્ત થાય છે અને આ મુજબ જયારે તે પોતાના તન-ધન વિગેરેને સેવામાં યોજે છે ત્યારે તેની સતત સેવાથી સંતુષ્ટ થયેલા પ્રભુ વિશેષ અનુગ્રહે તેને માનસી અવસ્થા ભક્તિનું દાન કરે છે અને ત્યારે તે સકલ લૌકિકથી મુક્ત બની અલૌકિક ભાવે સેવામાં તેનો અભિનિવેશ થાય છે. અત: આપણી સાધનરૂપા સેવા પણ શુદ્ધ આચાર્યચરણોપદિષ્ટા અન્ય સાધનોના

ભેળસેળ વિનાની યોગ, દાન, તપ, યજ્ઞ,ધ્યાન વિગેરેની સહકારી અપેક્ષા નહિં રાખનારી સ્વતંત્ર પ્રકારની પૂર્ણપ્રેમ - પૂર્ણ આદર સ્વરૂપની અને સ્વયં સદૈન્યદાસભાવવાળી હોવી જોઇએ. આ પ્રકારે કૃષ્ણની સેવા સદા કરવી - આમરણાન્ત કરવી એ શ્રીમહાપ્રભુના સમ્પ્રદાયનો મુખ્ય સિદ્ધાન્ત છે.

કલિકાલમાં સેવા-સિદ્ધાન્તનો નિર્વાહ શક્ય છે ?

પ્રશ્ન :- હવે જયારે કૃષ્ણસેવા એ મુખ્ય સિદ્ધાન્ત છે એમ નિશ્ચય થતાં સેવા બાબતમાં એક પ્રશ્ન આવી ઉભો રહે છે કે સેવા ત્યારે જ સેવા થયેલી કહેવાય કે જયારે કરાયેલી સેવાનો સેવ્ય શ્રીપ્રભુ દ્વારા સ્વીકાર કરવામાં આવે અન્યથા તે સેવા ન બની માત્ર ભક્તિ સદશ ક્રિયા જ બની રહે. તમે કોઇને સુન્દર સ્વાદિષ્ટ વિવિધ વ્યંજનો - પકવાન્નો પિરસો પરન્તુ ભોજન કરનાર દ્વારા પિરસાયેલા પદાર્થો જમવામાં આવે ત્યારે જ તેને વ્યંજનો જમાડયા એમ કહી શકાય છે. તમે કોઇને પાંચસો રૂપિયાનું મનિઓર્ડર કરો પણ જેના નામ પર પાંચસો રૂપિયાનું મનિઓર્ડર કરવામાં આવ્યું છે તે જો તેનો સ્વીકાર ન કરે અને પરત કરે તો તે રૂપિયા પાછા તમારી પાસે જ આવી જશે અથવા તો તમે કોઇને દાન-ભેટ-બક્ષિસના રૂપમાં એકહજાર - પાંચહજાર કે દસ હજારનો તમારા ખાતાનો બેન્કનો ચેક સામેવાળાના નામ પર લખી મોકલો પરન્તુ લેનાર જયાં સુધી એ બેન્કના ચેકને પોતાના બેન્કના ખાતામાં ન ભરે ત્યાં સુધી તે રકમ તમારા ખાતામાં જ જમા પડી રહેશે. તેવી જ રીતે તમે ભલેને ગમે તેટલી સમૃદ્ધ - ધનધાન્યરત્ન મણિ.માણેક વિગેરે સહિતની સેવા કરો પણ તેનો સ્વીકાર જયાં સુધી ભગવાન દ્વારા કરવામાં ન આવે ત્યાં સુધી તે સેવા થઇ કેમ કહેવાશે ? તમે પત્ર-પુષ્પ-જલ-નૈવેદ્ય વિગેરે પ્રભુને સમર્પો - પ્રભુ આગળ ધરો પરન્તુ તે પદાર્થો ભગવાન આરોગે ત્યારે જ એ ભુક્ત પદાર્થને પ્રસાદ યા પ્રસાદી વસ્તુ નામે જાણવામાં આવે છે. તેથી જ તો શ્રીઉદ્ધવજી પણ શ્રીભાગવત એકાદશ સ્કન્ધમાં જણાવે

છે કે :-**“त्वयोपभुक्तसग्‌गन्धवासोऽलङ्कारचर्चितः । उच्छिष्टभोजिनो दासास्तवमायां जयेमहि”** (ભાગ. ૧૧-૬-૪૬) અહીં શ્રીઉદ્ધવજી ભકતોના માયાજયમાં પ્રસાદી વસ્તુઓને માટે **ઉપભુક્ત** અને **ઉચ્છિષ્ટ** એમ બે પદ યોજે છે. આ બન્ને પદો નિવેદિત પદાર્થોનો ભગવાન દ્વારા સ્વીકાર થાય ત્યારે જ સાર્થ થાય છે. અત: સેવા કે સમપર્ણ નો ભગવાન દ્વારા સ્વીકાર થવો એ ભક્તિમાર્ગમાં અનિવાર્ય આવશ્યક છે. ઉપરાંત શ્રીમહાપ્રભુ શિક્ષાશ્લોકીમાં જણાવે છે કે **“न लौकिकः प्रभुः कृष्णः मनुते नैव लौकिकम्”** અર્થાત્ - પ્રભુ શ્રીકૃષ્ણ સર્વથા લૌકિક ભાવે - પ્રકારે કરેલું તેઓ માનતા યા સ્વીકારતા નથી. તેમજ જેણે સેવા-સમર્પણ કરવાના છે તે ભગવદંશજીવ સેવાના આરંભ કાળમાં - તે સમયે અવિદ્યાપ્રતિબદ્ધ દેહ-પ્રાણ વિગેરે પ્રાકૃતિક - લૌકિક સંઘાતોમાં બંધાયેલો -ફસાયેલો અને વળી પાછો તે લૌકિકતાના અન્યથાજ્ઞાનમાં ડૂબેલો છે. તેમાં અનેક જન્મોના મોટા-મોટા દોષો તેની સાથે રહેલા છે કે જે દોષોમાંથી બહાર નીકળવું તેના માટે સહજમાં સંભવ નથી. વળી શાસ્ત્રો કહે છે કે--

बहुजन्मविपाकेन तपोध्यानसमाधिभिः ।
नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ॥

હજારો જન્મોમાં તપ-ધ્યાન -સમાધિ વિગેરેના સતત આવર્તનથી જયારે મનુષ્યના પાપો ક્ષીણ થાય છે ત્યારે તે નિષ્પાપ - શુદ્ધ અન્ત:કરણવાળા મનુષ્યમાં કૃષ્ણ માટેની ભક્તિનો ઉદય થાય છે. તેથી સદોષ સ્થિતિમાં જયાં ભક્તિનો જ ઉદય નથી ત્યાં કરાયેલી સેવા અલૌકિક - ભક્તિના -પ્રેમના ભાવોથી તો કયાંથી થઇ શકવાની છે ? અને જો સેવામાં અલૌકિક ભાવો નથી અને લૌકિકતાએ સેવા કરયેલી છે તો તેનો સ્વીકાર શ્રીમહાપ્રભુના વાકય મુજબ શ્રીકૃષ્ણપ્રભુ કયારેય કરવાના નથી અને જો તેનો સ્વીકાર જ પ્રભુ વડે ન થાય તો ભકિત નો જ જયાં અભાવ છે ત્યાં ભક્તિવૃદ્ધિની તો કલ્પના જ કરવી નકામી છે. આવી સ્થિતિમાં આ સમ્પ્રદાયનો જે મુખ્યસિદ્ધાન્ત કૃષ્ણ

સેવા છે તે સિદ્ધાન્તનો નિર્વાહ કઇ રીતે શક્ય થઇ શકે ? અને જો સિદ્ધાન્તનો નિર્વાહ શક્ય ન હોય તો પછી તેવા અશક્ય સિદ્ધાન્તનો ઉપદેશ યા તેવા સિદ્ધાન્ત પર આધારિત સમ્પ્રદાયનું પ્રચલન સર્વ કંઇ નિરર્થક બની રહેશે ?

ઉત્તર :- સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં શ્રીમહાપ્રભુએ સ્વસિદ્ધાન્તનો વિનિશ્ચય જણાવ્યો છે અને તે છે **કૃષ્ણસેવા સદા કરવી** અને તે સિદ્ધાન્તનો નિર્વાહ કઇ રીતે શક્ય બને છે તે બાબત રહસ્ય છે અને તે રહસ્યનું ઉદ્‌ઘાટન શ્રીમહાપ્રભુ સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ દ્વારા કરે છે. આ ગ્રન્થમાં જે રહસ્ય ઉદ્ ઘાટિત થયું છે તે મને એમ લાગે છે કે આમાં દૈવીજીવો માટે ની ભગવાનની પરમ ઉદ્દિધીર્ષા એટલે કે દૈવીજીવોના ઉદ્ધાર અર્થેની ભગવાનની અતિશય ઇચ્છા જ આમાં મુખ્ય રહસ્ય છે. કોઇક અપરાધવશ યા ભગવદિચ્છાવશ લીલાલોકમાં સ્થિતિવાળા જીવો જે ભગવાનથી અળગા થઇને લીલાલોકમાંથી આ ભૂતળ પર જન્મેલા છે યા જન્મનારા છે એ ત્રિવિધ અધિકારવાળા (૧-અલૌકિકસામર્થ્ય,૨-સાયુજય, ૩-લીલોપયોગી-દેહ) જીવો અનેક જન્મોના અન્તરાય વિનાજ પુનઃ પોતપોતાના અધિકાર અનુસાર લીલાસ્થિતિને પ્રાપ્ત કરનારા બને તેવી અતિશય અનુગ્રહ પૂર્ણ ભગવદિચ્છા જ અહીં સિદ્ધાન્ત નિર્વાહમાં કિં વા સેવા નિર્વાહમાં મુખ્યબળ છે. શ્રીમહાપ્રભુના પ્રાકટ્યમાં હેતુરૂપ ભગવદાજ્ઞા થી લઇને આત્મનિવેદનમંત્રના દાન સુધીની સમ્પૂર્ણ હકીકતો દૈવીજીવોના ઉદ્ધાર અર્થેની અતિશય ભગવદિચ્છાને સ્પષ્ટ જણાવે છે. "**मुक्तिं ददाति कर्हिचित्स्म न भक्तियोगम्**" ભગવાન મુક્તિ તો જલદીથી આપી દે છે પણ તે મુજબ ભક્તિ જલદીથી આપતા નથી " ભાગવતનું આ વાક્ય એ વાતને સ્પષ્ટ કરે છે કે સાધારણ અનુગ્રહે ભગવાન જીવને મુક્તિ આપે છે પણ જયારે જે જીવ પર ભગવાન વિશેષ અતિશય અનુગ્રહવાળા થાય છે ત્યારે જ તે જીવને ભગવાન ભક્તિનું દાન કરે છે. સાક્ષાત્ ભગવાનના આનન્દમય સ્વરૂપનો પ્રાદુર્ભાવ જ ભક્તિદાનના મુખ્યહેતુથી થાય છે અન્યથા ભૂભાર હરણ, ધર્મસ્થાપન,

અધર્મનોનાશ, મુક્તિનું દાન વિગેરે કાર્યો માટે તો ભગવાનના વ્યૂહ સ્વરૂપો જ પર્યાપ્ત છે તેનાથી જ જયારે ઉપર્યુક્ત હેતુઓ સરી શકે છે તેથી તેના માટે આનન્દમયસ્વરૂપે ભગવાને પ્રાદુર્ભૂત થવાની અપેક્ષા નથી રહેતી. ઉપરાંત પરમાનંદ પ્રભુનો સ્વભાવ જ ક્રીડા કરવાનો હોવાથી ભગવાન ક્રીડાથી અતિરિક્તના કાર્યો પોતાના વ્યૂહ સ્વરૂપે જ કરે છે. અતઃ કૃષ્ણાવતારના વિષયમાં પણ વિશિષ્ટ કલ્પોમાં ભગવાનનો પૂર્ણાવતાર એમાં પણ મુખ્યપ્રયોજન નિઃસાધનજીવોને ભક્તિનું દાન જ છે કે જે વાતને શ્રીભાગવતના દ્વિતીય સ્કન્ધમાં જણાવી છે :--

अह्न्यापृतं निशि शयानमति श्रमेण
लोके विकुण्ठमुपनेष्यति गोकुलं स्वम् ॥
(ભાગવત, ૨-૭-૩૧)

અહીં ભાગવતના વાક્યમાં "**अह्नि आपृतम्**" અને "**निशि शयानम्**" આ બે પદથી ગોકુલસ્થિત જીવોની સાધનહીનતા દર્શાવી છે. "**अह्नि आपृतम्**" એટલે સવારથી લઇને રાત્રિ થતાં સુધીનો સમ્પૂર્ણ દિવસ તેઓ કઇ રીતે પસાર કરતા હતા, તો કહે છે આખો દિવસ તેઓ સંસારની કડાકૂટના કાર્યોમાં જ વ્યસ્ત રહેતા હતા તેથી દિવસે તેઓ કોઇ યજ્ઞ,દાન, તપ, હોમ, જપ, સ્વાધ્યાય, યમ, નિયમ કંઇ કરતા હશે તો તેને પણ નકાર્યું કે તેઓ ગોકુલવાસીઓ આખો દિવસ સાંસારિક કામોમાં જ એટલા રચ્યા પચ્યા રહેતા કે તેમને આ બધા સાધનો આચરવાનો કોઇ અવકાશ જ રહેતો ન હતો. તો પછી એમ વિચારવામાં આવે કે ભલે તેઓ દિવસે સંસારમાં રચ્યા પચ્યા રહેવાથી કંઇ કરી શકતા નહિં હશે પણ સાંઝે સૂર્યાસ્ત પછી તો સાંસારિક કાર્યોથી મુક્ત થઇ પોતાના ગામે-ઘરે પાછા ફરી સત્સંગ, કથા, કીર્તન, ભજન, સ્મરણ, ભક્તિ વિગેરે કરતા હશે. તો એની પણ સંભાવનાને નકારતાં શ્રીભાગવત તેમની રાત્રિના સમયની સ્થિતિને જણાવે છે કે "**निशि शयानम्**" એટલે કે દિવસભરના અતિશ્રમથી

તેમના શરીર - મન વિગેરે એવા તો થાકીને લોટપોટ થઇ જતા હતા કે ઘરે આવી જમીને થોડી જ ક્ષણોમાં કોઇ પણ આયાસ વિના તેઓ નિદ્રાને આધીન થઇ જતા હતા અતઃ તેઓ રાત્રિએ કંઇ ભક્તિ-સેવાના કાર્યો કરતા હશે તેની પણ સંભાવના ન કારી કાઢી.

વ્રજવાસીઓની સર્વસાધનહીનતા બાબત પ્રમાણમાં સ્વયં પ્રભુશ્રીકૃષ્ણ જ છે. શ્રીભાગવત એકાદશસ્કંધમાં ઉદ્ધવજીને ભક્તિના પાઠ ભણાવતાં જણાવે છે કે --

ते नाधीतश्रुतिगणा नोपासितमहत्तमाः ।
अव्रतातप्ततपसः सत्सङ्गान्मामुपागताः ॥
केवलेन हि भावेन गोप्यो गावः खगा मृगाः ।
येऽन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरञ्जसा ॥
यं न योगेन सांख्येन दानव्रततपोऽध्वरैः ।
व्याख्यास्वाध्यायसंन्यासैः प्राप्नुयाद् यत्नवानपि ॥
(ભાગવત,૧૧-૧૨-૭થી૯)

વૃષપર્વા, બલિરાજા, બાણાસુર, મયદાનવ, વિભીષણ, સુગ્રીવ, હનુમાન, જામ્બવાન, ગજ, ગૃઘ્ર, વ્યાઘ(વાલ્મીકિ), કુબ્જા, વ્રજની ગોપીઓ તથા દશમ તામસસાધનપ્રકરણમાં જણાવાયેલ ઋષિપત્નીઓ આ બધા જ વેદાદિ શાસ્ત્રો ભણ્યા ન હતા કે પછી આ બધા કોઇ મોટી ઉપાસના પણ કરી ન હતી તેમજ તેમણે કોઇ વિશેષ વ્રત - તપ વિગેરે પણ કર્યા ન હતા, તેમ છતાં પણ મારી અતિશય કૃપાથી તેમને પ્રાપ્ત થયેલા સત્સંગ થકી જ તેઓ મને પામી શક્યા છે. કેવલ માત્ર હૃદયના વિશુદ્ધ ભાવ વડે જ ગોપીઓ, ગાયો, પક્ષીઓ, પશુઓ વિગેરે અતિશીઘ્રતાથી મને પ્રાપ્ત કરનારા બન્યા છે. મારા જે પરમાનંદ સ્વરૂપની ઉપલબ્ધી યોગ, સાંખ્ય, દાન, વ્રત, યજ્ઞ, સ્વાધ્યાય, સંયમ વિગેરેથી પ્રયત્નશીલ પુરષોને માટે પણ શક્ય નથી તે મારા પરમાનંદસ્વરૂપને ઉપર્યુક્ત ગોપીઓ વિગેરે ભક્તો સહજમાં જ માત્ર હૃદયના શુદ્ધ ભાવ વડે જ પ્રાપ્ત કરી શક્યા છે. અહીં ભગવાને

ગોકુલવાસીઓની સર્વસાધનહીનતા જણાવી છે કે તેઓએ વેદાધ્યયન,કોઇ ઉપાસના કે તેવા આત્મશ્રેયને સાધનારા કોઇ સાધનો આચર્યા ન હતા છતાં પણ યોગ, સાંખ્ય, દાન, વ્રત,યજ્ઞ વિગેરે સાધનોથી સતત પ્રયત્નશીલ રહેનારાઓને પણ જે શક્ય નથી તે પરમાનંદસ્વરૂપની પ્રાપ્તિ અને પરમાનંદનો અનુભવ તેઓ કરી શક્યા, આમાં માત્ર કારણ ભગવદનુગ્રહજ છે કે જેને શ્રુતિમાં :--

“नायमात्मा प्रवचनेन लभ्यो, न मेधया, न बहुना श्रुतेन,
यमेवैष वृणुते तेन लभ्यः”
(કઠોપનિષદ્ ૧-૨-૨૩)

આ પરમાત્મા વેદપ્રવચન, મેધા, બહુશ્રુતપણું વિગેરે સાધનો થી લભ્ય નથી થતા પરન્તુ જેનું પરમાત્મા વરણ કરે છે તેના વડે જ પરમાત્મા લભ્ય થાય છે” એમ કહી પરમાત્માની ઉપલબ્ધી માત્ર પરમાત્મ અનુગ્રહ સાધ્ય જ છે એમ જણાવ્યું છે. અતઃ આ વ્રજવાસીઓને પણ જે અસાધનતાએ કૃષ્ણોપલબ્ધી અને કૃષ્ણાનન્દાનુભવ થયો છે તેમજ તેઓ કૃષ્ણલીલામાં નિમગ્ન થઇ શક્યા છે તેમાં અતિશય - અસાધારણ અનુગ્રહરૂપ ભગવાનની આ જીવોના ઉદ્ધરણની ઇચ્છા જ મૂલ અને એકમેવ કારણ છે. ગીતાના ૧૧માં અધ્યાયમાં પોતાના આનન્દાકારરૂપના દર્શનની દુલર્ભતા જણાવતાં ભગવાન અર્જુનને કહે છે -

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ॥
(ગીતા. ૧૧-૫૨)

પોતાનું આ આનન્દકાર ચતુર્ભુજ રૂપ વેદ, સાંખ્ય, યોગ,તપ, દાન, યજ્ઞ વિગેરે સર્વ સાધનોથી અલભ્ય છે કે જેનાં દર્શનની નિત્ય આકાંક્ષા બ્રહ્માદિ દેવો પણ કરે છે છતાં કયારેક જ વિશેષ ભગવદિચ્છા એ જવલ્લે જ દર્શન થાય છે એ રૂપને અર્જુન

પ્રત્યક્ષ નજરોભરી નિહાળવાનો સૌભાગ્યશાલી બન્યો છે તેમાં પણ અર્જુન પ્રત્યેની ભગવાનની પ્રીતિ-અનુગ્રહ જ કારણ છે. જ્યાં ભગવાનના આનન્દાકાર રૂપના દર્શન જ દેવોને પણ દુર્લભ છે ત્યાં આનન્દાકાર રૂપવાળા એટલે કે **“आनन्दमात्रकरपादमुखोदरादि”** જેમના હાથ,ચરણ,મુખ, ઉદર વિગેરે લૌકિક લોહી-માંસ-હાડકા વિગેરેના નહિં પણ આનન્દ રસપૂર્ણ જ જેમનું સમ્પૂર્ણ શ્રીવિગ્રહ છે એવા શ્રીપ્રભુ સાથે વર્ષો પર્યન્ત રાત-દિવસ સાથે રહી જોવું-સ્પર્શવું વિગેરે તેમજ તેવા આનન્દપૂર્ણ શ્રીપ્રભુની રસમયી વિવિધ ક્રીડાઓમાં સહભાગી બનવું એ કંઇ જીવસામર્થ્યથી શકય નથી પણ માત્ર ભગવદ્નુગ્રહ જ કારણ હોઇ શકે છે. ભગવાને ગોકુળમાં જન્મ લઇને એ વ્રજવાસીઓ સમક્ષ પોતાનું એ ચિત્તચોર-મનમોહક વિશ્વસુન્દરરૂપ પ્રકટ કર્યું અને પોતાની એવી દિવ્ય રસાત્મિકા લીલાઓ પ્રકટ કરી કે જેનાંથી એ વ્રજવાસીઓનું ચિત્ત આપોઆપ લૌકિકમાંથી નિવૃત્ત થઇને એકમેવ ભગવાનમાં જ દઢતાથી ચોંટતુ ચાલ્યું ગયું. આ રીતે વ્રજવાસીઓના ચિત્તનો ભગવાનમાં નિરોધ એ જીવપ્રયત્ને નહિં પણ ભગવત્પ્રયત્ને જ થયો છે અને એ નિરોધ અવસ્થામાં જ તેઓ અલૌકિક ભાવે-દઢસ્નેહભાવે ભગવદ્ ભજન-સેવન કરવા સમર્થ બન્યા છે. આમાં પણ પોતાના નિજજીવોને પરમફલનું દાન કરી ઉદ્ધરણ કરવાની ભગવદિચ્છા જ મૂલહેતુભૂતા છે.

જેમ કૃષ્ણાવતાર કાળમાં પોતાના સ્વરૂપબળે ભગવાને દૈવીજીવોનું - નિજજીવોનુ ઉદ્ધરણ સ્વ-ઇચ્છાએ અતિશયકૃપાએ કર્યું, તેવી જ રીતે અનવતારકાળમાં પણ તેવા જીવો પરમફળને પરમાભક્તિને પામનારા બનો તેવા અતિશય ઉદાર અનુગ્રહ વશ જ ભગવાનની જ ઇચ્છાથી હૃદયસ્થિતા ભક્તિની વૃદ્ધિ કરનાર શ્રીભાગવતનું પ્રાકટય થયું છે. તેથી જ શ્રીભાગવતના દ્વાદશસ્કન્ધમાં કહેવાયું છે કે --

यस्तूत्तमश्लोकगुणानुवादः संगीयतेऽभीक्ष्णममङ्गलघ्नः ।
तमेव नित्यं श्रुणुयादभीक्ष्णं कृष्णेऽमलां भक्तिमभीप्समानः ॥
(ભાગવત. ૧૨-૩-૧૫)

અર્થાત્ - જે લોકો કૃષ્ણમાં સર્વદોષવિવર્જિતા અમલા -રજોગુણ-તમોગુણ-સત્ત્વગુણ રહિતા નિર્મલા ભક્તિને પામવાની ઇચ્છાવાળા છે તે લોકો જેમાં સર્વ અમંગલનો નાશ કરનાર ભગવાન ઉત્તમ શ્લોક શ્રીકૃષ્ણચન્દ્રપ્રભુનો ગુણાનુવાદ સારી રીતે ગવાય છે તેવા આ શ્રીમદ્ભાગવતનું નિત્ય શ્રવણ કરો (આના શ્રવણથી કૃષ્ણમાં નિર્ગુણાભક્તિ થશે), શ્રીમહાપ્રભુ પણ નિબન્ધમાં શ્રીકૃષ્ણમાં પ્રેમોત્પત્તિ માટે કૃષ્ણાશ્રયની સિદ્ધિ અર્થે શ્રીમદ્ભાગવતનું સેવન વૈષ્ણવોને સૂચવે છે --

अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात् ।
पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ॥
(સર્વનિર્ણયનિબન્ધ -૨૫૩)

કૃષ્ણભક્તિ પ્રાપ્તિ થી ઇતર અન્ય સર્વ લૌકિક હેતુઓને છોડીને અતિશય આદર-શ્રદ્ધાપૂર્વક શ્રીભાગવતશાસ્ત્રનું સર્વદા પઠન-સેવન કરવું, આથી વધુમાં પણ શ્રીવલ્લભાચાર્યચરણ નિબંધમાં જણાવે છે કે -

सर्वमुक्तिनिवृत्त्यर्थं वेदत्वं तस्य नोक्तवान् ।
(સર્વનિર્ણયનિબંધ - ૬૬)

અર્થાત્ - યદ્યપિ શ્રીભાગવત એ વેદરૂપ વૃક્ષનું જ પરિપક્વ મધુરતમ ફળ છે અને તે વેદતુલ્ય જ છે એમાં વેદ કરતાં જરા પણ ઓછી ઉણપ નથી, છતાં પણ ભાગવતને વેદ ન કહી પુરાણ કહેવામાં આવે છે તેનું કારણ એ છે કે દૈવીજીવો માત્ર બ્રાહ્મણ વર્ણમાં યા ત્રિવર્ણમાં જ જન્મે એવો સિદ્ધાન્ત નથી પરન્તુ **“वेदनिन्दायां क्वचिद् हीनेषु जायते”**

એ શ્રીમહાપ્રભુના વાક્ય અનુસાર કોઇક અપરાધવશ ક્યારેક તે દૈવીજીવોનો હીનવર્ણમાં પણ રસખાન-અલીખાન વિગેરેની માફક જન્મ થાય છે, છતાં પણ ભગવત્કૃપાએ તેમનામાં વૈષ્ણવસંસ્કારો જળવાઇ રહી યોગ્ય સમયે તેનો ઉદય થાય છે અને તેઓ પાછા કૃષ્ણભક્તિમાં વળી જાય છે, અને દૈવીજીવોના ઉદ્ધરણની ભગવાનની ઇચ્છા હોવાથી શ્રીભાગવત ભક્તિવૃદ્ધિ માટે જ ભગવદિચ્છા એ પ્રકટ થયું હોવાથી સર્વવર્ણમાં કે વર્ણેતર યોનિમાં જન્મેલા દૈવીજીવોમાં ભક્તિનું પ્રવર્તન થઇ તે જીવો સંસારથી મુક્ત બને તે માટે તેમની મુક્તિનું આ એકમેવ સાધન શ્રીભાગવત હોવાથી માત્ર ત્રિવર્ણના જ નહિં પણ સર્વવર્ણના દૈવીજીવો કૃષ્ણભક્તિને પામી સંસારની મુક્તિ મેળવે તેટલા માટે ભાગવત વેદતુલ્ય હોઇને પણ વેદમાત્ર ત્રિવર્ણનો જ ઉદ્ધારક હોઇ ભાગવતને વેદ ન કહી પુરાણ કહેવાય છે.

દૈવીજીવોમાં કૃષ્ણભક્તિનું પ્રવર્તન કરવા અને તે વડે તેમનું સંસારથી ઉદ્ધરણ કરવાના ઉદાર અનુગ્રહથી શ્રીપ્રભુની ઇચ્છા એ શ્રીભાગવત પ્રકટ થયું પરંતુ શ્રીભાગવત એ અતિશય નિગૂઢ અર્થવાળું અને તેમાં રાજાઓના તથા ઋષિઓના તથા દેવોના ચરિત્રો તેમજ ભગવાનના અંશ-કલા વિગેરેથી થયેલા અવતારોના ચરિત્રો વિગેરે નિરૂપાયેલા છે તેમજ તેમાં સૃષ્ટિ સર્જન, ખગોળ-ભૂગોળ વિદ્યા, મન્વન્તરોની કથા, યુગ પરિમાણ - પ્રવર્તન વિગેરેની વાતો પણ કૃષ્ણકથા ઉપરાન્ત કરવામાં આવી છે તેમજ વિવિધ ચરિત્રોના અન્તે ફળકથનમાં પણ આનાથી સંકલ્પસિદ્ધિ થાય, આના થી શત્રુનાશ થાય, આના પાઠથી પુત્રપ્રાપ્તિ થાય, આના પાઠથી લક્ષ્મીપ્રાપ્તિ થાય વિગેરે. લૌકિક ફળ ભાગવતપાઠથી થાય છે તેમ કહેવાયું છે. તેથી કરીને આ બધાના પઠન-શ્રવણ-સેવનથી કૃષ્ણભક્તિ કઇ રીતે સિદ્ધ થઇ શકે તે સ્પષ્ટ સમજી શકાય તેમ નથી બલ્કે ફલ કથનથી તો એવી ગેરસમજ પણ ઉભી થાય છે કે આ બધી ચરિત્ર કથાઓ એ તો આપણા લૌકિક નિર્વાહ અર્થે કહેવાયેલી છે તેથી જેને જે - જેવી લૌકિકની કામના હોય તેમણે તે અનુસાર ભાગવતના તે અંશનું પઠન-સેવન કરવું જોઇએ. ઉપરાંત ભાગવતમાં વરાહ, નૃસિંહ, વામન,

પરશુરામ, રામ વિગેરે જેમ ભગવાનના અવતારો છે કે જે ભગવાનની અંશ-કલા વિગેરેથી થયેલા છે, તેવી જ રીતે કૃષ્ણને પણ ભાગવતમાં ચોવીસ અવતારો પૈકી જ ગણવામાં આવ્યા છે, તો પછી અવતારી પરમાત્મા પરબ્રહ્મથી અવતાર કૃષ્ણ જુદા છે તેમ સામે પ્રતીત થાય છે અને જો તેમ છે તો પછી તે કૃષ્ણભક્તિની અપેક્ષાએ અવતારી ભગવાનની જ ઉપાસના કેમ ન કરવી કે જેનો આદેશ વેદમાં અપાયેલો છે ? શ્રીભાગવતના તાત્પર્યને નહિં સમજી શકવાથી જ આવી અનર્થકારી સંદિગ્ધતાઓ-પ્રશ્નો મનમાં સ્થાન બનાવતા હોય છે અને એના કારણે જ જે ભક્તિવૃદ્ધિનું કૃષ્ણભક્તિ પ્રાપ્તિનું ઉત્તમોત્તમ અને એકમેવ સાધન છે તેનાંથી જ લોકો અજાણતાએ અલૌકિક નહિં સાધી પોતાનું લૌકિક સાધવાનો પ્રયત્ન કરતા હોય છે. આવી બધી પરિસ્થિતિમાં ભગવાને અતિશય અનુગ્રહપૂર્વક કલિકાલમાં રહેલા દૈવીજીવોના ઉદ્ધરણના જે હેતુથી શ્રીભાગવતને પ્રકટ કર્યું છે તે હેતુ શ્રીભાગવતના નિગૂઢ અર્થ - તાત્પર્યને પ્રકટ થયા વિના શક્ય ન હોવાથી શ્રીભાગવતના તાત્પર્યને પ્રકટ કરી શ્રીભાગવતમાં નિરૂપાયેલ શ્રીગોપીજનોની પ્રેમલક્ષણાભક્તિનો માર્ગ પ્રશસ્ત કરવા - તે પ્રેમલક્ષણા ભક્તિમાં દૈવીજીવોને વાળવા માટે શ્રીભગવાને શ્રીવલ્લભને ભૂતલ પર પ્રગટ થવા આજ્ઞા આપી કે જેને શ્રીમહાપ્રભુ સ્વયં શ્રીસુબોધિનીના આરંભે જણાવે છે -

अर्थं तस्य विवेचितुं नहि विभुर्वैश्वानराद्वाक्पते -
रन्यस्तत्र विधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपतेः ।
दत्त्वाज्ञां च कृपावलोकनपटुर्यस्मादतोऽहं मुदा
गूढार्थं प्रकटी करोमि बहुधा व्यासस्य विष्णोः प्रियम् ॥
(સુબોધિની - પ્રથમસ્કન્ધ - કારિકા)

અહીં શ્રીઆચાર્યચરણ એકદમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે શ્રીભાગવતનો ગૂઢાર્થ પ્રકટ કરવા ભૂતલ પર પ્રગટવાની શ્રીપ્રભુએ મને આજ્ઞા આપી તેથી ભગવદાજ્ઞા અનુસાર સુબોધિની

લેખન દ્વારા શ્રીભાગવતના ગૂઢાર્થને હું પ્રકટ કરી રહ્યો છું (આ રીતે શ્રીમહાપ્રભુને ભૂતલ પર પ્રગટ થવાની આજ્ઞા આપવા પાછળ પણ ભૂતલ પર પ્રવાહમાં વહી રહેલા નિજજીવોનું કૃષ્ણભક્તિમાં અભિનિવેશ દ્વારા ઉદ્ધરણ કરવાની ભગવદિચ્છા મુખ્ય કારણ છે જેને શ્રીપ્રભુચરણ પણ સમર્થન કરે છે કે :- **"नाविर्भूयाद् भवांश्चेदधिधरणितलम्......सृष्टिर्व्यर्था च भूयान्निजफलरहिता देववैश्वानरैषा"** (શ્રીવલ્લભાષ્ટક). દૈવીજીવોને કૃષ્ણભક્તિની પ્રાપ્તિરૂપ નિજફળથી લાભાન્વિત કરવું એ શ્રીમહાપ્રભુના પ્રાકટયનું મુખ્ય પ્રયોજન છે. આ પ્રમાણે કૃષ્ણાવતારથી લઇને શ્રીભાગવતપ્રાકટય અને તેનાં પણ ગૂઢાર્થ પ્રકટ કરવા શ્રીમહાપ્રભુનું પ્રાકટય આ સળંગ વાતમાં પોતાના નિજજીવોને પુનઃપોતાના નિજ લીલાલોકમાં અધિકારાનુસાર સ્થિતિ કરાવવી એવો અનુગ્રહ જ જોવા મળે છે. આવા અનુગ્રહવાળી ભગવદિચ્છા જ પુષ્ટિમાર્ગમાં મુખ્ય રહસ્ય છે.

શ્રીગુસાંઇજી પ્રભુચરણના જણાવ્યા અનુસાર **"बलिष्ठा अपि मद्दोषाः त्वत्कृपाग्रेऽतिदुर्बलाः"** આ વાક્ય મુજબ જીવના દોષો ભલે ગમે તેટલા બળવાન અને હિમાલય કરતાં વધુ મોટા હોય પરંતુ શ્રીપ્રભુના અનુગ્રહબળ આગળ તો તેની કોઇ વિસાત જ નથી. કારણ કે દોષોની બાધકતા પણ કંઇ ભગવાનના સામર્થ્યથી વધુ નથી જ, ભગવાન સર્વ સમર્થ હોવાથી દોષોને કઇ રીતે દૂર કરવા તેમાં ભગવાનને કોઇના પણ કોઇ પ્રકારના સલાહ સૂચનની અપેક્ષા નથી. રાસપંચાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં અન્તર્ગૃહગતા ગોપીજનોના ક્ષણના વિયોગે કરોડો બ્રાહ્મ કલ્પમાં અનુભવાય તેટલા ભેગા થયેલા દુ:ખરૂપ પાપોનો અને ક્ષણના આશ્લેષે કરોડો બ્રાહ્મકલ્પમાં અનુભવાય તેટલા પુણ્યફલ સુખનો ભોગ ભગવાને બેક્ષણમાં જ પૂરો કરાવી તેમને સાયુજ્ય પ્રદાન કર્યું એટલું જ નહિં પણ રાસક્રીડામાં પોતાનામાંથી તેમને બહાર પ્રકટ કરી તેમને રાસસુખનો અવર્ણનીય-દુર્લભ રસાનુભવ પણ કરાવ્યો. આ પ્રસંગ ભગવાનનું સર્વસમર્થપણું અને અનુગ્રહની સર્વાધિક બલવત્તાને પ્રકાશે છે.

બ્રહ્મસંબન્ધ-ગદ્યમંત્ર પ્રાકટ્યના ઇતિહાસને વાર્તા સાહિત્ય વિગેરેથી તપાસવામાં આવે તો તેમાં પણ શ્રીમહાપ્રભુની ચિન્તાનો વિષય એ દૈવીજીવોનો કૃષ્ણભક્તિ દ્વારા ઉદ્ધાર જ છે. ભગવાનની ઇચ્છા અને આજ્ઞા એ "ભૂતલ પર જઇને પ્રવાહમાં ઘસડાઇ રહેલા દૈવીજીવોને કૃષ્ણભક્તિમાં વાળી તેમનો ઉદ્ધાર કરો" છે. અને જે જીવોમાં કૃષ્ણભક્તિ-પ્રેમલક્ષણાભક્તિ પ્રવર્તાવવાની છે તે જીવો અનેક પ્રકારના અતિશય દોષોથી છલોછલ ઉભરાતા છે અને પ્રભુશ્રીકૃષ્ણ સર્વદોષ વિવર્જિત સર્વથા નિર્દોષ છે. વેદની શ્રુતિઓ પણ સ્વીકારે છે કે **"काममयोऽयं पुरुषः"** જીવડો કામમય છે. જીવ સ્વરૂપથી ભગવદંશ - ભગવદ્રૂપ હોવા છતાં પણ શ્રીમહાપ્રભુના શબ્દોમાં **"जीवाः स्वभावतो दुष्टाः"** જીવ સ્વભાવે દુષ્ટ છે. વાસના, સ્વાર્થ, ઇન્દ્રિયો વડે વિવિધ ભોગોની ઇચ્છાઓ, ક્રોધ, વૈર, ઇર્ષ્યા, અભિમાન વિગેરે નારકી દોષોથી જેના દેહ-પ્રાણ-ઇન્દ્રિયો વિગેરે ખદબદી રહેલા છે તેવા દેહ-પ્રાણ-ઇન્દ્રિય-અન્તઃકરણવાળા દેહધારી જીવમાં કૃષ્ણ પ્રત્યેનો વિશુદ્ધ નિર્ગુણ અલૌકિક પ્રેમનો સંચાર કઇ રીતે શક્ય બને ? ભગવાન ગીતામાં પોતાનો સ્વભાવ જણાવે છે કે :-

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥
(ગીતા. ૯-૨૬)

ભગવાનને પત્ર,પુષ્પ વિગેરે જે પણ નિવેદન કરવામાં આવે છેતેનો ભગવાન સ્વીકાર-અંગીકાર કરે છે પણ તેમાં ચાર શરતો જણાવે છે (૧) આપનાર ભક્તિ વડે - પ્રેમ વડે સમર્પે. (૨) તે પણ અપાયેલું ભક્તિના નીતિ-નિયમો જાળવીને લવાયેલું હોય,(૩) તે પણ વળી જેણે પોતાના ઇન્દ્રિય - પ્રાણ - અન્તઃકરણને પોતાના વશમાં રાખેલા છે તેવા વ્યક્તિ દ્વારા સમર્પાયેલું હોય (૪) તે પણ મને જ અને મારા જ ઉદ્દેશથી સમર્પાયેલું હોય. ઉપર્યુક્ત કામમય માનવીથી આ ચારે શરતો કઇ રીતે પૂર્ણ કરવી શક્ય બને અને જો તેમ ન થાય

તો ભલેને કોઇ નિવેદન કરે તો પણ પ્રભુ તો તેને નથી જ સ્વીકારતા અને જો પ્રભુ દ્વારા જીવ વડે થયેલી સેવા ન સ્વીકારાય તો તે સેવા આધિદૈવિકી કેવી રીતે બને અને સેવા જો આધિદૈવિકી ન બને તો આ દૈવીજીવોને નિજફલની-લીલાલોકની પ્રાપ્તિ કેવી રીતે થઇ શકે ? અને જો જીવોને નિજફલની ઉપલબ્ધી ન થાય તો તેઓ પ્રવાહમાં તણાતા જ રહેશે અને જોં તેમનો પ્રવાહથી ઉદ્ધાર ન થાય તો પોતાનું ભૂતલ પર પ્રાગટયનું પ્રયોજન સફલ થતું નથી અને ભગવાનની આજ્ઞાનું પાલન થઇ શકતું નથી. આવી બધી ચિન્તાઓ શ્રીમહાપ્રભુના હૃદયમાં વમળાતી હતી.

યદ્યપિ શ્રીમહાપ્રભુ આ બધા પ્રશ્નોને હલ કરવા પૂર્ણરૂપેણ સમર્થ હતા તેમ છતાં પણ આનો માર્ગ પણ સ્વવિચારિત સાધનોએ નહિં પરંતુ ભગવદનુગ્રહે ભગવદ્વિચારિત સાધને-માર્ગે જ સિદ્ધ થાય એજ ભવિષ્યમાં જન્મનારા દૈવીજીવોના હિતમાં રહેશે અને ભગવાન જીવોના ઉદ્ધારની ઇચ્છાવાળા છે તેથી શ્રીપ્રભુ જ આનો અવશ્ય સ્વવિચારિત માર્ગ બતાવશે જ એમ શ્રીઆચાર્યચરણને શ્રદ્ધા હતી તેથી તેઓશ્રી આધુનિક જીવો પરના વિશેષ અનુગ્રહની પ્રતીક્ષા કરતા રહ્યા. શ્રીમહાપ્રભુનું ભૂતલ પર પ્રાગટય, આ સમ્પ્રદાયનું સ્થાપન અને પ્રવર્તન અને શ્રીમહાપ્રભુનું સમ્પૂર્ણ જીવન અને જીવનના સર્વકાર્યો આ બાબતમાં સ્વવિચારિતનો એજ અર્થ થાય છે કે ભગવદ્વિચારિત. જેમ કોઇક વૈજ્ઞાનિક પોતાની કુશાગ્રબુદ્ધિ અને અથાગશ્રમે કોઇ નવું વૈજ્ઞાનિક સંશોધન પ્રસ્તુત કરે ત્યારે તેને આપણે અમુક વૈજ્ઞાનિકે આ નવો આવિષ્કાર કર્યો એમ બોલતા હોઇએ છીએ પણ ખરેખર જોવામાં આવે તો તે વૈજ્ઞાનિકે પોતાની ઇચ્છા કે વિચાર મુજબ કોઇ જ નવો નિયમ પ્રસ્થાપિત કર્યો હોતો નથી પરન્તુ વિશ્વમાં પ્રકૃતિના જે પણ નિયમો છે અને જે નિયમોથી જ આ વિશ્વનું સંચાલન થઇ રહ્યું છે અને જે નિયમો આપણા જાણવામાં અત્યાર સુધી આવ્યા નથી તે નિયમો ની જાણકારી જ તે વૈજ્ઞાનિક દ્વારા વિશ્વ સમક્ષ પ્રગટ કરવામાં આવે છે, તે વૈજ્ઞાનિક દ્વારા કોઇ નવા તત્ત્વની સંરચના યા તત્ત્વો

માટેના કોઇ સ્વૈચ્છિક નિયમો ઘડવામાં નથી આવતા. તેવી જ રીતે શ્રીમહાપ્રભુએ પણ ભગવદ્વિચારિત પ્રકારેજ આ સમ્પ્રદાયની સંસ્થાપના કરી છે અને તેમાં પણ ભગવદ્વિચારિત પ્રમાણે જ સર્વ સિદ્ધાન્તોનો દૈવીજીવોના પરમ કલ્યાણમાં ઉપદેશ કરેલો છે અને તેનું ફલ પણ - તે સિદ્ધાન્તોના આચરણ - પરિપાલનનું ફલ પણ શ્રીમહાપ્રભુના જણાવ્યા મુજબ ભગવદિચ્છાએ જ થવાનું છે. આ બધી વાતો શ્રીમહાપ્રભુના ચરિત્રમાંથી સ્પષ્ટ જાણી શકાય છે. તેથી જ તો આ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થના આરંભે પણ શ્રીમહાપ્રભુ જણાવે છે કે - **"साक्षाद् भगवता प्रोक्तं तदक्षरश उच्यते"** સાક્ષાત્ ભગવાને સ્વ અનુગ્રહપૂર્વક સ્વવિચારિત જે કંઇ પણ કહ્યું તે જ અક્ષરશઃ કહું છું, તેમાં મારો એક પણ અક્ષર ભેળસેળ કરતો નથી."

આ પ્રમાણે શ્રીમહાપ્રભુના હૃદયની વાત અને તેઓશ્રીના મનમાં દૈવીજીવોદ્ધાર બાબત જન્મેલી ચિન્તાને જાણીને આ સમયે અને આથી આગળના ભવિષ્યમાં પણ ભૂતલમાં જન્મેલા અને જન્મનારા દૈવીજીવો પર પરમ અનુગ્રહ કરીને સ્વયં શ્રીપ્રભુ શ્રીગોવર્દ્ધનધર શ્રીનાથજી શ્રીગોકુલમાં શ્રીયમુના તટે પોઢી રહેલા શ્રીમહાપ્રભુ સમક્ષ સાક્ષાત્ પ્રકટ થઇ શ્રીમહાપ્રભુને બ્રહ્મસંબન્ધ-આત્મનિવેદનનો મંત્ર કે જે શ્રીપ્રભુએ જ પ્રકટ કર્યો છે તે મંત્ર શ્રીમહાપ્રભુને પ્રદાન કર્યો અને આજ્ઞા કરી કે આ મંત્ર આપ જે પણ દૈવીજીવ-નિજજીવને પ્રદાન કરશો તેના દેહ તથા જીવ સમ્બન્ધે રહેલા સેવામાં બાધક બનતા સર્વદોષોની બાધકતા દૂર થશે અને તેવા જીવ વડે જે કંઇ પણ પત્ર-પુષ્પાદિ સેવામાં નિવેદન કરાશે તેનો હું અંગીકાર-સ્વીકાર કરીશ અને તે જીવ જો એહર્નિશ અનન્ય ભાવે મારી શરણાગતિનો ભાવ મન-વચન-કર્મથી ધારણ કરી મારી સેવા-ભક્તિમાં પરોવાયેલો રહેશે તો તેના સર્વ દોષો તેનો સ્પર્શ પણ કરી શકશે નહિં અને સતત સમર્પણના પ્રભાવે તેની સેવા-ભક્તિ અલૌકિકમાં અભિનિવિષ્ટ થશે." આ રીતે જેમ દ્વાપરયુગના અન્તમાં ભૂતલ પર રહેલા દૈવીજીવોના પરમફલ રૂપમાં પ્રભુએ શ્રીકૃષ્ણ રૂપમાં

અવતારગ્રહણ કર્યો અને તે પણ વ્યૂહ-અંશ-કલા વિગેરે પ્રકારથી નહિં પણ પૂર્ણાવતાર રૂપે સાક્ષાત્ સ્વયમ જ આનન્દમયસ્વરૂપે ગોકુલમાં જન્મી પોતાની વિવિધ લીલાઓ દ્વારા દૈવીજીવોમાં ભક્તિનું પ્રવર્તન કર્યું કે જે બાબતને શ્રીઆચાર્યચરણ સુબોધિનીમાં **“निःसाधन-फलात्माऽयं प्रादुर्भूतोऽस्ति गोकुले”** આ નિ:સાધન દૈવીજીવોના ફલાત્મા-ફલરૂપ એવા સાક્ષાત્ શ્રીપ્રભુ જ ગોકુલમાં પ્રાદુર્ભૂત થયા છે એમ જણાવે છે. તેવી જ રીતે કલિયુગમાં જન્મેલા-જન્મનારા દૈવીજીવોના ફલાત્મા-ફલરૂપ શ્રીપ્રભુજ સ્વયં સાક્ષાત્નું કૃષ્ણાવતારની માફક શ્રીમહાપ્રભુના હૃદયમાંથી બહાર તેઓશ્રી ના સમક્ષ પ્રત્યક્ષ પરમાનન્દાકારે પરમ અનુગ્રહપૂર્વક પ્રગટ થવું અને પ્રગટ થઇને પોતાના પરમ અનુગ્રહપૂર્વક દૈવીજીવોના ઉદ્ધારની ઇચ્છાથી દૈવીજીવોદ્ધારક અનુગ્રહબલયુક્ત ગદ્યમંત્ર પ્રદાન કરવો અને એ મંત્રવડે સેવામાં - ભક્તિમાં બાધક બનતાં જીવ-દેહ સંબન્ધી સર્વ દોષોની અબાધકતા થઇ તેનાં દ્વારા કરાયેલી સેવાનો પ્રભુ સાક્ષાત્ અંગીકાર કરશે તેવા અનુગ્રહપૂર્ણ વચનો કહેવા, આજ આ ગ્રન્થમાં રહસ્ય રહેલું છે.

આ માર્ગમાં આવેલા અને આ માર્ગે ભગવદ્ ભક્તિમાં આગળ વધવામાં પ્રયત્નશીલ એવા શ્રીમહાપ્રભુના સેવકો-વૈષ્ણવો જ્યાં સુધી આ રહસ્યને જાણી ન લે ત્યાં સુધી “અમારા દ્વારા કરાયેલી સેવા યા અમારા દ્વારા સેવામાં નિવેદન કરાયેલા અન્ન-જલ-વસ્ત્ર-આભૂષણ-ફલ-પત્રાદિ પદાર્થો શ્રીપ્રભુએ અંગીકાર કર્યા હશે કે કેમ ?” તેવી સેવા બાબતમાં મનમાં રહેતી સંદિગ્ધતા તેમની ભક્તિને પ્રવૃદ્ધ બનવા દેશે નહિં. તેથી આ વૈષ્ણવો માનસિક-વૈચારિક સંદિગ્ધતાનો શિકાર બની તેમના મિથ્યા વિચારો જ તેમની ભક્તિને પ્રવૃદ્ધ થવામાં અવરોધક ન બને તે હેતુથી ઉદાર અનુગ્રહપૂર્વક શ્રીમહાપ્રભુએ આ ગ્રન્થની રચના કરી છે અને એમાં તમારા દ્વારા કરાયેલી સેવાનો શ્રીપ્રભુ તમારી સાધનભક્તિના બળ પર નહિં પણ પોતાના અલૌકિક સામર્થ્યપૂર્ણ અનુગ્રહ બળ પર જ અંગીકાર કરે છે તેથી મનમાંથી સર્વચિન્તાઓ - સર્વસંદિગ્ધતાઓ ત્યાગી પોતાના સર્વસમર્થ પરમગુરુદેવ શ્રીમહાપ્રભુ અને તેમના વચનો પર તથા તેઓશ્રીએ આ ગ્રન્થમાં જણાવેલા ભગવાનના અનુગ્રહપૂર્ણ વચનો પર દૃઢ વિશ્વાસ રાખી હું કરું મેં કર્યું કે મારાથી આ ન થયું તેવી અહંકારી ભાવનાઓ છોડી સર્વકાંઇ-જે કંઇ પણ જીવ વડે અલૌકિક થાય છે તેમાં જીવસામર્થ્ય નહિં પણ તેમાં ગુરુકૃપા અને ભગવદનુગ્રહબળ જ કારણ છે તેમ વિચારી પ્રભુએ જે કંઇ પણ સેવામાં કરાવ્યું તે આપણા દ્વારા થયું છે અને જ્યારે જેમ ઇચ્છશે તેમ કરાવશે અને તે માટે પોતાનું સામર્થ્ય આપશે તેવી શરણભાવના મન-વચન-કર્મથી સેવીને પોતાનાથી શ્રીપ્રભુ કૃપાએ જે કંઇ પણ બની આવે તે મુજબ અને તે પ્રકારે પોતાને સતત ભગવત્સેવામાં પ્રયોજતા રહેવું એ આ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થ અને આના પછીના નવરત્નગ્રન્થનું સ્વારસ્ય છે.

આ પ્રમાણે **“कृष्णसेवा सदा कार्या”** અથવા **“सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः”** અથવા **“शास्त्रमवगत्य मनोवाग्देहैः श्रीकृष्णः सेव्यः”** આ સિદ્ધાન્ત છે અને એ સેવાનો આધુનિક યુગમાં કઇ રીતે નિર્વાહ થવો તેમાં અતિશય અનુગ્રહપૂર્વક **“साक्षाद् भगवता प्रोक्तम्”** આકાશવાણી વડે, સ્વપ્ન વડે, ભગવદીય વડે વિગેરે પરોક્ષ પ્રકારે નહિં પરન્તુ સાક્ષાત્ સ્વંયં પોતે જ પરમાનન્દાકારે શ્રીમહાપ્રભુના ચક્ષુ સમક્ષ પ્રકટ થઇને જે વાણી દૈવીજીવોના ઉદ્ધાર માટે ઉચ્ચારી કે - **“ब्रह्मसम्बन्धकरणात्सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिः”** બ્રહ્મસંબન્ધ કરવાથી બ્રહ્મસંબન્ધ થનાર સર્વકોઇના દેહ-જીવ સમ્બન્ધે સેવાબાધક રૂપમાં રહેલા સર્વ દોષોની નિવૃત્તિ થશે આ ભગવદ્વચન જ સેવાના નિર્વાહમાં રહસ્ય છે જેનું ઉદ્ઘાટન શ્રીમહાપ્રભુએ આ ગ્રન્થ દ્વારા કર્યું છે.

••••••••

પ્રકરણ - ૨

ગ્રન્થનું "સિદ્ધાન્ત રહસ્ય"-નામાભિધાનનો સમય

આ નાના ગ્રન્થનું "સિદ્ધાન્ત-રહસ્ય" એમ નામાભિધાન કોણે અને ક્યારે કર્યું તેનો કોઇ સ્પષ્ટ ઉલ્લેખ પુષ્ટિમાર્ગીય પ્રાચીન સાહિત્યમાંથી ઉપલબ્ધ થતો નથી, તેમ છતાં પણ શ્રીગુસાંઇજીના સેવક શ્રીકૃષ્ણભટ્ટની ભગવદીયોની નોંધપોથીના આધાર પર ચતુર્થલાલજી શ્રીગોકુળનાથજીના વચનામૃત રૂપે આવિષ્કાર પામનાર અને હિન્દી સાહિત્યમાં જેની અતિપ્રાચીન તરીકે ગણના થાય છે તથા જેની ૪૦૦ થી વધુ વર્ષ પ્રાચીન હસ્તપ્રત આજે વિદ્યમાન છે તેવી શ્રીમહાપ્રભુના સેવકોના ચરિત્ર દર્શાવતી ચોર્યાસી વૈષ્ણવોની વાર્તા માં પ્રથમ વાર્તા શ્રીદામોદરદાસ હરસાનીજીના ચરિત્ર પ્રસંગો પૈકી બ્રહ્મસંબન્ધ પ્રાકટ્યના પ્રસંગમાં **"ये बातें श्रावणसुदि एकादशी के दिन मध्यरात्रिको भई, प्रातःकाल पवित्राद्वादसी हती, तातें पवित्रा सूतको सिद्ध करि राख्यो हतो, सो पवित्रा धराये. ता समेके अक्षर है, ताको श्रीआचार्यजीने "सिद्धान्त रहस्य" ग्रन्थ कियो है."** આ મુજબ ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાં ગ્રન્થનો સિદ્ધાન્તરહસ્ય નામનિર્દેશ કરવામાં આવ્યો છે અતઃ આ નામ આજથી ચારસો વર્ષ પહેલા અને શ્રીમહાપ્રભુના લગભગ એકસો વીસ વર્ષ પછીના કાળમાં પ્રચલિત થઇ ગયું હતું એ તો નિશ્ચિત જ છે. આ ગ્રન્થ પરના પ્રાચીન ટીકા સાહિત્યમાં ચતુર્થલાલજી શ્રીગોકુલનાથજી તથા પંચમલાલજી શ્રીરઘુનાથજી પોતાની ટીકામાં ક્યાંય સિદ્ધાન્ત રહસ્ય નામનો ઉલ્લેખ કરતા નથી. જો કે શ્રીગોકુલનાથજી સ્વકૃત ગદ્યમંત્રની ટીકામાં સ્પષ્ટ શબ્દોમાં સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થનો ઉલ્લેખ કરે છે. શ્રી તેલીવાલા દ્વારા સંશોધિત સિદ્ધાન્ત રહસ્યની ટીકાઓ વાળા પુસ્તકમાં ચોથા ક્રમે શ્રીવ્રજોત્સવજીની ટીકામાં રહસ્ય શબ્દને જોડવામાં આવ્યો છે. તેઓ ટીકામાં મંગલાચરણના પ્રથમ શ્લોકમાં લખે છે - **"यः स्वीयार्थे रहस्यं स्वं स्वाचार्येभ्यः समादिशत्"** તેમ છતાં પણ અહીં પણ રહસ્ય શબ્દ પ્રયોગ થઇને પણ સ્પષ્ટ નામોલ્લેખ તો નથી જ. ઉપરાંત સંશોધક શ્રીતેલીવાલા આ સંશોધનના પોતાના લેખમાં આ ટીકાકાર કયા વ્રજોત્સવજી તે નિશ્ચિત થઇ શકતું નથી તેમ લખે છે તેથી ટીકાકારનો સમય નિશ્ચિત થઇ શકતો નથી. જયારે પુસ્તકમાં છઠ્ઠાક્રમે છપાયેલ શ્રીહરિરાયજીની કારિકાત્મિકા ટીકામાં પ્રથમ કારિકામાં સિદ્ધાન્ત રહસ્યનો સ્પષ્ટ નામોલ્લેખ મળે છે. તેઓ લખે છે - **"अथ श्रीवल्लभाचार्यचरणाविष्टचेतसा । कारिकाभिः स्वसिद्धान्त-रहस्यार्थो विविच्यते"** આ ઉપરાંત શ્રીહરિરાયજી કૃત **"विंश ग्रन्थानुक्रमणिका"** કે જે ગ્રન્થને અમે અમારા દ્વારા લખાયેલા કૃષ્ણાશ્રય-દર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા) માં પાછળના ભાગે પરિશિષ્ટ - ૧ થી પ્રકાશિત કર્યો છે તેમાં તેઓશ્રી પાંચમાં ક્રમે આ નામનો ઉલ્લેખ કરે છે કે **"सिद्धान्तरहस्य ग्रन्थः ॥ तेन समर्पणस्वरूपज्ञानं ततः समर्पितजनैर्व्यवहारः ॥"** ત્યારબાદ દશદિગન્ત વિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજશ્રી આ ગ્રન્થ પરની પોતાની ટીકામાં ક્યાંય પણ ગ્રન્થનો નામોલ્લેખ કરતા નથી. ટીકાની મૂલ હસ્તપ્રતમાં તેઓશ્રીના શ્રીહસ્તે સિદ્ધાન્ત રહસ્ય વિવરણમ્ એમ આરંભે કે અન્તમાં લખાયું હોય તો તે મૂલ હસ્તપ્રત મારા જોવામાં આવી ન હોવાથી તેની જાણકારી મારી પાસે નથી. તેમ છતાં પણ તેઓશ્રીનાજ હસ્તાક્ષરમાં લખાયેલ **"षोऽशग्रन्थानां सङ्गतिः"** નામનો લઘુગ્રન્થ અમારી પાસે બિરાજે છે કે જેને અમે કૃષ્ણાશ્રયદર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા), જે અમારા દ્વારા લખાયેલ છે તેમાં પાછળના ભાગે પરિશિષ્ટ-૨ થી પ્રકાશિત કરેલો છે તેમાં પાંચમા ક્રમે આ ગ્રન્થનો સ્પષ્ટ નામોલ્લેખ કરવામાં આવ્યો છે કે **"ततः पुष्टिमार्गीयजीवज्ञानानन्तरं इतिकर्तव्यताऽऽकाङ्क्षायां साक्षाद् भगवता प्रोक्तं सिद्धान्तरहस्यम्"** અતઃ આ રીતે શ્રીહરિરાયમહાપ્રભુના સમયથી (જન્મ વિ.સં.૧૬૪૭) આ ગ્રન્થનું આ નામ પ્રચલિત હતું એ નક્કી છે. શ્રીગોકુલનાથજી ચતુર્થલાલજીનો પ્રાદુર્ભાવ વિ.સં.૧૬૦૮ માં છે અને ૮૪ વૈષ્ણવની વાર્તા તેઓ શ્રીના વચનામૃત સ્વરૂપે છે અતઃ એનું ગ્રન્થાકાર સ્વરૂપ પાછળથી સિદ્ધ

થયેલું હોઇ વાર્તાપ્રસંગોનું ગ્રન્થાકાર સ્વરૂપ અને શ્રીહરિરાયજીનો સમય એ બન્ને પ્રાયઃ કરીને સમીપમાં બેસે છે. પણ આથી પહેલાં શ્રીગુસાંઇજીના કે. શ્રીગોપીનાથજીના સમયમાં આ નામાભિધાન થઇ ગયું હતું કે કેમ તે આનાથી ચોક્કસ કહી શકાય તેમ નથી. આ ઉપરાંત પ્રાચીન ઇતિહાસ ગ્રન્થ શ્રીગદાધરદાસજી વિરચિત સમ્પ્રદાય પ્રદીપ માં બ્રહ્મસંબન્ધ-ગદ્યમંત્ર પ્રાદુર્ભાવ પ્રસંગને સંક્ષિપ્તમાં સિદ્ધાન્તરહસ્યના **"ब्रह्मसम्बन्धकरणात्सर्वेषां देहजीवयोः, सर्वदोषनिवृत्तिः......"**આનો સાધારણ ઉલ્લેખ સાથે કરવામાં આવ્યો છે તેમજ શ્રીપ્રભુચરણના અન્તેવાસી શ્રીમુરલીધરદાસજી વિરચિત શ્રીમદ્વલ્લભાચાર્યચરિતમ્ માં બ્રહ્મસંબન્ધ આજ્ઞાનો પ્રસંગ ખૂબજ સુન્દર અને રોચકરૂપે વિસ્તારથી વર્ણવાયો છે પણ ત્યાં પણ આ ગ્રન્થના નામનો ઉલ્લેખ થયો નથી. ઉપરાંત ષષ્ઠલાલજી શ્રીયદુનાથજી વિરચિતના નામે પ્રચલિત (પરન્તુ દરેક પ્રકારનો વિચાર કરતાં શ્રીયદુનાથજીનો યા તો તેઓશ્રીના સમયમાં આ ગ્રન્થ નિર્માણ પામ્યો હોય તેમ લાગતું નથી પણ પાછળથી એટલે કે વધુમાં વધુ અંદાજે આજથી દોઢસોથી બસો વર્ષ પર કોઇકના દ્વારા રચાયેલો આ ગ્રન્થ છે એમ મારું માનવું છે) શ્રીવલ્લભદિગ્વિજય ગ્રન્થમાં પણ બ્રહ્મસંબન્ધ પ્રાદુર્ભાવના પ્રસંગને સમ્પ્રદાય પ્રદીપ થી કંઇક અધિક વિસ્તૃત રૂપમાં આલેખીને પણ એમાં પણ આ ગ્રન્થનો નામોલ્લેખ તો નથીજ કરવામાં આવ્યો.

આમ બધો વિચાર કરતાં આજથી આશરે ચારસો વર્ષ પૂર્વ યા તેથી કંઇક પહેલાં આ ગ્રન્થનું નામાભિધાન થયું હશે એમ લાગે છે.

…………

પ્રકરણ - ૩

"સિદ્ધાન્ત-રહસ્ય" ગ્રન્થ પરનું ટીકા સાહિત્ય

શ્રીવલ્લભાચાર્યચરણ તથા શ્રીગુસાંઇજી પ્રભુચરણના ગ્રન્થો પર તે પછીના શ્રીવલ્લભવંશજો તેમજ અન્ય વિદ્વાનો દ્વારા પ્રાયઃ કરીને વત્તે ઓછે અંશે પણ ટીકા સાહિત્ય ઉપલબ્ધ થાય છે. તેમાં પણ જે ગ્રન્થો પર અનેક લોકો દ્વારા લખાયેલી ટીકાઓનું વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે તે સેવાફલ ભક્તિવર્દ્ધિની વિગેરે ગ્રન્થોની સાથે આ સિદ્ધાન્ત-રહસ્ય ગ્રન્થનો પણ સમાવેશ થાય છે. આ ગ્રન્થ ઉપર પ્રાચીનોની અગિયાર ટીકાઓ ઉપલબ્ધ છે જે સર્વ પ્રથમ શ્રીતેલીવાલાના સંશોધનમાં પ્રકાશિત છે. તે પછી પણ બીજાઓ દ્વારા ગુજરાતી-હિન્દી-અંગ્રેજી ભાષાઓમાં લખાયું છે. શ્રીતેલીવાલાના સંશોધનમાં પ્રકાશિત અગિયારે ટીકાઓ સંસ્કૃતમાં લખાયેલી છે જે આ મુજબ છે : -

ટીકાકાર-	ટીકાનું નામ-
(૧)ચતુર્થલાલજી શ્રીગોકુળનાથજી -	પુરુષોત્તમ સિદ્ધાન્ત વિવૃતિ.
(૨)પંચમલાલજી શ્રીરઘુનાથજી -	સિદ્ધાન્તરહસ્ય વિવરણ
(૩)શ્રીકલ્યાણરાયજી -	વિવૃતિ.
(૪)શ્રીવ્રજોત્સવજી -	વિવૃતિ.
(૫)શ્રીગોકુલોત્સવજી-	વિવૃતિ.
(૬)શ્રીહરિરાયજી -	વિવૃતિ-કારિકા.
(૭)શ્રીવિઠ્ઠલેશ્વરજી -	વિવૃતિ.
(૮)શ્રીપુરુષોત્તમજી -	વિવરણ.
(૯)શ્રીગિરિધરજી -	વિવૃતિ.
(૧૦)શ્રીલાલુભટ્ટજી -	સિદ્ધાન્તરહસ્ય ટીકા.
(૧૧) શ્રીશાચાર્યમતાનુ વર્તી -	સંવાદ વિવૃતિ.

આ ઉપરાંત ઇન્દોરના શ્રીગોપાલદાસ ઝાલાની દ્વાંરા

હિન્દી ભાષામાં લખાયેલ **“सिद्धान्तरहस्यः एक अध्यनन”** પુસ્તિકા કે જે ૧૧ સંસ્કૃત ટીકાઓ આધાર લઇને લેખન કરવામાં આવ્યું છે તે પણ આ ગ્રન્થ માટે સંસ્કૃતના અનભિજ્ઞ એવા વૈષ્ણવો માટે ખૂબ જ ઉપયોગી થઇ શકે છે. લેખન અધ્યયનાત્મિકા શૈલીથી સુન્દર અને સરળ ભાષામાં થયેલું હોવાથી સર્વોપયોગી છે.

શ્રીતેલીવાલા દ્વારા પ્રકાશિત અગિયાર ટીકા સહિતના સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થનું પુનર્મુદ્રણ શ્રીવલ્લભપંચશતીના ઉપલક્ષ્યમાં ગો. શ્રી શ્યામમનોહરજી (કિશનગઢ-પાર્લા, મુંબઇ)ના કુશલ સમ્પાદનમાં અનેક શ્રીવલ્લભવંશજોની સહાયથી ષોડશગ્રન્થોનું પુનર્મુદ્રણના અન્તર્ગત શ્રીવલ્લભાબ્દ-૫૦૨ માં કરવામાં આવ્યું તેમાં દરેક ગ્રન્થના આરંભે ગો. શ્રીશ્યામમનોહરજી દ્વારા લખાયેલ ગ્રન્થ સ્વારસ્ય **“ગ્રન્થ પરિચય”** શીર્ષક હેઠળ પ્રકાશિત કરવામાં આવ્યા છે. દરેક ગ્રન્થ પરનું લેખન ખૂબ જ ઊંડાણથી અધ્યયન પૂર્વક સુન્દર તાત્ત્વિકી-સાહિત્યિકી શૈલીમાં લખાયેલું છે અને તેની વિશેષતા એ છે કે આ લેખન વિદ્વાનોને પણ સન્તોષ આપનારું છે તો સાધારણ જિજ્ઞાસુજનોને માટે પણ ઉપકારક થઇ શકે તેવું છે. તેમાં આ ગ્રન્થ ઉપરનું લેખન પણ બીજા ગ્રન્થોની માફક ખૂબ જ મનનીય છે અને એક રીતે આ લેખન હિન્દીમાં ટીકા ગ્રન્થ જેવું જ છે, જેથી આ લેખનને ગો. શ્રી શ્યામમનોહરજી વિરચિત હિન્દીમાં વિવેચન - ટીકા એમ કહેવું એ અતિશયોક્તિ કહેવાશે નહિં.

આ ઉપરાંત મથુરા-પોરબંદરના ગો. શ્રીરસિકરાયજી મહારાજશ્રી કે જેમના કુશલ સમ્પાદનમાં નવપ્રકાશ માસિક પત્ર પ્રતિમાસ પ્રકાશિત થઇ રહ્યું છે તેમજ જેઓ કુશલ લેખક-વક્તા તથા ભારતપ્રસિદ્ધ સિતાર તેમજ હાર્મોનિયમવાદનના નિષ્ણાત છે તેઓશ્રીના સમ્પાદન-સંકલનમાં **“સિદ્ધાન્ત રહસ્યમ્”** નામની પુસ્તિકાનું પ્રકાશન ઇ.સ. ૧૯૯૩ - વિ. સ.૨૦૪૯ માં થયું છે કે જે શ્રીદ્વારકેશ ગ્રન્થમાલાના પ્રથમ પુષ્પ રૂપે પ્રકાશિત છે. આમાં

શ્રીપુરુષોત્તમજીની આ ગ્રન્થ પરની ટીકાનો તેમજ પૂર્વમાં જણાવેલ ગો. શ્રી શ્યામમનોહરજીના સિદ્ધાન્ત રહસ્ય પરના હિન્દીમાં લેખનનો તેમજ શ્રીતેલીવાલા દ્વારા પ્રકાશિત અગિયાર ટીકાઓ સહિતના સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં આરંભે શ્રીતેલીવાલા દ્વારા લખાયેલ અંગ્રેજીમાં આ ગ્રન્થ પરના લેખનો એમ ત્રણે નો ગુજરાતીમાં અનુવાદ પ્રકાશિત છે તથા આરંભે સિદ્ધાન્ત-રહસ્યમ્ એક વિહંગાવલોકન શીર્ષક હેઠળ ગો. રસિકરાયજી દ્વારા લખાયેલ લેખન ખૂબ જ સુન્દર અને મનનીય છે એમ આ પુસ્તિકા પણ જિજ્ઞાસુજનો માટે ઘણી ઉપયોગી થઇ શકે છે.

ઉપર્યુક્ત પુસ્તિકામાં ગો. શ્રી રસિકરાયજીના જણાવ્યા મુજબ આજથી લગભગ ૧૦૦ વર્ષ પૂર્વ અમરેલી - મુંબઇવાળા નિ.લી. ગો. શ્રી વિઠ્ઠલેશજી મહારાજ (લાલસાહેબ) દ્વારા શ્રીપુરુષોત્તમજીની આ ગ્રન્થ પરની ટીકાનો ગુજરાતીમાં અનુવાદ પ્રકટ થયો હતો પણ આ પુસ્તક મારા જોવામાં આવ્યું નથી તેથી કંઇ વધુ લખતો નથી, પરંતુ આજથી ૮૭ વર્ષ પર સંવત -૧૯૬૮માં નટપુરસ્થ શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય દ્વારા ગ્રન્થરત્ન નાં ૧૩માં રત્ન રૂપે શ્રીગોકુલનાથજી, શ્રીપુરુષોત્તમજી પ્રભૃતિ પ્રાચીન ટીકાઓના આધાર પર તેનાં સંકલનમાં શાસ્ત્રીજી વસન્તરામ હરિકૃષ્ણજી દ્વારા થયેલુ લેખન પુસ્તિકાકારે પ્રકાશિત થયું હતું જે પુસ્તિકા અમારી પાસે છે. આ લેખન પણ ખૂબજ વિદ્વત્તા પૂર્ણ, પ્રાચીનોને અનુસરતું છતાં સુંદર-સરળ ગુજરાતી ભાષામાં લખાયેલું છે અને આ પણ જિજ્ઞાસુજનો માટે ઘણું જ ઉપકારક છે.

ગોધરા (પંચમહાલ) નિવાસી ડો. કૃષ્ણજીવન મો. ગાંધી દ્વારા લખાયેલ આ ગ્રન્થ પરનું લેખન **“સમર્પણનો સિદ્ધાન્ત”** નામે ઇ.સ.૧૯૯૫માં તેમના દ્વારાજ પ્રકાશિત થયું હતું. આ પુસ્તક આધુનિક પ્રાથમિક વૈષ્ણવો તેમજ વિશેષ રુચિવાળા જિજ્ઞાસુજનોની જિજ્ઞાસાનું પોષણ કરનાર અને ગ્રન્થની સારી એવી

સમજ આપનાર છે. સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થના શ્લોકો ઉપરનું ગુજરાતીમાં વ્યાખ્યાન પ્રાયઃ કરીને પ્રાચીન ૧૧ટીકાઓના આધારે અને સંકલનમાં કરવામાં આવ્યું છે. આમાં પણ લેખકે શ્રીતેલીવાલાના અંગ્રેજી લેખનો ગુજરાતીમાં અનુવાદ કરીને પ્રકાશિત કર્યો છે. આરંભે સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ પરિચય આપી શ્રીતેલીવાલાના લેખના ગુર્જરાનુવાદ પછીથી સમર્પણનો સિદ્ધાન્ત શીર્ષક હેઠળ શ્રીમહાપ્રભુ અને શ્રીગોકુલેશપ્રભું-શ્રીકૃષ્ણ-શ્રીનાથજી વચ્ચેના સંવાદ રૂપમાં સમ્પૂર્ણ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થનું સ્વારસ્ય ઘણીજ ખૂબીથી વણી લેવામાં આવ્યું છે. ત્યારબાદ ગ્રન્થના શ્લોકો ઉપરના વ્યાખ્યાનમાં વચ્ચે-વચ્ચે પ્રાચીન ટીકાઓની પંક્તિઓના કેટલાક ભાગો આપીને તે ઉપર વિવેચન કરવામાં આવ્યું હોવાથી અને લેખનની ભાષા સરળ ગુજરાતીમાં હોવાથી સાધારણ વૈષ્ણવો તેમજ જિજ્ઞાસુજનો બન્ને માટે આ પુસ્તક ઉપયોગી -ઉપકારક થઇ શકે છે.

સુપ્રસિદ્ધ પુષ્ટિમાર્ગીય ગુજરાતી માસિક વૈષ્ણવ પરિવારના તંત્રી ગો. વા. શ્રી રમેશભાઇ પરીખ દ્વારા લખાયેલ તથા શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ-મહેસાણા દ્વારા ઇ. સ. ૧૯૯૫ માં ચાર ભાગે પ્રકાશિત **“ષોડશ ગ્રન્થનું આચમન”** ના ભાગ -૨માં આરંભે-પ્રથમ સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ આપવામાં આવ્યો છે. આમાં પ્રથમ ગુજરાતી અક્ષરોમાં મૂલગ્રન્થના શ્લોકો તથા દરેક શ્લોકની નીચે શબ્દાર્થ તથા શ્લોકાર્થ આપવામાં આવ્યો છે. ત્યાર બાદ આ ગ્રન્થ સાથે સંકળાયેલી ઐતિહાસિક વિગત સહિત ગ્રન્થની કેટલીક જરૂરી બાબતોની ચર્ચા કરતી ભૂમિકા આપવામાં આવી છે તથા ત્યારબાદ ગ્રન્થના શ્લોકો ઉપરનું અતિશય સરળ અને સરસ તથા શુદ્ધ ગુજરાતી ભાષામાં વ્યાખ્યાન રૂપ લેખકનું લેખન આપ્યું છે. પૂર્વમાં જણાવેલા બધા જ પ્રકાશનોમાં આધુનિક અને પ્રાથમિક જિજ્ઞાસુ વૈષ્ણવો માટે શ્રીરમેશભાઇનું આ લેખન ખૂબ જ ઉત્તમ અને ઉપકારક છે. બીજા બધા લેખનો પણ પોતાનામાં પૂર્ણ ગરિમા ધરાવતા છે પરંતુ શ્રીરમેશભાઇની લેખન શૈલી એટલી બધી સરળ છે કે સાધારણ

વ્યક્તિને પણ આ સાહિત્ય વાંચતાં રુચિ ઉત્પન્ન થાય. કારણકે તે વધુ શ્રમ વિના સરળતાએ બુદ્ધિગમ્ય કરી શકે છે તેથી જ તેમનું સાહિત્ય આજની પુષ્ટિ સૃષ્ટિમાં ઘરે-ઘરે વિપુલમાત્રામાં જોવા મળે છે.

સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ પરની પ્રાચીન અગિયાર ટીકાઓ પૈકી પ્રથમ ટીકા શ્રીગુસાંઇજીના ચતુર્થલાલજી શ્રીગોકુળનાથજી ની છે જેમનો પ્રાદુર્ભાવ સમય વિ.સં. ૧૬૦૮ છે. શ્રીઆચાર્યચરણ, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઇજી, શ્રીગિરિધરજી પછીથી આ સમ્પ્રદાયે શ્રીગોકુળનાથજીનું વડપણ સ્વીકાર્યું હતું. ચિદ્રૂપસંન્યાસી જેવા કટ્ટર વૈષ્ણવદ્વેષી સાથે શાસ્ત્રાર્થ યોજી તેને પરાસ્ત કરી વૈષ્ણવધર્મ અને માલા-તિલકનું રક્ષણ કર્યું હતું અને પુષ્ટિસમ્પ્રદાયને મહાન યશ અપાવ્યો હતો. શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઇજીના ઘણાં ગ્રન્થો ઉપર આપશ્રીનું ટીકા સાહિત્ય તથા ઘણાં સ્વતંત્ર ગ્રન્થો ઉપલબ્ધ છે. એમ કહેવાય છે કે આજે જે સમ્પ્રદાયનું પરંપરાગત ઢાચું છે તેના મૂળ ઘડવૈયા શ્રીગોકુલનાથજી છે. આપશ્રીની આ ગ્રન્થ પર **પુરુષોત્તમસિદ્ધાન્ત વિવૃતિ** નામની ટીકા છે. અને પુરુષોત્તમસિદ્ધાન્ત કહેવાનું તાત્પર્ય તેલીવાલાના પ્રકાશનમાં સાતમા અનુક્રમે છપાયેલ શ્રીવિઠ્ઠલેશ્વરજી વિરચિત વિવૃતિ નામિકા ટીકામાં પ્રથમ શ્લોકના વ્યાખ્યાનમાંથી જાણી શકાય છે. તેઓશ્રી લખે છે :-
“.....भगवता पूर्णपुरुषोत्तमेन प्रोक्तं प्रकर्षेण निश्चयं कृत्वोक्तम् ।”
ભગવાન પૂર્ણપુરુષોત્તમ વડે પ્રકૃષ્ટતાએ નિશ્ચય કરીને જે કહ્યું તે આ ગ્રન્થનો વિષય હોવાથી શ્રીગોકુળનાથચરણ આ ગ્રન્થને પુરુષોત્તસિદ્ધાન્ત નામે આલેખે છે.

આ ગ્રન્થ પર પ્રકાશિત બીજા અનુક્રમ અંક વાળી ટીકા શ્રીગુસાંઇજીના પંચમલાલજી શ્રીરઘુનાથજી જેમનો પ્રાદુર્ભાવ સમય વિ.સં. ૧૬૧૧ છે તેઓશ્રીની લખેલી **“વિવૃતિ”** નામિકા ટીકા છે. આપશ્રી પણ પોતાના મોટા બંધુઓ શ્રીગિરિધરજી, શ્રીગોકુળનાથ-

જીની, માફક જ સમ્પ્રદાયના ઉત્તમ વિદ્વાન હતા અને શ્રીમહાપ્રભુ તથા શ્રીગુસાંઇજીના ઘણાં ગ્રન્થો પર આપશ્રીનું ટીકા સાહિત્ય તથા સ્તોત્રો વિગેરે સ્વતંત્ર સાહિત્ય વિપુલ માત્રામાં ઉપલબ્ધ થાય છે. પ્રાયઃ કરીને એમ જોવા મળે છે કે શ્રીહરિરાયજી મહાપ્રભુના ગ્રન્થોનું અદયયન કરતાં શ્રીહરિરાયજી ઘણું કરીને શ્રીગોકુળનાથજીની ટીકાને તથા તેઓશ્રીની માન્યતાને અનુસરે છે જયારે શ્રીવ્રજરાજજી મહારાજ તથા દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીનું ષોડશ ગ્રન્થાદિ પરનું ટીકા સાહિત્ય અદયયન કરતાં તેઓશ્રી શ્રીરઘુનાથજીની ટીકાઓ ને ઘણું કરીને અનુસરે છે. તેમ છતાં પણ શ્રીહરિરાયજી કે શ્રીપુરુષોત્તમજીના હૃદયમાં શ્રીગોકુળનાથજી તથા શ્રીરઘુનાથજી બન્ને મહાનુભાવો પ્રત્યે પૂર્ણ આદર અને પૂર્ણ સદ્ભાવ જોવા મળે છે, કયાંય ૧૯-૨૦ નો ભેદ જોવા મળતો નથી.

ત્રીજા અનુક્રમે પ્રકાશિત ટીકા શ્રીકલ્યાણરાયજીની **"વિવૃતિ"** નામની છે જેમનો પ્રાદુર્ભાવ શ્રીગુસાંઇજીના દ્વિતીયલાલજી શ્રીગોવિન્દરાયજીને ત્યાં શ્રીગુસાંઇજીના જયેષ્ઠ પૌત્ર રૂપમાં વિ. સં.૧૬૨૫ માં થયો હતો. આપશ્રી સમ્પ્રદાયમાં અનેક -વિવિધ વિષયોમાં ઉત્કૃષ્ટ વિદ્વત્તા ધરાવતા હતા. ષોડશગ્રન્થોમાં ઘણાં ગ્રન્થો ઉપરાંત શાસ્ત્રાર્થપ્રકરણ, સર્વનિણર્ય પ્રકરણ નિબંધ તથા ભાગવતાર્થ પ્રકરણના તૃતીયસ્કન્ધ પર આપશ્રીની સુન્દર-વિદ્વત્તા ભરેલી ટીકાઓ ઉપલબ્ધ છે. ઉપરાંત ભગવત્સેવામાં બાર માસના ઉત્સવોમાં ઉત્સવનિર્ણય, એકાદશીવ્રતનિર્ણય, શ્રવણ દ્વાદશી નિર્ણય વિગેરે પ્રકીર્ણ લેખો એ આપશ્રી ધર્મશાસ્ત્ર, પુરાણાદિ તથા જયોતિષશાસ્ત્રમાં પ્રકાંડ વિદ્વત્તા ધરાવતા હતા એ દર્શાવે છે. આપશ્રીને ત્યાં જ પુત્રરૂપે શ્રીહરિરાય મહાનુભાવનો પ્રાર્દુભાવ થયો હતો. આપશ્રી દ્વારા વ્રજભાષામાં રચાયેલા પદો પણ કીર્તન સાહિત્યમાં ઉપલબ્ધ છે. આપશ્રી શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર - પ્રિય પૌત્ર હતા અને આપશ્રીની અતિ બાલ્ય અવસ્થામાં શ્રીગુસાંઇજીએ પોતાની ગોદીમાં આપશ્રીને લઇને શ્રીકૃષ્ણઃશરણંમમ નું રટણ કરી ભકિતના ઉત્તમ સંસ્કારો

આપનામાં સીચ્યા હતા. શ્રીકલ્યાણરાયજી પોતાના લેખનમાં ઘણું કરીને શ્રીગોકુલનાથજી ની ટીકાને અનુસરતા જોવામાં આવે છે, તેમ છતાં પણ કેટલાક ઠેકાણે પોતાનો સ્વતંત્ર અભિમત યા તે સ્થળના વિશેષ ભાવોને પણ સ્પષ્ટ રીતે પોતાના ટીકા સાહિત્યમાં દર્શાવે પણ છે. ષોડશ ગ્રન્થો પરની આપશ્રી દ્વારા લખાયેલી ઉપલબ્ધ ટીકાઓમાં ઘણું કરીને આપશ્રીનું લેખન ટૂંકું છતાં ઊંડાણવાળું, વિચારયુકત, શાસ્ત્રીય વિવિધ પ્રમાણોથી સભર અને વિદ્વત્તા ભરેલું હોય છે પરંતુ જલભેદ ગ્રન્થ પરની આપશ્રીની ટીકા સારા એવા વિસ્તારથી લખાયેલી છે.

ચોથા ક્રમે પ્રકાશિત ટીકા શ્રીવ્રજોત્સવજીની **"વિવૃતિ"** નામની છે. શ્રીતેલીવાલાએ સમ્પાદકની નોંધમાં જણાવ્યા મુજબ આ કયા વ્રજોત્સવજી છે તે હસ્તપ્રતોથી નક્કી થતું નથી. શ્રી તેલીવાલાના જણાવ્યા મુજબ આ ટીકાની કુલ પાંચ હસ્તપ્રતો અલગ અલગ ઠેકાણે થી પ્રાપ્ત થઇ તેમાંથી એક પ્રતમાં આ ટીકા શ્રીચાચા ગોપેશજીના નામે ચઢેલી છે, એક બીજી પ્રત જે કાંકરોલીથી ઉપલબ્ધ થઇ છે તેમાં આ ટીકા શ્રીગોપાલજીના નામે ચઢેલી છે અને બાકીની ત્રણ પ્રતો શ્રીવ્રજોત્સવજીના નામની પ્રાપ્ત થઇ છે. આ ટીકા બાબતમાં અન્તે શ્રીતેલીવાલા પોતાનો અભિપ્રાય લખે છે કે ચાચા શ્રીગોપેશજીની બીજી ટીકાઓને વાંચતાં આ ટીકાના લેખનની શૈલી એ ચાચાશ્રી ગોપેશજીની લેખન શૈલીથી એકદમ અલગજ છે તેમજ શ્રીગોપાલજીની પણ આ ટીકા હોય તેમ જણાતું નથી, તેથી પાંચમાંથી ત્રણ પ્રતોમાં શ્રીવ્રજોત્સવજીનું નામ હોઇ પ્રકાશિત પુસ્તકમાં આ ટીકાને શ્રી વ્રજોત્સવજીના નામે પ્રકાશિત કરી છે. ટીકા ખૂબ જ વિદ્વત્તા સભર અને અનેક સામ્પ્રદાયિક નિગૂઢ રહસ્યોને પ્રકાશિત કરનારી છે.

પાંચમા ક્રમે પ્રકાશિત ટીકા શ્રીગોકુલોત્સવજીની **"વિવૃતિ"** નામની છે. મળેલી હસ્તપ્રતની પોથી પર સમય સંવત ૧૮૭૧-શક સંવત-૧૭૩૬ લખેલું છે. લેખન શૈલી ખૂબજ સુન્દર અને લલિત પ્રકારની છે. વૈષ્ણવોએ આ ગ્રન્થ દ્વારા સ્વકર્તવ્ય જ્ઞાન માટે

અને બ્રહ્મસંબન્ધદીક્ષા તથા ત્યારબાદ ભગવત્સેવા વિષયમાં જાણકારી મેળવવા માટે આ ટીકા ઘણી જ ઉપયોગી છે.

છઠ્ઠા ક્રમે પ્રકાશિત ટીકા શ્રીકલ્યાણરાયાત્મજ સમ્પ્રદાયમાં સર્વત્ર સુપ્રસિદ્ધ મહાપ્રભુના નામે ઓળખાતા શ્રીહરિરાયચરણ ની **"સિદ્ધાન્તરહસ્ય વિવૃતિ"** નામની છે. આ ટીકા કારિકાઓ માં નિર્મિત છે અને કુલ આની ૧૩૫ કારિકા છે. શ્રીહરિરાયમહાપ્રભુનો પ્રાદુર્ભાવ દ્વિતીયલાલજી શ્રીગોવિન્દરાયજીના જયેષ્ઠલાલજી શ્રીકલ્યાણરાયજીને ત્યાં શ્રીમહાપ્રભુની પાંચમી પેઢીએ વિ.સં. ૧૬૪૭માં થયો હતો. આપશ્રીએ ટીકાગ્રન્થો, સ્તોત્રો, સિદ્ધાન્ત નિરૂપક સ્વતંત્ર નાના-મોટા ગ્રન્થો, શિક્ષાગ્રન્થો, પ્રકીર્ણ લેખો વિગેરે વિપુલ સાહિત્યથી સમ્પ્રદાયને ખૂબજ સમૃદ્ધ બનાવ્યો છે. શ્રીગોકુલનાથજી ચર્તુથલાલજી પછીથી સમ્પ્રદાયે સર્વમાન્ય રૂપમાં આપશ્રીનું વડપણ સ્વીકાર્યું હતું. આપશ્રીનો શિક્ષાપત્ર ગ્રન્થ આજે કોઇ પણ વૈષ્ણવના ઘરમાં અવશ્યમેવ વંચાતો જોવા મળે છે. એમ કહેવું અતિશયોક્તિ નહિં કહેવાશે કે શ્રીઆચાર્યચરણ-શ્રીપ્રભુચરણ અને સાતલાલજીઓના ગ્રન્થસાહિત્યમાંથી સંકલન કરીને શ્રીહરિરાયચરણે આ સમ્પ્રદાયને - સમ્પ્રદાયના અનુયાયીજનોને એક વ્યસ્થિત સંવિધાન આપવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે. સમ્પ્રદાયનું આજે જે કંઇ પણ સંવૈધાનિક સ્વરૂપ છે તેમાં આપશ્રીનો ઘણો મોટો ફાળો રહ્યો છે. આ સમ્પ્રદાયમાં વલ્લભવંશજો, ભટ્ટો, પંડિતોનું જે વિશાલ સાહિત્ય વિદ્યમાન છે તેમાં શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજી આ બન્ને મહાનુભાવો એવરેસ્ટ શિખર સમાન છે - આ બેની તુલનામાં બીજા કોઇ નામ મૂકી શકાય તેમ નથી. સમ્પ્રદાયમાં એમ માનવામાં આવે છે કે ઘણી બાબતોમાં શ્રીહરિરાયજી અને શ્રી પુરુષોત્તમજી વચ્ચે ગંભીર મતભેદો છે અને શ્રીમહાપ્રભુ તથા શ્રીપ્રભુચરણના વાક્યોને બન્ને મહાનુભાવો જુદા-એકબીજાથી અલગ પ્રકારે મૂલવે છે. શ્રીહરિરાયજી ભાવપ્રધાન પક્ષને પ્રસ્તુત કરે છે જયારે શ્રીપુરુષોત્તમજી સિદ્ધાન્ત પક્ષને પ્રસ્તુત કરે છે. પરન્તુ ભરતમુનિના નાટયશાસ્ત્રમાં જેમ કહ્યું છે - **"न रसः भावहीनोऽस्ति न भावो रसवर्जितः"** તેમ ભાવ અને સિદ્ધાન્ત એ બન્ને એકબીજાના પૂરક છે, એકબીજાના વિરોધી નથી. તેથી ચાહે સિદ્ધાન્તપક્ષને આગળ રાખી કોઇ વાત કહેવામાં આવે ચાહે ભાવ પક્ષ આગળ કરી કોઇ વાત કહેવામાં આવે પણ તેથી મૂલ વિષયને કોઇ હાનિ પહોંચતી નથી. ઉપરાંત બન્ને સિદ્ધ મહાનુભાવો છે અને બન્નેના હૃદયમાં સદૈવ શ્રીઆચાર્યચરણ સાક્ષાત્ બિરાજમાન છે અત: બેમાંથી કોઇ એક શ્રીમહાપ્રભુને સમજી શક્યા નથી એવો અર્થ જેમાંથી નીકળતો હોય તેવો આક્ષેપ તો કેમ કરીને થઇ શકે ? આવો જ વગર સમજે આક્ષેપ તો કેટલાક વિદ્વાનો અણુભાષ્ય અને વિદ્વન્મંડન વચ્ચે પણ બતાવે છે કે વિદ્વન્મંડનમાં શ્રીવિઠ્ઠલનાથજીએ જે જીવના અણુત્વનું નિત્યત્વ સ્વીકાર્યું છે તે અણુભાષ્યને સંમત નથી. બીજાની વાત છોડી દઇએ તો સ્વયં શ્રીપુરુષોત્તમજી ભક્તિવર્દ્ધિની ની ટીકામાં 'ત્યાગ' શબ્દ બાબત લખે છે કે "શ્રીગોકુળનાથજી પ્રભૃતિના મતે પુષ્ટિમાર્ગ વિરોધી સર્વવસ્તુનો જ ત્યાગ છે - તેમના મતે ગૃહત્યાગ નથી આવતો જ્યારે મારા મતે ગૃહત્યાગ આવે છે" શ્રીપુરુષોત્તમજીના આ લખાણથી એવો અર્થ પ્રતિધ્વનિત થાય છે કે શ્રી ગોકુળનાથજી ત્યાગ શબ્દ પ્રયોગ બાબત બરાબર સમજી શક્યા તથી - સાચો અર્થ તો ગૃહત્યાગમાં જ પ્રાપ્ત થાય છે. પણ શ્રીપુરુષોત્તમજી આવું માને છે તેમ માનવું એ ખરેખર ઘણું જ ભૂલ ભરેલું છે. ભક્તિવર્દ્ધિનીમાં જે બન્ને વચ્ચે વિરોધાભાસ થાય છે તેનું કારણ મને તો એમ લાગે છે કે ઉત્તમ -મદયમ-જઘન્ય એમ ત્રણ પ્રકારના અધિકારીઓનું સ્થુલવર્ગીકરણ માત્ર વિચારાતું હોવાથી થાય છે પણ જો એને સૂક્ષ્મવર્ગીકરણથી વિચારવામાં આવે તો ઉત્તમ-ઉત્તમ, ઉત્તમ-મદયમ, ઉત્તમ-જઘન્ય, મદયમ-ઉત્તમ, મદયમ-મદયમ, મદયમ-જઘન્ય, જઘન્ય-ઉત્તમ, જઘન્ય-મદયમ, જઘન્ય-જઘન્યના નવ ભેદથી યા તેથી વધુ ભેદથી વિચારવામાં આવે તો જેઓ સર્વથા ઉત્તમ કે જેઓ શ્રીગોપીજનો યા શ્રીદામોદરદાસ હરસાનીજીની કક્ષાના છે તેમના માટે તો ભક્તિવૃદ્ધિના આ સાધનો છે જ નહિં અને

તેવાને અનુલક્ષીને આ બન્ને મહાનુભાવોએ વિવેચન કર્યું પણ નથી કારણકે આવાઓની ભક્તિ-પ્રેમનું યા નિરોધનું સાધન તો સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીપ્રભુ જ છે, આવા ભક્તોને માટે તો કાંઇ આયાસ અપેક્ષિત જ નથી અને તેથીજ તો આ ભક્તોને ઉત્તમાધિકારીમાં ગણ્યા છે. તેમના ઉત્તમાધિકારમાં અસાધારણ-વિશિષ્ઠતમ ભગવદનુગ્રહ જ કારણરૂપ છે. પરંતુ તેથી ઉતરતી કક્ષાના જે જીવો છે તેમના માટે તો માર્ગીય સાધનોની અપેક્ષા રહેજ છે. તેમાં પણ ઉત્તમ-મદયમ અધિકારી અને મદયમ-મધ્યમ અધિકારી વચ્ચે પણ કંઇક સાધનનો યા સાધનના પ્રકાર-સ્વરૂપનો ભેદ બતાવવો જરૂરી છે. તેમાં શ્રીગોકુળનાથજી જે અધિકારીને દષ્ટિ સામે રાખીને લખે છે અને શ્રીપુરુષોત્તમજી જે અધિકારીને દષ્ટિ સામે રાખીને લખે છે તેથી કરીને અભિપ્રાયોમાં જુદાપણું દેખાય છે પણ તેથી બન્ને મહાનુભાવોના મત એકબીજાથી વિરોધી છે તેમ તો નથી જ બનતું. આજ રીતે જન્મપ્રકરણમાં ભગવત્પ્રાદુર્ભાવ વિષયમાં કે પછી પરમફલ વિષયમાં શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજી વચ્ચે જે જુદાપણું પ્રતીત થાય છે તેને પણ ઊંડાણથી, ગંભીરતાથી અને સર્વપ્રકારે વિચારીને નિશ્ચય થવો જરૂરી છે. જો આ રીતે આપણે વિચારશું તો કદાચ સંભવ છે કે જૂદાપણું શેષ રહેશે નહિં. કેટલાક કહેતા હોય છે કે ભાઇ, અમે તો શ્રીપુરુષોત્તમજીવાદી છીએ. પરંતુ શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજી બન્નેના મતે તેઓ બન્ને શ્રીવલ્લભાર્ચાયજીના સિદ્ધાન્તવાદી-શ્રીમહાપ્રભુવાદી છે. અતઃ બીજાઓએ પણ બીજા-ત્રીજાવાદી બનવાનું છોડી શ્રીમહાપ્રભુવાદી બનીને જ વિચારવું અને વર્તવું જરૂરી બની રહે છે. શ્રીહરિરાયજીની સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ પરની કારિકા સ્વરૂપની ટીકા એ ખૂબજ સુન્દર-સ્વચ્છ અને એમાં વિષયોનું ખૂબ જ સારી રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું છે તેમજ કેટલાક અસ્પષ્ટ વિષયોને દાખલા-દલીલથી સારી રીતે સ્પષ્ટ સમજાવવામાં આવ્યા છે.

સાતમા અનુક્રમે શ્રીવિઠ્ઠલેશજીની **"વિવૃતિ"** નામની ટીકા છે. શ્રીતેલીવાલાએ સમ્પાદકની નોંધમાં લખ્યા મુજબ શક્ય છે

ત્યાં સુધી આ વિઠ્ઠલેશ્વરજી એ કાકા શ્રીવલ્લભજીના પિતૃચરણ શ્રીવિઠ્ઠલેશ્વરજીની ટીકા છે. તેમના જણાવ્યા મુજબ કોઇ પણ સંજોગોમાં આ શ્રીવિઠ્ઠલેશજી એટલે શ્રીગુસાંઇજી નથી જ. ટીકામાં ટીકાકારે પોતાની આગવી શૈલીમાં વિદ્વત્તાપૂર્ણ રીતે પોતાના સદર ગ્રન્થ વિષય સમ્બન્ધે ભાવો પ્રકટ કર્યા છે અને તે ઘણાં જ મનનીય છે.

આઠમા અનુક્રમે શ્રીપીતામ્બરાત્મજ દશદિગન્ત વિજયી લેખવાળા અને સમ્પ્રદાયમાં મૂર્ધન્ય વિદ્વાન શ્રીપુરુષોત્તમજીની **"સિદ્ધાન્તરહસ્ય વિવરણ"** નામે ટીકા છે. શ્રીપુરુષોત્તમજીનો પ્રાદુર્ભાવ ઘણાં જનોની માન્યતા પ્રમાણે ૧૭૧૪ માં થયો હતો. કેટલાક લોકોના મત મુજબ બીજી સંવતો પણ મનાય છે. શ્રીપુરુષોત્તમજીનું પુષ્ટિસમ્પ્રદાયમાં સ્થાન અદ્વિતીય છે એટલું જ નહિં પણ ચતુઃસમ્પ્રદાયમાં પણ જે કેટલાક ઉદ્ભટ વિદ્વાનો થઇ ગયા તે પંક્તિમાંજ શ્રીપુરુષોત્તમજીની પણ ગણના થાય છે. આજે ગુજરાતમાં ભરુચથી અમદાવાદ સુધીમાં પુષ્ટિમાર્ગ જોવા મળે છે તેમાં શ્રીપુરુષોત્તમજીનો ઘણો મહત્ત્વપૂર્ણ મોટો ફાળો રહેલો છે. તે સમયે ભરુચના પ્રકાંડ શાક્તવિદ્વાનોથી ગુજરાતનો આ પ્રદેશ અતિશય પ્રભાવિત હતો અને પોતે ભરુચની પાસે જ સુરતમાં બિરાજતા હોવાથી વખતોવખત તે લોકો સાથે શાસ્ત્રાર્થો યોજી તેમને પરાસ્ત કરી પ્રજામાં પુષ્ટિમાર્ગ માટે અહોભાવ તેઓશ્રી જન્માવી શક્યા હતા અને શાક્તોના પ્રભાવને નેસ્ત નાબૂદ કરી શક્યા હતા. અત્યારે જે સમ્પ્રદાયમાં આપશ્રીના ચિત્રજી જોવા મળે છે તે પણ ભરુચમાં શાક્તો સાથેના શાસ્ત્રાર્થ સમયનું છે. આપશ્રીની અતિ બાલ વયે જ શ્રીમહાપ્રભુજીએ આપશ્રીની દઢતા જોઇ પ્રસન્ન થઇ પ્રત્યક્ષ દર્શન આપ્યા હતા અને તેમના હૃદયમાં પોતાના -શ્રીમહાપ્રભુના ગ્રન્થોનું -સિદ્ધાન્તનું સ્વારસ્ય સ્થિર રહેશે તેવા આશીર્વાદ પ્રદાન કર્યા હતા. શ્રીમહાપ્રભુના અને શ્રીપ્રભુચરણના પ્રાયઃ ગ્રન્થો પર આપશ્રીનું ટીકા સાહિત્ય ઉપલબ્ધ થાય છે. આપશ્રીની નવલક્ષગ્રન્થ કર્તા તરીકેની સમ્પ્રદાયમાં ખ્યાતિ સુપ્રસિદ્ધ છે. તે સમયે આપશ્રીના કેટલાક

તેજોદ્વેષીઓ આપને વેદપશુ ના નામે આલેખતા હતા. મને લાગે છે ત્યાં સુધી તો શ્રીજીમાં હીરાજડિત મોજડી વાળો પ્રસંગ પણ આપશ્રીના તેજોદ્વેષીઓએ પોતાના ખિસામાંથી ઉપજાવી કાઢેલો હોય તેમ લાગે છે. આપશ્રીના અનેક ગ્રન્થો પૈકી અણુભાષ્ય ઉપરની ટીકા - પ્રકાશ, નિબન્ધ-પ્રકાશ ઉપરની -આવરણભંગ, સુબોધિની ઉપરની-પ્રકાશ, વિદ્વન્મંડન ઉપરની -સુવર્ણસૂત્ર તથા સ્વતંત્ર ગ્રન્થોમાં પ્રસ્થાન રત્નાકાર, પ્રહસ્તવાદ વિગેરે તથા ઉત્સવનિણર્ય પ્રતાન તથા તેમાં પણ જન્માષ્ટમી નિર્ણય, શ્રોણા દ્વાદશી નિણર્ય, વિજયાદશમી નિર્ણય, દીપાવલી નિર્ણય તથા એકાદશી નિર્ણય વિગેરે ગ્રન્થો આપશ્રીની પ્રકાંડ વિદ્વત્તાના પ્રમાણરૂપ છે. સમ્પ્રદાયમાં પ્રાયઃ સર્વ કોઇ વિદ્વાનો એમ સ્વીકારે છે કે શ્રીપ્રભુચરણે જો શ્રમ કર્યો ન હોતે તો શ્રીમહાપ્રભુની વાણી સમજવું દુર્ગમ હતું તો **"तदुक्तमपिदुर्बोधम्"** આ શ્રીપ્રભુચરણનું વાક્ય તેઓશ્રીની વાણી ને પણ પ્રાપ્ત થાય છે તેથી શ્રીપુરુષોત્તમજીએ જો પોતે આ મહાન શ્રમ કર્યો ન હોતે તો શ્રીમહાપ્રભુ અને શ્રીપ્રભુચરણના તાત્પર્યને તે પછીના (શ્રી પુરુષોત્તમજી પછીના) લોકો ગ્રહણ કરી શક્યા ન હોતે. શ્રીપુરુષોત્તમજીના ટીકા ગ્રન્થોમાં સચોટ શાસ્ત્રીય પ્રમાણો અને સચોટ દાખલા દલીલો સાથેનું ગજબનું ઊંડાણ જોવા મળે છે. શ્રીમહાપ્રભુ કે શ્રીપ્રભુચરણના વાકયોમાં કે ફકરામાં કે પ્રતિપાદિત વિષયમાં વ્યાકરણશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર, વેદાદિ શાસ્ત્રો વિગેરે સાથે વિરોધ પ્રતીત થતો હોય ત્યાં તેનો વિરોધ પરિહાર તેઓશ્રી ઘણી જ કુશલતા અને સચોટ પ્રમાણોથી કરે છે. એટલું જ નહિં પરન્તુ શ્રીમહાપ્રભુ અને શ્રીપ્રભુચરણના વાક્યો વિગેરેના વચમાં પણ જો ટૂંકી બુદ્ધિવશ આપણને વિરોધ પ્રતીત થાય તો તેનો પણ વિરોધ પરિહાર તેઓશ્રી અચૂક ટીકામાં કરે છે. ઉપરાંત પોતાનાથી પૂર્વના ટીકાકારોના ટીકાસાહિત્યમાં પરસ્પર યા તો તે ટીકાકારોએ કરેલા અર્થઘટન સાથે પોતે ટીકામાં કરેલા અર્થઘટન વચ્ચે જૂદાપણું લાગતું હોય તો તેવી બાબતોનો પણ શક્ય હોય ત્યાં સુધી તેઓશ્રી પરિહાર કરવું -સમાધાન કરવું ચુકતા નથી. તેઓશ્રી પોતાના ટીકા ગ્રન્થોમાં પોતાનાથી પ્રાચીનોના અભિમતનો પણ તેઓ પ્રાયઃ કરીને ઉલ્લેખ કરેછે તથા તેમના માટે તેઓ આદરપૂર્ણ શબ્દોનો પ્રયોગ કરે છે. તેવી જ રીતે આકર ગ્રન્થોમાં પણ તેઓશ્રી પ્રાયઃ સામે રહેલા જુદા-જુદા મતોનો ઉપન્યાસ કરીને તેમના નિરસનપૂર્વક માર્ગીય - વાલ્લભસિદ્ધાન્તનું તેઓશ્રી નિપુણતાથી પ્રતિપાદન કરે છે. તેની સાથે સાથે આપશ્રીની લેખન શૈલીમાં એક એ વિશેષતા પણ જોવા મળે છે કે બીજા મતોનો ઉપન્યાસ કરતી વખતે કારણ વિનાનો ઉશ્કેરાટ કે વિરોધી માનસ રાખ્યા વિના જેટલા અંશમાં જરૂરી હોય તેટલા અંશમાં મતોનું તેઓશ્રી નિરસન કરે છે પણ કારણ વિનાની ખેંચતાણ કરતા નથી. જેમ આપશ્રીના પૂર્વ જ શ્રીવ્રજરાજજી વિવેકધૈર્યાશ્રયની પોતાની ટીકામાં એક સ્થળે શ્રીમધુસૂદનજી સરસ્વતીની ગીતાની શરણાદેશશ્લોક પરની ટીકામાં લખેલી કારિકા **"तस्यैवाहम्"** ને ટાંકીને તેઓશ્રી લખે છે "આ વાતને માયાવાદી પ્રકારે નહિં પણ જો ભક્તિમાર્ગીય પ્રકારથી લેવામાં આવે તો આ વાત સાથે અમને વિરોધ નથી, તે અમને સ્વીકાર્ય છે." આકર ગ્રન્થોના ટીકાસાહિત્યમાં બીજાઓની ટીકામાં ઘણું કરીને પ્રધાનમલ્લ તરીકે માયાવાદીઓને માનીને તેમના મતના ખંડન પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે જયારે શ્રીપુરુષોત્તમજીના ટીકા ગ્રન્થોમાં માયાવાદીઓને પ્રધાનમલ્લ ગણી તેમના મતનું ખંડન કરવાની સાથે સાથે સાંખ્ય-વૈશેષિક વિગેરે ઉપરાંત શ્રીરામાનુજ, શ્રીમદ્વ વિગેરે વૈષ્ણવસમ્પ્રદાયના મતો સાથે આવતા મતભેદમાં પણ તે મતોના નિરસન પૂર્વક સ્વમત સ્થાપન કુશલતાથી કરે છે. આજ શૈલી પ્રાયઃ કરીને શ્રીમહાપ્રભુ તથા શ્રીપ્રભુચરણની પણ રહી છે. વાલ્લભેતર અન્યમતોની વ્યસ્થિત જાણકારીનો અભાવ અને સ્વ-વાલ્લભમતનો ઊંડાણથી -સમ્પૂર્ણ અદયયનનો અભાવ એના કારણે કેટલીકવાર કેટલાકોના લેખન-વકતવ્યમાં શ્રીમહાપ્રભુના નામ પર રામાનુજાદિના મતોનું પ્રતિપાદન થતું જોવામાં આવે છે કે જયાં શ્રીઆચાર્યચરણે કંઇક અલગ જ પ્રતિપાદન કરેલું હોય. આવા સર્વદેશી અદયયન કરેલા નિષ્ણાત અને ઉદ્‌ભટ સામ્પ્રદાયિક તત્ત્વચિન્તક વિદ્વાનોની પંક્તિમાં આ સદીમાં

પ્રાદુર્ભૂત થયેલા વિદ્વાન આચાર્યોમાં નિ.લી.ગો.શ્રી દીક્ષિતજી મહારાજ (મોટા મંદિર -મુંબઇ) નું નામ સર્વથા ઉપયુક્ત છે. તેમના જ પગલે આપશ્રીના જયેષ્ઠ પુત્ર ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજ પણ આજે વિદ્યમાન વલ્લભ વંશજોમાં મોખરે છે.

શ્રીપુરુષોત્તમજીના ટીકાસાહિત્યમાં તેઓશ્રી ઘણું કરીને મૂલગ્રન્થોમાં પ્રતિપાદન વિષયની સૂત્ર, ગીતા,ભાગવત, ઉપનિષદાદિ શાસ્ત્રો સાથે સંગતિ કરવાનું વધુ પસંદ કરે છે અને તેથી જ આપશ્રીના ટીકાસાહિત્યમાં આ બધા શાસ્ત્રોના ઉદ્ધરણો વિપુલમાત્રામાં જોવા મળે છે. કેટલાક સ્થળોએ તો આપશ્રી એવા પ્રમાણો અને વિષયોને શોધી નોંધે છે કે જેની આપણે કલ્પના પણ ન કરી શકીએ. આ શૈલી ષોડશગ્રન્થાદિ પ્રકીર્ણ ગ્રન્થો ઉપરની આપશ્રીની ટીકાઓમાં પણ સ્પષ્ટ જોઇ શકાય છે. શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના ગ્રન્થોમાં કેટલાક વિશિષ્ટ કારણોસર તેઓશ્રી જ્યાં સ્પષ્ટ અભિમત દર્શાવવામાં મુશ્કેલી અનુભવે છે અથવા તો જે કોઇ પણ જે પણ માનતા હોય, ત્યાં તેઓશ્રી **“ग्रन्थस्य दुरूहत्वात्”** એમ જણાવી કંઇ પણ અભિમત પ્રકટ કરતા નથી પરંતુ અસ્પષ્ટ-ગોળગોળ લખવું એ આપની શૈલી નથી, સ્પષ્ટ, સ્વચ્છ અને વિશ્લેષણપૂર્વક લખવું એ જ આપશ્રીની લેખન પદ્ધતિ રહી છે. અતિશય અનિવાર્ય આવશ્યકતા ઉત્પન્ન થતાં કેટલીક વખત તેઓશ્રી સાહસપૂર્વક મર્યાદાનું અતિક્રમણ કરીને પણ વિષયની સ્પષ્ટતા દર્શાવે છે, જેમકે આજ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થની ટીકામાં ગોપ્ય એવા ગદ્યમંત્રનો ઉલ્લેખ કરી મંત્રસ્થ શબ્દોનાં અર્થ પ્રકટ કર્યા છે અને તેઓ નિખાલસતાથી ત્યાં સ્વીકારે પણ છે આ મારાથી સમ્પ્રદાયરહસ્ય પ્રકાશન કરવાનો અપરાધ થઇ રહ્યો છે પરંતુ સમ્પ્રદાયના હિતને સામે રાખી કરી રહ્યો છું તેથી શ્રીમહાપ્રભુ-શ્રીકૃષ્ણપ્રભુ મને ક્ષમા આપો. શ્રીપુરુષોત્તમજીની બાબતમાં હજુ તો ઘણું બધું પાનાઓ ભરીને લખી શકાય તેમ છે પણ અત્ર વધુ વિસ્તાર થઇ જવાના ભયથી અહીં વિશેષ લખવામાં આવતું નથી.

નવમા ક્રમે પ્રકાશિત ટીકા **“વિવૃતિ”** નામે શ્રી ગિરિધરજીની છે ટીકા સુંદર ભાવોને પ્રકાશિત કરનારી અને વિદ્વત્તાપૂર્ણ મધુરભાષામાં લખાયેલી છે.

દશમા અનુક્રમે પ્રકાશિત ટીકા **“સિદ્ધાન્તરહસ્ય ટીકા”** નામે શ્રીલાલુભટ્ટજીના ઉપનામે પ્રસિદ્ધ બાગરોદી શ્રી બાલકૃષ્ણ ભટ્ટજીની લખેલી છે. શ્રીલાલુભટ્ટજી પ્રાયઃ કરીને શ્રીપુરુષોત્તમજીના સમકાલીન હતા. શ્રીવલ્લભવંશજોના સમ્બન્ધમાં સગપણમાં રહેલા એવા કેટલાક ભટ્ટો કે જેમણે આ સમ્પ્રદાયની અને શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તની-સાહિત્યની નિષ્ઠાપૂર્વક સેવા કરી છે અને જેઓ પોતે ઉદ્‌ભટ વિદ્વાન-પંડિત હતા અને જેઓને શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ અને તેમના સમ્પ્રદાયમાં અનન્ય આસ્થા હતી તેવા ભટ્ટો પૈકી શ્રીલાલુભટ્ટજીનું નામ મોખરે મૂકી શકાય છે. આજ પરમ્પરામાં ભટ્ટ શ્રીગટ્ટુલાલાજી તથા ભટ્ટ શ્રીબલભદ્ર શર્માના નામો પણ મૂકી શકાય છે. શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના ગ્રન્થો ઉપર ટીકા સ્વરૂપમાં તેમજ સ્વતંત્ર લેખન સ્વરૂપમાં તેમજ પ્રકીર્ણ લેખો વિગેરે મળીને શ્રીલાલુભટ્ટજીનું વિપુલ સાહિત્ય ઉપલબ્ધ થાય છે અને જો સામ્પ્રદાયિક તથા બીજા બહારના પ્રાચીન ગ્રન્થાગારોમાં તથા વ્યક્તિગત ગૃહોમાં જો શોધવામાં આવે તો હજુ પણ બીજું ઘણું તેઓશ્રીનું સાહિત્ય ઉપલબ્ધ થઇ શકે તેમ છે જેમ કે થોડા વખત પહેલાં હું કાશી ગયો હતો ત્યારે ત્યાં વિશ્વવિદ્યાલયના ગ્રન્થાગારમાં પુસ્તકો શોધતાં અત્યાર સુધી અપ્રાપ્ય એવી શ્રીલાલુભટ્ટજી લિખિત શ્રીયુગલગીત યોજનાની હસ્તપ્રત મારા જોવામાં આવી હતી. તેવી જ રીતે જે અત્યાર સુધી અપ્રકાશિત છે તેવી ભાગવત તૃતીયસ્કન્ધના અધ્યાય ૨-૩-૪-૫ ઉપરની ખૂબ જ સુન્દર લખેલી શ્રીલાલુભટ્ટજીની ટીકા કે જે તેમનાં જ હસ્તાક્ષરમાં અમારે ત્યાં વિદ્યમાન છે કે જેને પ્રકાશનાર્થ એની ઝેરોક્ષ કોપી ગો. શ્રીશ્યામમનોહરજીને મેં સોંપી છે અને જયારે તૃતીયસ્કન્ધ સુબોધિનીનું પ્રકાશનકાર્ય તેઓશ્રી હાથમાં લેશે ત્યારે તેમાં પ્રકાશિત થશે તે પણ અત્યાર સુધી અન્યો માટે તો અનુપલબ્ધ જ છે.

શ્રીલાલુભટ્ટજી સ્વયં ખૂબ જ વિદ્વાન હોઇને પણ તેમની લેખનશૈલી એટલી બધી સરળ અને સુગમ્ય છે કે જેથી પ્રતિપાદન કરાયેલા વિષયનું સ્વારસ્ય ગ્રહણ કરવામાં ઘણી જ સુગમતા થઇ પડે છે. જે વિદ્વાન નથી અથવા તો જેઓ પ્રાથમિક કક્ષાના છે તેવાઓ માટે પણ શ્રીલાલુભટ્ટજીનું સાહિત્ય પરમ ઉપકાર સાધનારું છે. તેમના દ્વારા લખાયેલો પ્રમેયરત્નાર્ણવ ગ્રન્થ તો આજે જે કોઇ પણ જિજ્ઞાસાપૂર્વક સમ્પ્રદાય-સિદ્ધાન્તોનું અધ્યયન કરવા ઉત્સાહી છે તે બધા જ આ ગ્રન્થનું અવશ્ય અધ્યયન કરે છે. વૈદુષ્યપૂર્ણ રીતે લખાયેલા રહસ્ય સભર વિષયોને પણ અતિશય સરળતાથી પ્રસ્તુત કરવામાં શ્રીલાલુભટ્ટજીનું અજબ ગજબનું કૌશલ્ય જોવા મળે છે કે કોઇ પણ પ્રતિપાદિત વિષયનું ખૂબ જ સારી રીતે વિશ્લેષણ કરીને બોન્બાસ્ટિક શબ્દોનો કે પછી અતિશય અલંકારિક ભાષાનો પ્રયોગ નહિં કરીને વ્યવહારમાં પ્રચલિત શબ્દોમાં જ તેઓ વિષયને સ્પષ્ટતયા પ્રસ્તુત કરવાનો આગ્રહ રાખે છે જે તેમનાં પ્રકીર્ણ લેખો તથા ટીકા સાહિત્યમાંથી અનુભવી - જાણી શકાય છે.

અગિયારમાં ક્રમે - છેલ્લે પ્રકાશિત **"સિદ્ધાન્ત રહસ્યસંવાદ-વિવૃતિ"** નામની ટીકા શ્રીશાચાર્યમતાનુવર્તી ના નામે આપવામાં આવી છે. આ ટીકાકાર મંગલાચરણમાં ટીકાનું નામ **"ભક્તિસિદ્ધાન્ત-રહસ્ય-વિવૃતિ"** લખે છે. ટીકા લઘુ આકારની હોઇને પણ ઉત્તમ ભાવોથી પરિપૂર્ણ છે. યદ્યપિ શ્રીતેલીવાલા સમ્પાદક નોંધમાં લખે છે કે આ ટીકાકાર કોણ અને તેમનું શું નામ તે જાણવામાં આવતું નથી પરંતુ ઇ.સ.૧૯૯૮ના જાન્યુઆરી માસમાં યાત્રાર્થ ચમ્પારણ્ય થઇને હું શ્રીજગદીશ ગયો હતો ત્યારે ત્રણચાર દિવસ સતત રોજ ભુવનેશ્વરના પ્રાચીન પુસ્તકાલયની મુલાકાતે-સંશોધનાર્થ જતો હતો. ત્યારે ત્યાંના એક પુસ્તકોના સૂચિપત્ર પર મારી દષ્ટિ ગઇ અને તેમાં **"इति श्रीशाचार्यवर्य्यवल्लभमतानुवर्त्तिना श्रीगोस्वामि रघुनाथात्मजदेवकीनन्दने(न) विरचितो भगवदाचार्य्यचारु-चिन्तामणिः समाप्तः"** એમ વાંચવામાં આવ્યું અને તેમાં શ્રીવલ્લભાચાર્ય

ચરિતના કેટલાક શ્લોકો નમૂનાના રૂપમાં ઉદ્ધૃત કરવામાં આવ્યા હતા. આમાં સંવત (૧૯૨૬-૧૯૩૪) લખવામાં આવી છે. આ પત્રની ઝેરોક્ષ કોપી તે વખતે હું લેતો આવ્યો હતો જે આ પ્રકાશનમાં પરિશિષ્ટથી પ્રકાશિત કરવામાં આવ્યું છે. જો કે આટલા માત્રથી પંચમ લાલજી શ્રીરઘુનાથજીના લાલજી શ્રીદેવકીનંદનજી એ જ અહીં શ્રીશાચાર્ય-મતાનુવર્તી નામે પ્રસિદ્ધ છે એમ કહેવું તો ઉતાવળ ભર્યું છે તેમ છતાં પણ ભુવનેશ્વરગ્રન્થાગારમાં જોવા મળેલા પત્રમાં જણાવ્યા મુજબ શ્રી એટલે શ્રીસ્વામિનીજી, તેમના ઇશ એટલે સ્વામિ-પતિ શ્રીકૃષ્ણ, તેમના (ઉભયના) સ્વરૂપ શ્રીવલ્લભ તે શ્રીશાચાર્ય તેમના મતના અનુવર્તી એવું અર્થઘટન થાય છે. તેમ છતાં પણ જે પણ હોય પણ શ્રીશાચાર્યમતાનુવર્તી કોણ ? એના સંશોધનમાં અમે અત્ર લખેલી અને પરિશિષ્ટ દ્વારા પ્રકાશિત વિગતને સમ્પ્રદાયના વિદ્વાનોએ અવશ્ય લક્ષ્યમાં લેવી જોઇએ. શ્રીદેવકીનંદનજીનું વૈદુષ્ય સમ્પ્રદાયમાં પ્રસિદ્ધ છે.

પ્રકરણ-૪

ગદ્યમંત્ર-બ્રહ્મસમ્બન્ધમંત્ર ઉપરનું ટીકા સાહિત્યઃ-

સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થ ઉપરના ટીકાસાહિત્યની જયારે અહીં વિચારણા કરવામાં આવી છે ત્યારે જે થકી આ ગ્રન્થનો પ્રાદુર્ભાવ છે અને જે પછીના કર્તવ્યને આ ગ્રન્થ બોધે છે તે ગદ્યમંત્ર ઉપરના ટીકાસાહિત્યને પણ અત્ર વિચારવું એ પ્રાસંગિક જ રહેશે.

ગદ્યમંત્ર ઉપર કુલ પાંચ ટીકાઓનો સંગ્રહ છુટ્ટા પાનાના આકારમાં પુસ્તક રૂપે શ્રીવલ્લભાબ્દ-૪૪૦, વિ.સં.૧૯૭૪માં સુરતવાળા ગો.શ્રીગિરિધરલાલજીની પ્રેરણાથી તેઓશ્રીના સેવક પેટલાદી રણછોડદાસ વરજીવનદાસ શ્રોફ (મુંબઇ) એમણે શ્રીમૂલચન્દ્રતેલીવાલાના પ્રયાસથી મેળવાયેલી અને તેમના દ્વારા જ સંશોધન કરાયેલી આ ટીકા-પ્રતોને સરસ્વતી મુદ્રણાલયમાં છપાવીને પ્રકાશિત કરી હતી. ત્યારબાદ આનું પુનઃપ્રકાશન થયું નથી. ટાઇપ અક્ષરો મોટા અને સુવાચ્ય છે તથા સારી રીતે પ્રૂફ તપાસી શુદ્ધ કરાયેલ છે. આ પ્રકાશિત ટીકાઓ આ મુજબ છેઃ-

રચયિતાનું નામ	ટીકાનું નામ
(૧) ચતુર્થલાલજી શ્રીગોકુળનાથજી -	સમર્પણ ગદ્યાર્થ
(૨)શ્રીવલ્લભજી -	સમપર્ણ ગદ્યાર્થ
(૩)શ્રી હરિરાયચરણ-	સમર્પણમંત્ર વિવરણ
(૪)શ્રીવ્રજાભરણદીક્ષિતજી-	ગદ્યાર્થ
(૫)શ્રીગિરિધરજી-	ગદ્યાર્થ વ્યાખ્યા

આ ઉપરાન્ત સિદ્ધાન્તરહસ્યની ટીકામાં પ્રથમ શ્લોકના વ્યાખ્યાનમાં શ્રીપુરુષોત્તમજીએ ગદ્યમંત્રના કેટલાક વાકયોને ગ્રહણ કરીને તેનું વ્યાખ્યાન કર્યું છે તથા **નિવેદન વિચાર** શીર્ષકથી સ્વતંત્ર લેખમાં ગદ્યમંત્ર તથા દીક્ષા સંબન્ધી કેટલીક જરૂરી બાબતોની ચર્ચા શ્રીલાલુભટ્ટજીએ કરી છે. આ ઉપરાન્ત **આત્મનિવેદન અથવા બ્રહ્મસમ્બન્ધ** શીર્ષકથી ગુજરાતી ભાષામાં પ્રકાશિત અને ગો.વા. શાસ્ત્રીજી ચીમનલાલજી દ્વારા અમારા પિતામહચરણ નિ.લી.ગો.શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત) ની આજ્ઞાથી લખાયેલી અને સુરત - મોટામંદિરથી ઇ.સ. ૧૯૫૩ માં પ્રકાશિત આ પુસ્તિકા કદમાં નાની માત્ર ૨૦ પૃષ્ઠ ની હોઇને પણ આમાં ઘણી સરલ ભાષા અને શૈલીમાં સર્વગમ્ય રીતે લખાયેલી છે અને આમાં ગદ્યમંત્ર ઉપર વિવેચન ઉપરાંત બ્રહ્મસંબન્ધના આનુષંગિક કેલાક પ્રશ્નોની છણાવટ કરવામાં આવી છે. આ ઉપરાંત ઇ.સ.૧૯૬૫માં જયપુર ખાતે અમારા વકતવ્યના (અસ્પર્શ્યમાં સ્નાન કરી સહુની - વૈષ્ણવોની ઉપસ્થિતિમાં ગદ્યમંત્ર ટીકા-પ્રવચન રૂપમાં વકતવ્યના) સંગ્રહ રૂપે ગુજરાતી ભાષામાં પ્રકાશિત અને શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા **"બ્રહ્મસંબન્ધ અથવા આત્મનિવેદન"** શીર્ષકથી પ્રકાશિત પુસ્તિકા અતિ સરળ શૈલીમાં સર્વ ગમ્ય -સહુ કોઇ એકદમ સરળતાથી વિષયને સમજી શકે તેવી છે. આમાં ગદ્યમંત્રને રૂપક સાથે ઘટાવીને ભાવાર્થ ચર્ચવામાં આવ્યો છે. આનો અંગ્રેજીમાં અનુવાદ પણ પ્રકાશિત થઇ ચુકયો છે. તદુપરાંત અમારા દ્વારા લખાયેલી અને શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા હિન્દી ભાષામાં પ્રકાશિત "**ब्रह्मसम्बन्ध**"શીર્ષક વાળી પુસ્તિકા ઇ.સ. ૧૯૯૪ માં પ્રકાશિત થઇ હતી. આમાં બ્રહ્મસંબન્ધ અને બ્રહ્મસમ્બન્ધ દીક્ષાને લઇને કુલ છ પ્રશ્નો અને તેના ઉત્તરમાં લખાયેલી આ પુસ્તિકા છે.

ગદ્યમંત્ર ઉપરની પૂર્વમાં જણાવેલ પાંચ પ્રકાશિત ટીકાઓ પૈકી પ્રથમ અનુક્રમે પ્રકાશિત ટીકા ચતુર્થલાલજી શ્રીગોકુલનાથજી કૃત **"સમર્પણ ગદ્યાર્થ"** નામની છે. બીજા બધાની ટીકા કરતાં આ ટીકામાં મુખ્ય ભેદ એટલો છે કે શ્રીગોકુળનાથજી મંત્રમાં શ્રીગોપીજનવલ્લભ પદ ગ્રહણ કરે છે જયારે દ્વિતીય ટીકાકાર શ્રીવલ્લભજીની ટીકામાં આ પદ તેઓ ગ્રહણ કરે છે કે નથી કરતા તે

સંદિગ્ધ છે. તૃતીય ટીકાકાર શ્રીહરિરાયજી શ્રીગોપીજનવલ્લભ પદને ગ્રહણ નથી કરતા. તેવી જ રીતે ચતુર્થ ટીકાકાર શ્રીવ્રજાભરણજી દીક્ષિત પણ આ પદ ગ્રહણ નથી કરતા અને પાંચમા ટીકાકાર શ્રીગિરિધરજી કે જેમની ટીકા વ્રજભાષામાં લખાઇ છે તેઓ પણ આ પદ ગ્રહણ નથી કરતા. અત્ર એક વાત નોંધવી યોગ્ય લેખાશે કે અમારા સુરતના ગૃહની પરમ્પરામાં ગદ્યમંત્રમાં શ્રીગોપીજનવલ્લભ પદ ગ્રહણ કરીને જ દીક્ષા-શ્રીપ્રભુના ચરણોમાં તુલસી સમર્પણ વિગેરે કાર્યો સમ્પન્ન થાય છે. આ પરમ્પરા અમારા ઘરમાં ક્યારથી સ્વીકૃત છે, શ્રીવ્રજરાયજી મહારાજના સમયથી, શ્રીપુરુષોત્તમજીના સમયથી કે પછી ત્યાર પછીથી દાખલ થઇ છે તેની સ્પષ્ટ જાણકારી આજે થઇ શકે તેમ નથી. તેમ છતાં પણ જેમ સુરતના ગૃહમાં સેવા પ્રકારમાં શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઇજીના ઉત્સવવત્ શ્રીગોપીનાથજીના ઉત્સવનો પણ કેશરસ્નાન, તિલક, જોડ-કુલ્હેના ભારી શ્રૃંગાર, ઉત્સવની સખડી વિગેરે પ્રકારોનો શ્રીપુરુષોત્તમજીએ આરંભ કરાવ્યો અને ત્યારથી આજ સુધી તેજ ક્રમે - પ્રકારે સેવા થાય છે તેમ કદાચ સંભવ છે કે આ પદ ગ્રહણ કરવાનો પ્રકાર પણ પ્રથમ શ્રીપુરુષોત્તમજી દ્વારા સ્વીકૃત કરવામાં આવ્યો હશે. તેમ છતાં પણ ભગવદુકત ગદ્યમંત્રમાં આવો ભેદ કેમ કરીને ઉત્પન્ન થયો અને મૂલગદ્યમંત્રમાં શું સ્થિતિ તે જાણી શકવું કઠીન છે. શ્રીગોકુલનાથજીની આ ટીકા ગુજરાતી અનુવાદ સહ શ્રીગોકુલેશવાક્સુધા માં પ્રકાશિત થઇ ચુકી છે. બીજી ચાર ટીકોઓને જોતાં શ્રીગોકુળનાથજીએ આ ટીકામાં જે ભાવાર્થ ગ્રહણ કર્યો છે તેનાં જ આધાર પર બીજી ચાર ટીકાઓનો પણ પ્રતિપાદ્ય અને વિસ્તારપૂર્વક કહેવાનો વિષય રહ્યો છે એમ લાગે છે.

બીજા અનુક્રમે પ્રકાશિત ટીકા **“સમર્પણ ગદ્યાર્થ”** નામની શ્રીવલ્લભજી દ્વારા લખાયેલી છે. આ પુસ્તિકાના સમ્પાદક ટીકાના અંતે પોતાની નોંધમાં નોંધે છે કે આ કયા શ્રીવલ્લભ એ નક્કી થઇ શકતું નથી. આ ટીકાના અંતે “**भावितं श्रीवल्लभेन । इति श्रीवल्लभाग्निदेवनामधेयकृतिमता निवेदितं गद्यार्थनिरूपणम्**” એમ

લખવામાં આવ્યું છે. આ સ્થળે ચિહ્ન આપી સમ્પાદક નીચે નોંધે છે કે - “**इतः परमत्र मुद्रितमन्यन्नूतनपुस्तके नोपलभ्यते । परन्तु तत्स्थाने एतल्लभ्यते । “इति श्रीशाचार्यपदवर्य भक्तिमता । तत्समर्पणगद्यार्थो विवृतोऽयं यथामति” इति ॥ अनेन किं द्योत्यते, अस्य च विवरणस्य प्राचीनप्रतानुसारेण प्रणेतारः श्रीगोकुलनाथा वा, श्रीवल्लभा लेखकृत्तो वा, नव पुस्तकानुसारेण सेवाफल रीत्या अस्य कर्ता लक्ष्मणभट्टो वा तन्निश्चेतुं नैव शक्नुमः ।**” આ ટીકા લઘુ આકારની સંસ્કૃતમાં લખાયેલી છે.

ત્રીજા અનુક્રમે પ્રકાશિત ટીકા **“સમર્પણ મંત્ર વિવરણ ”** શીર્ષક વાળી શ્રીહરિરાયચરણ દ્વારા લખાયેલી છે. આ ટીકા પણ લઘુ આકારની છે અને આમાં અડધા ભાગમાં મંત્ર વિવરણ કરીને બાકીના અડધા ભાગથી જપ સમયમાં પુષ્ટિમાર્ગીય ધ્યાન પ્રકારનું અને તેમાં ધ્યાન સહિત - તદનંતર પંચાક્ષર - અષ્ટાક્ષર જપની વાત કહેવામાં આવી છે.

ચોથા અનુક્રમે પ્રકાશિત ટીકા **“ગદ્યાર્થ”** નામની શ્રીવ્રજાભરણજી દીક્ષિતની છે. આ ટીકા પૂર્વની ત્રણ ટીકાઓથી વધુ વિસ્તૃત છે અને લેખનમાં પણ અનેક પ્રમાણો સહિત સુન્દર રીતે ગદ્યના વિવિધ ભાવો પર વિદ્વત્તાપૂર્ણ રીતે વિચારણા કરવામાં આવી છે.

પાંચમા અનુક્રમે પ્રકાશિત ટીકા વ્રજભાષામાં લખાયેલી છે અને **“ગદ્યાર્થ”** નામે શ્રીગિરિધરજી દ્વારા લખાયેલી છે. ટીકા ભાષામાં લખાયેલી હોવાથી સાધારણ વૈષ્ણવોને માટે પણ ઉપયોગી થઇ શકે છે. ટીકામાં પ્રથમ શબ્દાર્થ ત્યારબાદ સમુદાય અર્થ અને ત્યારબાદ ભાવાર્થ રૂપે વિવેચન છે. આ ટીકા પણ લઘુ આકારની છે.

પ્રકરણ - ૫

પુષ્ટિમાર્ગીય વિવિધ સાહિત્યમાં ઉલ્લિખિત ગદ્યમંત્રપ્રાદુર્ભાવ પ્રસંગનો ઈતિહાસ :-

પોતાના સમક્ષ સાક્ષાત્ ભગવત્ પ્રાદુર્ભાવનો અને ભગવન્મુખે ગદ્યમંત્રપ્રાદુર્ભાવના પ્રસંગનો સર્વ પ્રથમ ઉલ્લેખ તો શ્રીમહાપ્રભુ સ્વયં સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થના આરંભે કરે છે કે :-

श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥
ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः ।
सर्वदोषनिवृत्तिः

અર્થાત્ શ્રાવણમાસના શુકલ પક્ષની એકાદશીમાં મહારાત્રિએ સાક્ષાત્ ભગવાને (પ્રકટ થઇને) જે કહ્યું તે અક્ષરશઃ અહીં -આ ગ્રન્થમાં કહેવામાં આવે છે. બ્રહ્મસંબન્ધ કરવાથી સમ્બન્ધ થનાર સર્વ કોઇ દૈવી જીવ માત્રના દેહ તથા જીવ સમ્બન્ધે રહેલા સર્વ દોષો નિવૃત્ત થશે.

ચતુર્થલાલજી શ્રીગોકુળનાથજી સિદ્ધાન્તરહસ્યની ટીકાના આરંભે ઉત્થાનિકામાં આ પ્રસંગનો ઇતિહાસ જણાવે છે કે :-

“अथ यदैव श्रीगोकुलस्वामी स्वमनोभिलषितप्रकारक-शुद्धपुष्टिभक्तिमार्गं प्रकटयितुं मनः कृतवान्, तदैव स्वमुखारविन्द-रूपाचार्याणामेव तत्प्रकटनसामर्थ्यं ज्ञात्वा भुवि प्राकट्यार्थमाज्ञां दत्तवान्, तदाचार्या अपि भगवदभिप्रायं ज्ञात्वा तद्दत्ताज्ञाप्रकारेणैव स्वप्राक्ट्यं विधाय भगवदभिमतप्रकारकं भक्तिमार्गं प्रकटितवन्तः । तत्र स्वमार्गीयभक्तिस्वरूपं स्वमार्गसेव्यस्वरूपं स्वमार्गीयसेवाप्रकारं

च मार्गान्तरीयभजनसाङ्कर्याभावार्थं वैलक्षण्येन प्रमाणपूर्वकं निरूपितवन्तः । अन्येपि तत्तच्छास्त्रोक्ता धर्मा विवेकादयश्चतुष्टयपुरुषार्थरूपास्त्यागादयश्च तत्तन्मार्गीयाः सन्ति। तेषां स्वप्रकटितपुष्टिमार्गविवेकादीनां च सन्देहाभावार्थं भिन्नत्वेन निरूपणं कृतवन्तः । तथापि यथा पूजामार्गे पूजार्थं तन्मार्गोक्तप्रकारेण सम्भावितदोषनिवृत्तिपूर्वकं पूजाकरणं निरूपितम्, तथा स्वप्रकटितमार्गेपि सर्वदोषनिवृत्तिपूर्वकं सेवाप्रकारो न विचारित इति चिन्तया तद्विचारपरानाचार्यान् दृष्ट्वा स्वयं श्रीगोकुलेश आनन्दमात्रकरपादमुखोदरादिरूपेण प्रकटी भूय स्वसेवाप्रतिबन्धकदोषनिवृत्तिप्रकारकमसाधारणं कारणं तथोपदिष्टवान्, यथाग्रेपि सेवायां यावज्जीवं दोषप्रवेशो न भवति । आचार्यास्तु भगवदुपदिष्टं स्वहृद्याधाय स्वकीयानपि ज्ञापयितुं भगवदुपदिष्टं यथा सौकर्येण बोधो भवति, तदर्थं पद्यबन्धेन तत्र यस्मिन्मासे यस्मिन्पक्षे यस्यां तिथौ यस्मिन्समये तज्ज्ञापनपूर्वकं वक्तुं प्रतिजानते श्रावणस्यामले पक्ष इति ।”

અર્થાત્ :- જયારે શ્રીગોકુલાધીશ પ્રભુ શ્રીકૃષ્ણે પોતાના મનમાં ઇચ્છેલા પ્રકારનો શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ પ્રકટ કરવાનું મન કર્યું ત્યારે જ પોતાના (શ્રીકૃષ્ણના) મુખારવિન્દ સ્વરૂપ એવા શ્રીવલ્લભાચાર્યજીનું જ આ માર્ગ પ્રકટ કરવામાં સામર્થ્ય છે તેમ જાણીને - વિચારીને શ્રીમહાપ્રભુને ભૂતલ પર પ્રકટ થવાની આજ્ઞા કરી, ત્યારે શ્રી વલ્લભાચાર્યજીએ પણ ભગવાનના અભિપ્રાયને જાણીને ભગવાને કરેલી આજ્ઞા પ્રમાણે જ ભૂતલ પર પોતે પ્રકટ થઇને ભગવાનને જેવો અભિમત છે તેવા પ્રકારનો (શુદ્ધ પુષ્ટિ) ભક્તિમાર્ગ તેઓશ્રીએ પ્રકટ કર્યો. તેમજ તે ભક્તિમાર્ગ પ્રકટ કરીને સ્વમાર્ગની ભક્તિનું સ્વરૂપ, સ્વમાર્ગમાં સેવ્ય સ્વરૂપ અને સ્વમાર્ગમાં માન્ય એવી સેવાનો પ્રકાર બીજા માર્ગોમાં કહેવાયેલા ભજન પ્રકારથી ભેળસેળ વિનાના અને જુદા જ છે તેમ જણાવવા બીજા માર્ગોથી પોતે પ્રકટ કરેલા માર્ગની ભક્તિ,

સેવ્ય સ્વરૂપ અને સેવા પ્રકાર જુદા જ પ્રકારનો - જુદાજ લક્ષણોવાળો છે તેમ પ્રમાણ પૂર્વક તેઓશ્રીએ નિરૂપણ કર્યું. બીજા પણ તે તે શાસ્ત્રોમાં (જ્ઞાન -કર્મ-સાંખ્ય વિગેરેમાં) ધર્મો તેમજ વિવેક વિગેરે ચાર પુરુષાર્થરૂપ અને ત્યાગ વિગેરે તે તે માર્ગને અનુકુળ કહવાયેલા છે તે ધર્મો, વિવેકાદિ,ત્યાગાદિ શ્રીમહાપ્રભુપ્રકટિત પુષ્ટિભક્તિમાર્ગમાં પણ સ્વીકાર્ય છે યા તેથી અલગ છે તેવો સન્દેહ ઉત્પન્ન થાય નહિં તેથી તે માર્ગોથી જુદા જ પ્રકારે સ્વમાર્ગીય ધર્મ, વિવેકાદિ, ત્યાગાદિ નું તેઓશ્રીએ નિરૂપણ કર્યું. તેમ છતાં પણ જેમ પૂજામાર્ગમાં પૂજાને અર્થે પૂજામાર્ગમાં કહેવાયેલા પ્રકાર વડે સંભાવિત દોષોની નિવૃત્તિ પૂર્વક પૂજા કરવાનું નિરૂપણ (પૂજામાર્ગ શાસ્ત્રમાં) થયેલું છે, તેમ શ્રીમહાપ્રભુએ પ્રકટ કરેલા આ માર્ગમાં પણ (સેવા બાધકપણાએ રહેલા એવા) સર્વદોષોની નિવૃત્તિ પૂર્વકનો સેવા પ્રકાર જે જણાવવો જરૂરી છે તે વિચારી શકાયો -કહી શકાયો નથી (તે દોષ નિવૃત્તિ કેવી રીતે કયા પ્રકારે શકય છે તેની) ચિન્તા વડે તે દોષ નિવૃત્તિનો ઉપાયના વિચારમાં ગહનતાએ પરાયણ થયેલા શ્રીમહાપ્રભુ છે એમ જોઇ - જાણીને સ્વયં શ્રીગોકુલેશ શ્રીકૃષ્ણ જેમના કર,ચરણ,ઉદર વિગેરે અંગ-ઉપાંગો સહિત સમ્પૂર્ણ શ્રીવિગ્રહ માત્ર આનન્દમય-આનન્દરૂપ જ છે તેવા આનન્દમય-મધુરાતિમધુર સ્વરૂપે (શ્રીઆચાર્યચરણ સમક્ષ પ્રત્યક્ષ)પ્રકટ થઇને પોતાની-શ્રીકૃષ્ણની સેવામાં પ્રતિબન્ધ કરનારા દોષોની નિવૃત્તિ પ્રકારનું જે અસાધારણ કારણ (જે અસાધારણ કારણે દોષોની નિવૃત્તિ થાય)તે મુજબ ઉપદિષ્ટ કર્યું,જેથી કરીને આગળ પણ (દોષોની નિવૃત્તિ થઇ ગયા પછી પણ) જીવન પર્યન્ત સેવામાં (બાધક બને તેવા) દોષો ફરીથી ઉત્પન્ન થાય નહિં. શ્રીઆચાર્યચરણે પણ ભગવાને કરેલા ઉપદેશને પોતાના હૃદયમાં સારી રીતે ધારણ કરીને તે વાત પોતાના નિજ-સ્વકીયજનો-સેવકો છે તેમને જણાવવા કે જેથી ભગવાને કરેલો ઉપદેશ -ભગવદ્વચનો તેનો બોધ સુકરતાથી - સરલતાથી થાય તે મુજબ જે માસમાં, જે પક્ષમાં, જે તિથિમાં, જે સમયે શ્રીપ્રભુએ આ ઉપદેશે કર્યો છે તે જણાવવા સહિત ભગવાને જે ઉપદેશ કર્યો છે - જે કહ્યું છે તેને (સ્વકીયજનો આગળ) કહેવા માટે તે વાતને

પદ્યમાં-શ્લોકરૂપમાં સાંકળીને હું તે વાત જણાવીશ તેમ પ્રતિજ્ઞા કરે છે, "**श्रावणस्यामले**" વિગેરે વાક્યોથી.

દ્વિતીયલાલજી શ્રીગોવિન્દરાયજીના જયેષ્ઠલાલજી અને શ્રીગુસાંઇજીના જયેષ્ઠ પૌત્ર કે જેમનામાં શ્રીગુસાંઇજીએ ભક્તિના સંસ્કારો સીંચ્યા છે તેઓ સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ પરની સ્વકૃત વિવૃતિ નામની ટીકાની ઉત્થાનિકામાં લખે છે:-"**श्रीकृष्णेनानेकजीवोद्धारार्थमाज्ञप्तोहमेते जीवाः स्वभावतो दुष्टा धनाद्यासक्ता दुष्टपदार्थैर्व्याप्ताः कथमेतेषां दोषनिवृत्तिरुद्धारश्च भविष्यतीति चिन्ताकुलान् श्रीवल्लभाचार्यान् विदित्वा भगवान् एकान्तसमये चिन्तानिवर्तकमुपायमुक्तवान् । ततः श्रीवल्लभाचार्या भगवान् यस्मिन् मासे पक्षे दिवसे समये यथा यदुक्तवान् तत्सर्वनिरूपणपूर्वकं भगवदुक्तमक्षरैः पद्यबन्धेन वक्तुं प्रतिजानते ।**"

અર્થાત્ :-ભગવાન શ્રીકૃષ્ણે અનેક જીવોનો ઉદ્ધાર કરો એમ મને આજ્ઞા કરેલી છે અને જે જીવોનો ઉદ્ધાર કરવાનો છે તે જીવો સ્વભાવથી (જીવભાવથી) દુષ્ટ છે ધન વિગેરેમાં આસક્ત થયેલા છે તેમજ જેઓ દુષ્ટ પદાર્થો વડે વ્યાપ્ત થયેલા તેવા છે, આવા આ જીવોની કેમ કરીને દોષ નિવૃત્તિ શક્ય બને અને તેમનો ઉદ્ધાર શક્ય બને એની ચિન્તામાં શ્રીવલ્લભાચાર્યજી આકુલ છે તેમ જાણીને એકાન્તના સમયે તે ચિન્તાનું નિવારણ થઇ શકે તેવા ઉપાયને ભગવાને (શ્રીઆચાર્યચરણને) કહ્યો. ત્યાર બાદ જે માસ, પક્ષ, દિવસ, સમયમાં ભગવાને જે કંઇ પણ કહ્યું તે બધું જ નિરૂપણ કરવાની સાથે ભગવાન વડે કહેવાયેલા અક્ષરોને પદ્યબન્ધ વડે - શ્લોકરૂપે રચના કરીને હું તે કહીશ તેમ જણાવે છે.

શ્રી કલ્યાણરાયજીના આત્મજ શ્રીહરિરાયજી સ્વકૃત સિદ્ધાન્ત રહસ્ય વિવૃતિ કારિકાઓમાં લખે છે :-(પૂર્વમાં પ્રાકટ્ય સમય વિગેરેની ચર્ચા કરીને ત્યારબાદ તેઓ લખે છે -) "**एवंविधे**

हरिः काले प्रादुर्भूय निजेच्छया. ब्रह्मसम्बन्धमारभ्य सर्वं मार्गं स्वयं जगौ, न भक्तैर्नावतारेण न स्वप्नप्रेरकेण च, न पूर्वरसरूपेण मूलरूपेण वै हरिः, उक्तवानिति बोधाय साक्षात्पदमिहोच्यते,.............,यदुक्तं हरिणा तद्धि प्रत्यक्षरमिहोच्यते, ब्रह्मसम्बन्धकरणादित्यादि भगवद्वचः ।" અર્થાત્:- આ પ્રમાણેના કાલમાં પોતાની નિજ ઇચ્છાથી જ શ્રી હરિએ પ્રકટ થઇને બ્રહ્મસંબંધથી આરંભીને સર્વ-સમ્પૂર્ણ માર્ગનો ઉપદેશ કર્યો. આ ઉપદેશ કોઇ ભક્ત દ્વારા કરાવ્યો છે તેમ નથી, ભગવાને જેમ કપિલાદિ બીજા અવતારો લીધા છે તેમ અંશાદિ અવતાર રૂપે ઉપદેશ કર્યો છે તેમ નથી, સ્વપ્ન દ્વારા કર્યો છે તેમ પણ નથી કે પછી (જેમ નારદજી વ્યાસજીને શ્રીભાગવતની રચના માટે પ્રેર્યા તેવા) કોઇ પ્રેરક વડે ઉપદેશ કર્યો છે તો તેમ પણ નથી, અથવા તો સંયોગરસરૂપાત્મા સ્વરૂપે ઉપદેશ કર્યો છે તો તેમ પણ નથી પરન્તુ નિશ્ચય કરીને સાક્ષાત્ શ્રીહરિ પોતાના મૂલરૂપે જ પ્રકટ થઇને આ ઉપદેશ કર્યો છે તે જણાવવા ગ્રન્થમાં સાક્ષાત્ પદ યોજ્યું છે ....,તે શ્રીહરિએ પ્રકટ થઇને જે કહ્યું તે જ પ્રત્યેક અક્ષર વડે અહીં (સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થમાં) કહેવામાં આવે છે. તેમાં - ગ્રન્થમાં બ્રહ્મસમ્બન્ધ કરણાત્ એ વાક્યથી આરંભીને ભગવાનના વચનો છે તેમ જાણવું.

શ્રીવિઠ્ઠલેશજી (શ્રીગુસાંઇજી નહિં) સ્વકૃત સિદ્ધાન્ત રહસ્ય વિવરણ નામની ટીકામાં "**ब्रह्मसम्बन्धकरणात्**" એ દ્વિતીય શ્લોકથી લઇને "**तद्वदत्रापि चैव हि**" એમ ગ્રન્થના અન્ત પર્યન્ત સમ્પૂર્ણ ગ્રન્થને શ્રીમહાપ્રભુ દ્વારા જુદા-જુદા પ્રશ્નો કરાવીને શ્રીપ્રભુ દ્વારા તેના ઉત્તરના રૂપમાં ગ્રન્થસ્થ શ્લોકોનું વિવેચન કર્યું છે અને આ રીતે પ્રથમ શ્લોક છોડીને બાકીના ગ્રન્થના બધા જ શ્લોકો ભગવદ્વાક્ય છે એમ સ્પષ્ટ પ્રતીત કરાવ્યું છે.

દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજી સ્વકૃત સિદ્ધાન્ત રહસ્ય વિવરણ નામની ટીકામાં આરંભે આ પ્રસંગનો-સાક્ષાત્ ભગવાનનો શ્રીમહાપ્રભુ સમક્ષ પ્રાદુર્ભાવનો ઉલ્લેખ કરીને આગળ તેઓ લખે છે :- "**इदमत्रोच्यमानं सर्वं भगवद्वाक्यान्याकलय्य श्रीमदाचार्यैः पद्येषु तदर्थसङ्ग्रहरूपमुक्तमिति सर्वे प्राञ्च आहुः ।**" અર્થાત્- "પ્રાચીન ટીકાકારોનું આ સ્થળે એમ કહેવું છે કે અહીં આ ગ્રન્થમાં જે કંઇ પણ કહેવાયું છે તે બધું જ ભગવદ્ વાક્યોને ભેગા કરીને તેના અર્થસંગ્રહરૂપમાં શ્રમદાચાર્યચરણે પદ્યસ્વરૂપમાં પ્રસ્તુત કર્યું છે" આમ જણાવી તેઓ આગળ લખે છે કે "મને તો અહીં કંઇક બીજું પણ જણાય છે" એમ કહી આત્મનિવેદન સમ્બન્ધી શ્રીભાગવતમાં કહેવાયેલા જુદા-જુદા વાકયોને જણાવીને તેઓ શ્રી લખે છે કે "અત: અહીં - આ ગ્રન્થમાં નિરૂપણ કરાયેલું બ્રહ્મસંબંધાત્મક સમપર્ણ, તેનું ફલ, તેનું પ્રાશસ્ત્ય અને તેનું આવશ્યકપણું જે છે, તે ભાગવતોકત વાકયોનો અનુવાદ જ છે ? તેવી શંકાના નિરાસને માટે (અહીં કહેવાયેલ બ્રહ્મસંબન્ધ તથા તેના આનુષંગિક વાતો એ ભાગવતોકત વાકયોનો અનુવાદ નથી પરંતુ તેથી અલગ જ વાત કહેવી છે કે અહીં સર્વદોષની નિવૃત્તિ જીવકૃત આત્મનિવેદન માત્રથી નથી પરંતુ ભગવદ્વચનરૂપ બ્રહ્મસંબન્ધ મંત્રદ્વારા આત્મનિવેદન કરાતાં સર્વ સેવાબાધક દોષની નિવૃત્તિ થાય છે એમ સ્પષ્ટ પ્રકારે જ આવિર્ભૂત થઇને ભગવાને કહ્યું છે એ જણાવવા માટે અત્ર તે મુજબના તે કાલનો અનુવાદ છે" આમ લખી સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થના શ્લોકો બાબત તેઓશ્રી પોતાનો એકદમ સ્પષ્ટ શબ્દોમાં અભિપ્રાય જણાવે છે કે "**तथा वाक्यानि तु श्लोकरूपाण्यपि भगवत एव । तदक्षरश उच्यते इति कथनात् । तेन वाक्यकथनस्येयं प्रतिज्ञेति च ।**" અર્થાત્ :- તેમજ આ ગ્રન્થમાં કહેવાયેલા શ્લોક સ્વરૂપ વાકયો પણ ભગવાનના જ છે, "**तदक्षरश उच्यते**" તે હું અક્ષરશ: કહીશ એમ કહ્યું હોવાથી, તેથી ભગવાનદ્વારા કહેવાયેલા વાકયોને જ અક્ષરશઃ કહેવાની શ્રીઆચાર્યચરણે પ્રતિજ્ઞા કરી આગળ ભગવદ્વાક્યો જણાવ્યા છે" તેમજ આગળ આ ગ્રન્થમાં ભગવદ્વાક્ય કહેવાની પ્રતિજ્ઞા કરી છે તો પછી બીજા બધા વાકયો કહ્યા છે પણ મૂલ ગદ્યમંત્ર અત્ર કેમ નથી કહ્યો તેવો પ્રશ્ન કરીને ઉત્તરમાં તેની લંબાણથી ચર્ચા તેઓશ્રી કરે

છે.

શ્રીલાલુભટ્ટજી સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થની સ્વકૃત સિદ્ધાન્ત રહસ્ય ટીકામાં તેઓશ્રી પણ ગ્રન્થના પ્રથમ શ્લોકના "**अक्षरशः**" ના વ્યાખ્યાનમાં સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે :- "**भगवदुक्तस्यैकस्याप्यक्षरस्यार्थो न त्यक्त इत्यर्थः । अथवा । श्लोकरूपेणैव भगवतोक्तमिति त एव श्लोका ब्रह्मसम्बन्धकरणादित्यारभ्य तद्वदत्रापि चैव हीत्यन्ता अत्र ग्रन्थे धृताः । सङ्गत्यर्थ प्रथमश्लोकः श्रीमदाचार्यैविरचित इति ज्ञातव्यम्**" અર્થાત્ :- ભગવાન દ્વારા કહવાયેલા વાકયો પૈકી એક પણ વાકયોનો અર્થ અહીં છોડવામાં આવ્યો નથી. અથવા શ્લોકરૂપમાં જ ભગવાને કહ્યું છે તે જ શ્લોકો "**ब्रह्मसम्बन्धकरणात्**" થી આરંભીને "**तद्वदत्रापि चैव हि**" અહીં પર્યન્તના તે અહીં ગ્રન્થમાં મૂકવામાં આવ્યા છે. તેની સંગતિના અર્થે પ્રથમ શ્લોક શ્રીમદાચાર્યચરણ દ્વારા વિરચિત છે એમ જાણવું.

શ્રીશાચાર્યમતાનુવર્તી (જે કોઇ પણ હોય તે) સિદ્ધાન્ત રહસ્ય ની સ્વકૃત સિદ્ધાન્ત રહસ્ય સંવાદ વિવૃતિ નામની ટીકામાં આ પ્રસંગને જણાવતાં તેઓશ્રી લખે છે :- "**तथा हि । एकदा श्रीवल्लभाचार्या धृतव्रताः श्रीगोकुले श्रीयमुनातटे समुपासीना भगवन्तं श्रीगोपीजनवल्लभं साक्षाद् दृष्टवन्तः । तत्र यदनुभवन्ति स्म, तदेव स्वयमावेदयन्ति श्रावणस्येत्यादिश्लोकैरष्टभिः सार्धैः ।**"

અર્થાત્ :- એક દિવસ(એકાદશી) વ્રતને ધારણ કરેલા એવા શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીગોકુલમાં શ્રીયમુનાતટ પર ભગવાન શ્રીગોપીજનવલ્લભના સાક્ષાત્ દર્શન કર્યા. તે સમયે તેઓશ્રી જે પણ અનુભવ કરે છે તેને જ તેઓશ્રી અહીં આ ગ્રન્થમાં "**श्रावण-स्यामले**" વિગેરે સાડા આઠ શ્લોકથી જણાવે છે.

આ પ્રસંગને ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાં વાર્તા-૧માં શ્રીદામોદરદાસ હરસાનીજીની વાર્તામાં આ પ્રમાણે બતાવ્યો છે :-

"સો શ્રીગોકુલમેં ચોંતરા એક ગોવિન્દઘાટ ઉપર હતો. સો તા ઠોર છોંકર કે નીચે શ્રીઆચાર્યજી આપ વિશ્રામ કરતે. તાકે પાસ શ્રીદ્ધારકાનાથજી કો મન્દિર હૈ. તહાં શ્રીઆચાર્યજી કોં ચિન્તા ઉપજી, ક્યોં જો - શ્રીઠાકુરજીને આજ્ઞા દીની હૈ. જો જીવનકોં બ્રહ્મસંબંધ કરવાઓ, તાતેં શ્રીઆચાર્યજીને વિચાર્યો,-જો જીવ તો દોષસહિત હૈ, ઔર શ્રીપૂર્ણપુરુષોત્તમ તો ગુણનિધાન હૈ, ઐસે સંબંધ કૈસે હોય ? તાતેં ચિન્તા ઉપજી. સો અત્યન્ત આતુર ભયે, તા સમેં શ્રીઠાકુરજી તત્કાલ પ્રગટ હોઇ કે શ્રીઆચાર્યજી સોં પૂછી, જો-તુમ ચિન્તાતુર કયોં હો? તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ કહે, જો - જીવકો સ્વરૂપ તો તુમ જાનત હી હો, દોષવંત હૈ, જો-તુમસોં જીવનકોં સંબંધ કૈસે હોય? તબ શ્રીઠાકુરજી કહે, જો-તુમ (જા)જીવકોં નામ દેઉગે તિનકે સકલ દોષ નિવૃત્ત હોઇગે, તાતેં તુમ જીવનકોં અંગીકાર કરો. યે બાતેં શ્રાવણ સુદિ એકાદશી કે દિન મદ્યરાત્રિ કોં ભઇ, પ્રાતઃકાલ પવિત્રાદ્ધાદશી હતી, તાતેં પવિત્રા સૂતકો સિદ્ધ કરિ રાખ્યો હતો, સો પવિત્રા ધરાયે, તા સમેં કે અક્ષર હૈ, તાકો શ્રીઆચાર્યજીને સિદ્ધાન્ત-રહસ્ય ગ્રન્થ કિયો હૈ. તા સમે દામોદરદાસ નેક દૂરિ સોયે હતે, તાતેં દામોદરદાસસોં શ્રીઆચાર્યજીને પૂછી, જો દમલા તેં કછુ સુન્યો ? તબ દામોદરદાસને કહ્યો, જો - મહારાજ મૈંને શ્રીઠાકુરજી કે વચન સુને તો સહી, પરિ સમુઝયો નાહીં. તબ શ્રીઆચાર્યજી આપ કહે, જો-મોકોં શ્રીઠાકુરજીને આજ્ઞા કીની હૈ, જો- તુમ જીવન કોં તુમ નામ દેઉગે તિનકે સકલ દોષ નિવૃત્ત હોંઇગે, તાતેં બ્રહ્મસંબંધ અવશ્ય કરનો."

શ્રીવલ્લભાચાર્ય ચરિત્રનું દિગ્દર્શન કરાવતો પુષ્ટિસમ્પ્રદાયનો સુપ્રસિદ્ધ અને પ્રાચીનતમ ગ્રન્થ **સમ્પ્રદાય પ્રદીપ** નામે સંસ્કૃતમાં વિરચિત છે કે જે શ્રીગુસાંઇજી પ્રભુચરણના પરમ અનન્ય સેવક શ્રીગદાધરદાસજી દ્વારા શ્રીપ્રભુચરણની ભૂતલ પર સ્થિતિ સમયમાં જ રચાયેલો છે, તેમાં આ પ્રસંગ તૃતીય યાત્રામાં અને શ્રીનાથજીનું શ્રીગિરિરાજ પર પ્રાગટ્ય અને પાટેબિરાજાવ્યાનો પ્રસંગ

ઉલ્લેખ કર્યા પછીથી-ત્યારબાદ આલેખાયો છે જે આ મુજબ છે :- (ગોકુલથી શ્રીગોવર્દ્ધનાચલ-જતીપુરા પધારેલા શ્રીમહાપ્રભુ-) "पुनर्गोकुलमागते श्रीवल्लभे सेवकैस्तदाज्ञया मृण्मयं चतुरस्त्रं कृतम्, तत्र रात्रौ बालकृष्णेन क्रीडितम् । तत्र तच्चरणचिह्नानि सर्वैर्दृष्टानि । पुनः समयान्तरे -

ब्रह्मसम्बन्धकरणात्सर्वेषां देहजीवयोः ।
सर्वदोषनिवृत्तिर्हि"-----
इत्येतावच्छ्रीवल्लभं प्रति भगवता प्रोक्तम् ।"

અર્થાત્ :- શ્રીવલ્લભાચાર્યજી ફરીથી (ગિરિરાજથી) ગોકુલ પધારતાં શ્રીમહાપ્રભુની આજ્ઞાથી સેવકોએ માટીથી ચણેલો એક ચબૂતરો તૈયાર કર્યો હતો, તે ચબૂતરા પર રાત્રિના સમયે પ્રભુશ્રી બાલકૃષ્ણે ક્રીડા કરી જેથી ત્યાં - ચબૂતરા પર અંકિત થયેલી ભગવાનના ચરણચિહ્નોની છાપ બધાએ (બીજા દિવસે પ્રાતઃકાળે) જોઇ.

ફરીથી સમય જતાં "**ब्रह्मसम्बन्धकरणात्सर्वेषां देहजीवयोः, सर्वदोषनिवृत्तिर्हि**" આમ દોઢ શ્લોકથી શ્રીભગવાને શ્રીવલ્લભને કહ્યું.

આજ પ્રકારે શ્રીગુંસાઇજી પ્રભુચરણના શિષ્ય-સેવક શ્રીમુરલીધરદાસજી વિરચિત "**श्रीमद्वल्लभाचार्यचरित्**" નામના ઇતિહાસ ગ્રન્થમાં (અથવા તો ચરિત્ર ગ્રન્થમાં) આ પ્રસંગ આ મુજબ ઉલ્લેખાયો છે :-(આ ગ્રન્થમાં આ પ્રસંગ પછીથી શ્રીનાથજીના પ્રાકટયની વાત કહી છે. આટલું સમ્પ્રદાયપ્રદીપ થી પ્રસંગ બાબત જુદાપણું છે) "श्रावणशुद्धैकादश्यां प्रातर्गोकुलं प्रविश्य यमुनायां स्नात्वा गोविन्दघट्टे दिव्यार्जुनवृक्षच्छायायां स्वशिष्यवृन्दपूजितः व्रजाधिपगुणगानं कुर्वन् सुखेन निषण्णोऽभूत । तस्मिन् दिने रात्रौ विंशतिघटिकावेलायामाचार्यवर्याय पूर्णपुरुषोत्तमः प्रत्यक्षोऽभूत् । प्रातःकालपर्यन्तं श्रीनन्दराजकुमारेण सहसँल्लापसुखमनुभूतवानाचार्यचन्द्रः । तदानीमपि पार्श्ववर्तिदामोदरदासस्त्वेक एव तयोस्सन्दर्शनसँल्लापादिसौख्यं बुभुजे । तच्च विशदीकुर्मः । तदानीं स्वांशभूतमाचार्यवर्यं प्रति व्रजनाथेनोक्तं त्वं ममैव स्वरूपांशभूतेन पुष्टिमार्गप्रवर्तनार्थमवतीर्णोसि तस्मात् तत्तद्देशवर्तिनो सम्यक् सम्प्रदायपूर्वकं मत्सेवानिरतान् कुरुष्वेत्युक्तवाक्यं भगवन्तं प्रेमपूर्वकमालिङ्गय कालिन्दीकल्लोलमारुतचलदलकवृन्द शोभितमुखं दिव्यकस्तूरीतिलकलसितं कोटिचन्द्रसुशीतलं पीताम्बरं बंसीधरं पुरुषोत्तमं प्रति तदानीमाचार्यशेखरेण विज्ञापितं, भगवन् सर्वेऽपि जीवाः कलिदुष्टाः शौचाचारविहीनाः तन्मार्गविमुखा विषयलम्पटाश्च दृश्यन्ते, कथमेते त्वत्सेवार्हा भवन्ति कथमेतेषामुपदिशेयमित्युक्तवाक्यमाचार्यशेखरं सस्मितमालिङ्गय व्रजसीमन्तिनीविनोदपात्रेण मुरलीधरेणोक्तं त्वं मा भैः ममैवांशभूताः सर्वेऽपि जीवाः मन्मायया मद्वियोगदुःखमविज्ञाय देहेन्द्रियारामा जातास्तान्मत्स्वरूपांशभूतो भवान् जीवानां मम चांशांशिरूपेण स्वामिदासभावेन च नित्यसिद्धं सम्बन्धं श्रीकृष्णः शरणं ममेत्यष्टाक्षरोपदेशप्रकाशेन पुष्टिमार्गीयत्वेन त्वां शरणं प्राप्तानामुत्तमब्राह्मणानारभ्य स्त्रीशूद्रपर्यन्तं सर्वेषां जीवानामविशेषेण मत्प्राप्तिविघ्नरूपतिमिरं निरस्य मत्सेवानिरतान् गुणगानरतान् नामजपपराँश्च कृत्वा निश्शङ्कं मद्दासान् कुरुष्व त्वद्वंशीयैः शिष्यवर्गैश्च उपदिष्टार्थानहमेव पुरुषोत्तमः साधनाकाङ्क्षामकुर्वन् मदीयवेणुगानश्रवणसुखमग्नचित्तान् कृत्वा ममच्छन्दानुरूपगोगोप-गोपीवृक्षगुल्मलतातृणवीरुधादिरूपेण नित्यलीलान्तर्गतानवश्यं करिष्यामीति । तस्मान्माभैरित्यभयञ्च दत्तवान् । द्वादश्यामरुणोदयवेलायां रसखण्डचूर्णमिश्रितनवनीत-भोगसमर्पणपूर्वकं दामोदरदासेन साकं स्वयमाचार्यशेखरो भगवन्तं पूजयामास । पूजां प्राप्त पुनराचार्यवर्यव्रजनाथयोः शृण्वन्नपि गुरुमुखात् सम्प्रदायसिद्धये दामोदरदासः प्रश्नपूर्वकमशृणोत् । द्वादश्यां

प्रातर्दामोदरदासाय ब्रह्मसम्बन्धं चकार ।"(ઉપર મુજબ સંસ્કૃત ગદ્યનો અનુવાદ ગો.વા.શાસ્ત્રીજી શ્રીમગ્નલાલ ગણપતરામે કર્યો છે તે નીચે મુજબ :-) શ્રાવણની શુદ્ધ એકાદશીના પ્રાતઃકાલમાં શ્રીગોકુળમાં પ્રવેશ કરી શ્રીયમુનાજીમાં સ્નાન કરી શ્રીગોવિન્દઘાટ પર દિવ્યાર્જુન વૃક્ષની છાયામાં (૮૪ વૈષ્ણવની વાર્તામાં આ સ્થળે છોંકરનું વૃક્ષ કહ્યું છે જયારે આમાં દિવ્ય-અર્જુન વૃક્ષ કહ્યું છે આટલો બન્ને વચ્ચે ભેદ રહેલો છે) સ્વશિષ્યવૃન્દપૂજિત વ્રજાધિપના ગુણગાન કરતા સુખે બિરાજયા. તે દિવસે રાત્રિએ વિંશતિ (વીસ) ઘટિકાવેલાએ શ્રીમદાચાર્યવર્યને પૂર્ણપુરુષોત્તમનાં પ્રત્યક્ષ દર્શન થયા. પ્રાતઃકાલ પર્યન્ત શ્રીનન્દરાજ-કુમારની સાથે સંલાપ સુખ શ્રીમદાચાર્યચન્દ્રે અનુભવ્યું. ત્યારે પણ સમીપસ્થ શ્રીદામોદરદાસજીએ એકે જ તેઓ બન્નેના (શ્રીમદાચાર્યશ્રી અને શ્રીગોવર્ધનનાથજીના) સંદર્શનસંલાપાદિસુખનો ભોગ કર્યો તે અમે સ્પષ્ટ કરીએ છીએ. ત્યારે સ્વાંશભૂત શ્રીમદાચાર્ય પ્રતિ શ્રીવ્રજનાથે આજ્ઞા કરી, "આપ પુષ્ટિમાર્ગપ્રવર્તનાર્થ જ મારા સ્વરૂપાંશે અવતર્યા તેથી તત્-તત્ દેશવર્તી જીવોને સમ્યક્ સમ્પ્રદાય પૂર્વક મારી સેવાનિરત કરો." એમ આજ્ઞા કરતા ભગવાનને પ્રેમપૂર્વક આલિંગી શ્રીકાલિન્દીકલ્લોલના પવનથી ચાલતા અલકવૃન્દથી શોભિતમુખવાન્ દિવ્ય કસ્તુરીતિલકથી પ્રકાશમાન કોટિચન્દ્ર-સુશીતલ પીતાંબર, વંશીધર પુરુષોત્તમ પ્રતિ ત્યારે જ આચાર્યશેખરે વિજ્ઞપ્તિ કરી, "હે ભગવન્ ! સર્વ જીવો કલિદુષ્ટ શૌચાચારવિહીન સન્માર્ગવિમુખ અને વિષયલમ્પટ દેખાય છે. તેઓ કયા પ્રકારે આપની સેવાને યોગ્ય થાય ? તેઓને કયા પ્રકારે ઉપદેશું ?" એ પ્રકારે વિજ્ઞપ્તિ કરતા શ્રીમદાચાર્યશેખરને સસ્મિત આલિંગન કરીને શ્રીવ્રજસીમન્તિનીના વિનોદપાત્ર મુરલીધરે આજ્ઞા કરી, "આપ ભયને મા પ્રાપ્ત થાઓ. સર્વજીવો મારા જ અંશભૂત છે. મારા વિયોગને મારી માયાથી નહિં જાણીને દેહેન્દ્રિયારામ થયા છે. તેઓને મારા સ્વરૂપાંશભૂત આપ જીવોનો અને મારો અંશાંશિરૂપથી અને સ્વામિદાસભાવથી નિત્યસંબંધ કરીને શ્રીકૃષ્ણઃશરણંમમ એ અષ્ટાક્ષરના ઉપદેશ પ્રકાશથી પુષ્ટિમાર્ગીયતાથી આપને શરણે આવેલા બ્રાહ્મણથી પ્રારંભી સ્ત્રીશૂદ્ર પર્યન્ત નિર્વિશેષ સર્વ જીવોના મારી પ્રાપ્તિમાં વિઘ્નરૂપ તિમિરને દૂર કરી મત્સેવાનિરત ગુણગાનરત અને નામજપ પર કરીને નિઃશંક મારા દાસ કરો. આપના વંશજોએ અને શિષ્યવર્ગોએ જેઓને અર્થનો ઉપદેશ કર્યો છે તે જીવોને હું જ પુરુષોત્તમ સાધનાકાંક્ષા કર્યા વિના મદીયવેણુગાન શ્રવણ સુખમગ્નચિત્ત કરીને મારી ઇચ્છાનુરૂપ ગોગોપગોપીવૃક્ષગુલ્મલતાતૃણવિરુધાદિરૂપથી નિત્યલીલાન્તર્ગત અવશ્ય કરીશ. તેથી ભીતિ મા પ્રાપ્ત થાઓ." એમ અભય પણ આપ્યું. દ્વાદશીએ અરુણોદયવેલાએ રસખંડ ચૂર્ણમિશ્રિતનવનીતભોગસમર્પણ-પૂર્વક શ્રીદામોદરદાસજી સહ શ્રીમદાચાર્યશેખરે સ્વયં ભગવાનની પૂજા કરી. પૂજાનન્તર આચાર્યવર્ય અને વ્રજનાથની વાર્તા શ્રવણ કર્યા છતાં પણ સમ્પ્રદાયસિદ્ધિને અર્થે પુનઃ શ્રીદામોદરદાસજીએ પ્રશ્નપૂર્વક ગુરુમુખથી સર્વવૃત્ત શ્રવણ કર્યું. દ્વાદશીના પ્રાતઃકાલમાં શ્રીદામોદરદાસજીને બ્રહ્મસમ્બન્ધ (શ્રીમદાચાર્યશ્રીએ) કરાવ્યો.

ષષ્ઠલાલજી શ્રીયદુનાથજીવિરચિત પ્રકારે કિંવદન્તથી પ્રસિદ્ધ "**श्रीवल्लभदिग्विजय**" નામના શ્રીવલ્લભ-વિઠ્ઠલચરિત્રને સવિસ્તૃત સ્વરૂપે દર્શાવતા આ ગ્રન્થમાં બ્રહ્મસંબન્ધ પ્રાદુર્ભાવનો પ્રસંગ આ મુજબ ઉલ્લેખાયો છે :- (ઉજાગર ચતુર્વેદીના પૌરોહિત્યપણામાં પ્રથમયાત્રા માં મથુરાથી શ્રીવ્રજયાત્રા આરંભી તેમાં મથુરા થી આપશ્રી -"**ततो गोकुलं गतास्तत्र श्रावणशुक्लैकादश्यां व्रतं जागरणं च कृतम् । तत्र महानिशि भगवता दर्शनं दत्तम् । तदाऽऽचार्यैः सितापवित्रसूत्रयोरर्पणं कृतम् । ततः श्रीगोकुलनाथेन त्वया दैवोद्धतये चिन्ता विधीयते, तां मा कुरु, मदुक्ते भावनासहितं गद्यं गृहाण, तन्मदुक्तरीत्या देयम्, तेन ते निर्मुक्ताहन्ताममता मदीयाः सन्तः संसारं हित्वा मल्लीलां प्राप्स्यन्तीत्युक्त्वातिरोहितम् । आचार्यैः प्रभाते दामोदराय कृष्णदासाय च तद्गद्यं दत्तम् । गोविन्दघट्टे पारायणं कृत्वा चलितः व्रजयात्रां चक्रुः ।**"

(પં.શ્રીશીઘ્રકવિ શ્રીનન્દકિશોરજી શર્મા દ્વારા સંશોધન કરાયેલ શ્રીવલ્લભ દિગ્વિજય ગ્રન્થ મૂલ હિન્દી માં ચતુર્વેદી શ્રીપુરુષોત્તમજી શર્મા દ્વારા કરાયેલા અનુવાદ સહ શ્રીવલ્લભ પબ્લિકેશન્સ વડોદરા દ્વારા ઇ.સ.૧૯૮૫ માં પુનઃપ્રકાશન રૂપમાં પ્રકાશિત થયો હતો, સંભવ છે કે આ કૃતિ પં.શ્રીનંદકિશોરજીની જ હોય ! તેમાં આપેલો હિન્દીમાં અનુવાદ ઉપરના ફકરાનો આ મુજબ છે-) વહાંસે આપ ગોકુલ પધારે. ગોકુલમેં આપને શ્રાવણશુકલ એકાદશીકા વ્રત તથા જાગરણ કિયા. વહાં હી રાત્રિમેં ભગવાનને આપકો દર્શન દિયે. ઉસહી સમય આચાર્યચરણને આપકે મિશ્રી તથા પવિત્રસૂત્ર કા અર્પણ કિયા, અનન્તર શ્રીગોકુલનાથજીને આજ્ઞા કી. કિ "આપ દૈવજનોં કે ઉદ્ધારાર્થ ચિન્તા કરતે હૈં ઉસે મત કરિયે મૈં આપકો ભાવના સહિત ગદ્ય દેતા હૂં ઉસે ગ્રહણ કરિયે ઔર મેરી બતાઇ રીતિ કે અનુસાર ઉસકા દાન કરિયે જિસસે વે અહંતા-મમતા રહિત હોકર સંસાર છોડકર મેરી લીલામેં પ્રાપ્ત હોંગે." ઇસ આજ્ઞા કે અનન્તર શ્રીગોકુલનાથજી અન્તર્હિત હો ગયે. પ્રાતઃકાલ હી આચાર્યચરણને યહ ગદ્ય દામોદરદાસ તથા કૃષ્ણદાસ દોનોં કો દિયા. ઔર ગોવિન્દઘાટ પર પારાયણ કિયા. વહાં સે પધારકર આપને સમગ્ર વ્રજયાત્રા કી.

શ્રીપ્રભુચરણના અન્તેવાસી અને ભાઇલા કોઠારીના જામાતા-ગુજરાતીમાં પુષ્ટિભકિતપદોના પ્રથમ રચયિતા એવા પ.ભ.શ્રીગોપાલદાસજીએ જેનું ગાન શ્રીપ્રભુચરણના સમક્ષ પ્રત્યક્ષમાં કર્યું છે એવું સમ્પ્રદાયમાં સર્વત્ર સુપ્રસિદ્ધ **શ્રીવલ્લભાખ્યાન** ના દ્વિતીય આખ્યાનમાં ગર્ભિત રીતે અને સંક્ષિપ્તમાં આ પ્રસંગનો ઉલ્લેખ થયો છે જે આ મુજબ છે :- **"સ્વમારગ સ્થિર સ્થાપવા આપવા ભજનાનન્દ, નામ આપ્યા જીવને શુભ મિષ્ટ મુખ મકરંદ."**

ગોસ્વામી શ્રી દ્વારકેશજી મહારાજ દ્વારા વ્રજભાષામાં વિરચિત અને સમ્પ્રદાયમાં સર્વત્ર સુપ્રસિદ્ધ **મૂલપુરુષ** નામના પદ્યાત્મક ચરિત્રગ્રન્થમાં આ પ્રસંગનો ઉલ્લેખ આ મુજબ છે :-"फेर श्रीगोकुल पधारे निरखि जमुना हरखही। संग दमलादि कहते तिनपे कृपारस विलस ही। एकसमें चिन्ता चित आई। दैवी किहिविध जाने जाई। आसुरसों सब मिलत सदाई। भिन्न होय सो कौन उपाई। भिन्न को जब चित धर्यो जब प्रभु पधारे तिहिसमें। मधुररूप अनंग मोहित कहत सुधि कीने हमें। करो अबते ब्रह्मको संबंध दैवी सृष्टिको। पंच दोष न रहे एको निवेदन करो पुष्टिसों। वचन सुनत हरषे श्रीवल्लभ। यह आज्ञा ते परम अतिसुल्लभ। कंठ पवित्रा ले पहराये। मिश्री भोग धरी मन भाये।"

શ્રીહરિરાયમહાપ્રભુ અને તેઓશ્રીના અનુજ શ્રીગોપેશ્વરજી વચ્ચેના સંવાદ રૂપમાં ઉપલબ્ધ અને મૂલ સંસ્કૃતમાં રચાયેલા **"શ્રીગોકુલમાહાત્મ્ય"** નામના ગ્રન્થમાં આ પ્રસંગ આ મુજબ વર્ણન કરાયો છે :- (શ્રીમહાપ્રભુ જયારે ગોકુલમાં બૃહદ્વનમાં પધાર્યા ત્યારે -) "अत्र श्रीवल्लभाचार्य किञ्चित्कालं व्यतीतवान्। श्रावणे च सिते पक्षे एकादश्यां महानिशि ॥ स्थितो गोविन्दघट्टे तु भगवद्भक्तितत्परः। हरिसम्बन्धिनीं वार्तामकरोच्छ्रीमहाप्रभुः ॥ तदा गोविन्दरूपेण साक्षात्कृष्णः समागतः। आदिदेशतमाचार्यं पुष्टिं भक्तिं प्रकाशय ॥ दैवीजनहितार्थाय शुद्धाद्वैतं च वर्णय। दामोदराय दासाय ब्रह्मसम्बन्धमीरितः ॥ अत्रैतानि च कर्माणि आचार्येण कृतानि च। तस्य नाम सुविख्यातं गोविन्दघट्ट-संज्ञिकम्॥" આમાં આ પ્રસંગ ગોવિન્દ ઘાટ પર થયો છે તેમ જણાવાયું છે. તેમજ શ્રીઆચાર્યચરણ ગોવિન્દઘાટ પર વૈષ્ણવો સમક્ષ શ્રીહરિની વાતો, શ્રાવણ શુકલ એકાદશીની મધ્યરાત્રીએ કરી રહ્યા હતા ત્યારે સાક્ષાત્ શ્રીકૃષ્ણે પ્રકટ થઇ શ્રીઆચાર્યચરણને આદિષ્ટ કર્યા કે દૈવીજીવોના હિત અર્થે આપ પુષ્ટિ-ભક્તિનો પ્રકાશ કરો તથા શુદ્ધાદ્વૈતનું પ્રતિપાદન કરો.

શ્રીમહાપ્રભુના કેટલાક ચરિત્રપ્રસંગોને દર્શાવતો લઘુગ્રન્થ **નિજવાર્તા-ઘરૂવાર્તા** છે જેનાં ઉપર શ્રીહરિરાયજીનો ભાવપ્રકાશ પણ લખાયેલો છે અને જેની હસ્તપ્રત વિ.સં.૧૮૬૭ના સાલની ઉપલબ્ધ છે સંકલનકર્તા પ.ભ.ગો.વા.શ્રીદ્વારકાદાસ પરીખ પુસ્તકના આરંભે પ્રસ્તાવનામાં જણાવે છે અતઃ આ ગ્રન્થ ૮૪ વૈષ્ણવની વાર્તા પછીનો અને આજથી ૨૦૦ વર્ષ પૂર્વનો છે એ તો નક્કી જ છે. આ ગ્રન્થમાં બ્રહ્મસંબંધ પ્રાકટ્ય પ્રસંગ આ રીતે આલેખાયો છે :- "સો પ્રથમ શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ શ્રીગોકુલ પધારે । સો તા દિન શ્રાવણ સુદિ ૧૧ હતી । તાતેં શ્રી આચાર્યજી મહાપ્રભુ ઉપવાસ કિએ હતે । સો રાત્રિ કોં ગોવિન્દઘાટ ઉપર એક ચોંતરા હતો । તા ઠોર શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ પોઢે । ઓર થોડે સે દૂરિ । દામોદરદાસ સોયે । ઇતને મેં શ્રીઆચાર્યજી મહાપ્રભુન કોં ચિંતા બહુત ઉપજી । તબ અર્દ્ધ રાત્રિ સમેં । સાક્ષાત્ કોટિકંદર્પલાવણ્ય । પૂર્ણ પુરુષોત્તમ શ્રીગોવર્દ્ધનધર પ્રગટ ભએ । તબ શ્રીઠાકુરજી શ્રીમુખતેં કહે જો તુમ ચિંતા કયોં કરત હો । જિનકો તુમ નામ દેઉગે । તિનકે સકલ દોષ દૂરિ હોઇ જાંઇગે ઓર મેરી પ્રાપ્તિ હોયગી ઔર બ્રહ્મસંબન્ધ કી આજ્ઞા દીની જો જીવકોં બ્રહ્મસંબન્ધ કરવાઓ । તબ શ્રી આચાર્યજી મહાપ્રભુ પવિત્રા ઉપરના મિશ્રી સવારે શ્રાવણ સુદિ દ્વાદસી કે લિએ સિદ્ધ કરિ રાખે હુતે । સો વાહી સમેં શ્રીઠાકુરજીકોં પવિત્રા પહરાએ । ઉપરના ઉઢાએ ઔર મિશ્રી ભોગ ધરી । તા પાછે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે જો દમલા ! તેં કછૂ સુન્યૌ । તબ દામોદરદાસજી કહે જો શ્રીઠાકુરજી કે વચન મેં સુને તો સહી પરિ સમુઝયો નાંહી । તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ શ્રીમુખતે કહે જો મોકોં શ્રીઠાકુરજીને આજ્ઞા દીની હૈ જો જીવનકો બ્રહ્મસંબન્ધ કરાવો તિનકે સકલ દોષ દૂરિ હોઇગે ઔર મેં અંગીકાર કરોંગો । તાતેં બ્રહ્મસંબન્ધ અવશ્ય કરનોં । તબ એ જો શ્રીઆચાર્યજી મહાપ્રભુન કી શ્રીઠાકુરજી સો જિતની આજ્ઞા ભઇ તાકો એક શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગ્રન્થ કિએ । તાકો નામ સિદ્ધાન્ત

રહસ્ય."

આ પ્રમાણે પ્રાચીન-અર્વાચીન ચરિત્ર ગ્રન્થોમાં આ પ્રસંગ કેટલાકમાં પ્રથમયાત્રામાં અને કેટલાકમાં તૃતીય યાત્રામાં ઉલ્લેખાયો છે. તેમજ આ પ્રસંગે કેટલાકમાં શ્રીનાથજીના ગિરિરાજમાં પ્રાકટ્ય પૂર્વ અને કેટલાકમાં પ્રાકટ્ય પછીથી આ પ્રસંગ ઉલ્લેખાયો છે. આ પ્રસંગ ક્યારે બન્યો છે એ સંશોધનનો વિષય બની રહે છે. તેમ છતાં પણ આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુને દૈવીજીવોના ઉદ્ધાર માટેની જે ચિન્તા ઉપજી છે અને તેમાં સદોષ જીવ વડે કરાતી ભગવત્સેવાનો ભગવાન દ્વારા અંગીકાર ન થાય તો તે જીવોનો ઉદ્ધાર કઇ રીતે સંભવ થાય એમ ચિન્તાનો વિષય હોવાથી ત્રણયાત્રાના લાંબા સમય પછી આવી ચિન્તાનો વિષય ઉપસ્થિત થાય એના કરતાં પ્રથમ યાત્રામાં આ પ્રસંગ બન્યો હોય તે વધુ તર્ક સંગત લાગે છે.

* * *

પ્રકરણ-૬

પુષ્ટિમાર્ગમાં મુખ્ય ભક્તિ માનસીમાં અને માનસીની સિદ્ધિ માટે મુખ્ય સાધન "ભગવદ્રૂપ-સેવા" જ છે.

આપણે પ્રથમ પ્રકરણમાં જ એમ નક્કી કર્યું છે કે સિદ્ધાન્ત-રહસ્ય ગ્રન્થમાં ઉપયોગ થયેલા સિદ્ધાન્ત શબ્દથી શ્રીમહાપ્રભુએ કહેલ કૃષ્ણસેવા જ મુખ્ય સિદ્ધાન્ત છે અને તે સેવાનું સ્વરૂપ ત્યાં જ સિદ્ધાન્તમુક્તાવલીમાં "**चेतस्तत्प्रवणं सेवा**" ચિત્તનું કૃષ્ણમાં કિંવા કૃષ્ણસેવામાં પ્રવણ થઇ જવું તે સેવા છે એમ જણાવ્યું છે. તેમજ આને જ શ્રીમહાપ્રભુ પરાસેવા યા માનસીસેવા ના નામે આલેખે છે અને આને સિદ્ધ કરવા માટે અપરા-સાધનરૂપા સેવાને "**तनुवित्तजा**" વાક્યથી જણાવે છે.

પ્રશ્ન :- શ્રીમહાપ્રભુ પ્રવર્તિત આ સમ્પ્રદાય પુષ્ટિમાર્ગ યા શુદ્ધપુષ્ટિભક્તિમાર્ગ ના નામે પ્રસિદ્ધ છે. આ સમ્પ્રદાયમાં ભક્તિનું સ્વરૂપ અને ભક્તિવૃદ્ધિના સાધનો જણાવવા શ્રીમહાપ્રભુએ ભક્તિવર્દ્ધિની નામે ગ્રન્થની રચના કરી છે અને એ ભક્તિના ફળને દર્શાવવા સેવા-ફલ નામે ગ્રન્થની રચના કરી છે. ભક્તિનું પ્રવર્ધન યા તો ભક્તિની સિદ્ધિ અર્થે ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં જે સાધનો કહેવાયા છે તેમાં ત્યાગ,શ્રવણ કીર્તન, સ્વધર્મપૂર્વક ઘરે રહીને કૃષ્ણ પૂજા-શ્રવણ વિગેરે, ગૃહત્યાગ, હરિસ્થાનમાં સ્થિતિ, તદીયો-તત્પરાયણો સાથે થોડા દૂર-થોડા સમીપ સ્થિતિ, સેવા, કથા, બાધસંભાવના હોતાં એકાન્તમાં વાસનો ત્યાગ, આમ અહીં કૃષ્ણસેવાને-સ્વરૂપસેવાને સાધનો પૈકી ગણવામાં આવ્યા છે પણ તે ઉપરાંતના જે સાધનો જણાવેલા છે કે જેનાં આચરણમાં સ્વરૂપ સેવા શક્ય બનતી નથી જ્યારે સિદ્ધાન્તમુક્તાવલીમાં તન અને વિત્તથી થનારી સેવાને જ માત્ર ભક્તિસિદ્ધિમાં સાધન તરીકે જણાવ્યું છે. તેમજ સર્વનિર્ણય નિબન્ધમાં પણ સ્વરૂપસેવા ઉપરાંત શ્રીભાગવતસેવન,તીર્થાટન વિગેરે

સેવાના વિકલ્પમાં કહેવાયા છે, તો પછી પુષ્ટિમાર્ગમાં પ્રવેશેલા જીવો માટે શ્રીકૃષ્ણસ્વરૂપસેવા અનિવાર્ય છે કે પછી ભક્તિવૃદ્ધિ માટે જો ઉપર જણાવેલા સાધનોથી પણ ચાલી જતું હોય તો શ્રીકૃષ્ણસ્વરૂપ સેવા માર્ગીય પ્રણાલિકા મુજબ કરવી અનિર્વાય નથી ? આવો પ્રશ્ન જો મનમાં ઉદ્‌ભવે તો તેનાં ઉત્તરમાં :-

ઉત્તર :- શ્રીમહાપ્રભુ પ્રવર્તિત પુષ્ટિભક્તિમાર્ગ એ વેદવિહિતા એટલે કે વેદમાં વિધાન કર્યા મુજબ પ્રકારે ભક્તિ કરવાના સ્વરૂપમાં સ્વીકાર્ય નથી પરન્તુ અવિહિતા એટલે કે જે પ્રકારનું વેદમાં વિધાન કરાયું નથી તેવા પ્રકારની એટલે કે પ્રેમ જ જેનું લક્ષણ છે એવી પ્રેમલક્ષણાભક્તિનો માર્ગ છે. અને તેથી જ શ્રીઆચાર્યચરણ સંન્યાસનિર્ણય ગ્રન્થમાં જણાવે છે કે "**कौण्डिन्यो गोपिकाः प्रोक्ताः गुरवः साधनं च तत् । भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते**" ગોપિકાઓને આ માર્ગના ગુરુસ્થાને જણાવીને તે ગોપિકાઓ દ્વારા આચરિત સાધનોને આ માર્ગમાં સાધન તરીકે સ્વીકાર્યું છે તેમ જણાવી એમના દ્વારા આચરિત તો ઘણાં પ્રકારના સાધનો છે તે બધા જ કે પછી કોઇ એકાદ સાધન તેવી આકાંક્ષા થાય તો તેની પૂર્તિમાં સ્વયં શ્રીમહાપ્રભુ ત્યાં જ જણાવે છે કે તે સાધન છે "**ભાવ**". અહીં ભાવ શબ્દનો પ્રયોગ ચિત્તની ભગવાનમાં ઉત્કૃષ્ટપ્રકારિકા રતિ અથવા તો ભગવાનમાં અતિશય પ્રીતિના અર્થમાં થયો છે. વાત્સાયન સૂત્ર ગ્રન્થમાં જણાવ્યું છે કે - "**रसो रतिः प्रीतिर्भावो रागो वेगः समाप्तिरिति रतिपर्यायाः**" (વા.કામ સૂ.અધિકરણ-૨,અ-૧,શ્લોક-૩૨). અતઃ ભાગવતવાક્યાનુસાર-"**केवलेन हि भावेन गोप्यः**" હૃદયની અતિશયિત અને સર્વથા શુદ્ધ-વિશુદ્ધ પ્રીતિ જ ગોપિકાઓનું સાધન હતું બાકીતો તેમનાં દ્વારા થયેલા અનેક આચરણો એ તો એમના હૃદયમાં રહેલા પ્રગાઢપ્રેમ યા વિગાઢભાવને લઇને થયા છે, તે સિવાય તેમના આચરણમાં અન્ય કોઇ કારણ નથી જે દશમસ્કન્ધીય વ્રજસ્થલીલાઓમાં ગોપિકાઓના ચરિત્રથી જાણી શકાય છે. તેથી જ આપણા કીર્તનસાહિત્યમાં પણ કહ્યું છે કે -"**सेवा रीत प्रीत**

व्रजजनकी जन हित जग प्रगटाई-प्रगट व्है मारग रीत दिखाई" શ્રીમહાપ્રભુએ ભૂતલ પર પ્રગટ થઇને પુષ્ટિમાર્ગ પ્રશસ્ત કર્યો અને જે એતન્માર્ગીય સાધનો જણાવ્યા છે તેમાં શ્રીવ્રજભક્તોની પ્રીતિ અને તેવા પ્રેમપૂર્વક થનારી સેવાની રીત દૈવીજનોના પરમહિત-પરમ ઉદ્ધારાર્થે આ માર્ગમાં સ્વીકારી છે અને પુષ્ટિજગતમાં પોતાની વાણી અને વર્તન દ્વારા પ્રગટ કરી છે. અત: સંન્યાસનિર્ણયોક્ત શ્રીમહાપ્રભુના વાક્યમાં આવતો ભાવ શબ્દ વ્રજભક્તોનો હૃદયસ્થ અતિશય પ્રગાઢ પ્રેમ જ છે. વ્રજભક્તોના એ ભાવનું ભાવન કરવું એ આ માર્ગમાં આપણા માટે- સાધનદશાપન્નો માટે સાધન છે. કેમ કે એના વારંવારના ભાવનથી જ શ્રીગોપીજનોની કૃપાથી તે ભાવનું પણ સમ્પાદન શ્રીપ્રભુ કરશે. શ્રીગુસાંઇજી પ્રભુચરણ તામસફલપ્રકરણ સુબોધિની ઉપરની સ્વકૃત ટિપ્પણી ટીકામાં ચોથા અદયાયના શ્લોક૧૩ "**मनोरथान्तं श्रुतयो यथा ययुः**" એના ઉપરની સુબોધિનીનો ભાવ સમજાવતાં લખે છે કે - "**श्रुत्युक्तभगवद्धर्मश्रवणेन तत्कृत्या च भगवदनुग्रहे भक्तौ जातायां स्वयमेव तदानन्दानुभवयोग्यता भवतीति वाच्यम्.........अन्येषामपि कृतपुण्यपुञ्जानामेतदुक्तिश्रवण-कीर्तनादिना एतद्भावानुसारेण भजनेन च भगवदानन्दानुभवो भविष्यतीत्युक्तं भवतीति।**"આનાં ઉપર શ્રીપુરુષોત્તમજી કૃત પ્રકાશમાં - "**कृतपुण्यपुञ्जानां भक्तानां कीर्तनादिनेति आदिशब्देन मनननिदिध्यासने. एतदिति व्रजभक्तभावानुसारम्।**" પ્રભુચરણ પણ અત્ર "**एतद्भावानुसारेण भजनेन**" એમ કહી શ્રીવ્રજભક્તોના ભાવના અનુસાર ભજન કરવાથી શ્રીપ્રભુની પરમ પ્રસન્નતા પ્રાપ્ત થતાં ભગવદાનન્દાનુભવ શક્ય થાય છે એમ જણાવે છે. ઉપરના વાક્યમાં પણ "**तत् कृत्या**" શબ્દથી તે મુજબ ભગવદ્ધર્મનું આચરણ કરવાથી એમ અર્થ થાય છે. અત: શ્રીપ્રભુચરણના કહ્યા મુજબ શ્રીવ્રજભક્તો દ્વારા કહેવાયેલી ઉક્તિ અને તેમના દ્વારા આચરિતનું શ્રવણ કરવું, તેનું કીર્તન કરવું, તેનું મનન કરવું, તેનું નિદિધ્યાસન કરવું અને તેમના ભાવના અનુસાર સર્વાત્મભાવે અતિશય પ્રેમપૂર્વક ભજન કરવું એમ કરવાથી ગોપીજનો ઉપરાંતના બીજા ભક્તોને પણ ભગવદ્ આનન્દનો અનુભવ કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

આ પ્રકારે શ્રીગોપીજનોના ભાવનું ભાવન-તદનુસારી ભજન કરવું એટલે કે ભગવત્સેવા કરવી એ આ માર્ગમાં સાધન છે. કારણ કે આ માર્ગમાં ભગવદાનન્દાનુભવને ફલ તરીકે કિંવા ભક્તિના ફલ તરીકે કહેવાયું છે. અત: શ્રીવ્રજભક્તો વડે પોતાના હૃદયના અતિશય પ્રગાઢ પ્રેમ વડે જે પ્રકારથી ભગવત્સેવા તેમના દ્વારા થઇ તે પ્રકારે-તે મુજબ ભગવાનની સેવા કરવી અને તે સેવા સમયે અને સેવાના અનવસરમાં પણ તે શ્રીવ્રજભક્તોના ભાવનુ-પ્રેમનું-પ્રેમથી થયેલી સેવાનું શ્રવણ,કીર્તન, મનન, નિદિધ્યાસન કરવું અથવા ઉપર્યુક્ત પ્રકાર મુજબ પોતાનું તન અને વિત્તનો ભગવત્સેવામાં વિનિયોગ કરવો એ પુષ્ટિમાર્ગીય સાધન છે. આમ કરવાથી શ્રીવ્રજભક્તોની કૃપાએ માનસી સિદ્ધ થઇ માનસીની ચરમ સીમાએ સેવાફલોક્ત ફલ સેવામાં અભિનિવિષ્ટને થાય છે એમ જાણવું.

બીજા ભક્તિસમ્પ્રદાયોમાં શરણાગતિપ્રધાન વેદ-વિહિતા ભક્તિ, કેવલ વિહિતાભક્તિ, નામસ્મરણ-ઉચ્ચારણ-સ્વરૂપા ભક્તિ, મધુરભાવ મિશ્રિતા વિહિતાભક્તિ વગેરે પ્રકારો સ્વીકાર્ય બન્યા છે તેમજ તે સમ્પ્રદાયોમાં ભગવત્સેવામાં કેટલાક વિષ્ણુ અને તેના અવતારો સેવ્યરૂપમાં સ્વીકાર્ય છે તો કેટલાક શ્રીરામ સેવાને જ માત્ર સ્વીકારે છે, કેટલાક નારાયણોપાસક છે તો કેટલાક કૃષ્ણભક્તિ કરનારા છે, કૃષ્ણભક્તિ કરનારાઓમાં પણ કેટલાક કૃષ્ણાવતારમાં જન્મથી લઇને દ્વારકાલીલા પર્યન્તના લીલાત્મક કૃષ્ણરૂપોને સેવે છે તો કેટલાક માત્ર કૃષ્ણના વ્રજસ્થ રૂપને જ સેવ્ય તરીકે સ્વીકારે છે. આ સમ્પ્રદાયોમાં પણ આ મુજબના જુદા-જુદા ભેદ હોવા છતાં પણ બધાની એક વાક્યતા એક બાબતમાં તો જોવા મળે જ છે કે દરેક સમ્પ્રદાયોમાં ભગવદ્રૂપ સેવાનો પ્રકાર તો સ્વીકારવામાં આવ્યો છે.

ફક્ત મહામના શ્રીચૈતન્યમહાપ્રભુના સમ્પ્રદાયમાં તેમની ભક્તિનું મુખ્ય સ્વરૂપ ભગવન્નામોચ્ચારણ છે, તેમ છતાં પણ ત્યાં પણ પ્રેમસહિત-શાસ્ત્રવિધાન પૂર્વકની ભગવદ્રૂપ સેવા પણ માન્ય જ છે. આ સમ્પ્રદાયોમાં વિહિતાભક્તિ સ્વીકાર્ય હોવાથી જ આ સમ્પ્રદાયોના સેવા પ્રકારમાં ક્યાંક વૈખાનસ પદ્ધતિ તો ક્યાંક નારદપંચરાત્રોક્ત પદ્ધતિ વિગેરે વૈષ્ણવતંત્રમાં કહ્યા મુજબની અથવા તો શ્રીભાગવતના એકાદશસ્કન્ધના સત્તાવીસમાં અધ્યાયમાં ઉદ્ધવજી દ્વારા પ્રશ્ન કરાતાં કે "**क्रियायोगं समाचक्ष्व भवदाराधनं प्रभो, यस्मात्त्वां ये यथार्चन्ति सात्वताः सात्वतर्षभ**" એમ ક્રિયાયોગ બાબત પૂછતાં તેના ઉત્તરમાં "**वैदिकस्तान्त्रिको मिश्र इति मे त्रिविधो मखः**" અહીંથી આરંભીને "**भूयो भूयसि तत्फलम्**" એમ અધ્યાયના અન્તપર્યન્તમાં ભગવાને ક્રિયાયોગના નિરૂપણ દ્વારા જે અર્ચન-પૂજન પ્રકાર દર્શાવ્યો છે તે પ્રકારે સેવાનો પ્રકાર નિરૂપિત કરાયો છે. આ અનુસાર જ આ સમ્પ્રદાયોમાં ભક્તિમાર્ગીય અર્ચન-પૂજનાધિકારના રૂપમાં અથવા તો સમ્પ્રદાય પ્રવેશ-અધિકારના રૂપમાં વૈષ્ણવતન્ત્રોમાં ગ્રહણ કરાયેલા ભગવન્નામાત્મક પ્રણવસહિતના "**ॐ नमो भगवते वासुदेवाय, ॐ नमो नारायणाय**" વિગેરે વેદમંત્ર દ્વારા દીક્ષા આપવામાં આવે છે.

પુષ્ટિમાર્ગીયા સેવાનું સ્વરૂપ એકાદશસ્કન્ધમાં કહેવાયેલ વૈદિક-તાંત્રિક અને મિશ્ર એ ત્રણેથી વિલક્ષણ-જુદા જ પ્રકારનું છે.

જ્યારે શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ પ્રવર્તિત પુષ્ટિમાર્ગમાં એકમાત્ર શ્રીસ્વામિનીસહિત શ્રીકૃષ્ણ જ સેવ્ય છે અને તે પણ પ્રતિકલ્પ વૈવસ્વત મન્વન્તરના અઠ્ઠાવીસમાં દ્વાપરના અન્તમાં અંશ-કલાદિથી થનારા અવતારને નહિં પણ એ બધાના મૂલ અવતારી ગોલોકસ્થ મૂલરૂપ સચ્ચિદાનંદ-સદાનંદ શ્રીકૃષ્ણ જ સેવ્ય છે. શ્રીમહાપ્રભુએ ચતુઃશ્લોકી ગ્રન્થમાં "**भजनीयो व्रजाधिपः**" એમ કહ્યું છે ત્યાં પણ જ્યારે જ્યારે પણ સારસ્વત કલ્પ-શ્વેતવારાહાદિ કલ્પમાં

કૃષ્ણરૂપમાં પૂર્ણાવતાર થયો છે અને ત્યારે પોતાની ગોલોકસ્થા નિત્યલીલાઓ અને નિત્યલીલા પરિકર સહિત પોતાના મૂલરૂપે પરમાનન્દાકારે શ્રીકૃષ્ણપ્રભુ પ્રગટ થયા છે તેને હૃદયમાં રાખી શ્રીમહાપ્રભુએ કહ્યું છે તેમ જાણવું. તેમજ આ સમ્પ્રદાયમાં સ્વીકૃત સેવા પ્રકારની બાબતમાં સમ્પ્રદાયના એક વિદ્વાન મહાનુભાવ સાથેની મારી ચર્ચામાં તેમણે પોતાનો મત અભિવ્યક્ત કર્યો હતો કે ભાગવત એકાદશ સ્કન્ધનું જે વાક્ય આપણે પહેલાં જોઇ ગયા કે - "**वैदिकस्तान्त्रिको मिश्रः**" વૈદિક મખ, તાન્ત્રિક મખ અને વૈદિક-તાન્ત્રિક મિશ્ર, એમાં મિશ્ર પ્રકાર છે તે પુષ્ટિમાર્ગમાં સ્વીકારાયેલો છે એમ તેમણે જણાવ્યું. પરન્તુ એમનો આ મત મને રુચિકર થતો નથી. કારણ કે મને જણાય છે ત્યાં સુધી ભગવાને ત્રણ મખ જણાવીને પણ અત્ર ૨૭માં અધ્યાયમાં ક્રિયાયોગના નામે મિશ્ર પ્રકાર છે તે જ જણાવ્યો છે જે ક્રિયાયોગનું પ્રતિપાદન કર્યા પછીથી ભગવાન જણાવે છે તેનાથી જાણી શકાય છે. ત્યાં કહ્યું છે --

एवं क्रियायोगपथैः पुमान् वैदिकतान्त्रिकैः ।
अर्चन्नुभयतः सिद्धिं मत्तो विन्दत्यभीप्सिताम् ॥

અહીં "વૈદિકતાંત્રિક" એમ સમાસથી કહેવામાં આવ્યું હોઇ આ ક્રિયાયોગ એ મિશ્રપ્રકાર છે. તેથી જ પોતાને અભીષ્ટ એવી બન્નેથી થનારી સિદ્ધિ એટલે કે વેદમાં બતાવેલ વિવિધ ફળ અને સત્ત્વશુદ્ધિ એ વૈદિક અને નિષ્પાપ બનેલા શુદ્ધસત્ત્વવાળા અન્તઃકરણમાં ભક્તિનો કે જે મોક્ષદાયિકા છે તેનો ઉદય આમ બન્નેનું ફળ થાય છે. તે ફળ પણ વેદ યા તન્ત્રના પ્રભાવે નહિં પરન્તુ મારા થકી જ -આ પ્રકારમાં મુખ્યતા મારી જ હોવાથી મારા થકી જ બન્નેનું ફળ થાય છે. ક્રિયાયોગ એટલે જેમાં વૈદિકીક્રિયાના મિશ્રણ પ્રકારે યોગ થયેલો છે તેવું તંત્રોક્ત ભગવદ્-આરાધન. અથવા તો એ પ્રકારે વૈદિકી ક્રિયાની યોજના જે તંત્રોક્ત ભગવદારાધનમાં પ્રયોજિત થયેલી હોય. અતઃ પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભ-વિઠ્ઠલ નિર્દિષ્ટા સેવા પદ્ધતિ એ

ભાગવત એકાદશ સ્કન્ધોક્ત મિશ્ર પ્રકારની નથી પરન્તુ તેથી ભિન્ન-સ્વતંત્ર પ્રકારની અને શ્રીવ્રજભક્તોથી પ્રગટેલી ભક્તિના પ્રકારની છે. આ વાત આજ લેખનમાં પૂર્વ પ્રકરણ (૫) માં શ્રીગોકુલનાથજી અને શ્રીપુરુષોત્તમજીની સિદ્ધાન્તરહસ્યની ટીકાના વાક્યો ઉદ્ધૃત કરાયેલા છે તેનાથી પણ જાણી શકાય છે. શ્રીગોકુલનાથજીની ટીકામાં "तत्र स्वमार्गीयभक्तिस्वरूपं स्वमार्गसेव्यस्वरूपं स्वमार्गीयसेवाप्रकारं च मार्गान्तरीय-भजनसाङ्कर्याभावार्थं वैलक्षण्येन प्रमाणपूर्वकं निरूपितवन्तः" તેમજ આગળ "स्वप्रकटितपुष्टिमार्गविवेकादीनां च सन्देहाभावार्थं भिन्नत्वेन निरूपणं कृतवन्तः" અહીં પ્રથમ વાક્યોમાં "मार्गान्तरीय" શબ્દથી ભક્તિમાર્ગીય સમ્પ્રદાયો રામાનુજ, માધ્વ, નિમ્બાર્ક, ચૈતન્ય, રામાનન્દાદિનો પણ આમાં સમાવેશ થાય છે. "मार्गान्तरीय" શબ્દથી જણાવેલા માર્ગો યા સમ્પ્રદાયોમાં એકાદશ સ્કન્ધમાં જણાવાયેલ વૈદિક, તાન્ત્રિક, બન્નેનો મિશ્ર એમાંથી દરેકમાં કોઇને કોઇ એક ભજન પ્રકાર સ્વીકૃત થયેલો છે. અતઃ તેનાથી વિલક્ષણ જુદા જ લક્ષણો વાળો એટલે કે ઉક્ત ત્રણે પ્રકારોથી જુદા જ લક્ષણોથી લક્ષિત થતો અર્થાત્ પ્રેમના લક્ષણથી લક્ષિત થતો પ્રેમલક્ષણાભક્તિરૂપનો સેવામાર્ગ કે જે અન્યસમ્પ્રદાયોમાં એકાદશ સ્કન્ધોક્ત પૂજા પ્રકારને સ્વીકૃત એવો પૂજા માર્ગ તેનાંથી ભિન્ન જ છે. તેવી જ રીતે બીજા વાક્યમાં પણ સ્વપ્રકટિત પુષ્ટિમાર્ગમાં સ્વીકૃત ધર્મ, પુરુષાર્થ, વિવેક વિગેરે એનું પણ શ્રીઆચાર્યચરણ દ્વારા સ્વતન્ત્રતયા નિરૂપણ એથી જ કરવામાં આવ્યું છે કારણ કે નહિં તો વૈષ્ણવોને એવો સન્દેહ થાય કે પુષ્ટિભકિતમાર્ગ અને અન્યભક્તિ માર્ગોમાં આ બધું તો સમાન જ છે. "पुष्टिमार्गको पेंडो ही न्यारो" એ ઉક્તિ સર્વથા સાર્થક છે. આ વાતનું-બીજા બધાથી અને બીજા ભક્તિસમ્પ્રદાયોથી પુષ્ટિમાર્ગનું સર્વથા ભિન્નપણું છે એનું સમર્થન શ્રીવલ્લભાષ્ટકના શ્રીપ્રભુચરણના વાકયોથી પણ થાય છે. ત્યાં શ્રીપ્રભુચરણ લખે છે :-

क्वचित्पाण्डित्यं चेन्ननिगमगतिः साऽपि यदि न
क्रिया सा साऽपिस्याद्यदि न हरिमार्गे परिचयः ।
यदि स्यात्सोऽपि श्रीव्रजपतिरतिर्नैति निखिलै-
र्गुणैरन्यः को वा विलसति विना वल्लभवरम् ॥

અહીં શ્રીપ્રભુચરણના વાક્યોમાં કેટલાકોને હરિના માર્ગનો એટલે કે પુરુષોત્તમ પરબ્રહ્મ પરમેશ્વરની ભક્તિનો જે માર્ગ છે -જે માર્ગે ચાલવાથી શ્રીહરિ મળે છે તેવો માર્ગ માત્ર ભક્તિમાર્ગ જ હોવાથી તેવા શ્રીહરિના માર્ગનો પરિચય છે તેવા પણ છે, પરન્તુ તેવાઓને પણ ભક્તિમાર્ગનો પરિચય હોવા છતાં પણ ભક્તિ પદના અર્થની પૂર્ણ ચરિતાર્થતા જેમના સેવ્યત્વથી જ થાય છે તેવા શ્રીવ્રજપતિ-પ્રભુશ્રીકૃષ્ણમાં રતિનો અભાવ જોવા મળે છે. અતઃ પૂર્ણ પાંડિત્ય, વેદમાં ગતિ, વેદાદિ શાસ્ત્રો અનુસારની ક્રિયા, ભક્તિમાર્ગનો પરિચય અને શ્રીવ્રજપતિમાં રતિ આ બધા જ ગુણો શ્રીવલ્લભમહાપ્રભુથી ઇતર અન્ય ક્યાં જોવા મળી શકે છે ! આ વાક્યોમાં હરિમાર્ગનો પરિપચય છે એવા લોકોએ દર્શાવેલા માર્ગો તે વિવિધ ભકિતસમ્પ્રદાયોને ઉદ્દેશીને લખાયું છે. અતઃ તે બધાથી પણ આગળનો અને ઉત્કૃષ્ટ શ્રીવલ્લભનો માર્ગ છે અને તે બધાથી વિલક્ષણ-ભિન્ન જ છે.

શ્રીપ્રભુચરણના ઉક્ત વાક્યોનું સમર્થન શ્રીભાગવત તૃતીય સ્કંધ અધ્યાય બત્રીસના ૩૭માં શ્લોક ઉપરના સુબોધિની-વ્યાખ્યાનમાં સ્વયં શ્રીમહાપ્રભુના જ વાક્યોથી થાય છે. ત્યાં તેઓશ્રી આજ્ઞા કરે છે કે :- "भेदः पारमार्थिक इति पुरस्कृत्य त्रिविधो भक्तियोग उक्तः । ते च साम्प्रतं विष्णुस्वाम्यनुसारिणः, तत्त्ववादिनः, रामानुजाश्चेति तमोरजःसत्त्वैर्भिन्नाः । अस्मत्प्रतिपादितश्च नैर्गुण्यः । एवं चतुर्विधोऽपि भगवतः प्रतिपादितः ।" અર્થાત્ :- ભેદ પારમાર્થિક છે (પારમાર્થિક ભેદ હોવાથી તેના સાધન અને ફલમાં પણ ભેદ છે) એમ કહેતી વખતે ચિત્તમાં સામે રાખીને ત્રણ પ્રકારનો

(સાત્ત્વિક-રાજસ્-તામસ્) ભક્તિયોગ કહ્યો છે. તે અધુના-હાલમાં વિષ્ણુસ્વામિના કહ્યા અનુસારનો તામસ્, તત્ત્વવાદિઓ અનુસારનો રાજસ્ અને રામાનુજ અનુસારનો સાત્ત્વિક, એમ ત્રણ પ્રકારના તે હાલ ઉપર મુજબના સમ્પ્રદાયને નામે પ્રચલિત છે કે જે સાત્ત્વિક, રાજસ્, તામસ પ્રકારના સગુણ ભકિતમાર્ગો છે અને તે ત્રણે નિર્ગુણભક્તિ માર્ગથી ભિન્ન-જુદા જ પ્રકારના છે. આ ભક્તિમાર્ગોના મધ્યે અમારા દ્વારા એટલે કે શ્રીવલ્લભાચાર્યજી દ્વારા પ્રતિપાદિત-પ્રકટિત જે ભક્તિમાર્ગ છે તે નિર્ગુણભક્તિમાર્ગ છે. શ્રીસુબોધિનીના ઉક્ત વાક્યમાં **“तमोरजःसत्त्वैर्भिन्नाः”** આમ કહ્યું છે ત્યાં **“निर्गुणभक्तिमार्गात्”** એટલું શેષ સમજવું જોઇએ. આથી પૂર્ણવાક્ય આ મુજબ જાણવું :- **“तमोरजःसत्त्वैर्निर्गुणभक्तिमार्गात् भिन्नाः”** અર્થાત્ - આ ત્રણે સમ્પ્રદાયો સગુણ ભક્તિ પ્રકારના હોઇ નિર્ગુણભક્તિ પ્રકારનો જે માર્ગ છે તેથી ભિન્ન-જુદા પ્રકારના છે. શ્રીભાગવતના આ શ્લોક પરની સુબોધિની વ્યાખ્યાનના આભાસમાં શ્રીમહાપ્રભુ લખે છે :- **“उक्तानां भक्तिभेदानां सगुणनिर्गुणभेदप्रतिपादनार्थं चातुर्विध्य-माह”** કહેવાયેલા ભકિત ભેદોમાં સગુણાભક્તિ અને નિર્ગુણાભક્તિ બન્ને વચ્ચે રહેલો ભેદ પ્રતિપાદન કરવા માટે ભક્તિયોગને ચાર પ્રકારે કહે છે. આમ શ્રીમહાપ્રભુના કહ્યા અનુસાર અન્ય ભકિત સમ્પ્રદાયો સગુણાભક્તિના છે અને પોતાનો સમ્પ્રદાય એ નિર્ગુણાભક્તિનો છે. કેટલાકોને એમ પ્રશ્ન આ સ્થળે ઉદ્‌ભવી શકે છે કે શ્રીમહાપ્રભુ સ્વયં પોતાના કેટલાક ગ્રન્થોના અન્તે **“इति श्रीविष्णुस्वामिमतानुवर्ती”** વિગેરે શબ્દોથી પોતાને વિષ્ણુસ્વામીના મતના અનુવર્તી તરીકે જણાવે છે જ્યારે સુબોધિનીના આ સ્થળે તેમનાથી પોતાના માર્ગને જુદો બતાવે છે તે કેવી રીતે ? તો અહીં આ મુજબ વ્યવસ્થા સમજવી કે જયાં સુધી તાત્ત્વિક-દાર્શનિક બાબતનો સવાલ છે ત્યાં સુધી શ્રીમહાપ્રભુએ શ્રીવિષ્ણુસ્વામિના શુદ્ધાદ્વૈત મતને સ્વીકાર્યો છે અને તેથી જ શ્રીમહાપ્રભુથી પણ ઘણા સૈકાઓ પહેલાં થયેલા શ્રીશંકરાચાર્યજીના બ્રહ્મસૂત્ર ભાષ્યમાં શુદ્ધાદ્વૈત મતનું ખંડન થયેલું

જોવા મળે છે. અતઃ શ્રીમહાપ્રભુ જે પોતાને વિષ્ણુસ્વામિના મતાનુવર્તી તરીકે જણાવે છે તે દાર્શનિક મત મુજબ જણાવે છે પરંતુ જ્યાં સુધી ભકિતપ્રકારનો સવાલ છે ત્યાં તો વિષ્ણુસ્વામિથી ભિન્ન જ શ્રીમહાપ્રભુ ઉપદિષ્ટા ભક્તિનો પ્રકાર છે કે જેનો ઉલ્લેખ સુબોધિનીમાં શ્રીમહાપ્રભુ કરે છે.

શ્રીમહાપ્રભુ તૃતીયસ્કન્ધ સુબોધિનીમાં જે આ બીજા ભક્તિસમ્પ્રદાયોને માટે સાત્ત્વિક-રાજસ્-તામસ્ છે એમ જણાવે છે તેથી કરીને તૃતીયસ્કન્ધમાં કપિલાખ્યાનમાં **“अभिसन्धाय यो हिंसाम्”** થી આરંભીને **“पृथग्भावः स सात्त्विकः”** પર્યન્તમાં જે ત્રણેના જુદા-જુદા લક્ષણો બતાવ્યા છે તે મુજબના હિંસા, દંભ, માત્સર્ય, વિષયોનું અભિસન્ધાન, વિગેરે જે દોષયુક્ત પ્રકારો બતાવ્યા છે તે મુજબના દોષસ્વરૂપના યા હીન કોટિના આ સમ્પ્રદાયો છે તેમ સમજવું જોઇએ નહિં પરન્તુ ત્યાં કંઇક જુદા જ પ્રકારે વિચારવું જરૂરી છે. જેમ કે શ્રીવિષ્ણુસ્વામીના મતને તામસ્ પ્રકારમાં કહેતાં હિંસા, દંભ, માત્સર્યના દોષો તેમના ભકિત પ્રકારને પ્રાપ્ત થાય અને આમ શ્રીવિષ્ણુસ્વામીના મત પર ઘણો મોટો આક્ષેપ થયો કહેવાય. અતઃ આવું નથી એની ચોખવટ શ્રીમહાપ્રભુના જ તત્રસ્થ વાકયોમાંથી મેળવવી જોઇએ. **“अभिसन्धाय”** (ભાગ. ૩-૨૯-૮)શ્લોક ઉપરની સુબોધિનીમાં શ્લોક વ્યાખ્યાનમાં **“भिन्नदृग्भावं”** વાકયના વ્યાખ્યાનમાં શ્રીમહાપ્રભુ લખે છે -**“अयं भाव आन्तरबुद्ध्यात्मकः, अभिध्यानरूपः, तपोरूपो वाः नतु श्रवणादिरूपः, तत्र तस्यानधिकारात्”** અહીં જે હિંસા-દંભ વિગેરેના ઉદ્દેશથી એમ કહ્યું છે તે ભેદદષ્ટિએ ભાવવાળો છે (તેને લઇને છે). આ ભાવ આન્તરબુદ્ધિ સ્વરૂપનો છે, અથવા તો અભિધ્યાનરૂપ છે, અથવા તો તપોરૂપ છે, પરંતુ આ શ્રવણ વિગેરે ભક્તિરૂપ નથી કારણ કે શ્રવણાદિ ભક્તિમાં ભેદદષ્ટિવાળો જેનો ભાવ હોય તેનો અધિકાર નહિં હોવાથી” અતઃ અહીં તામસ્ પ્રકારના વ્યકિત વડે હીન હેતુ યા નિંદ્યહેતુપૂર્વક ભગવાનનું ભજન કરવામાં આવે તે કહ્યું હોઇ અહીં તામસ્ લોકોના

ભજનની વાત કહી છે જે વિષ્ણુસ્વામી વિગેરે સાથે સંગત થતું નથી. અતઃ વિષ્ણુસ્વામીની તામસ્ ભક્તિ-સગુણાભક્તિ કહી છે તેમાં પ્રયોજનમાં આથી આગળ આજ સ્થેળ શ્રીમહાપ્રભુ લખે છે :- "**अभिन्नदृष्टयाप्येते भावा भवन्ति**" આ અભિદયાનરૂપભાવો અભિન્નદષ્ટિવાળા વડે પણ થાય છે, દષ્ટાન્તમાં નારાયણ કવચનું વાક્ય પ્રમાણ છે કે "**यथा हि भगवानेव वस्तुतः सदसच्च यत् । सत्येनानेन नः सर्वे यान्तु नाशमुपद्रवाः**" અહીં સર્વ ઉપદ્રવોનો નાશ થાઓ એમ કહ્યું છે તેમાં કોઇ પણ વ્યક્તિ કે વસ્તુનો નાશ કરવો કે નાશ ઇચ્છવું એ બુદ્ધિમાં કે મનમાં રહેલાં હિંસાવૃત્તિના કેન્દ્ર થકી જ થાય છે અતઃ એ હિંસાનું અભિસન્ધાન છે, છતાં પણ આ જે કંઇ પણ વ્યકત-અવ્યકત છે તે ભગવાન જ છે એ વાક્યમાં અભિન્નદષ્ટિ રહેલી છે. આમ જણાવી શ્રીઆચાર્યચરણ આગળ જણાવે છે કે :- "**भगवत्स्तोत्रेषु सर्वेषां संग्रहार्थं बहूनि फलान्युच्यन्ते, अतः फलविशेषकामनयैव स्तोत्रादीनां श्रवणं सम्मवतीति तामसी भक्तिरुक्ता**" અર્થાત્ :- ભગવાનની સ્તુતિ વિષયના સ્તોત્રોમાં બધાનો જ સંગ્રહ કરવાના અર્થે ઘણાં પ્રકારના ફળો કહેવામાં આવે છે (કે આ સ્તોત્ર પાઠ-જપ વિગેરેથી અમુક-અમુક પ્રકારના ફળ થશે.), અતઃ ફલવિશેષની કામના વડે જ (તે કામનાની પૂર્તિ અર્થે જ)સ્તોત્રો, ભગવચ્ચરિત્રો વિગેરેનું શ્રવણ (કીર્તન, સ્મરણ,પૂજન વિગેરે-) સંભવ થતું હોવાથી તેવા ભક્તિ ના પ્રકારને તામસી ભક્તિ (અહીં ભાગવતમાં)કહી છે. અતઃ આનંદ દુઃખ વિરોધી છે અને આનંદના અભાવમાં યા તો તિરોધાન અવસ્થામાં જ સકલ દુઃખના વિષયો જીવને પ્રાપ્ત થાય છે અને અનુભવાય પણ છે, અતઃ સકલ દુઃખોનો નાશ એ આનંદની પ્રાપ્તિથી જ શક્ય છે, તેમજ પરબ્રહ્મ-પરમાત્મા આનન્દમય છે અને એ આનન્દની ઉપલબ્ધી ભગવાન વિના શક્ય નથી અને ગીતા વિગેરેના વાક્ય પ્રમાણે ભગવાન ભક્તિ વિના પ્રસન્ન થતા નથી તેથી ભગવાનની પ્રસન્નતાએ ભગવાનની કૃપાથી જ આનંદ પ્રગટ થતાં સકલ દુઃખોનો નાશ થશે એમ દુઃખોના નાશપૂર્વક આનંદ પ્રાપ્તિની

વિશેષફલની કામનાથી જ્યાં ભગવાનનું ભજન કરવામાં આવે તે પ્રકારને તામસી ભક્તિ સમજવી. તામસી ભક્તિથી અલગ નિર્ગુણા ભક્તિ વિષયમાં તો કપિલદેવજી પહેલી શરત જણાવે છે કે :- "**अहेतुकी-हेतुः फलानुसन्धानम्, तद्ररहिता अहेतुकी, अनिमित्ता वा.**" અર્થાત્ - હેતુ એટલે કોઇ પણ પ્રકારના સ્વવિષયક ફલનું અનુસંધાન થવું તે અને તેવા અનુસંધાન વિનાની તે અહેતુકી ભક્તિ, અથવા તો જેમાં -જેની પાછળ કોઇ પણ પ્રકારનું સ્વવિષયક નિમિત્ત-કારણ રહેલું ન હોય તેવી અનિમિત્તા (એટલે કે આજ સ્કન્ધના આજ આખ્યાનમાં ૨૫માં અધ્યાયમાં શ્લોક-૩૨ થી કહેવાયેલી સ્વાભાવિકી વૃત્તિવાળી અથવા તો સ્વવિષયક કોઇ પણ હેતુ કે કોઇ પણ નિમિત્ત જેમાં ન હોય તેવા સ્વાભાવિક ભગવાનમાં પ્રેમવાળી ભક્તિ). તબિયત બગડે-શરીર અસ્વસ્થ થાય તો એ અસ્વસ્થતાથી પોતાની સેવા-ભક્તિમાં વ્યવધાન થશે તેમ વિચારી તે કારણથી ઔષધસેવન કરવું એ પણ ભગવત્સેવાનું અંગ જ છે પણ તબિયત બગડવાથી દુઃખોથી વિકલ થઇ આનો ઉપાય ભગવન્નામ છે તેમ વિચારી તેવા સ્વપરક કારણથી સ્તોત્ર-ભગવચ્ચરિત્રનો પાઠ કે ભગવન્નામાત્મક મંત્રોનો જપ કરવામાં આવે તો તે તામસી ભક્તિ જ કહેવાશે, નિર્ગુણા નહિં, અતઃ ચિત્તમાં સ્વવિષયક ફલકામના એ પણ ભક્તિમાં વ્યવધાનરૂપ હોવાથી નિર્ગુણાભક્તિના લક્ષણમાં બીજા ક્રમે કહેવાયેલ "**अव्यवहिता**" એટલે કે વ્યવધાનરહિતા "**कालेन कर्मण वा यत्र सेवायां व्यवधानं नास्ति, न तु निद्राभोजनादिना , तस्य सेवाहेतुत्वात्**" (સુબો.૩-૨૯-૧૨) અર્થાત્-કાલ વડે કે કર્મ વડે જ્યાં સેવામાં વ્યવધાન થતું નથી તેવી વ્યવધાન રહિતા= અવ્યવહિતા, જ્યાં નિદ્રા-ભોજન પણ ભગવત્સેવાના હેતુથી જ થાય છે ત્યાં સેવાહેતુક હોવાથી નિદ્રાનો સેવારહિત કાળ છે તેમ પણ ન કહેવાય અને ભોજન કરવું-સ્નાન કરવું વિગેરે કર્મ પણ જો ભગવત્સેવાના હેતુથી જ થાય છે તો તે કર્મ પણ ભક્તિરૂપ જ છે, આમ જ્યાં કાલ અને કર્મ વડે પણ જ્યાં ભક્તિમાં વ્યવધાન થતું નથી તેવી ભક્તિ અવ્યવહિતા કહેવાય

છે. ત્યારે પોતાના અર્થેની કોઇ પણ પ્રકારની કામનાને લઇને તેવા ઉદ્દેશની પૂર્તિનું અભિસંધાન કરીને સ્તોત્ર નામાદિનું શ્રવણ-કીર્તન-સ્મરણ એ ભકિતસ્વરૂપનું જણાતું હોવા છતાં પણ ભગવદર્થ કે ભગવત્સેવાના અર્થથી અલગ સ્વવિષયક હોવાથી તેવા પ્રકારે સ્તોત્ર નામાદિના પાઠ-જપમાં વ્યતીત થનારો કાળ અને સ્તોત્ર-નામાદિનો પાઠ-જપનું કર્મ એ પણ અહેતુકી અને અવ્યવહિતા લક્ષણથી વિરુદ્ધ સ્વરૂપનું હોવાથી આવી ભક્તિને નિર્ગુણા સમજી શકાય નહિં. મને તો એમ લાગે છે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણે વલ્લભાષ્ટકમાં “**क्वचित्पाण्डित्यं चेत्**” શ્લોકમાં કહ્યું છે તેમાં “**यदिस्यात् सोऽपि श्रीव्रजपतिरतिर्न**” અર્થાત્ - કેટલાકોમાં-કેટલાક સમ્પ્રદાયોમાં હરિમાર્ગનો પરિચય તો છે પણ હરિમાર્ગનો પરિચય હોઇને પણ-તે માર્ગોમાં ભકિતની વાતો કહેવાયેલી હોવા છતાં પણ શ્રીવ્રજપતિ-શ્રીકૃષ્ણમાં રતિ દેખાતી નથી આ “**श्रीव्रजपतिरतिर्न**” આ વાક્યમાં વિષ્ણુસ્વામી, નિમ્બાર્ક, ગૌડિય વિગેરેનો સમાવેશ હોવો જોઇએ.

આ પ્રમાણે પુષ્ટિમાર્ગમાં સ્વીકૃત થયેલી ભકિતનો પ્રકાર એ એકાદશસ્કન્ધોકત વૈદિક, તાંત્રિક અને મિશ્ર એ ત્રણે પ્રકારથી વિલક્ષણ અને અન્ય સર્વ વૈષ્ણવસમ્પ્રદાયોમાં સ્વીકૃત થયેલી ભકિતના પ્રકારથી પણ વિલક્ષણ અને તૃતીય સ્કન્ધના કપિલવાક્યમાં કહેવાયેલી નિર્ગુણાભકિતના લક્ષણોથી યુકત અને દશમસ્કન્ધ પૂર્વાર્દ્ધમાં વ્રજસ્થલીલામાં શ્રીવ્રજભકતો દ્વારા તેમનાં સર્વોત્કૃષ્ટ પ્રેમના કારણે તેમના દ્વારા તેમની ઇન્દ્રિયો-અંગો વડે તેના સ્વભાવ થકી જ થઇ ગયેલા ભક્તિરૂપ-ભગવત્સેવાસ્વરૂપ આચરણ-ક્રિયાને જ પુષ્ટિમાર્ગમાં ભક્તિ-સેવા પ્રકારે સ્વીકૃત કરવામાં આવ્યો છે જે શ્રીમહાપ્રભુના સંન્યાસનિર્ણય ગ્રન્થના વાક્યથી જાણી શકાય છે. ત્યાં કહ્યું છે - “**गोपिका गुरवः प्रोक्ता साधनं च तत्, भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते**” અર્થાત્-ગોપિકાઓને આ માર્ગમાં ગુરુ તરીકે પ્રકૃષ્ટતાથી કહેવા-માનવા યા સ્વીકારવામાં આવ્યા છે, તો શું તેમના દ્વારા કોઇ ગ્રન્થ વિગેરે લખાયેલો છે ? યા તેમણે શિષ્ય પરંપાર સ્થાપી છે ? યા તેમનો પ્રવતિર્ત સમ્પ્રદાય છે કે જેથી તે મુજબ ભક્તિનું શિક્ષણ મળી શકે ? તો શ્રીમહાપ્રભુ કહે છે તેમનું ગુરુપણું તેમના જીવનદર્શન થી કહેવાયું છે, અતઃ તેમણે આચરેલા ભક્તિરૂપ આચરણ રૂપ સાધનો એ જ આ માર્ગમાં સાધનો છે અને તે સાધનો કહેવાથી તેમને પ્રાપ્ત થયેલું ફળ એ જ પુષ્ટિમાર્ગમાં મુખ્યફળ છે અને ત્યાં જ નિરૂપિત થતાં બીજાફળ ગૌણફળ છે તેમજ તેમના હૃદયના ભાવનું સ્વરૂપ જ આ માર્ગમાં મુખ્ય ભક્તિનું સ્વરૂપ હોવાથી તેમના ભાવનું ભાવન કરવાથી જ તે ભાવની પણ ઉપલબ્ધી શક્ય થઇ શકતી હોવાથી તેમના ભાવનું ભાવન કરવું એ જ આ માર્ગમાં સાધન છે, આથી ઇતર અન્ય કોઇ સાધન અહીં આ માર્ગમાં અભીષ્ટ નથી. આજ પ્રકારે પોતાના શિષ્યો-સેવકો, પોતાના વંશજો, સમ્પ્રદાયના સર્વ તે સમયે વિદ્યમાન તથા આગળ જન્મ લેનારાઓ માટે મુખ્યકર્તવ્યનું નિર્ધારણ કરતાં વાક્યો કાશીમાં ગંગાના હનુઘાટ પર બિરાજતા શ્રીઆચાર્યચરણે આષાઢ શુકલા દ્વિતીયાની તિથિમાં સ્વયં મૌનવ્રત ધારણ કરેલા હોઇ શ્રીહસ્તે ભૂમિ પર લખ્યા જે સંપ્રદાયમાં શિક્ષાશ્લોકી નામે પ્રસિદ્ધ છે તેમાં સેવ્યસ્વરૂપ જણાવવામાં “**કૃષ્ણ**” એમ ફલાત્મક નામ કહી આ માર્ગમાં ફલરૂપ સાક્ષાત્ પૂર્ણ પરબ્રહ્મ પરમાનન્દ એવા શ્રીપ્રભુ મૂલરૂપે-કૃષ્ણરૂપે-સદાનન્દરૂપે સેવ્ય છે એમ જણાવી એવા શ્રીપ્રભુની ભક્તિરૂપે કર્તવ્યતાનો આદેશ આપતાં શ્રીઆચાર્યચરણ જણાવે છે - “**सेव्यः स एव गोपीशः विधास्यत्यखिलं हि नः**” આ વાક્યમાં પ્રયોજાયેલ “**स एव**” શબ્દ “**गोपीशः**” સાથે પૂર્વમાં તેમજ “**विधास्यति अखिलम्**” સાથે પૂર્વમાં જોડવાથી વાક્ય સ્વારસ્ય ગ્રહણ કરી શકાય છે. આ રીતે વિચારતાં પૂર્વોક્ત જે મૂલરૂપ કૃષ્ણ છે કે જે અન્ય વ્યૂહાદિ સકલ રૂપથી પર અને માત્ર આનન્દાકાર-આનન્દમય છે તે જ ગોપીશ છે અને તે ગોપીશ-વ્રજાધિપ-શ્રીગોપીજનવલ્લભ જ સેવ્ય છે તેમની જ સેવા એ આ માર્ગમાં કર્તવ્ય છે અને એ ગોપીશ શ્રીકૃષ્ણની ગોપીજનોના ભાવની ભાવના કરીને તે મુજબ સેવા કરવાથી જ શ્રીગોપીશ પ્રસન્ન થાય છે સંતુષ્ટ

થાય છે અને સેવાથી સન્તુષ્ટ થયેલા તે શ્રીગોપીશ જ જેમ શ્રીગોપીજનોના રાસપંચાધ્યાયી ચર્તુથાધ્યાયોક્ત ભાવને જોઇને સન્તુષ્ટ થઇને તેમને પરમ ફલનું દાન કર્યું તેમ શ્રીગોપીજનોની કૃપાથી તમને પણ તમારા સકલ અલૌકિક પુષ્ટિભક્તિસ્વરૂપ ભાવથી યા તેના ભાવનથી પ્રગટેલા હૃદયમાં વિવિધ મનોરથો તેની પૂર્તિ પણ તે જ શ્રીગોપીશ જ કરશે એમ તાત્પર્ય છે.

માનસીસેવાને ફલરૂપા કહેવાથી તે સાધન નથી એમ નથી, પરંતુ એ સાધનદશાપન્નોનું ફલાભિમુખ મુખ્ય સાધન છે.

શ્રીવ્રજભક્તોના ભાવનું ભાવન કરવાનું સાધન બાબતે શ્રીમહાપ્રભુ જણાવે છે. ભાવન થવું એ મનનો વિષય છે તેથી જ ભકિતના મુખ્યસ્વરૂપમાં શ્રીમહાપ્રભુ સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં **માનસી સેવા** યા **પરા સેવા** ના નામે આલેખે છે. અર્થાત્ કૃષ્ણમાં રતિ થઇને સ્નેહપુરઃસર-ભાવપુરઃસર સાધનસ્વરૂપની ભક્તિ કરતાં કરતાં જ્યારે કૃષ્ણરતિ મનસહિત સર્વઅન્તઃકરણ, સર્વ ઇન્દ્રિયો અને સર્વાંગમાં વ્યાપ્ત થઇ જાય ત્યારે વાત્સાયન શાસ્ત્રમાં જણાવ્યા મુજબ :-

शास्त्राणां विषयस्तावद् यावत् मन्दरसा नराः ।
रतिचक्रे प्रवृत्ते तु न च शास्त्रं न च क्रमः ॥

જ્યાં સુધી મનુષ્ય મન્દરસ એટલે કે રતિ અથવા તો ભાવ બીજ સ્વરૂપમાં રહીને પણ મનમાં પૂર્ણરસની નિષ્પત્તિ થઇ નથી તેને મન્દરસ કહેવામાં આવે છે, એ મન્દરસપણું જ્યાં સુધી છે ત્યાં સુધી જ રસશાસ્ત્રના આદેશ મુજબ રસક્રિયામાં પ્રવૃત્ત થવું જોઇએ, પરન્તુ બીજરૂપમાં રહેલી રતિ રસપ્રક્રિયાથી ક્રમશઃ વૃદ્ધિને પ્રાપ્ત થતાં સતત ફરતા ચક્રની સમાન સતત પ્રવર્તન સ્વરૂપમાં પ્રવૃદ્ધ થઇ જાય-રતિ ચક્ર જ્યારે પ્રવૃત્ત એટલે કે વ્યક્તિને પોતાનાથી (રસથી)પૂર્ણ પ્રભાવિત કરી દે ત્યાર પછી તો શાસ્ત્ર મુજબ કે શાસ્ત્રમાં જણાવેલા

ક્રમ મુજબ રસક્રિયામાં પ્રવૃત્ત થવાની અપેક્ષા રહેતી નથી. કારણ કે ત્યાર બાદ તો પ્રવૃદ્ધભાવજ-પ્રવૃદ્ધારતિ જ પૂર્ણશ્રૃંગારભાવને ધારણ કરી તેના થકી જ સર્વક્રિયાઓ આપોઆપ જ થતી જ રહેશે. શાસ્ત્રનો આદેશ પણ મૂલતઃ વ્યક્તિમાં રતિચક્રનું પ્રવર્તન કરવા માટેનો જ હોવાથી તેથી શાસ્ત્રત્યાગનો-શાસ્ત્ર ઉલ્લંઘન નો દોષ પણ પ્રાપ્ત થતો નથી. આ રીતે બીજભાવ રહીને કરવામાં આવેલી ભક્તિ પ્રવૃદ્ધ બનતાં સર્વેન્દ્રિયો સહિત સર્વાંગો સહિત મન જ્યારે કૃષ્ણસેવામાં એક નિષ્ઠાએ પરાયણ બની જાય છે અને સેવા સિવાય અન્ય કોઇ પણ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવા તે અસમર્થ બની જાય છે તેમજ સેવામાં જ તે આનંદનો અનુભવ કરવાવાળું થઇ જાય છે ત્યારે આ માનસી નામે સેવા પ્રસિદ્ધ થાય છે કે જેને શ્રીમહાપ્રભુના શબ્દોમાં પરા અથવા શ્રીપ્રભુચરણના શબ્દોમાં ફલરૂપા કહેવામાં આવે છે. આ ફલરૂપા ભક્તિનું જ લક્ષણ શ્રીમહાપ્રભુ તૃતીયસ્કન્ધમાં જણાવે છે કે :-

"इयं हि फलरूपा भक्तिर्ज्ञातव्या। ते भक्ता याज्ञीवन्ति च तावत्फलरूपां भक्तिं कुर्वन्तीत्यर्थः । फलरूपता तदैव भवति, यदा भजनाद्रसोऽभिव्यक्तो भवति बहुधा । तस्या अभिव्यक्ते निदर्शनम्, भगवत एकात्मतां सायज्यरूपं फलं न स्पृहयन्ति । प्रार्थना दूरे । ....। तेषां कायवाङ्मनोवृत्तिः स्वभावत एव भगवति भवतीत्याह मत्पादेत्यादिना । मन पादसेवायामेव अभिरतिर्मनोवृत्तिर्येषाम । सर्वतो गत्वा भगवत्कार्यं कर्तव्यमिति पद्भ्यां सेवेत्यर्थः । अन्यत्तु सुखं गमनानन्तरसाध्यम् । इयं मनोवृत्तिर्निरूपिता । कायिकीमाह-मदीहा इति । मत्संबन्धिन्येव ईहा चेष्टा येषाम् । तेषां वाचनिकीमाह- अन्योन्यत इति । सर्वे भागवता एकरूपा भगवदीयाः प्रसज्य आसक्तिं कृत्वा, मम भगवतः, पौरुषाणि सभाजयन्ते ।" અર્થાત્ :- "नैकात्मतां मे स्पृहयन्ति" એ શ્લોકમાં જણાવેલી -) અહીં જણાવેલી આ ફલરૂપા ભક્તિ છે એમ જાણવું. ફલરૂપતા થયેલી ત્યારે જ કહેવાય જ્યારે ભજનથકી અનેક

પ્રકારે રસ અભિવ્યક્ત થતો હોય. તે રસાભિવ્યક્તિ કેવા પ્રકારે થાય છે તેનું અહીં આ શ્લોકમાં નિદર્શન કરાયું છે અને તે આ મુજબ છે-તે ભક્તો ભગવાન સાથેની એકાત્મતા-સાયુજ્યરૂપ ફલની ઇચ્છા કરતા નથી, (જ્યાં તેવી ઇચ્છા જ નથી ત્યાં) તેની પ્રાર્થના થવી તો ઘણી દૂરની વાત છે. તે ભક્તોની કાયાની, વાણીની, મનની વૃત્તિ સ્વભાવથી જ ભગવાનમાં થાય છે (કાયા,વાણી,મનની વૃત્તિનો જ એવો સ્વભાવ થઇ જવો કે જે ભગવાનમાં જ થાય, ઇતરમાં નહિં.) તે કહે છે **"मत्पाद"** વિગેરે વાક્યોથી. મારી પાદસેવામાં જ અભિરતિ-મનોવૃત્તિ જેમની છે તેવા ભક્તો. દરેક બાજુથી જઇને (સર્વ પ્રકારે-જે પ્રકારે પણ જઇ શકાય તે પ્રકારે) ભગવાન સમ્બન્ધી કાર્યને કરવું એમ પોતાના બે પગ વડે સેવા (અહી પાદસેવાનો અર્થ **"पादयोः सेवा=पादसेवा"** એમ નથી લીધો પણ **"पदभ्यां सेवा=पादसेवा"** એમ લીધો છે. એટલે કે ભગવાનના બે ચરણોની સેવા = પાદ સેવા એમ નહિં પણ ભક્ત જ પોતે પોતાના બે ચરણ વડે સેવા કરે = પાદસેવા એમ અર્થ લીધો છે). બીજું જે કંઇ પણ દર્શન-શ્રવણાદિથી સુખ છે તે તો જે પ્રકારે ભગવત્કાર્યમાં (માટે) ગયા પછીથી જ સિદ્ધ થનારું છે. આ વૃત્તિ મનની -મનોવૃત્તિ નિરૂપણ કરી છે. કાયિકીવૃત્તિને કહે છે - **"मदीहा"** વાક્યથી. મારા સમ્બન્ધથી જ જેમના પ્રાણોની ઇહા-ચેષ્ટા છે તેવા ભક્તો. (જેમની શરીર-પ્રાણથી થનારી સકલ ચેષ્ટાઓ ભગવાનના જ સંબંધની છે તેવા ભક્તો). તેમની વાચનિકી-વાણીની વૃત્તિને કહે છે **"अन्योन्यतः"** વિગેરે વાક્યથી. દરેક ભાગવતો એક સમાન ભગવદીય હોઇને આસક્તિ કરીને મારા-ભગવાન દ્વારા ગ્રહણ કરાયેલા અવતારોના ચરિત્રોની-પ્રસંગોની ચર્ચા કરે છે. આ શ્લોકના આભાસમાં શ્રીઆચાર્યચરણ કારિકા માં લખે છે :- **"जीवतां साधनावस्था फलरूपा तथा परा, सायुज्यं च तृतीयं स्यादतो नोत्क्रान्तिप्रापणे"** અહીં જીવન અવસ્થામાં ભક્તિની સાધનાવસ્થા અને બીજી ફલરૂપા અવસ્થા કે જે પરા છે અને ત્રીજી જીવનના અન્તે કૃષ્ણસાયુજ્યની અવસ્થા એમ ત્રણ બતાવી છે. સાયુજ્ય નો ઉલ્લેખ પ્રસ્તુત પ્રસંગમાં કહેવાયેલા અધિકારી અનુસાર થયેલો છે. શુદ્ધપુષ્ટિજીવો માટે અલૌકિક સામર્થ્યવાળા થવું છે અને તૃતીયાધિકારી માટે વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ પ્રાપ્ત કરવું છે.

આ મુજબ માનસી-પરા -ફલરૂપાભક્તિનું સ્વરૂપ શ્રીમહાપ્રભુની જ વાણીમાં સ્પષ્ટ પ્રકારે કહેવાયેલું ઉપલબ્ધ થાય છે. આથી ઇન્દ્રિય,પ્રાણ, અંતઃકરણ,સર્વાંગો સહિત મનનું કૃષ્ણમાં પ્રવણ થઇ જવાના અર્થમાં જ શ્રીઆચાર્યચરણે **"चेतस्तत्प्रवणं सेवा"** એમ કહ્યું છે. **"मनसैवेदमाप्तव्यम्"** એમ જ્ઞાનમાર્ગ અનુસાર માત્ર મનની કૃષ્ણ પરાયણતા થઇ અંગો-ઇન્દ્રિયોને લકવો મારી જવો એ પુષ્ટિભક્તિમાર્ગ નથી. અથવા તો મનના જ લાડુ ખાવા એ જ સેવા નથી.

આ પ્રમાણે **"માનસી સેવા"** નું સ્વરૂપ વિચારતાં **"तत्सिद्धयै"** તે માનસીની સિદ્ધ અર્થે એમ શ્રીમહાપ્રભુએ કહ્યું હોઇ તેવી માનસી જે સાધને સિદ્ધ થતી હોય તે મુજબની **"तनुवित्तजा"** સેવા એ આ માર્ગમાં સાધનાવસ્થાપન્ન વૈષ્ણવોને માટે સાધન છે. આ સાધન-સેવાનું સ્વરૂપ શું હોઇ શકે તેને વિચારતાં ભગવાનના પરમ ભક્ત અંબરીષ રાજાએ જે પ્રકારે ફલરૂપા ભક્તિ કરી તેનું નિરૂપણ શ્રીભાગવતના નવમસ્કન્ધમાં અંબરીષાખ્યાનમાં છે તે જોવું જોઇએ.ત્યાં શ્રીભાગવતકાર જણાવે છે :-

सवै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने ।
करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युतसत्कथोदये ॥
मुकुन्दलिङ्गालयदर्शने दृशौ तद्भृत्यगात्रस्पर्शेऽङ्गसङ्गमम् ।
घ्राणं च तत्पादसरोजसौरभे श्रीमत्तुलस्या रसनां तदर्पिते ॥
पादौ हरेः क्षेत्रपदानुसर्पणे शिरो ऋषीकेशपदाभिवन्दने ।
कामं च दास्ये न तु कामकाम्यया यथोत्तमश्लोकजनाश्रया रतिः॥
(ભાગ.૯-૪-૧૮થી૨૦)

અર્થાત્ - નિશ્ચય કરીને રાજા અંબરીષ આવા હતા, (કે વા હતા ? તો કહે છે-) તેમનું મન કૃષ્ણના બન્ને ચરણોમાં આસક્ત હતું તેમની વાણી વૈકુંઠ-ભગવાન શ્રીવિષ્ણુના ગુણોના વર્ણનમાં પરાયણ હતી, એમના બન્ને હાથો ભગવાન્ શ્રીહરિની સેવામાં ઉપયોગી એવા પાત્ર માંજવા, ભગવાનને બિરાજવાનું મન્દિર એની શુદ્ધિ વિગેરેના કાર્યમાં જ વ્યસ્ત રહેતા હતા અને તેમની કર્ણેન્દ્રિય ભગવાન્ અચ્યુતની કથાશ્રવણમાં જ લાગેલી રહેતી હતી. જે સ્થળમાં ભગવન્ મૂર્તિ બિરાજમાન છે ત્યાં ભગવાન મુકુન્દના દર્શનોમાં તેમનાં બન્ને નેત્રો અને ભગવાન્ ના ભૃત્યપણામાં રહેનારા અને તે મુજબ વર્તનારા એવા ભક્તોના (આલિંગન-ચરણ સ્પર્શ વિગેરે-) અંગસંગમાં તેમની ત્વગિન્દ્રિય અને ભગવાનના શ્રીચરણોમાં સમર્પિત તુલસી-પુષ્પ વિગેરેની સુગંધી લેવામાં તેમની ઘ્રાણેન્દ્રિય તેમજ શ્રીપ્રભુના ચરણોમાં સમર્પિત તુલસીનો પ્રસાદ સ્વરૂપે આસ્વાદ લેવામાં તેમની રસના પરાયણ રહેતી હતી. એમના બન્ને ચરણો હરિસ્થળોમાં ગમન કરવામાં ઉત્સાહી હતા અને તેમનું મસ્તક ભગવાન ઋષીકેશના શ્રીચરણોમાં વારંવાર અભિવન્દના કરવામાં લાગેલું રહેતું હતું તેમજ તેમના સમ્પૂર્ણ અંગેઅંગો ની રતિ એ ભગવાનની સેવારૂપ દાસનું જે કર્મ છે તેમાં જ રહેલી હોવાથી લૌકિક બાબતોને લઇ ભોગવિષયોમાં તેમની રતિ ન હતી એટલે કે લૌકિકભોગમાં તેમનો કોઇ આનંદ કે રુચિ હતા નહિં, ઉત્તમજનો દ્વારા સ્તુતિ-પ્રશંસા રૂપે ગવાયેલા કે ગવાતા એવા ઉત્તમ શ્લોક ભગવાનના નિજજનો -ભક્તોમાં જેમ ભગવદ્વિષયા રતિ આશ્રય કરીને રહે છે તેમ અંબરીષ રાજાના અંગેઅંગોમાં ભગવદ્રતિ વ્યાપ્ત હતી. આ પ્રકારે જણાવીને આગળ કહે છે આ પ્રમાણે કાલ-કર્મના વ્યવધાન વિના જ યજન-ભક્તિને જ અધિષ્ઠાન બનાવી તેમાં બિરાજનારા-ભક્તિપ્રિય-ભક્ત્યૈકલભ્ય પરબ્રહ્મ પરમાત્મા ભગવાન અધોક્ષજમાં જ તેમના-ભગવાનના અર્થે જ સકલ કર્મ કરવામાં જેમનો આત્મા-અન્તઃકરણ અથવા દેહાદિ સહિત સમ્પૂર્ણ સ્વયં અભિનિવિષ્ટ છે તેવા તેમજ જેમના દેહ-ઇન્દ્રિય-પ્રાણ, અન્તઃકરણની સર્વ વૃત્તિઓ ભગવાનમાં જ ભગવાન અર્થે જ સ્થિર થયેલી છે તેવા ઉત્તમ ભગવદ્

ભાવવાળા રાજા અંબરીષ ભગવાનમાં જ નિષ્ઠાવાળા અને અન્યમાં ક્યાંય જેમની નિષ્ઠા નથી તેવા પવિત્ર-ભગવદ્ ભક્તો વડે સારી રીતે વિધાન કરાયા અનુસાર-તેમના આદેશ અનુસાર આ પૃથ્વીનું શાસન એટલે કે પોતાનું ચક્રવર્તી રાજા તરીકેનું જે કર્તવ્ય છે તેનો નિર્વાહ કરતા હતા.

ઉપર્યુક્ત શ્લોકોને શ્રીમહાપ્રભુએ તૃતીયસ્કન્ધના કપિલવાક્યોમાં ફલરૂપા ભક્તિનું જે પ્રમાણે પ્રતિપાદન કર્યું છે તે અનુસાર આ શ્લોકનું વ્યાખ્યાન કરવામાં આવે તો તૃતીય સ્કન્ધસ્થ શ્રીમહાપ્રભુના વાક્યો વધારે સ્પષ્ટ થઇ શકે છે. ત્યાં "**मदीहा**" વાક્યનું વ્યાખ્યાન સંક્ષેપમાં હોવાથી સકલ ચેષ્ટાઓ ભગવાનના અર્થે કયા પ્રકારે તો તે અહીં નવમસ્કન્ધમાં "**करौ हरेर्मन्दिरमार्जनादिषु**" થી આરંભીને "**शिरो ऋषीकेशपदाभिवन्दने**" પર્યન્તમાં પ્રકાર દર્શાવ્યો છે. "**सवै मनः**" થી તેમની મનોવૃત્તિ અને "**वचांसि**" થી તેમની વાણીની વૃત્તિ જણાવી છે. આ ત્રણ શ્લોક પછીના ૨૧ માં શ્લોકમાં "**एवं सदा कर्मकलापमात्मनः परेऽधियज्ञे भगवत्यधोक्षजे, सर्वात्मभावं विदधन्महीमिमां तन्निष्ठविप्राभिहितः शशास ह**" અહીં "**एवं**" થી "**विदधत्**" પર્યન્તમાં કહેવાયેલ વાક્યોને શ્રીમહાપ્રભુના કારિકાસ્થ વાક્યોમાં કારિકાના પૂર્વાર્દ્ધને "**जीवतां साधनावस्था फलरूपा तथा परा**" તથા વ્યાખ્યાનમાં કહેવાયેલ "**ते भक्ता यावज्जीवन्ति च तावत्फलरूपां भक्तिं कुर्वन्ति**" વાક્ય સાથે સરખાવતાં અંબરીષ રાજાની ઉક્ત ત્રણ શ્લોકોમાં અવસ્થા એ ફલરૂપા-પરા-માનસી ભક્તિનો પ્રકાર છે. ૨૧ માં શ્લોકમાં સર્વાત્મભાવને ધારણ કરતાં તેમના સકલ કર્મો કે જે ત્રણ શ્લોકથી કહેવાયા છે તે ભગવાન અર્થે હતા એમ સર્વાત્મભાવ સહિત દેહેન્દ્રિયાદિ થી સકલ કર્મો ભગવાન અર્થે કરવા તે માનસી ભક્તિ છે એમ સિદ્ધ થાય છે.

ષષ્ઠસ્કન્ધમાં વૃત્રાસુર પણ આજ માનસીની ખેવના

રાખે છે કે - “मनः स्मरेतासुपतेर्गुणानां गृणीत वाक् कर्म करोतु कायः” અર્થાત્ - મન, વાણી અને કર્મ નો વિષય સદા-સર્વદા ભગવાન હોય તેવી અવસ્થા.

માનસીને શ્રીપ્રભુચરણ સિદ્ધાન્તમુકતાવલીની સ્વકૃત ટીકામાં સમજાવે છે તે મુજબ પણ માનસી નું આજ ઉક્ત સ્વરૂપ સિદ્ધ થાય છે. તેઓશ્રી લખે છે :- “सेवा हि सेवकधर्मः । तदुक्त्या जीवानामशेषाणां सहजदासत्वं ज्ञापितम् । अत एव न कर्मणीवात्र कालपरिच्छेदोऽस्तीत्याहुः सदेति । आवश्यकार्थण्यत्प्रत्ययान्त-कार्यपदोक्त्या तदकरणे प्रत्यवायी भवतीति भावो ज्ञाप्यते । सा च फलरूपा साधनरूपा चास्ते । तत्र मानसी सा परा फलरूपेत्यर्थः । यथा व्रजसीमन्तिनीनाम् । तदेव तत् प्राणनाथेन गीतं “ताना - विदन्मय्यनुषङ्गबद्धधियः स्वमात्मानमदस्तथेदम्” इत्यादिना” આ સેવાને માનસી કહેવાનું તાત્પર્ય શ્રીગોકુલનાથજી સ્વકૃત સિદ્ધાન્ત મુક્તાવલી વિવૃતિ ટીકામાં જણાવે છે - “सर्वात्मभावस्य मनोधर्मत्वात् तत्पूर्विकायास्तस्या मानसीत्वमुक्तमिति न काचित् क्षतिः” સર્વાત્મભાવનું મનોધર્મપણું હોવાથી સર્વાત્મભાવ પૂર્વિકા સેવાને માનસી એમ કહ્યું હોવાથી તેની ફલરૂપતામાં કોઇ ક્ષતિ થતી નથી.

શ્રીપુરુષોત્તમજી આ સ્થળે શ્રીપ્રભુચરણના સિદ્ધાન્ત-મુક્તાવલી ની ટીકાના આ સ્થળના વાક્યોને ગ્રહણ કરી તેની સ્પષ્ટતા કરતાં સ્વકૃત ટીકામાં લખે છે - “तथा च स्वस्मिन् भगवद्दासत्वमनु-सन्धाय सेवायां च स्वतन्त्रपुरुषार्थत्वमावश्यकदासधर्मत्वं च अनुसन्धाय सर्वकालं सेवाकरणं साधननिष्कर्ष इत्यर्थः । नन्वत्र सेव्यसन्तोषजनिका पूर्वोक्तप्रकारककायादिव्यापाररूपा क्रिया सेवात्वेन विवक्षिता । यथा राजसेवा गुरुसेवेति । तस्याः सर्वदा कार्यत्वकथनमशक्योपदेशरूपमित्याशङ्क्य, तत्र समाधिं वदन्ती-त्याशयेनाग्रिमं वाक्यं व्याकुर्वन्ति सा चेत्यारभ्य इत्यादिनेत्यन्तम्

। तथा च कायादित्रितयव्यापाररूपापि विचार्यमाणा बाह्याभ्यन्तरभेदेन द्विधा । तयोराभ्यन्तरी मानसी बाह्यायाः फलरूपा । बाह्या तु तत्साधनरूपा । ....। तेन साधनरूपाया असकृदावर्तनमेव सदा कार्यत्वम् । मानस्यास्तु भगवति मनोगत्यविच्छेदरूपम् । तच्च बाह्याया आवर्तनात्साधनीयम्, अतो नाशक्योपदेशरूपत्वमित्यर्थः ”(શ્રીપ્રભુચરણ પોતાની ટીકામાં સેવાને આવશ્યક અર્થમાં જણાવે છે તે બાબતે) પોતાનામાં હું ભગવાનનો દાસ છું તેમ ભગવાનના દાસપણાનું અનુસન્ધાન રાખીને અને તેવી જ રીતે સેવા વિષયમાં સેવા એ સ્વતંત્ર પુરુષાર્થ છે અને એ જ મારો આવશ્યક દાસધર્મ છે તેમ અનુસન્ધાન રાખીને સર્વકાલ-સર્વસમય સેવા કરવું એમ સાધન નિષ્કર્ષ છે તેમ અહીં અર્થ છે. (સર્વદા સેવા અશક્ય છે તેવો પ્રશ્ન ઉઠાવીને -) પ્રશ્ન :- તમારા કહેવાનું તાત્પર્ય એમ છે કે જે પ્રભુની સેવા કરવાની છે તે સેવ્યપ્રભુને સન્તોષ પમાડનારી પૂર્વમાં કહેવાઇ ગયા પ્રમાણેની મન-વાણી-કાયાની વ્યાપાર રૂપા જે ક્રિયા છે તે સેવા છે તેમ તાત્પર્ય છે. જેમ રાજસેવા,ગુરુસેવા એ પ્રકારે. આ પ્રકારની સેવાને સદા કરવી એમ કહેવું એ અશક્ય હોવાથી આવો ઉપદેશ કરવો એ અશક્યોપદેશ છે (જેનું આચરણ થવું શક્ય ન હોય તેવો ઉપદેશ કરવો વ્યર્થ છે) એમ શંકા કરીને એની સમાધિને કહેતાં તે આશયથી આગળનું વાક્ય વિસ્તારે છે “सा च”થી આરંભીને “इत्यादिना” પર્યન્તથી. તે મુજબ અહીં કહેવાયેલી મન-વાણી-કાયા ત્રણની વ્યાપાર રૂપા સેવા પણ જેનો અહીં વિચાર કરાઇ રહ્યો છે તે બાહ્ય અને આન્તર એમ ભેદ વડે બે પ્રકારની છે. તે બન્નેમાં આભ્યન્તરી માનસી સેવા એ બાહ્યાસેવાની ફલરૂપા છે. જે બાહ્યસેવા છે તે આભ્યન્તરી-માનસી સેવાની સાધનરૂપા છે, (એમ જણાવી અનેક શાસ્ત્રીય પ્રમાણોપૂર્વક માનસી બાબતની ચર્ચા કરીને પછી આગળ લખે છે-) તેથી કરીને સાધનરૂપા સેવાનું સદા અતિશય આવર્તન થવું જ (મૂલમાં “कार्या” પદથી એનું) કાર્યપણું છે. જે માનસી સેવા છે તેનું (સદા કાર્યત્વ) ભગવાનમાં વગર

રોકાયે-અવિચ્છેદે મનની ગતિ થવારૂપ છે. તે મનની અવિચ્છેદે-વગર રોકાયે ભગવાનમાં ગતિથવારૂપ માનસીને બાહ્યસેવાના આવર્તનથી સાધવું. તેથી અહીં ક્યાંય પણ અશક્ય ઉપદેશ કરાયો નથી.

આ પ્રમાણે શ્રીપ્રભુચરણના, શ્રીગોકુલનાથચરણના અને શ્રીપુરુષોત્તમચરણના વાક્યોનું તાત્પર્ય ગ્રહણ કરતાં એક વાત તો સ્પષ્ટ થાય છે કે માનસીને ફલરૂપા એ તાત્પર્યથી કહી છે કારણ કે જે ભક્તિને શ્રીમહાપ્રભુ માનસી અથવા તો ચિત્તની પ્રવણતાના નામે જણાવે છે કે જે ફલ તરફ અભિમુખ થયેલી હોય તે ભક્તિને પામવા જે વૈષ્ણવો પોતાની પ્રારંભિક અવસ્થામાં આત્મનિવેદન કર્યા પછીથી સાધનરૂપમાં જે પ્રકારની ભક્તિનો આરંભ કરે છે તે સેવારૂપ સાધનભક્તિના પરિણામે-તેના ફલરૂપે જે ભક્તિ સિદ્ધ થાય છે તે માનસીને જ શ્રીમહાપ્રભુ તૃતીય સ્કન્ધમાં અને શ્રીપ્રભુચરણ સિદ્ધાન્તમુક્તાવલીની ટીકામાં "ફલરૂપા" નામે આલેખે છે.માનસી પદનો પ્રયોગ સેવાકર્તાનું મન સેવાવિષયથી ઇતર અન્યત્ર ન જઇ મનના પ્રવાહનો ભગવાનમાં તાંતો તૂટ્યા વિના જ અવિચ્છિન્નતાએ એકધાર્યો સેવામાં જ પરોવાયેલો રહેતો હોઇ અને સેવામાં જ તેનો આનંદ જળવાઇ રહેતો હોઇ આ ભક્તિરૂપ ભાવની મનમાં સ્થિતિ હોવાથી આને માનસી કહ્યું છે. શ્રી મહાપ્રભુ તૃતીયસ્કન્ધમાં જ્યાં "**इयं हि फलरूपा भंक्तिर्ज्ञातव्या**" આ ફલરૂપા ભક્તિ છે એમ કહ્યું છે ત્યાં જ ભાગવતના એ જ શ્લોક ઉપરની સુબોધિનીમાં આભાસમાં શ્રીઆચાર્યચરણ લખે છે કે "**तत्र प्रथमं भक्तानां साधनावस्थामाह**" - સાધનઅવસ્થા, ફલઅવસ્થા અને સાયુજ્ય અવસ્થા એમ ભકતોની ત્રણ અવસ્થા દર્શાવવા ત્રણ શ્લોકથી પ્રતિપાદન થયું છે તેમાં પ્રથમ "**नैकात्मतां मे**" શ્લોકથી ભક્તોની સાધન અવસ્થાને, "**पश्यन्ति ते मे**" બીજા શ્લોકથી ભકતોની ફલ અવસ્થાને અને ત્રીજા "**तैर्दर्शनीयावयवैः**" થી ભકતોની સાયુજ્ય અવસ્થાને એમ ત્રણ શ્લોકથી ત્રણ અવસ્થાઓ દર્શાવી છે. અતઃ માનસી સેવા એ પણ સાધનદશાપન્નો માટેની જ છે. ફલરૂપા કહેવાથી માત્ર પૂર્વ સાધનના ફલરૂપે થનારી મુખ્ય સાધનસ્વરૂપા એમ જ અર્થ ફલિત થાય છે. મને તો અહીં એમ જણાય છે કે માનસીની પણ બે અવસ્થા સ્વીકારવી જોઇએ. એક તો સાધનસેવા ના સતત આવર્તને પ્રભુમાં સ્નેહ સધાતાં દઢ આસક્તિ સ્વરૂપની પ્રેમપૂર્વિકા થનારી સેવા અને બીજી અતિશય પૂર્ણપ્રેમ સ્વરૂપની અને અતિશય પૂર્ણ દૈન્યના ઉદ્ગમે પ્રકટ થતી ચિત્ત દશા પૂર્વક ભકતો વડે થનારું ભગવત્સ્વરૂપ સેવન-સ્વરૂપવાળી ફલોન્મુખા માનસી એમ માનસીના બે સ્વરૂપો-બે પ્રકારો પૂર્વદલાત્મિકા સ્વરૂપે અને ઉત્તરદલાત્મિકા સ્વરૂપે સ્વીકારવા જોઇએ. એટલે કે વિપ્રયોગના આવિર્ભાવે પ્રકટ થતી ભક્તિ અને વિપ્રયોગની ચરમ સીમાએ પ્રકટ થતી ભકિત એમ બે અવસ્થા સ્વીકારવી જોઇએ. માનસીના સ્વરૂપ યા પ્રકારના નિરૂપણમાં શ્રીપ્રભુચરણ જે શ્રીવ્રજભકતોનું ઉદાહરણ ટાંકે છે અને તેમાં એકાદશ સ્કન્ધનું ભગવદ્વાક્ય "**ता नाविदन्**" ટાંકે છે તે વિપ્રયોગની ચરમસીમાએ પ્રકટ થતી ભક્તિ કે જે માનસી છે તે જણાવી છે. શ્રીમહાપ્રભુ તૃતીય સ્કન્ધમાં જે ભક્તિ ને ફલરૂપા (સાધનદશાપન્નોની સાધનના ફલરૂપે થનારી) જણાવે છે ત્યાં ભકતોની જે દશા બતાવાઇ છે તે શ્રીપ્રભુચરણોકત શ્રીગોપીજનોની તત્રોકત દશાથી જુદા પ્રકારની છે. ત્યાં તેમની અતિશય આસકિત ભગવત્સેવામાં જણાવીને પણ "**यथा समाधौ मुनयोऽब्धितोये नद्यः प्रविष्टा इव नामरूपे**" જેમ સમાધિમાં મુનિજનોના અને સમુદ્રમાં નદીઓના નામ અને રૂપ બન્નેનો વિલય થઇ જાય છે, તેવી દશા જણાવાઇ નથી. અતઃ તૃતીયસ્કન્ધોક્ત માનસી એ વિપ્રયોગના આવિર્ભાવે પ્રકટ થનારી ભક્તિ-માનસી-ફલરૂપા છે. આ રીતે માનસી-ફલરૂપાના બે પ્રકારો-બે અવસ્થાઓ શ્રીમહાપ્રભુ અને શ્રીપ્રભુચરણના બે સ્થળના વાક્યોથી સ્પષ્ટતયા જાણી શકાય છે. અતઃ આ મુજબ વિચારતાં માનસીની બન્ને અવસ્થાઓ એ મુખ્યફલમાં સાધનરૂપે છે.

આ ઉપરાંત મૂલહેતુ અનુગ્રહથી લઇને ફલ પર્યન્તમાં અધિકારભેદે ત્રણ પ્રકારો રહેલા હોઇ અને માનસી તેનાં અંતર્ગત

આવતી હોવાથી અધિકારભેદે માનસીના પણ તે મુજબ ત્રણ પ્રકારો સમજવા જોઇએ પુષ્ટિ-મર્યાદા ભેદે અનુગ્રહ બે પ્રકારનો છે એમ શ્રીપ્રભુચરણ ભક્તિહેતુનિર્ણય ગ્રન્થમાં જણાવે છે અને પુષ્ટિમાં પણ ઉત્તમ,મધ્યમ, જઘન્ય ભેદે ભગવાનનો જે જીવ પર જેવો અનુગ્રહ તદનુસાર પુષ્ટિક્ષેત્રમાં આવતા જીવોના પણ ત્રણ ભેદો શ્રીમહાપ્રભુએ પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રન્થમાં જણાવ્યા છે. તે મુજબ જ નવરત્ન ગ્રન્થમાં **"अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम्, यैः कृष्णसात्कृत-प्राणैस्तेषां का परिदेवना"** અહીં અજ્ઞાનથી, જ્ઞાનથી અને કૃષ્ણસાત્કૃતપ્રાણ થઇને એમ ત્રણ પ્રકારના અધિકારીઓ વડે થનાર આત્મનિવેદનના ત્રણ પ્રકારો જણાવ્યા છે જેને શ્રીલાલુભટ્ટજી સ્વલિખિત નિવેદન વિચાર લેખમાં ઉલ્લેખે છે અતઃ ત્રણ પ્રકારે તે અધિકારીઓના ભક્તિભેદને અથવા તો સેવાભેદને પણ માનવો જ જોઇએ અને સેવાભેદ માનતાં માનસીના આપોઆપ ત્રણ પ્રકારો સિદ્ધ થઇ જાય છે જેમાં ઉત્તમાધિકારીની માનસીનું લક્ષણ પૂર્ણપ્રેમસહિત સર્વજ્ઞતા પૂર્વક ચિત્તની કૃષ્ણસેવામાં પ્રવણતા મધ્યમાધિકારીની માનસીનું લક્ષણ અલ્પપ્રેમ અને માહાત્મ્યજ્ઞાન સહિત ગુણજ્ઞતા પૂર્વક ચિત્તની કૃષ્ણસેવામાં પ્રવણતા અને જઘન્યાધિકારીની માનસીનું લક્ષણ અતિઅલ્પપ્રેમ અને અતિ અલ્પ સ્વરૂપ જ્ઞાન સહિત માત્ર ભગવત્ ક્રિયારૂપે ચિત્તની કૃષ્ણસેવામાં પ્રવણતા આમ ત્રણ પ્રકારો બનશે. અને એ માનસીના ત્રણ પ્રકારો અનુસાર સેવાફલમાં કહેવાયેલા ત્રણ ફલો અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને વૈકુંઠ-વૃન્દાવનાદિમાં ભગવત્સેવોપયોગી દેહની પ્રાપ્તિ એમ ત્રણ પ્રકારના ફલ થાય છે. શ્રીપુરુષોત્તમજી સેવાફલ ગ્રન્થની ટીકામાં આ ત્રણ પ્રકારોને સ્પષ્ટ રીતે જણાવે છે કે **"तत्र उत्तममध्यमजघन्यभेदेन बाह्यमानस्योस्त्र्यैविध्यस्य सिद्धत्वादत्रापि फलत्रयमुच्यत इत्यर्थः"** આ પ્રકારે ભગવદનુગ્રહથી લઇને ફલપર્યન્તમાં ત્રિવિધતા હોવાથી સાધનરૂપા સેવા અને માનસીસેવાનાં પણ ત્રણ પ્રકારોનો નિશ્ચય થાય છે.

આ રીતે માનસીસેવાનો વિચાર કર્યા પછીથી તે માનસીની સિદ્ધિ અર્થે શ્રીમહાપ્રભુ જે **"તનુવિત્તજા"** સેવાને માનસીના સાધનરૂપે જણાવે છે તેનો વિચાર અત્ર અપેક્ષિત રહે છે. સાધન હમેશાં ફલને અનુરૂપ અને અનુકૂલ હોવું જોઇએ. અન્યથા ફલસિદ્ધિ જ સંભવ થાય નહિં. એટલે કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ દ્વારા એ પ્રકારે સાધનરૂપા સેવા થવી જોઇએ કે જેનાથી પુષ્ટિમાર્ગીયો માટે જણાવાયેલી ફલરૂપા-માનસી સિદ્ધ થઇ શકે જે પુષ્ટિફલમાં તેનો પ્રવેશ કરાવી શકે. તેથી જ સિદ્ધાન્તમુક્તાવલીમાં સેવારૂપ ચિત્તપ્રવણતા કહેવાઇ છે. સેવાસ્વરૂપથી ભિન્ન પ્રકારની ચિત્ત પ્રવણતાને પુષ્ટિમાર્ગીયા માનસી સેવા નથી કહી. નહિંતર **"योगश्चित्तवृत्तिनिरोधः"** એમ યોગથી સાધ્ય સમાધિ સ્વરૂપ ચિત્તનિરોધને પણ સેવા જ કહેવું પડશે. પણ તેને સેવા-ભક્તિ યા પુષ્ટિભક્તિ તો શું એની ગણના ભક્તિના કોઇ જ પ્રકારમાં થઇ શકે તેમ નથી. હા, પુષ્ટિભક્તિથી ઇતર ભક્તિ સમ્પ્રદાયો પૈકી કેટલાકો યોગને ભક્તિમાં નિશ્ચલ મન માટે ઉપયોગી સાધન માને છે. ધ્યાનમાં પણ ચિત્તની એકાગ્રતા જો કૃષ્ણ રૂપમાં કરવામાં આવે તો તેને પણ સેવા-ભક્તિ જ કહેવું પડશે એમ તેઓ માને છે. પણ એમ કહેતાં તો પછી શ્રીભાગવતના સાતમાં સ્કન્ધના આરંભે **"गोप्यः कामात्"** વિગેરેથી કહેવાયેલ કામ,ભય, દ્વેષ, સમ્બન્ધ, મર્યાદા ભક્તિ અને લોકસંબન્ધે મિત્રાદિ સ્નેહ એમ બધા જ સાધનો વડે જો મનનો કૃષ્ણમાં નિવેશ થતો હોય તો તે સાધનોને ભક્તિ અને તે સાધનવાળા લોકોને ભક્ત તરીકે માનવા પડશે અને આમ કહેતાં કંસ, શિશુપાલ વિગેરે સર્વને પણ ભક્ત અને એમનામાં કૃષ્ણ પ્રત્યે રહેલા ભય-દ્વેષ વિગેરેને ભક્તિના પ્રકારોમાં જ ગણવા પડશે. અતઃ આવો અનર્થ ન થાય માટે ચિત્તની પ્રવણતામાં પ્રારંભિક દશામાં આદરપૂર્ણ સેવારૂપ ચિત્તપ્રવણતા અને સિદ્ધદશામાં પ્રેમપૂર્ણસેવારૂપ ચિત્તપ્રવણતા નો જ અર્થ લઇ શકાય છે. તેથી જ શ્રીપુરુષોત્તમજી પ્રવણ શબ્દનો માત્ર લાગી જવું-ચોટી જવું - પરાયણ થઇ જવું એટલો જ અર્થ છે એમ નહિં કહી એનો

શાસ્ત્રીયતાથી પ્રમાણપૂર્વક અર્થ પ્રસ્તુત કરે છે **"मनश्च वेदे अन्नमयत्वेन श्रावणात्पार्थिवं पृथिवीपोषितं चेति सिद्धम् । एवं सति तस्मिन् कृष्णे पूर्वं प्रह्वमीषन्नम्रं तत आयत्तं तदधीनं ततः क्रमेण भगवदेकतानत्वरूपां "ता नाविद" न्नितिवाक्योक्त प्रकारां गभीरतां प्राप्तं यच्चेतस्तदेव सेवारूपम् । समाधाविव भगवति लयं प्राप्तमिति यावत् । न तु वृत्त्यन्तरविशिष्टमित्यर्थः । न च क्रमनिम्नत्व-स्याचार्याशयगोचरत्वे मानाभावः शङ्क्यः । भक्तिवर्धिन्यां बीजदार्ढयप्रकारकथने ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेदित्यत्र तथाङ्गीकारस्य स्फुटत्वादिति ।"** અર્થાત્ - વેદમાં મનનું અન્નમયપણું **"अन्नमशीतं त्रेधा विधीयन्ते ....यत्सूक्ष्मं तन्मनः"** છાન્દોગ્ય ઉપનિષદ્) કહેવાયું હોવાથી મન પાર્થિવ અને પૃથિવી વડે પોષિત છે એમ સિદ્ધ છે (અને પ્રવણ શબ્દના અર્થો અમરકોષ વિગેરેમાં ક્રમ, નીચે ઝુકેલી ભૂમિ, નમ્રતા, આધીનતા, ક્ષણ વિગેરે પ્રકારે બતાવ્યા છે). આ પ્રમાણે હોતાં પ્રથમ મન કૃષ્ણમાં નમ્રતાના ભાવવાળું બને, ત્યારબાદ (તેથી આગળ વધીને) પોતાનામાં તદધીનતાનો ભાવ - હું કૃષ્ણ ને આધીન છું તેવા તદધીનભાવ વાળું બને અને ત્યાર બાદ ક્રમે ભગવાન માં મનની-ચિત્તની એકતાનતારૂપે **"ता नाविदन्"** (ભાગ. ૧૧-   ) આ શ્લોકમાં કહેવાયેલ પ્રકારે ગંભીરતાને પ્રાપ્ત થાય, ત્યારે ઉક્ત પ્રકારે ભગવદેકતાનતારૂપે ગંભીરતાને પ્રાપ્ત થાય, ત્યારે ઉક્તપ્રકારે ભગવદેકતાનતારૂપે ગંભીરતાને પામેલું જે ચિત્ત થાય છે તે જ સેવારૂપ છે એમ અહીં અર્થ જાણવો. એટલે કે જેમ નિર્વિકલ્પ સમાધિમાં ચિત્તનો લય થાય છે. (સવિકલ્પ સમાધિમાં રહેલી સંસ્કાર શેષવૃત્તિનો પણ નિર્વિકલ્પ સમાધિમાં નાશ થઇ પોતાની સકલવૃત્તિઓથી વિહોણું બની ગયેલું ચિત્તસમાધિમાં લય પામે છે) તેમ સમાધિની જગ્યાએ ભગવાનમાં લય પ્રાપ્ત થયેલું ચિત્ત સેવારૂપ છે એમ જાણવું. ક્રમે ઝુકેલી ભૂમિ વિગેરે પ્રવણના અર્થો કહેવાનો અત્ર શ્રીઆચાર્યચરણનો આશય છે તેમાં કોઇ પ્રમાણતો મળતું નથી એવી શંકા કરવી નહિં. કારણ કે ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં બીજની દ્દઢતા થવાનો પ્રકાર કહેવાના કથનમાં

તેથી કરીને પ્રથમ પ્રેમ થાય છે, ત્યાર બાદ આસક્તિ થાય છે અને ત્યાર બાદ વ્યસન દશા (મનની) સિદ્ધ થાય છે આ સ્થળે એ પ્રકારના ક્રમનો અંગીકાર કરાયેલો સ્પષ્ટ જ છે તેથી આ રીતે શ્રીપુરુષોત્તમજી પ્રવણ નો અર્થ જે ક્રમે દર્શાવે છે તેનું તાત્પર્ય ગ્રહણ કરતાં માત્ર ચિત્તની ભગવાનમાં પરાયણતા એ સેવા એમ નહિં પણ બાકીના જે પૂર્વક્રમમાં સિદ્ધ થયેલા લક્ષણો ભગવાનમાં અતિશય ઝુકેલું અને સર્વથા માત્ર ભગવાનને જ આધીન થઇ ગયેલું (બીજા કોઇને પણ આધીન નહિં એવું) અને એ સહિત ભગવાનમાં લય પામેલું એમ ત્રણે લક્ષણો અપેક્ષિત છે. આમાંથી એક નો પણ અભાવ હોતાં યા ક્ષતિ હોતાં તે પુષ્ટિ સેવા શુદ્ધ અર્થમાં કહેવાતી નથી. અતઃ આ પ્રકારની પ્રવણતા જે સેવાથી સિદ્ધ થાય તેને અહીં સાધન તરીકે કહી છે અને તેનો પ્રકાર છે **"તનુ વિત્તજા સેવા."**

દેહદશામાં એટલે કે ભગવદંશજીવ શરીરમાં સ્થિતિ કરીને દેહ-પ્રાણ-ઇન્દ્રિય વિગેરેથી બંધાયેલો હોય છે ત્યારે તેનામાં સેવામાં પ્રતિબન્ધકતાએ મુખ્યતયા પાંચ દોષો હોય છે. એ દોષો છે અવિદ્યાના પાંચ પર્વો. ૧-દેહાધ્યાસ, ૨-ઇન્દ્રિયાધ્યાસ, ૩-પ્રાણાધ્યાસ, ૪-અન્તઃકરણાધ્યાસ અને ૫- સ્વરૂપનું અજ્ઞાન. હું કોણ છું, ભગવાનનું સ્વરૂપ શું છે અને સેવાનું ભક્તિનું શું સ્વરૂપ, વિગેરે બાબતોનું અજ્ઞાન હોવું. એટલે કે શબ્દમાં જાણવા છતાં પણ તે મુજબનો અનુભવ નહિં હોવો. આ અવિદ્યાના પર્વોથી જ જીવ અહંતા-મમતાત્મક સંસારના પ્રવાહમાં ડૂબેલો રહે છે અને આ પર્વોથી જીવ લૌકિક સુખદુ:ખોનો અનુભવ કરવાવાળો થાય છે. સેવા સમય માં થાક લાગવો, નિદ્રા યા આળસ આવવી, તબિયત બગડવી, ઉચ્ચાટન થવું, ભૌતિક સુખોની કે સુખપદાર્થ પ્રાપ્તિની કામના થવી વિગેરે વિગેરે એ બધું જ આ અવિદ્યાના પર્વો દેહાધ્યાસ વિગેરેથી થાય છે અને તેમ થવાથી સતત વિક્ષિપ્ત રહેતું ચિત્ત એ સેવામાં સ્થિર બની શકતું નથી. અવિદ્યાની નિવૃત્તિ એ પંચપર્વા વિદ્યાથી થાય છે. આ વિદ્યાના પાંચ પર્વો છે (૧) વૈરાગ્ય, (૨)સાંખ્ય, (૩) યોગ, (૪) તપ અને (૫)

ભગવાન કેશવમાં ભક્તિ. આ પાંચની ઉપલબ્ધી થતાં ચિત્તને ચંચળ બનાવનારો ચિત્તગત રજોગુણ દૂર થાય છે અને સ્થિર થયેલું ચિત્ત કૃષ્ણમાં પ્રવણ થવા માટે સક્ષમ બને છે. પરન્તુ આ વિદ્યાઓનો આશ્રય કરીને ચિત્ત નું કૃષ્ણમાં પ્રવણ થવું એ પુષ્ટિમાર્ગમાં શ્રીઆચાર્યચરણને સ્વીકાર્ય નથી. વિદ્યાનો પણ આશ્રય એ ભગવદાશ્રયભાવનુ ખંડન કરનારો છે તેથી કૃષ્ણાશ્રય ભંગ ન થાય તે પ્રકારનો કોઇ ઉપાય અહીં અપેક્ષિત રહે છે. શ્રીભાગવતના છઠ્ઠા સ્કન્ધના આઠમાં અદયાયના આરંભે રાજાના પ્રશ્નમાં "**यया गुप्तसहस्त्राक्षः सवाहान् रिपुसैनिकान् । क्रीडन्निव विनिर्जित्य त्रिलोक्या बुभुजे श्रियम्**" (ભાગ. ૬-૮-૧) આમાં બીજા બધા ટીકાકારો "**यया**" એવો પાઠ સ્વીકારે છે જ્યારે "**यया**" ની જગ્યાએ શ્રીઆચાર્યચરણ "**येन**" એવો પાઠ સ્વીકારે છે."**यया**" એટલે જે વિદ્યાવડે-જે નારાયણકવચાત્મિકા વિદ્યા વડે ઇન્દ્રે તેમના વાહનો સહિત શત્રુઓને રમત-રમતમાં જ જીતિ લઇને ત્રિલોકીની શ્રી-ઐશ્વર્યનો ભોગ કર્યો એમ અર્થ થાય છે. જ્યારે "**येन**" લેવાથી જે ભગવાનના કારણે ઇન્દ્ર શત્રુઓને જીતનારો અને ત્રિલોકીની શ્રીને ભોગવનારો થયો એમ અર્થ થાય છે. એટલે કે વિદ્યાનો ઉપયોગ કરવા છતાં પણ જ્યાં સુધી તે વિદ્યામાં ભગવાનનો પ્રવેશ ન થાય ત્યાં સુધી તો તે વિદ્યા પણ કંઇ કરી શકે તેમ નથી. વિદ્યામાં પણ શક્તિ તો ભગવાનની જ છે અને તે પૂર્ણ સ્વરૂપે એકમાત્ર ભગવાનને જ આધીન છે. અતઃ ઇન્દ્રના પ્રસંગમાં પણ મૂલ યા મુખ્ય કારણ તો ભગવાન જ છે. એમ કહી આ પ્રસંગ વડે પણ શ્રીઆચાર્યચરણ ભગવદાશ્રયભાવને જ દઢ કરે છે. અતઃ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ ક્યારેય પણ ભગવદાશ્રયભાવ વિરોધી અથવા તો જેમાં ભગવદાશ્રય ભાવ અંશમાત્ર પણ ખંડિત થતો હોય તેવી કોઇ પ્રવૃત્તિને ભક્તિ અર્થે પણ આદરવી નહિં. આવી સ્થિતિમાં ચિત્તની ચંચળતા દૂર કેમ થાય ? તે પ્રશ્ન બની રહે છે.

આવા પ્રશ્નોના નિરાકરણમાં જ શ્રીઆચાર્યચરણના ષોડશગ્રન્થો દષ્ટવ્ય છે. આ સોળે ગ્રન્થો પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીની સેવામાં પ્રવિષ્ટ થયેલા વૈષ્ણવો માટે પરમ ઉપકારક-પરમ હિતકારક છે. આ સોળ ગ્રન્થો પુષ્ટિમાર્ગમાં સોળ વિદ્યા જેવા છે અને એ વિદ્યા પણ શ્રીભાગવતમાં કહ્યા અનુસારની "**सा विद्या तन्मतिर्यया**" જેવી છે. અથવા તો દશમ સ્કન્ધ પંચાધ્યાયીમાં "**तन्मनस्का**" વિગેરે વાક્યોથી કહેવાયેલી પૂર્ણ ભગવદીયદશાને પ્રાપ્ત કરાવનારા છે કે જેમાં માત્ર તન્મતિ જ નહિં પણ તન્મન, તદાલાપ, તચ્ચેષ્ટ, તદાત્મક અને કૃષ્ણથી અતિરિક્ત સર્વ વિસ્મારક છે. અતઃ ભગવત્સેવામાં પોતાનો - પોતાના જીવનનો અભિનિવેશ કરાવેલા વૈષ્ણવોએ સમ્પૂર્ણ ષોડશગ્રન્થોનો તેના અર્થના ભાવન સહિત પાઠ પ્રતિદિન કરવો જોઇએ. જેમ ઔષધ સેવનની સાથે પથ્યનું પાલન કરવાથી ઔષધ વધુ સારું અસરકારક કામ કરી શકે છે અને રોગ વહેલો નથાય છે, તેમ સાધન દશામાં સેવા એ સંસારરૂપી રોગનું ઔષધ છે અને ષોડશ ગ્રન્થોમાં જુદા-જુદા ઠેકાણે જુદી-જુદી રીતે કહેવાયેલા વિષયો એ બધા જ સેવાના આનુષંગિક રૂપમાં કહેવાયેલા છે. જેમ કે "**યમુનાષ્ટક**" માં કહેવાયેલી અષ્ટ સિદ્ધિઓ અને તેમાં પણ "તનુનવત્વ" એ પણ અલૌકિક સામર્થ્યરૂપમાં ભગવત્સેવન અર્થે જ છે અને પ્રથમ શ્લોકમાં જલમાં રહેલ ચરણરેણુની બહુલતા એ ભક્તિ માં આડે આવતા દોષોના નિવારણમાં મહત્ત્વપૂર્ણ સાધનરૂપમાં છે. "**બાલબોધ**"માં બીજા-બીજા શાસ્ત્રોનું જ્ઞાન અને તેનાથી ભક્તિમાર્ગની વિલક્ષણતા જાણી જીવની કૃષ્ણસેવામાં પ્રવૃત્તિ થાય છે. "**સિદ્ધાન્ત મુક્તાવલી**" માં ભગવાનના ત્રણ સ્વરૂપો જાણી સેવ્યનું સ્વરૂપ સમજાય છે અને અધિકારીઓના ભેદ જાણી શુદ્ધપુષ્ટિભક્તિ-શુદ્ધ પુષ્ટિ સેવાનું સ્વરૂપ જાણી શકાય છે. "**પુષ્ટિ પ્રવાહ મર્યાદા**" ગ્રન્થમાં શુદ્ધ-મિશ્ર ભેદ જ્ઞાનથી શુદ્ધ-મિશ્ર ભેદની સેવાનું જ્ઞાન થાય છે અને "**સિદ્ધાન્ત રહસ્ય**" વડે સેવાર્થ પુષ્ટિમાર્ગીય આત્મનિવેદન અને સેવાપ્રતિબન્ધક દોષોની ભાવિમાં અનુત્પત્તિ માટે સર્વવસ્તુ સમર્પણ કહ્યું છે. "**નવરત્ન**"માં સેવામાં ચિત્તની પ્રવણતામાં પ્રતિબંધક ચિન્તાઓની નિવૃત્તિનો ઉપાય કહેવાયો છે તથા "**અન્તઃકરણપ્રબોધ**" વડે આન્તર-ઉપદેશ-સમજ

વડે પશ્ચાત્તાપ નિવૃત્તિપૂર્વક સેવામાં સ્થિતિ જણાવી ત્યારબાદ સેવામાં આવશ્યક આશ્રયભાવને ધારણ કરવા વિવેક-ધૈર્ય-આશ્રય રૂપ પુષ્ટિમાર્ગીય સાધનો “**વિવેકધૈર્યાશ્રય**” માં કહ્યા. એ સાધનરૂપ આશ્રય વડે મુખ્ય આશ્રયનું સ્વરૂપ “**કૃષ્ણાશ્રય**” માં જણાવી પુષ્ટિમાર્ગીયો માટે ભગવત્સેવા જ ચતુર્વિધ પુરુષાર્થ છે એમ “**ચતુ:શ્લોકી**” માં જણાવ્યું છે. “**ભક્તિવર્દ્ધિની**”માં ભક્તિબીજની દઢતા માટેના સાધનોનો નિર્દેશ કરી “**જલભેદ**” તથા “**પંચપદ્યાનિ**” વડે સાક્ષાત્ સેવાના અનવસર કાલમાં જે કંઇ પણ ભગવત્ કથા વિગેરે શ્રવણ-સત્સંગ વિગેરે કરાય તેમાં અપુષ્ટિમાર્ગીય ભાવોનું કજોડા જેવું મિશ્રણ ન થાય તે માટે વક્તા-શ્રોતાના ભેદ જણાવી સાધનદશામાં ભક્તિબીજની દઢતા વિના સંન્યાસાદિ માર્ગોમાં વૈષ્ણવો દેખાદેખી ભળી ન જાય તે માટે “**સંન્યાસનિર્ણય**” માં બીજા સંન્યાસ તો ન જ કરવા પણ પુષ્ટિમાર્ગમાં પણ ક્યારે અને કયા પ્રકારનો સંન્યાસ માન્ય છે તે જણાવ્યું. ત્યાર પછી સાધન દશાપન્ન મદયમ-જઘન્ય વિગેરે અધિકારીઓ એ પૂર્ણ ચિત્ત નિરોધ માટે શું કરવું -તેમણે કયા પ્રકારે ભગવત્સેવા કરતાં રહેવું અને તેની સાથે શું કરવું તેનો ઉપદેશ “**નિરોધલક્ષણ**” માં કર્યો છે. અને અંતમાં “**સેવાફલ-સવિવરણ**”માં સ્વોપદિષ્ટ પ્રકારે સેવા કરનારા જુદા-જુદા અધિકારીઓ ને સેવા કરતાં-કરતાં જ કયું ફલ થાય છે અને તે ફલ પણ ભગવત્સેવનરૂપ જ છે તેમજ સેવામાં આવતા બાધકોમાં શું કરવું તેનો વિચાર કરવામાં આવ્યો છે.

આ પ્રકારે સોળે સોળ ગ્રન્થો ભગવત્સેવાના આનુષંગિક વિષયોને સ્પષ્ટ કરે છે. મારા વિચારે શ્રીસુબોધિની, અણુભાષ્ય, નિબન્ધ વિગેરેમાં અલગ-અલગ સ્થળે સેવા સંબન્ધમાં કહેવાયું છે તે બધાના સારરૂપે-તેમાં કહેવાયેલ સેવા બાબતના તાત્પર્યને ગ્રહણ કરીને જે વાતો શ્રીમહાપ્રભુએ જુદા-જુદા અધિકારીઓને લઘુગ્રન્થ રૂપમાં સમજાવી છે તેમાંથી સેવાપ્રકરણના સ્વરૂપમાં અલગથી સોળગ્રન્થોને તારવી લઇ તેના સમૂહ સ્વરૂપને કોઇ વિચક્ષણ બુદ્ધિએ ષોડશગ્રન્થ નામે પ્રસિદ્ધ કર્યા છે. જેમ નિબન્ધમાં ત્રણ પ્રકરણ ગ્રન્થો છે “શાસ્ત્રાર્થપ્રકરણ” “સર્વનિર્ણય પ્રકરણ” “શ્રીભાગવતાર્થપ્રકરણ” તેમ આ ષોડશ ગ્રન્થો “સેવાપ્રકરણ” છે. આ પ્રકરણ ગ્રન્થોમાં સેવામાં પ્રતિબન્ધકોના નિવારણના ઉપાયો તેમજ સેવામાં સાધક બાબતોની ચર્ચા શ્રીઆચાર્યચરણે કરી છે કે જેનાથી પુષ્ટિમાર્ગીયા સાધનામાં પ્રવૃત્ત થયેલા વૈષ્ણવો આ પ્રક્રિયા વડે સેવામાં પોતાનો અભિનિવેશ કરાવી પૂર્ણ સેવામય થઇ કૃતાર્થ બની રહે. અતઃ ચિત્તચાંચલ્ય વિગેરેને દૂર કરવા માટે પણ ચિત્તને ચંચળ કરતાં પ્રતિબંધકોનું નિવારણ પણ ષોડશગ્રન્થોક્ત ઉપાયો વડે જ પુષ્ટિમાર્ગીયા રીતિથી જ સાધવું, અન્ય માર્ગી ઉપાયોની ભેળસેળ કરવી નહિં.

પુષ્ટિમાર્ગીયા રીતિ કહેવાથી એવી રીત યા પદ્ધતિ કે જેમાં સાધન આશ્રયભાવ વિરોધી-આશ્રયભાવને હણનાર ન હોય પણ જે આશ્રયભાવને સુદઢ કરવામાં સાધક બને. ષોડશગ્રન્થોમાં જણાવેલા ભક્તિબીજને દઢ કરવાના સાધનો હોય યા ચિન્તા નિવૃત્તિના ઉપાયો હોય કે પછી અવિદ્યા-સંસાર દૂર કરવાના સાધનો કે ઉપાયો હોય પણ તે બધું જ આશ્રયભાવની આધારશીલા પર જ કહેવાયેલા છે. તેમજ આ બધામાં રહેલો યા આનાથી સધાતો આશ્રયભાવ છે તે પણ સ્નેહભાવ વિરોધી નહિં પણ સ્નેહ સાધક અને સ્નેહભાવવર્દ્ધક પ્રકારનો છે. અને આ સ્નેહભાવ જ પુષ્ટિ સેવા-પુષ્ટિ ભક્તિમાં મુખ્ય અને મહત્ત્વપૂર્ણ છે. અતઃ સેવામાં અભિનિવિષ્ટ વૈષ્ણવોએ સેવાપ્રતિબંધકોના નિવારણ માટે ષોડશગ્રન્થોક્ત ઉપાયોને જ અપનાવવા, અન્યને નહિં.

આ પ્રમાણે ષોડશગ્રન્થોમાં જણાવેલા ઉપાયો કે સાધનો એ પણ ભગવદ્રૂપસેવાના આનુષંગિક જ છે. શ્રીમહાપ્રભુના મતમાં “**भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्**” (પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રન્થ) આ વાક્ય અનુસાર પુષ્ટિમાર્ગમાં આવેલા શુદ્ધપુષ્ટિજીવો અને ત્રણે પ્રકારના મિશ્ર (કુલ નવ પ્રકારના) જીવો એ બધાનું જ પ્રાકટ્ય

ભગવદિચ્છા એ જ , ભગવદનુગ્રહે જ, ભગવદ્રૂપ સેવાર્થ જ છે તેથી તેમના અર્થે તેમના તેમના અધિકાર અનુસાર અનુકલ્પો ષોડશગ્રન્થાદિમાં કહ્યા છે પણ તે સેવાના અનુકલ્પમાં જ કહ્યાં છે - સેવાના વિકલ્પમાં કહ્યા નથી. અતઃ ભક્તિવૃદ્ધિ માટે અને તેમાં પણ પ્રધાન-મુખ્યભક્તિમાં પ્રવેશ માટે અને ચિત્તની કૃષ્ણમાં પ્રવણતા માટે ભગવદ્રૂપ સેવા-સાધનદશામાં શ્રીઆચાર્યચરણ-શ્રીપ્રભુચરણ તથા પ્રાચીન આચાર્યો દ્વારા નિર્દિષ્ટા પુષ્ટિમાર્ગીયા પ્રણાલિકા-પ્રક્રિયા મુજબ તનુ-વિત્તજા સેવા જ મુખ્ય સાધન છે અને બાકી ના તેના સહકારી સાધનો છે.

• • • • • • • • • • •

પ્રકરણ-૭

સેવામાં બાધક પાંચ પ્રકારના દોષો અને તેની બ્રહ્મસંબન્ધથી નિવૃત્તિ કહેવાનું તાત્પર્ય

આપણે પૂર્વમાં સર્વપ્રમાણો પૂર્વક એમ નક્કી કર્યું કે સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થમાં પ્રથમ શ્લોક શ્રીઆચાર્યચરણ વિરચિત છે અને ત્યાર પછીનો સંપૂર્ણ ગ્રન્થ એ પ્રભુ શ્રીકૃષ્ણનાં ઉપદેશ વાક્ય સંગ્રહના રૂપમાં છે અને એ ભગવદ્‌વાક્યો પૈકી બ્રહ્મસંબન્ધ મન્ત્રસ્થ વાક્યોનો સંગ્રહ આમાં નથી એનું કારણ મન્ત્રની ગોપનીયતા છે.

અતઃ બીજા શ્લોકથી લઇને એટલે કે **“ब्रह्मसम्बन्धकरणात्”** ત્યાંથી લઇને **“गंगात्वे न निरूप्या स्यात् तद्वदत्रापि चैव हि”** અહીં સુધી સાડા આઠ શ્લોક પર્યન્તમાં એટલે કે સાડા સાત શ્લોકમાં ભગવાન શું કહેવા માંગે છે એનો થોડો વિચાર અહીં કરી લઇએ.

શ્રીમહાપ્રભુજીની ચિન્તાનો મુખ્ય વિષય જીવોનો કૃષ્ણસેવામાં પ્રવેશ થઇ સેવા થવી અને ત્યાર બાદ પ્રતિદિનની સેવાનો નિર્વાહ એ બાબતનો હતો. જીવ પોતે જ અનેક દોષોથી સંકળાયેલો છે અને એની સાથેનાં દેહ-ઇન્દ્રિય-પ્રાણ-અંતઃકરણ વિગેરે સર્વ એ પણ લૌકિક - દોષોથી ભરપૂર છે અને તેની સાથે સાથે કૃષ્ણાશ્રયમાં જણાવ્યાં મુજબ દેશ-કાલ વિગેરે સર્વ પણ દોષોથી પરિપૂર્ણ છે અને એમાં જ એની સ્થિતિ છે. આવી સ્થિતિમાં સદોષ જીવ વડે કરાયેલી સેવા સર્વથા નિર્દોષ શ્રીકૃષ્ણ સ્વીકારે જ નહીં આ બાબતની પણ એક ચિંતા હતી અને તેની સાથે સાથે જીવનયાત્રામા જીવી રહેલાં જીવો માટે જેનાથી જીવનયાત્રા સંપન્ન થાય છે તે પદાર્થો પણ દૂષિત છે. અને તેવા પદાર્થોથી દેહાદિનું પોષણ-રક્ષણ એ પણ દોષોને ઉત્તરોત્તર વધારનારું જ બને અને જો તેમ થાય તોં જીવનયાત્રા સેવાયાત્રા બની શકે નહિં. આ બાબતની પણ ચિંતા હતી.

શ્રીમહાપ્રભુની આ બન્ને ચિંતાઓનો ઉકેલ સવિસ્તર અને સદષ્ટાંત ભગવદ્ વાક્યોમાં આપવામાં આવેલો છે આ બે પૈકી પ્રથમ ચિંતાનો ઉકેલ શ્લોક બે થી શ્લોક સાડા ત્રણ પર્યન્તમાં આપ્યો છે કે હું આપને આ સગદ્ય પંચાક્ષર મન્ત્ર આપને આપું છું આ મન્ત્ર વડે આપ જે પણ દૈવીજીવનો મારી સાથે સમ્બન્ધ-બ્રહ્મસમ્બન્ધ કરાવશો તેના સેવામાં બાધક બનતાં સર્વ દોષો નિવૃત્ત થશે. એટલે કે એના તે દોષો સાક્ષાત્ શ્રીકૃષ્ણની સેવામાં બાધકરૂપે નડી શકશે નહિં. અને આ બ્રહ્મસંબન્ધ કર્યા પછી જો જીવ સર્વથા સેવામાં જ પોતાને અભિનિવિષ્ટ રાખશે તો તે દોષો તેને જીવનમાં પણ પાપ-પુણ્ય રૂપે અને તેના ફલ ભોગરૂપે લાગશે પણ નહિ અને નડશે પણ નહિ. અને જે જીવ બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી તે જેટલો સમય સેવાથી વિમુખ રહેશે એ સમયમાં એને આ સર્વ દોષો પ્રાપ્ત થશે. અહીં એક ખૂટતી વાત એમ લાગે છે કે મન્ત્રમાં જણાવ્યા મુજબના સમર્પણની ભાવના પૂર્વક જો સેવામાં પરાયણ રહેશે તો તેને આ દોષો લાગુ નહિ પડશે. મને લાગે છે કે ભગવાનનાં આ જ આશયને હૃદયમાં રાખી શ્રીઆચાર્યચરણ આસુરવ્યામોહ લીલા પ્રસંગે શિક્ષાશ્લોકીમાં આજ્ઞા કરે છે **“જ્યારે અથવા જો તમે ભગવાનથી બહિર્મુખ થશો ત્યારે અથવા તો આ કાળ તમારું ભક્ષણ કરી જશે.”** અતઃ દોષોની નિવૃત્તિ એ પણ જીવોને મોક્ષ અપવા માટે નહિં પરંતુ ભગવત્ સેવાર્થ છે અને તેથી જો જીવ સેવામાં સમર્પણ વિભાવના સાથે પરોવાયેલો રહેશે તો તેવા સમયે દોષોની સત્તા રહેશે નહિં, પણ જ્યાં સેવાનો હેતુ બાજુ પર મૂકાયો કે ફરી પાછી દોષોની સત્તા આવીને ઊભી રહેશે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પણ આ મુજબનું જ તાત્પર્ય જણાય છે. નવમાં અધ્યાયમાં રાજવિદ્યારાજગુહ્ય યોગમાં ભગવાન પ્રથમ જણાવે છે કે :-

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥

ભલે ગમે તેવો દુરાચારી હોય પણ તે જો મારું અનન્ય ભાવે ભજન કરે છે તો તેને સાધુ જ માનવો.” આ ગીતા વાક્યમાં દુરાચારીને સાધુ માનવો એ ક્યારથી માનવો એની ચોખવટ નથી માત્ર એટલું જ છે કે જે મારું અનન્ય ભાવે ભજન કરે તેને સાધુ માનવો એટલે કેટલા સમય પર્યન્ત અથવા તો કેટલી સંખ્યામાં ભગવદ્ ભજન કરવાથી આ દોષ નિવૃત્ત થાય છે અને સાધુતા પ્રવેશે છે ? ત્યાં પણ એમ જ સમજવાનું રહેશે કે જે ક્ષણે એ ભગવાનનાં ભજનમાં પ્રવૃત્ત થાય છે તે ક્ષણથી જ તે દુરાચારી નહિં પણ સાધુ હોય છે. અને તેથી જ આથી આગળના શ્લોકમાં

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रति जानीहि न मे भक्तः प्रणश्यति ॥

ભગવાન કહે છે “તે માણસ જે ક્ષણે મારું ભજન શરુ કરે છે તે ક્ષણથી તત્કાળ તે ધર્માત્મા એટલે કે ધર્મમાં જ જેનો આત્મા-અંતઃકરણ-મનબુદ્ધિ રહેલાં છે એવો બની જાય છે અને એવો ધર્માત્મા અનન્ય ભાવે ભગવાનનું ભજન કરનારો હોય તે ભક્ત છે નહિં કે દુરાચારી બન્યો રહી અને સાંસારિક ભાવો સહિત ભગવાનનું ભજન કરનારો ભક્ત હોય છે. તે તો ભક્તિ જ નથી. અતઃ આવો જે ભક્ત હોય છે એને માટે ભગવાન આ સ્થળે પ્રતિજ્ઞાપૂર્વક કહે છે ,સોગંધપૂર્વક કહે છે મારા ભક્તનો નાશ થતો નથી. આ પ્રતિજ્ઞા ધર્માત્મા ભજન કરનારા માટેની છે, દુરાચરણ કરતો રહી ભજન કરનારા માટેની નથી. તેમ છતાં પણ ગીતા વાક્યમાં જે દુરાચારી શબ્દ પ્રયોજ્યો છે એ એના ભજનની પૂર્વ અવસ્થા માટે છે, ભજનવાળા સમયમાં દુરાચરણને કહેવા માટેની નથી. એવી જ રીતે જે ક્ષણે બ્રહ્મસમ્બન્ધ થાય છે તે ક્ષણથી તે દોષરહિત બની જાય છે. પણ તે જે ક્ષણમાં સેવાથી વિમુખ થઇ કૃષ્ણના અસંબંધે અન્યમાં ચિત્તવૃત્તિવાળો થાય છે તે ક્ષણમાં એને સર્વ દોષો લાગુ પડી જાય છે. જો તે સેવામાં જ રહે છે ત્યારે તો એને બીજા બધા તો ઠીક પણ પૂર્વમાં કરેલાં સંચિત કર્મો અથવા તો પ્રારબ્ધ એટલે કે કરેલા કર્મો ફલરૂપમાં પ્રાપ્ત થઇ રહ્યાં હોય. તેની પણ પ્રાપ્તિ નહી થઇ તેવા કર્મો પણ તેને સેવામાં બાધક બનતાં નથી. એ સંદર્ભમાં

જ શ્રીઆચાર્યચરણ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં "**न च रोगाद्युपद्रवाः**" વૈષ્ણવોને રોગ કે અદષ્ટ કે ગૃહાદિ બાધા વિગેરે કંઇ પણ લાગતા નથી એમ કહે છે. કેમ નથી લાગતા ? કારણ કે આ બધુ જ કર્મના ફલરૂપમાં મળતું હોય છે. જીવના તમામ સુખ અને દુઃખના વિષયો એ સારા નરસાં કર્મોના ફલરૂપમાં મળે છે અને જ્યારે તે કર્મો જ નથી રહેતાં તો પછી તેની પ્રાપ્તિ જ ક્યાંથી ? આમ કહેવાથી કર્મ નાશનો પણ અર્થ જે ગીતા-ભાગવતાદિમાં જ્ઞાન યા ભક્તિ વડે કહેવાયો છે એ પણ સ્પષ્ટ થઇ જાય છે. જ્ઞાન વડે કર્મમાર્ગમાં પણ આમ જ સમજવાનું છે.

દુનિયામાં બધા જ દોષો છૂટી શકે છે પણ સહજ દોષ એટલે કે ઉત્પત્તિ ની સાથે જડાયેલાં તેવાં દોષો દૂર થવા સંભવ નથી તેવા દોષો પણ દૂર થાય છે એ કહેવા મુખ્યત્વે પાંચ પ્રકારનાં દોષોમાં પ્રથમ સહજ દોષ જણાવ્યો છે. સહજ શબ્દ જીવ અને દેહ બન્નેને લાગે છે કારણ કે બીજા શ્લોકમાં જીવ અને દેહસંબંધના દોષો નિવૃત્ત થાય છે તેમ કહ્યું છે. એટલે કે જે સમયે ભગવદ્ અંશ જીવપણાએ બંધાયો અને આનંદના તિરોધાન સહિત ભગવાનનાં છ ઐશ્વર્યથી રહિત થવાથી જે એનામાં દોષો પ્રકટ થયાં એ દોષો જીવસહજ છે. જેમ કે શ્રુતિના અનુસાર "**काममयोऽयं पुरुषः**" જીવની કામમયતા એ શ્રુતિ પ્રસિદ્ધ છે. એ કામમયતાથી ઉત્પન્ન થનારાં પાછાં બીજા દોષો. તેવી જ રીતે દેહની ઉત્પત્તિ સાથે જડાયેલાં જે દોષો એ દેહસહજ દોષો છે. જેમ કે આસુરી દેહ. ત્યાં જે આસુરપણું છે તે દેહ થકી છે. જેમ ગીતામાં સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર તેમજ બીજી પાપયોનિઓ એમ કહી જેનામાં દેહજ દોષો છે તે ગણાવ્યાં છે. જીવ સહજ દોષો એ જીવની સ્થિતિ જ્યાં સુધી હોય છે ત્યાં સુધી તેનામાં રહે છે. દેહ બદલાતો હોવા છતાં પણ જીવ એનો એ જ રહે છે તેથી કોઇક વખત ઉત્તમ દેહમાં જન્મ મેળવીને પણ જીવસહજ દોષો તો એનામાં રહે છે. જ્યારે દેહ સહજ દોષો એ જેટલી દેહની સત્તા છે તેટલા સમય પૂરતાં જ હોય છે અને દેહના નાશ સાથે તેનો પણ નાશ થઇ જાય છે. આ દેહજ સહજ દોષ ભક્તિમાં બાધક હોવાના કારણે જ વૃત્રાસુર ધર્મપુરુષાર્થના

શ્લોકમાં "**भवितास्मि**" એમ ભવિષ્યકાળનો પ્રયોગ કરી આ જન્મમાં તો મારો આસુરી દેહ તમારા દાસપણાને યોગ્ય નથી પણ ફરીથી બીજાં જન્મમાં યોગ્ય દેહ પ્રાપ્ત કરી હું આપના દાસો શ્રીવ્રજજનો એનો હું દાસ બનીશ એમ જણાવે છે. જીવ દૈવી હોવા છતાં પણ તે જો આસુરી શરીરમાં રહેલો હોય ત્યારે જીવનું દૈવીપણું એને સેવામાં યોજે તો પણ શરીરનું આસુરીપણું એને સેવાથી વિમુખ કરવા બહાર તરફ ખેંચશે. સેવાના સમયમાં નિદ્રા આવવી, શરીરની હાજતો ઉત્પન્ન થવી, અશક્તિ લાગવી, સેવા સમયમાં રોગોથી પીડિત થવું આ બધા જ શરીરમાં રહેલાં આસુરી દોષો છે. ભગવત્ સેવામાં જે રોકે અથવા બાધક બને એ તમામ બાબતો આસુરી કહેવાય. કારણ કે ભગવાન તરફ જતાં આસુરો જ રોકે.

અથવા તો દેહ સહજ દોષો એટલે કે લોકમાં હીનતાએ મનાતાં અને વેદમાં જેને હીનતાએ ઉલ્લેખાયેલાં છે જે શ્રુતિમાં "**कपुयां योनिं आपद्येरन्**" થી કપુય યોનિમાં જેની ગણના થઇ છે તેવા શરીરો કે જે મોક્ષ માર્ગમાં અયોગ્ય અનધિકારી છે તેમજ ધર્મકાર્ય કે ભગવત્ કાર્ય કરવામાં અનુપયુક્ત માનવામાં આવેલાં છે. એવાં દોષરૂપ શરીરો પણ બ્રહ્મસમ્બન્ધ કરીને જો ભગવત્ સેવામાં પ્રવૃત્ત થાય તો તેવાઓની કરેલી સેવા પણ ભગવાન કહે છે કે હું અંગીકાર કરીશ.

તેવી જ રીતે દેશ સંબંધિ દોષો પણ બ્રહ્મ સમ્બન્ધ કરવાથી દૂર થાય છે. શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કંધમાં ભક્તોના કર્તવ્યોનો નિર્ધાર કરતાં ભગવાન ઉદ્ધવજીને કહે છે કે "**देशान् पुण्यान् आश्रयेत मद्भक्तैः साधुभिः श्रितान्**" (ભાગ.૧૧-૨૯-૧૦) અહીં ભક્તિનાં કારણોમા પુણ્યદેશનો નિવાસ કહ્યો છે. પુણ્યદેશ એટલે જ્યાં દેશથી પુણ્ય ઉત્પન્ન થતું હોય. જેમ કે વ્રજદેશ, આર્યાવર્ત દેશ, ગંગાયમુનાતટ પ્રદેશ, ભગવત્પ્રદેશો એ બધા જ પુણ્ય દેશો છે. એટલે કે તે દેશોમાં જઇને ત્યાં નિવાસ કરીને ભગવાનની ભક્તિ સાધવાનો પ્રયત્ન કરવો. તેવી જ રીતે શાસ્ત્રોમાં અને લોકમાં કેટલાક નિન્દ્યદેશો

પણ કહેવાયા છે. જેમ કે શ્રીવલ્લભાખ્યાનમાં જણાવેલાં અંગદેશ,બંગદેશ, કલિંગદેશ, કૈકટદેશ, માગધ દેશ, સિંધદેશ વિગેરે. કે જ્યાં નિવાસમાત્રથી પુણ્ય નિવૃત્ત થઇ જાય છે. આવા દેશોમાં આજના સમયમાં યુરોપ, અમેરિકા વિગેરે ભૂપ્રદેશો ઉપર આવેલા દેશોનો સમાવેશ કરી શકાય છે. કે જ્યાં કરાયેલું ધર્મ કાર્ય પણ ધર્મને ઉત્પન્ન કરતું નથી. જેમ કે ત્યાં જઇને સંધ્યાવંદનાદિ યા યજ્ઞ-યાગાદિ નિત્ય નૈમિત્તિક કે કામ્ય કર્મો તે દેશોમાં કરવામાં આવે તોપણ ત્યાં કર્મરૂપી ભગવત્ પ્રાકટ્ય થતું નથી તેથી ત્યાં જઇને કરવામાં આવેલાં કર્મો બકરીનાં ગળાનાં આંચળ જેવા છે અતઃ જ્યાં ધર્મ જ ઉત્પન્ન નહિ થતો હોય ત્યાં ભક્તિનો આધાર એ ધર્મ હોવાથી ભક્તિ તો ઉત્પન્ન થાય જ ક્યાંથી ? એ બાબતે ભગવાન કહે છે કે બ્રહ્મસમ્બન્ધ કરીને તે કોઇ પણ દેશ વિશેષમાં મારી સેવા કરશે તો તેને હું સ્વીકારીશ. એટલે કે કોઇ પણ પ્રકારનાં દેશમાં રહેલો વ્યક્તિ કદાચ નરકનો દરવાજો સાચવવાની નોકરી મળી જાય તો ત્યાં રહેલો વ્યક્તિ પણ ભગવત્ સેવા કરી શકે છે અને તેની કરેલી સેવાને પ્રભુ સ્વીકારશે. આમ કહેવાથી આધુનિક સમયમાં અમેરિકા, યુરોપ,આફ્રિકા, ઓસ્ટ્રેલિયા વિગેરેમાં નિવાસ કરી રહેલાં ભારતીયો અથવા તો ત્યાંના સ્થાનિક પ્રજાજનો એ સર્વને ભગવત્ સેવા કરવાનો સમાન અધિકાર છે અને તેઓ તે તે દેશોમાં રહીને પણ પુષ્ટિ સેવા પોતાના ઘરે કરી શકે છે અને તેમના વડે કરાતી સેવાનો ભગવાન અંગીકાર પણ કરે છે અને તેમને ત્યાં પણ સેવાનું પૂર્ણ ફલ થાય છે.

તેવી જ રીતે કાલ દોષ પણ નિવૃત્ત થાય છે. કાલમાં ઉત્પન્ન થતાં દોષો પણ સેવામાં બાધક બનતા નથી. જેમ વૈદિક કર્મોમાં તે તે કર્મ માટે નિયત સમય કહેવાયો છે આ સમયમાં આ કર્મ કરવું ને આ સમયમાં આ કર્મ કરવું. એટલે જે કર્મ માટે જે સમય કહેવાયો હોય તે સમય વિના તે કર્મ કરવું એ દોષરૂપ છે તેમ સેવામાં અમુક સમયે જ અમુક સેવા કરવી એવો કાલ પ્રતિબંધ એને નથી.અથવા તો જેમ કલિકાલ માટે ગવાલંભાદિ કર્મો નિષિદ્ધ કરાયેલાં છે તેમ સેવા

માટે અથવા તો અતિ બાલવય, અતિ બાલકાલ અથવા વૃદ્ધાવસ્થાનો કાલ એ પણ અવસ્થા દોષે સેવામાં બાધક થાય છે. એટલે કે દેહ સાથે જોડાયેલો જે કાલ છે એ પણ સેવામાં બાધક બને છે. ભગવાન કહે છે બ્રહ્મસમ્બન્ધ કરીને સેવામાં પરોવાઇને રહેલાં વૈષ્ણવને માટે આવો કાલ પણ બાધક બનતો નથી જે કાશીવાળા શેઠ પુરુષોત્તમદાસજીની વાર્તામાં પ્રસિદ્ધ છે.

સંયોગ એટલે પોતાના દેહ કે પોતાની જાત એનો દૂષિત વસ્તુ સાથે યોગ થવાથી પોતે પણ દોષવાળો બને છે. અને તેવી જ રીતે સ્પર્શથી ઉત્પન્ન થતાં દોષો એટલે દૂષિત વસ્તુઓનાં કે વ્યક્તિનાં સ્પર્શથી ઉત્પન્ન થતાં દોષો. આ દોષો પણ સેવામાં અભિનિવિષ્ટને બાધક બનતાં નથી. શ્રીગુસાંઇજીનાં પંચમ લાલજી શ્રીરઘુનાથજી સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં સંયોગ જ અને સ્પર્શ જ બાબતમાં જણાવે છે કે પતિત વિગેરેનો સંસર્ગ થવાથી સંયોગ જ દોષ થાય છે અને ઇન્દ્રિયોનાં જે જે પણ અર્થ છે. તેમાંના નિષિદ્ધ અર્થોનો તે તે ઇન્દ્રિયો સાથે સંબંધ થવાથી સ્પર્શજ દોષ થાય છે. શ્રીરઘુનાથજીનાં આ કથન અનુસાર વ્યવહારમાં મને કે કમને પણ જેનો સંસર્ગ ન થવો જોઇએ તેવા સંસર્ગો થઇ જ જાય છે અને તે સંસર્ગો કમ-જ્યાદા પણ દોષોને ઉત્પન્ન કરી જ જાય છે. આ દોષ પણ વ્યવહારમાં રહીને અપરિહાર્ય છે. ભલે આપણું મન ગમે તેટલું પણ ભગવાનમાં અને ભક્તિમાં લાગ્યું હોય અથવા તો તેને માટે કોઇ ભરસક પ્રયત્નો કરતો હોય પરંતુ ભગવાન અને ભક્તિ વિરોધી એવા લોકોનો પાંચ મિનિટ પણ સંસર્ગ મનુષ્યની વર્ષોની સાધનાને નષ્ટ કરી શકે છે. સૌભરિ ઋષિ યમુનાના કિનારે પવિત્ર સ્થળે રહીને તપશ્ચર્યા કરતાં હતાં અને એક દિવસ જલમાં બે માછલીઓ વચ્ચેની પરસ્પરની કામક્રીડા તેમની દષ્ટિમાં આવી અને પ્રથમ તો ચિત્તમાં વિકાર વિના તે તરફ ક્ષણિક દષ્ટિ માંડી બસ એ ક્ષણ માત્રનો દષ્ટિ સાથેનો તપ વિરોધી દશ્યનો સંબંધ થયો અને એ ક્ષણે ઘણી ક્ષણો એ દશ્ય સાથે તેમની જોડાઇ ગઇ અને પરિણામે મનમાં કામનો કીડો સળવળ્યો અને

સૌભરિ ઋષિએ તપ છોડી રાજાની ઢગલાબંધ રાજકુમારીઓ સાથે પરણવાનો પ્રસ્તાવ મૂકી અને તે બધી સાથે તેમણે સંસાર માંડ્યો. આવી જ રીતે પાંચ ક્ષણનો પણ ભગવાન કે ભક્તિ વિરોધી લોકોનો સંસર્ગ એ સેવાભાવ વિઘાતક બને છે. ભલે પોતાનામાં ભાવ હોય પણ પોતાના સગા સંબંધિઓ પોતાના સ્વજનો, મિત્રો, ધંધામાં ઉપયોગી લોકો અને તે બધાની વાત છોડી દઇએ તો પોતાના ઘરમાં જ ભાઇઓ, બહેનો, માતા, પિતા, પતિ, પત્ની, પુત્ર વિગેરે સંબંધિઓ જો બહિર્મુખ હોય તો તેનો તો સંસર્ગ રાત દિવસનો રહેવાનો જ અને તેનાથી તે લોકોમાં રહેલા ભક્તિભાવ વિરોધી દોષોનો પણ સંસર્ગ થવાનો અને તે સંસર્ગજન્યદોષો ભકિતભાવનો નાશ કરના છે તેથી તેવા સંસર્ગજન્ય દોષો પણ બ્રહ્મસંબન્ધ કરવાથી બાધક બનશે નહિં એમ કહેવાનું તાત્પર્ય છે.

આ પ્રકારે વ્યકિતના જીવપણાએ અને દેહપણાએ રહેલા પાંચ પ્રકારના દોષો (૧) સહજ દોષ, જીવપણાએ સહજ અને દેહસંબન્ધે સહજ (૨) દેશજન્ય દોષ કાલજન્ય દોષ (લોકમાં તથા વેદમાં નિરૂપણ કરાયેલા) (૪) સંયોગજન્યદોષ અને (૫) સ્પર્શજન્યદોષ કે જે દોષો સેવા-ભક્તિમાં બાધકરૂપે નડે છે તે દોષો ભગવદુક્ત સગદ્ય પંચાક્ષરમંત્ર વડે બ્રહ્મસંબન્ધ કરવાથી દૂર થાય છે કે જેથી જીવ નિ:શંકપણે ભગવત્સેવામાં પ્રવૃત્તિ કરી શકે છે.

મર્યાદાભક્તિમાં સાધન તરીકે સ્વીકારેલા દાન,વ્રત, તપ, હોમ વિગેરે સત્ત્વશુદ્ધિ સાધે છે, પરંતુ પુષ્ટિભક્તિમાં જરૂરી નિર્ગુણતાને સાધવા સક્ષમ નથી.

મનુષ્ય એક ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી કારણ કે પ્રકૃતિદત્ત એનામાં રહેલી ક્રિયાશક્તિ એ એને સતત કર્મમાં પ્રવૃત્ત કરતી જ રહે છે. તેવી જ રીતે એનામાં રહેલી પ્રકૃતિદત્ત જ્ઞાનશક્તિ મનુષ્યને અનુભવ અને વિચારનું સાતત્ય આપે છે. તેમજ મનુષ્યના કર્મ,વિચાર અને ઇચ્છા એ એના સ્વભાવને આધીન હોવાથી જેનો

જેવો સ્વભાવ તેના અનુરૂપ તેના ક્રિયા, વિચાર, ઇચ્છાનું સ્વરૂપ હોય છે. સ્વભાવ મુખ્ય ત્રણ પ્રકારનો સાત્ત્વિક, રાજસ્ અને તામસ્ કહેવાય છે અને ત્રણેના પરસ્પર મિશ્રણથી નવ પ્રકારનો અને તેનાં વિશેષ સૂક્ષ્મ ભેદે અનેક પ્રકારનો કહેવાયો છે. અતઃ દરેક જીવો પોતાના સ્વભાવના અનુરૂપ તે તે પ્રકારની સાત્ત્વિક, રાજસ્, તામસ્ વિગેરે પ્રકારની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થતાં હોય છે. આ બાબતને સમજાવવાં માટે જ કૃષ્ણ-અર્જુન સંવાદાત્મિકા ભગવદ્ગીતામાં અને ભાગવતનાં એકાદશ સ્કંધમાં કૃષ્ણ-ઉદ્ધવ સંવાદમાં એક-એક અધ્યાયથી સમજાવવામાં આવ્યું છે. આ ત્રણ ગુણો પૈકી રજોગુણ અને તમોગુણને દોષરૂપ મલ તરીકે શાસ્ત્રમાં આલેખવામાં આવે છે અને રજોગુણ-તમોગુણ રહિત સત્ત્વગુણને નિર્મલ કહેવામાં આવે છે. આ નિર્મલ સત્ત્વગુણ જ્યારે પૂર્ણ પ્રવૃદ્ધ બને છે ત્યારે વ્યક્તિમાં સત્ય જ્ઞાનનો પ્રકાશ પથરાય છે. જ્ઞાન અને ભકિત એ બન્ને રજોગુણ-તમોગુણરૂપ દોષનો નાશ થતાં પ્રકટ થાય છે અને સંપૂર્ણ સત્ત્વગુણનું સામ્રાજ્ય સ્થપાતાં શ્રીકૃષ્ણમાં ભકિત થાય છે એમ શાસ્ત્રો જણાવે છે. શ્રીભાગવતમાં કહ્યું છે કે :-

दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः ।
श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते ॥
(ભાગ.૧૦-૪૭-૨૪)

તેવી જ રીતે શાસ્ત્રાંતરમાં પણ કહ્યું છે કે :-

बहुजन्मविपाकेनः तपोज्ञानसमाधिभिः ।
नराणां क्षिणपापानां कृष्णे भक्तिः प्रजायते ॥

ઉપર મુજબનાં બન્ને વાક્યોમાં પાપને કાપનારાં અને શ્રેયને વધારનારાં એવા દાન,વ્રત,તપ, હોમ, જપ, સ્વાધ્યાય, સંયમ,જ્ઞાન, સમાધિ વિગેરે જે સાધનો બતાવ્યાં છે તે સાધનો રજોગુણ-તમોગુણનો સર્વથા નાશ કરી વ્યકિતને શુદ્ધ સત્ત્વમાં સ્થાપિત કરે છે અને તેવી દશામાં તેનામાં કૃષ્ણ પ્રત્યેની ભકિત ઉદય

પામે છે અને તે પૂર્ણ રૂપેણ કૃષ્ણ ભક્તિમાં પ્રવૃત્ત થાય છે:

પરંતુ આ ભક્તિ પણ વેદમાં કહેવાયેલી અથવા તો આગમ શાસ્ત્રોમાં કહેવાયેલી વિહિતા ભક્તિ છે કે જેને શ્રીમહાપ્રભુ પોતાના સિદ્ધાન્તમાં મર્યાદાભક્તિ નામે આલેખે છે અને આ ભક્તિનું અંતિમ ફલ શ્રીભાગવતના ત્રીજા સ્કંધમાં "**पश्यन्ति ते मे**" એ પ્રકરણમાં એના પછીના શ્લોકમાં અંતમાં "**अनिच्छन्त्यो गतिमण्विं प्रयुङ्क्ते**" થી કહેવાયું છે એટલે કે એનું અંતિમ ફલ સાયુજ્યઆદિ મોક્ષ પ્રાપ્તિ છે. જ્યારે શ્રીઆચાર્યચરણ પોતાના સમ્પ્રદાયની ભક્તિને પુષ્ટિભક્તિ નામે આલેખે છે અને તૃતીય સ્કંધનાં ભક્તિ પ્રકરણમાં શ્રીઆચાર્ય-ચરણ રામાનુજાચાર્યના ભક્તિપ્રકારને સાત્ત્વિક તરીકે , મધ્વાદિના ભક્તિ પ્રકારને રાજસ પ્રકારમાં, વિષ્ણુ સ્વામીના ભક્તિ પ્રકારને તામસ પ્રકારમાં ગણાવી પોતાના સમ્પ્રદાયના ભક્તિ પ્રકારને નિર્ગુણ તરીકે જણાવે છે. આ નિર્ગુણા ભક્તિને તૃતીય સ્કંધના ભક્તિ પ્રકરણમાં અહેતુકી,અવ્યવહિતા,લોકવેદપ્રવિદ્ધા અને માત્ર પુરુષોત્તમમાં થનારી, મનમાં-પ્રેમનાં સાત્તત્ય પ્રવાહ સ્વરૂપની જણાવવામાં આવી છે. અતઃ આ ભક્તિમાં-આ નિર્ગુણા ભક્તિમાં સત્ત્વ ગુણ પણ વ્યવધાનરૂપ રહેલો છે એટલે આ ભક્તિમાં-રજોગુણ-તમોગુણની માફક સત્ત્વગુણ પણ દોષરૂપ મલ જ છે. અતઃ દ્વાદશ સ્કંધના "**આ ભાગવતના સેવનથી કૃષ્ણમાં અમલાભક્તિ થાય છે**" આ શુકવાક્યમાં ઉપયોગ થયેલ અમલ શબ્દના અર્થમાં રજો ગુણ-તમોગુણ મલથી રહિત અને શુદ્ધ સત્ત્વથી ઉદ્ભવેલ ભક્તિ એમ અર્થ લેવો જોઇએ નહિ, પરંતુ ત્રણેય ગુણોથી રહિત અને વિશુદ્ધ પ્રેમભાવ સ્વરૂપની ભક્તિ શ્રીભાગવતના સેવનથી મળે છે, એમ અર્થ લેવો જોઇએ અને એ પ્રકારે અર્થ લેતાં પૂર્વના ભાગવતના તથા બીજા શાસ્ત્રના વાક્યમાં કહેવાયેલ ભક્તિને ઉત્પન્ન કરનારાં સાધનોની વ્યર્થતા સિદ્ધ થઇ જાય છે. કારણ કે એ સાધનો પણ સત્ત્વગુણને જ પ્રવૃદ્ધ કરે છે. અને આ સત્ત્વ ગુણ બીજી બધી રીતે રજો ગુણ-તમોગુણ કરતાં ઉત્તમ હોવા છતાં પણ ગીતામાં કહ્યાં અનુસાર એમાં સુખાસક્તિનો દોષ રહેલો છે. સુખાસક્તિ એટલે સુખમાં આસક્તિ હોવી. જેનાથી સુખ થાય, જેમાં સુખ અનુભવાય તેમાં આસક્તિ થવી યા રાખવી એટલે ભગવાનની ભક્તિમાં પણ કારણરૂપ સુખાસક્તિ છે. ભગવાનની ભક્તિથી અથવા ભગવાનમાં ભક્તિથી સુખ મળે છે. તેવા જ્ઞાનથી ભગવાનમાં આસક્તિ થવી અને ભગવાનની ભક્તિ કરવી. જેમ કે એક સ્ત્રી એવા જ્ઞાનથી પોતાના પતિમાં આસક્તિ રાખે કે આના થકી જ મારું બધું સુખ છે માટે મારે આમાં આસક્તિ રાખવી જોઇએ. આ એનો વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ નથી એનો જે કંઇ પણ ભાવ છે એ તો પોતાનામાં જ છે. જ્યારે લોકવ્યવહારમાં માતાનો બાળક પ્રત્યેનો પ્રેમ કે લાગણી એ સહજ હોય છે. માતાને એટલા માટે લાગણી નથી હોતી કે આ બાળક મોટો થઇ મારું પોષણ કરશે માટે હું એનો ઉછેર કરું. તેવી જ રીતે આ કૃષ્ણથી જ મુક્તિ સમ્ભવ છે આ કૃષ્ણ જ મુક્તિના દાતા અને મુક્તિના અધિપતિ છે અને મુક્તિ વડે જ સર્વ દુઃખોનો નાશ અને શાશ્વત સુખ મળી શકે છે માટે કૃષ્ણની જ ભક્તિ કરવી એવા જ્ઞાનવાળો થઇ સત્ત્વ પ્રવૃદ્ધ વ્યક્તિ કૃષ્ણભક્તિમાં પ્રવૃત્ત થાય છે. જ્યારે નિર્ગુણા પુષ્ટિ ભક્તિમાં તો કેવલ હૃદયનો વિશુદ્ધ પ્રેમ જ ભક્તિમાં કારણ હોય છે. તેથી જ આ ભક્તિના લક્ષણમાં પ્રથમ અહેતુકી કહેવામાં આવ્યું છે.

પ્રેમભાવમાં પ્રાકૃતિક-લૌકિક સાત્ત્વિક-રાજસ્-તામસ્ ભાવો એ પ્રેમનાં વિશુદ્ધ સ્વરૂપને પ્રકટ થવા દેતાં નથી. અતઃ દેહ-ઇન્દ્રિય-પ્રાણ-અંતઃકરણ અને જીવ સ્વયં તથા દેહેન્દ્રિયાદિનાં પોષક સર્વ સાધનો એ સર્વની પણ નિર્ગુણતા જરૂરી છે. આ નિર્ગુણતા માટે ગીતાના અનુસાર પણ "**मामेव ये प्रपद्यन्ते**" એ વાક્યથી ભગવત્ પ્રપત્તિથી ઇતર અન્ય કોઇ સાધન છે જ નહિ અને જે ભગવાનની પ્રપત્તિ કરીને રહેલો છ, તેવા કર્તાને માટે ભાગવત એકાદશ સ્કંધમાં "**निर्गुणो मद् व्यपाश्रयः**" (ભાગ.૧૧-૨૫-૨૬) એમ એને નિર્ગુણ પ્રકારમાં ગણ્યો છે. શ્રીમદ્ ભગવત્ગીતા કરતાં શ્રીમદ્ ભાગવતનાં એકાદશ સ્કંધના આ પ્રકરણની વિશેષતા એ છે કે ગીતામાં ફક્ત દરેક બાબતોનાં સાત્ત્વિક-રાજસ્-તામસ્ એમ ત્રણ જ ભેદો કહ્યાં છે જ્યારે

એકાદશ સ્કંધમાં આ ત્રણ ઉપરાન્ત વધુમાં નિર્ગુણ પ્રકાર પણ કહ્યો છે. તેમાં પોતાના-ભગવાનનાં સંબન્ધી દરેક બાબતોને નિર્ગુણ પ્રકારમાં કહી છે અને તે સિવાયની બધી જ બાબતોને પ્રાકૃતિક ત્રિગુણાત્મકતાથી કહી છે. અતઃ શ્રીભાગવતનાં સ્વારસ્યથી એટલું તો નક્કી જ સમજી શકાય છે કે ભગવાનના સંબન્ધી દરેક બાબતો, દરેક વિષયો, દરેક વસ્તુઓ એ ત્રિગુણથી પર નિર્ગુણ છે અને તેની સાથે ગીતાના ઉપર્યુક્ત વાક્યને સરખાવતાં કે નિર્ગુણતા એટલે કે ત્રણ ગુણોથી અતીત પર સ્થિતિ એ ભગવાન સાથેનાં સમ્બન્ધથી જ શક્ય છે અન્યથા સંસારમાં તો ત્રિગુણાત્મિક માયાનું જ સામ્રાજય પ્રસરેલું છે.

આવી સ્થિતિમાં ભક્તિ કરવાનાં સાધનો દેહ-ઇન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે તથા કર્તા સ્વયં એ સર્વની પણ નિર્ગુણતા જરૂરી છે. નિર્ગુણ મન જ ભગવત્ સુખને વિચારી શકે છે. સગુણ મન તો પોતાના જ સુખનો વિચાર કરશે અને જ્યાં પોતાના સુખનો ઘાત થતો હશે ત્યાં રાડો જ પાડશે, ભગવત્ સેવામાં નહિ પ્રયોજાય. તેવી જ રીતે નિર્ગુણ ઇન્દ્રિયો જ ભગવત્ સુખ-ભગવત્ સેવાને અનુકૂલ વર્તશે. અન્યથા સુગણ ઇન્દ્રિયો વાસના પ્રચુર જ હશે અને તેમાં વાસનાથી ઉભરાતી આકાંક્ષાઓ જ ઉત્પન્ન થશે, તે ઇન્દ્રિયો ક્યારેય કૃષ્ણ પ્રેમનાં પ્યાલાઓ નહિ ભરી શકે. અને સાત્ત્વિક દેહ હશે તો પુણ્યાર્જનમાં પ્રવૃત્ત રહેશે. કારણ કે પુણ્યથી સુખ પ્રાપ્ત થાય છે તેવું એને જ્ઞાન હોય છે અથવા તો સાત્ત્વિક દેહ મોક્ષ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થશે કારણ કે મુક્તિમાં જ સર્વ દુ:ખોનું નિરાકરણ રહેલું છે અને જો રાજસ્-તામસ્ શરીર હશે તો લૌકિક સુખોપભોગમાં યા લોકવેદ નિંદિત સુખોપભોગમાં પ્રવૃત્ત બનશે પરંતુ આવા સગુણ શરીરો ભગવત્ સેવામાં તો નહીં જ પ્રયોજાશે. બલ્કે સેવા સમયે જ દસ્ત લાગવું, શરીરની બીજી બીજી હાજતો પેદા થવી, ભૂખ-તરસથી પીડિત થવું, ચક્કર આવવાં, સેવા સમયે જ તાવ આવવો, હાથ-પગ વિગેરે અંગો થાકી જવાં, ગરમીથી યા ઠંડીથી અકળાઇ જવું આ બધા જે દેહગત દોષો છે તે સેવા સમયે ઉપસ્તિથ થઇ સેવામાં વ્યવધાન કરી વ્યક્તિને સેવાથી વિમુખ બનાવશે, ખરેખર જોવામાં આવે તો મન વિગેરે સર્વ એકનિષ્ઠ જ રહી શકે છે. જો બીજામાં નિષ્ઠા છે તો તેની પોતાનામાં નિષ્ઠા નથી હોતી અને જો મન વિગેરે વ્યક્તિનાં પોતાનામાં નિષ્ઠ છે તો તે બીજામાં નિષ્ઠ બની શકતા નથી અને છતાં પણ એકથી ઇતર બીજાને જબરન ઘુસાડવામાં આવે છે તો ત્યારે પરિણામે ક્લેશ અને દુ:ખથી બીજું કંઇ પણ બનતું નથી. લૌકિક સ્વાર્થ ભાવવાળાનાં શરીર મન વગેર વ્યક્તિનાં પોતાનામાં નિષ્ઠ રહે છે તેથી તેવાઓ પ્રેમ ભાવે વર્તી શકતાં નથી અને પ્રેમભાવવાળાઓ સ્વાર્થભાવથી સર્વથા રહિત પ્રિયપ્રેષ્ઠમાં જ નિષ્ઠાવાળાં હોય છે. તેથી તેમના મન,શરીર વિગેરેમાં સ્વાર્થની ગંધ માત્ર પણ રહેતી નથી તેથી તેઓ મન,પ્રાણ,ઇન્દ્રિયો તથા સ્વયં જીવ સર્વથી માત્ર પ્રેમભાવે જ વર્તે છે તેઓ સ્વાર્થભાવે વર્તી શકતા નથી.

પોતાના મન, પ્રાણ, શરીર વિગેરેની નિર્ગુણતા અર્થે અને આગળ દોષો બાધક ન બને તે માટે અસમર્પિત ત્યાગવું સર્વથા આવશ્યક છે.

આવી સ્થિતિમાં શ્રીમહાપ્રભુનો પ્રાદુર્ભાવ દૈવીજીવોના ઉદ્ધારાર્થ થયો છે. અને તેમાં પણ આ દૈવીજીવો નો તો માત્ર ભગવત્ સેવાર્થ જ પ્રાદુર્ભાવ હોવાથી એમનું ભગવત્ સેવામાં પ્રયોજાવું એ જ એમનો ઉદ્ધાર છે. પાઘડી માથે પહેરાય તો જ તેની સાર્થકતા છે અને જોડા પગમાં પહેરાઇ તેનો ઉપયોગ થાય તેમાં જ તેની સાર્થકતા છે. જે વસ્તુ જે માટે નિર્મિત થઇ હોય તેમાં જ તેનું યોજાવું એ તેની સાર્થકતા છે. તેવી જ રીતે આ દૈવી જીવોનું કૃષ્ણ સેવામાં પ્રયોજાવું એમાં જ એમની સાથર્કતા-એમનો ઉદ્ધાર છે. જીવો દૈવી સંપદાવાળા છે તેમ છતાં પણ તેમના મન-શરીર વિગેરે તો પૂર્વમાં કહેવાયેલા પ્રકારનાં લોકિક ત્રિગુણાત્મક જ છે. તેવી સ્થિતિમાં લોકિક મન-શરીર વિગેરેવાળાં વડે ભગવદ્ અર્થે જે કંઇ પણ કરવામાં આવશે તેમાં જેને

ભક્તિ યા પ્રેમ કહી શકાય તે તો નહિં જ હશે. ઘણીવાર પ્રેમ જેવું દેખાતું આચરણ પણ તેમાં પ્રેમ નહિં, નર્યો સ્વાર્થ જ હોય છે, અતઃ એ દૈવીજીવોને એક એવા સાધનની અપેક્ષા હતી કે જે સાધન વડે એમના લૌકિક પ્રાકૃતિક ગુણભાવવાળાં મન, પ્રાણ, શરીર વિગેરે તેમના સ્વભાવ અને સ્વરૂપને ત્યાગી ભક્તિ માટે ઉપયુક્ત એવા નિર્ગુણ સ્વરૂપનાં અને નિર્ગુણ સ્વભાવનાં બને. આ સાધનનાં રૂપમાં જ શ્રીઆચાર્યચરણ અસમર્પિતનો ત્યાગ સૂચવે છે. અસમર્પિત એ ભગવત્ સમ્બન્ધ વિનાનું, લૌકિક ભાવવાળું અને પ્રાકૃતિક ગુણરૂપ જ હોય છે એને ત્યાગવાથી લૌકિક ભાવનો જે કચરો જે મન-દેહ વિગેરેમાં ભેગો થતો હતો તે રોકાઇ જાય છે. એટલે કે અંદર રોગ પ્રવેશતો અટક્યો અને અંદર રોગ વ્યાપતો અટક્યો. તેમજ ભગવત્ પ્રસાદી વસ્તુઓ એ ભગવત્ સમ્બન્ધવાળી ભગવદ્ રૂપ હોય છે. અને એનાથી પોતાના દેહ, મન, પ્રાણ વિગેરેનું પોષણ થવું- તેનાથી દેહ-પ્રાણ વિગેરે સર્વમાં અલૌકિક ભાવ, ભગવદ્ ભાવ વ્યાપતો જાય છે અને પરિણામે એના દેહ-પ્રાણ વિગેરે સર્વ કાંઇ પૂર્ણ પ્રેમવાળા બની રહે છે. તેથી જ શ્રીઆચાર્યચરણ અસમર્પિત ત્યાગવા ના વાક્યમાં **“તસ્માત્”** પદ પ્રયોજે છે. **“તસ્માત્”** પદ અસમર્પિત સર્વથા ત્યાગવાના અર્થમાં છે કેમ કે તે વિના દોષો આવતાં અટકે તેમ નથી અને દોષો સેવા-ભાવને બાધક બનતાં રહેશે તેથી વસ્તુ વિના ચલાવી લેવું, દુઃખ પડે તો સહી લેવું પણ અસમર્પિતનો તો ઉપયોગ ન જ કરવો એ અર્થમાં તસ્માત્ પદ છે. જેમ નિબંધમાં કંઠમાં પ્રાણ આવી જાય તેવી સ્થિતિમાં પણ પોતાના લૌકિક હેતુઓને લઇને શ્રીભાગવતનો ઉપયોગ ન કરવો એમ શ્રીઆચાર્યચરણ જણાવે છે એનું તાત્પર્ય અહીં પણ જોડવું જોઇએ એમ મને લાગે છે. એટલે કે કંઠમાં પ્રાણ આવી જાય તેવી સ્થિતિ આવી જાય તો તેવી સ્થિતિમાં પણ દેહ ટકાવવા કે જીવન ટકાવવા થોડીક છૂટ-છાટ લઇને અસમર્પિત વડે દેહ-જીવન ટકાવી રાખવાનો માર્ગ ક્યારેય પણ ન લેવો.

“સર્વથા” અર્થમાં “તસ્માત્” પદ પ્રયોજવાનું બીજું પણ કારણ છે કે જેટલા અંશ માં અસમર્પિત પદાર્થોનો જીવનમાં ઉપયોગ છે તેટલા અંશમાં દાસભાવની હાનિ છે. કારણ કે સ્વામીનું જે ઉતરેલું હોય, જે ઉચ્છિષ્ટ હોય તેના વડે પોતાનો સર્વ વ્યવહાર કરવો એ જ દાસધર્મ છે કે જે વાતને શ્રીઉદ્ધવજી એકાદશ સ્કંધમાં સ્વધામગમન માટે ઇચ્છા રાખનારાં સ્વામી શ્રીકૃષ્ણ આગળ કહી છે. પ્રભુ શ્રીકૃષ્ણ પોતાનું અવતારકાર્ય પૂરું થયું છે એમ વિચારી સ્વધામગમન માટેની લીલાનો ઉપક્રમ કર્યો. બીજા બધા તો નહિં પણ ભગવાનનાં અન્તરંગ અને સખા શ્રીઉદ્ધવજી આ વાતને સમજી ગયા અને ભગવાનના વિરહ માત્રની કલ્પનાથી કંપી ગયેલા ઉદ્ધવજીએ એકાન્ત જોઇને પોતાના સ્વામી શ્રીકૃષ્ણને પ્રશ્ન કરી નાખ્યો, પ્રભુ ! આપ સ્વધામ પધારવાની ઇચ્છા કરો છો તો મારા જેવા જે પણ આપના દાસો હોય તેને આપ સાથે લઇને પધારો, નહિતર આપના સ્વધામગમન પછીથી અમારા જેવા દાસોનું જીવન કઇ રીતે ? કારણ કે અત્યારે તો આપ પ્રત્યક્ષ અમારા ઇન્દ્રિયગોચરરૂપે બિરાજી રહ્યાં છો અને તેથી આપના ઉતરેલાં પ્રસાદી પુષ્પ, કુંકુંમ,વસ્ત્ર, અલંકાર અને ચંદનાદિ લેપ વગેરેનો અમે ઉપયોગ કરીએ છીએ તે આપ સ્વધામ પધારી જાઓ ત્યાર બાદ અમારો આ દાસધર્મ અમે કેવી રીતે નીભાવી શકીશું ! અમે કોની ઉતરેલી વસ્તુ વાપરીશું અને કોના ઉચ્છિષ્ટ અન્ન વડે દેહ પોષણ કરીશું કે જેનાથી અમે આપના દાસો આપની આ માયા ઉપર જય મેળવી શકીએ ? આમ આ વાક્યમાં દાસધર્મ બતાવ્યો છે. અહીં ઉદ્ધવજીના વાક્યથી એટલું જાણી શકાય છે કે ભગવાન વડે ઉપયોગ નહિ થયેલી એવી વસ્તુઓને સ્વીકારવામાં તેમની અત્યન્ત અનઇચ્છા છે. એ અનિચ્છાના સમાન જ અહીં શ્રીઆચાર્યચરણના વાક્યમાં “તસ્માત્” પદ કહેવાયું છે.

શ્રીમહાપ્રભુના મતમાં ત્રણ બાબતો બહુ સ્પષ્ટ છે. એક તો **“कृष्णात्परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम्”** એટલે કે સમગ્ર ચરાચર જગતમાં કૃષ્ણથી અતિરિક્ત કંઇ પણ દોષ રહિત નથી. બીજી વાત પરબ્રહ્મ પરમાત્મા પૂર્ણાનંદ શ્રીકૃષ્ણ એમનું સ્વરૂપ **“निर्दोषपूर्ण-**

गुणविग्रह आत्मतत्रः" એટલે કે ભગવાનમાં સકલ અપ્રાકૃત અલૌકિક ગુણો વિદ્યમાન છે. એમના સ્વરૂપમાં ચેતન આત્મા અને નિશ્ચેતન શરીર એવા ભેદો નથી અને તે અંદર, બહાર, સર્વત્ર, હસ્તચરણ વિગેરે અંગો માત્ર આનંદમય જ છે. તેમજ તેમનું સ્વરૂપ નિર્દોષપૂર્ણ વિગ્રહ છે. એટલે કે એમનામાં કોઇ પણ પ્રકારનો દોષ નથી. અને ત્રીજી વાત "**अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन**" કૃષ્ણ સંબંધથી જ સર્વ વસ્તુઓ નિર્દોષ બને છે અને કૃષ્ણ સંબંધ વિના જ વસ્તુમાં દોષો પ્રવેશે છે. આ ત્રણ બાબતો ને દૃષ્ટિ સામે રાખીને સિદ્ધાન્ત રહસ્યમાં લખે છે કે કૃષ્ણ સંબંધ વિના સર્વ દોષોની નિવૃત્તિ જ કેમ સંભવે ! અતઃ પૂર્વમાં જેમ કરાયેલા સમર્પણથી કૃષ્ણ સંબંધ થતાં દોષોની નિવૃત્તિ કહેવાઇ છે. તેવી જ રીતે ભવિષ્યમાં આવનારા દોષોની નિવૃત્તિ પણ કૃષ્ણ સંબંધથી જ થશે માટે જ સર્વ વસ્તુઓનું સમર્પણ કરવાનું આચાર્યચરણ જણાવે છે. સમર્પણ ભાવ વિનાનો તો એક શ્વાસ પણ વૈષ્ણવ લે તો તેનામાં દોષ પ્રવેશે છે. અતઃ આપણી સંપૂર્ણ જીવનશૈલી જ એવી બનાવવી જોઇએ જેમાં સમર્પણ ભાવ વિનાનો શ્વાસ લેવાનો વારો જ ન આવતો હોય અને આ વાત ત્યારે જ બની શકે જ્યારે બ્રહ્મસંબંધ લીધેલો વૈષ્ણવ કૃષ્ણ સેવા અથવા તો કૃષ્ણ પ્રસન્નતા સિવાયની તમામ ઇચ્છાઓ આકાંક્ષાઓને મનમાંથી ત્યાગી દે. ખરેખર તો ત્યાગેલી વસ્તુ પણ મનથી છૂટતી નથી, કારણ કે તે વસ્તુમાં કોઇ પણ પ્રકારે વ્યક્તિની અહંતા અને મમતા તો બની જ રહે છે. આપણી પાસે કોઇ એક સુંદર અને મોંઘુ વસ્ત્ર છે અને એ આપણે બીજાને આપી દીધું એટલે કે આપણે આપણી પાસેથી એને ત્યાગ્યું, છતાં પણ પેલી બીજી વ્યક્તિ જ્યારે આ વસ્ત્ર પહેરીને આવશે ત્યારે આ મારું આપેલુ છે એ ભાવ તો મનમાં આવશે જ. એટલે કે વર્તમાન કાળમાં છૂટ્યું તોય ભૂતકાળના સંસ્કારો ગયા નહીં. અને ભલે આજે ન સહી ભૂતકાળમાં - ગઇ કાલે તો આ વસ્તુ મારી જ હતી એ રીતનો એ વસ્તુ સાથેનો આપણો અહં-મમનો સંબંધ તો ચાલૂ જ રહ્યો. જેમ મર્યા પછી વ્યક્તિને માટે પ્રેત શબ્દનો પ્રયોગ થાય છે. વ્યવહારમાં પણ લોકો બોલતાં સાંભળવા મળે છે કે ફલાણાં મરીને

પ્રેત થયાં. જો કે ધર્મશાસ્ત્ર માં તો મર્યા પછીથી વર્ષભર પર્યન્ત મરનાર એની સ્થિતિ એના પોતાના જ ઘરમાં હોય છે. અને એને પ્રેત કહેવાય છે. પ્રેત શબ્દનો અર્થ આ જ થાય છે- "**प्रकर्षेण इतः**" મરીને પણ જેની સ્થિતિ અહીં જ છે. એટલે દેહ ત્યાગ્યા પછીથી પણ દેહ અને દેહ સંબંધી પરત્વેનું મમત્વ જેમ છૂટતું નથી તેવી જ રીતે વસ્તુ ત્યાગીને પણ સ્થિતિ તો પ્રેત જેવી જ છે અને એ અહંતા અને મમતા શ્વાસથી લઇને પ્રત્યેક ક્રિયાઓમાં અને ક્રિયા સાથે સંકળાયેલા પદાર્થોમાં ભળે છે અને એ અહંતા મમતા જ મનુષ્યના જીવનમાં કૃષ્ણ સિવાયનાં ઇતર ઉદ્દેશ્યને મનબુદ્ધિમાં ઉત્પન્ન કરે છે. માટે જ તો શ્રીસૂરદાસજીનું પેલું પદ અહીં ઉલ્લેખનીય રહેશે કે :-

जीवत जैसे प्रेत भजन बिन जीवत जैसे प्रेत...
मन मलिन घर घर भटकत है, उदर भरण को हेत
कबहु पावत पाप को पैसा गाड घूर मे देत
सेवा नही श्रीगोविन्दचन्द की, भवन नीलको खेत
सूरदास प्रभु बहुत कहा कहे डूबे कुटुंब समेत

જે પ્રેત છે. તે વૈષ્ણવતાથી વર્તી નથી શકતો અને જે વૈષ્ણવ છે તે પ્રેત બની નથી શકતો. અતઃ પુષ્ટિમાર્ગમાં પ્રવેશેલાને પ્રેત જેવી દશામાંથી મુક્ત કરીને પ્રેત જેવી ભયાનકતા અને કુરૂપતા અસુંદરતા દૂર કરીને પુષ્ટિમાર્ગમાં આવેલાને શ્રીકૃષ્ણને પણ જોવાનું મન થાય અને જોવાં ગમી જાય તેવું ભક્તિનું ભાવનું પરમ સૌંદર્ય આપવાના અર્થે શ્રીમહાપ્રભુજી પોતાના બ્યુટીપાર્લરમાં વૈષ્ણવોને આમંત્રે છે. આવો તમે મારા પાર્લરમાં, હું તમારા કેશ,તમારી આંખો, તમારી પાંપણો, તમારા હોઠ, તમારો ચહેરો, તમારું અંગેઅંગ એ રીતે સંવારી આપુ અને તમને એવા તો બનાવી દઉં જેમાં "**દુલ્હન વહી જો પિયા મન ભાયે**" ની ઉક્તિ ચરિતાર્થ થઇ જાય. પિયા એટલે કે શ્રીકૃષ્ણ એમને અત્યારે તો મેં મારી લાગવગ વાપરી તમારે ત્યાં પધરાવ્યા છે પણ એ પોતે પરમ સુંદર છે અને સુંદરતાના પૂજારી પણ છે એટલે

તમારું સૌદર્ય ક્યાંય પણ અને ક્યારેય પણ ખંડિત થયું તો કૃષ્ણ પછી બીજી જગ્યાએ પધારી જશે. તેથી સદાકાલનું સૌદર્ય અને સદાકાલનું યૌવન વૈષ્ણવોએ જાળવી રાખવાનું છે. આના માટે પોતાની સર્વ ઇચ્છાઓની આહુતિઓ શ્રીકૃષ્ણની પ્રસન્નતાના યજ્ઞમાં આપી દેવી આ જ એક ઉપાય છે. આને માટે શ્રીચતુર બિહારીનું કેવું સુંદર પદ છે.

अनत न जैये पिय रहिये मेरे ही महल ।
जोई जोई कहौंगे सोई सोई करौगी टहल ॥
सय्या-सामग्री बसन आभूषन सबविध कर राखोंगी पहल ।
“चतुर-बिहारी”गिरिधारी पियाकी रावरी यही सहल ॥

પ્રભુ ! તમે અમારા પ્રિય છો, સ્વામી છો માટે મારા ઘરે જ આપ બીરાજો, બીજે ક્યાંય જાઓ નહિં. ભગવાન બીજે ન જાય એ ભાવના તો ઉત્તમ છે પણ એ માટે તમે શું કરશો ? તો કહે છે- તમે જેજે પણ જણાવશો તેમ તેમ તે મુજબ તમારી સેવા ટહેલ હું કરીશ. ભગવાન કહે ને પછી કરે તેમાં શું મજા,તો જણાવે છે-તમારી શય્યા, સામગ્રી, વસ્ત્રો, આભૂષણ વિગેરે બધુ જ તમારા વપરાશના સમય પહેલાં જ તૈયાર કરીને મૂકી દઇશ અને ઉપરાંતમાં તમે કહેશો તે તે કરીશ. અતઃ ભગવાનની પ્રસન્નતા મુજબ સર્વ કાંઇ કરવાની તૈયારી વૈષ્ણવમાં જોઇએ. ભગવાનની પ્રસન્નતા શેમાં છે ? તો તેના માટે શ્રીપરમાનંદ-દાસજીનું પદ ઉલ્લેખનીય છે-

“मैया मोहि ऐसी दुलहनि भावे । जैसी ये काहूकी डिठोनिया रुनकझुनक घर आवे ॥१॥ कर कर पाक रसाल रसोई अपने कर ले मोहि जिमावे । कर अंचल पट ओट बाबाकी ठाढी व्यार ढुरावे ॥ मोहि उठाय गोद बैठारे कर मनुहार मनावे । अहो मेरे लाल कहों बाबासों तेरो ब्याह करावे ॥३॥ नंदराय नंदरानी हिलमिल सुख समुद्र बढावे । “परमानंद” प्रभुकी बातें सुन आनंद उर न समावे ॥४॥

ભગવાન બાલકૃષ્ણ માતા યશોદાને પોતાની પસંદ જણાવે છે કે મારા માટે વહુ લાવે તો એવી લાવ જે કે જે મને પસંદ હોય. મા એ પૂછ્યું તને કેવી વહુ પસંદ છે તો બાલકૃષ્ણ કહે કે જેમ બીજાની વિવાહિતા સ્ત્રીઓ આંખોમાં કાજલ લગાડી અને પગમાં ઝાંઝર પહેરી રુમ રુમ ચાલતી દેખાય છે તેવી રુમ ઝુમ ચાલ વાળી એવી અને પોતાના હાથે જ જાત જાતનાં સુંદર સ્વાદિષ્ટ વ્યંજનો પકવાન્નોવાળી રસોઇ બનાવે અને તે પોતાના હાથે જ મને પ્રેમથી જમાડે એવી વહુ મારે જોઇએ છે. તેમજ જ્યારે હું અને મારા બાબા (નંદરાયજી) સાથે જમવા બેસીએ તો સસરાની લાજ કાઢવાનો રિવાજ હોવાથી પોતાના મુખ પર પાલવની ઓટ કરીને (સાડીના પાલવથી મોઢું ઢાંકીને) ઊભા ઊભા પંખાથી હવા કરે અને તુ તથા બાબા તમે બન્ને ઉપસ્થિત નહિ હો ત્યારે (એકલામાં) હું રીસાઇ જાઉં તો (પ્રભુ ને રીસાવવાની બહુ આદત છે તેથી) રુસણીયો સ્વભાવ હોવાથી મને ઉઠાવીને પોતાની ગોદમાં બેસાડીને અને ઘણા બધા મનામણાં કરીને મને મનાવી લે. મા મને આવી વહુ પસંદ છે.

આ પદમાં ભગવાનની સેવામાં પ્રિયતા છે એ તો નક્કી થયું. તેમજ ભક્તની સર્વ પ્રવૃત્તિ પણ પોતાને માટે ભગવાનના માટેની જ હોય એ પણ ભગવાનનો પ્રિય વિષય છે. આ મુજબ ભગવાનને જે પ્રિય લાગે જેમાં ભગવાનની પ્રસન્નતા હોય તે મુજબ જ સર્વ કાંઇ કરવાનું અને વિચારવાનું હોવાથી એમાં મુખ્ય અંતરાયરૂપ પદાર્થોમાં રહેલો આપણો અહમ્-મમ ભાવ જ છે. આ અહમ્-મમને તોડવા માટે જ શ્રીમહાપ્રભુએ વૈષ્ણવની સાધન દશામાં એક મહત્ત્વનું સાધન અને તે પણ પુષ્ટિ સાધન બતાવ્યું કે જગતનાં સર્વ પદાર્થોને આ બધું ભગવાન માટે છે અને હું પોતે પણ ભગવાનની પ્રસન્નતા માટે જ છું તેમ વિચારો અને તેમ વિચારી તે મુજબ વર્તો. અને પોતાનો સર્વ કાંઇ વ્યવહાર પણ ભગવાન પ્રસાદરૂપે આપે તેનાથી જ કરવો તે સિવાય જે ભગવાને પ્રસાદરૂપે ન આપ્યું હોય એના વડે ન કરવો. પ્રસાદનો અર્થ પણ કૃપા જ થાય છે તેથી ભગવાન કૃપા કરી જે આપે તેને જ

સ્વીકારવાવાળી મનોવૃત્તિ તૈયાર થવી જોઇએ. વૈષ્ણવ જ્યારે મનમાં દઢતાપૂર્વક સંકલ્પ કરે છે કે ભગવત્ પ્રસાદી વસ્તુઓથી જ દેહ પોષણથી લઇને જીવનનો સર્વ વ્યવહાર કરીશ અને અસમર્પિત વસ્તુનો ક્યારેય કોઇ ઉપયોગ નહિ કરીશ ત્યારે એ સંકલ્પ પાછળ એને ઘણું બધુ ત્યાગવાનું આપોઆપ પ્રાપ્ત થઇ જાય છે. અને એ ત્યાગપૂર્વકનાં સમર્પણનું જ્યારે દીર્ઘકાલ પર્યન્ત આવર્તન થાય છે ત્યારે જગતના વિષયોમાંથી વૈષ્ણવની મમતા ધીમે ધીમે તૂટતી જાય છે. અસમર્પિત ત્યાગમાં જે ઘણું બધુ ત્યાગવાનું છે તેમાં સૌથી પહેલાં તો પોતાના જીભનાં સ્વાદનો ત્યાગ કરવાનો છે. કારણ કે આવા લોકોને ગરમાગરમ ખાવાનો સો વર્ષે અવસર આવવાનો નથી. તેવી જ રીતે અસમર્પિત જમનારાઓને એ સુવિધા છે કે મનમાં જ્યારે જે આવે તે જમી શકે. આ સંકલ્પ કર્યા પછી તો ભગવાન જે દિવસે જે આરોગ્યા હોય તે જ પ્રસાદમાં સંતોષ કરવાનો રહે છે . ભલેને કોઇને સમોસા ખાવાની ઇચ્છા થઇ હોય પણ જો તે દિવસે કોઇ ઉત્સવ છે તો ઉત્સવની જ સખડી લેવાનું રહેશે. જો કે આજકાલના વૈષ્ણવો મહાપ્રભુજીના સિદ્ધાન્તો અને મહાપ્રભુજીએ બતાવેલાં ભાવોને ઉંચે અભરાઇ પર ચડાવી પોતાની ભાવહીન દશામાં પણ પોતાના ભાવે સેવા કરવાનું સાહસ કરે છે એ ખરેખર ભાવ જ નથી પણ પોતાના મનની વાસના જ હોય છે. કેટલાક શોખીનો શ્રીઠાકુરજીને પણ આઇસક્રીમ ધરાવે છે પણ એ ધરાવતી વખતે જે ભાવથી રસોઇમાં મરચુ નથી વપરાતું તે જ ભાવ અહીં આઇસ્ક્રીમ વગેરેમાં પણ વિચારવાનો રહે છે. અને તે ભાવ છે **“द्विवार्षिऽकोयं बालकः”** બે વર્ષની વયનાં નાના બાળકની ભાવનાથી સેવા પ્રકારમાં મરચુ વપરાતું નથી તે જ ભાવનાથી બાળકના હિત વિચારના આધાર પર આઇસ્ક્રીમ પણ ન ધરવું જોઇએ છતાં પણ આપણો પ્રેમ જ એવો છે કે **“દુલ્હા વહી જો પ્રિયા મન ભાવે”** શ્રીરાધિકા એમણે પોતાની સખીને કહ્યું મારા પ્રિય પતિ એટલા બધા સારા છે કે **“જોઇ જોઇ મોહી ભાવે સોઇ સોઇ કરે પ્યારો”** મને જે જે પણ ગમે છે તેમ તેમ જ તે કરે છે. એટલે સખીએ સામો પ્રશ્ન કર્યો કે એવું તો તને શું શું ગમે છે એ તો કહે. ત્યારે નિતરતાં પ્રેમના હૃદયવાળી ભગવતી શ્રીરાધિકાએ ઉત્તર આપ્યો એમને જે જે પણ પ્રિય છે તેથી અલગ મને બીજું કાંઇ ગમતું જ નથી. એટલે કે એમને લીલો રંગ ગમે માટે મને બીજા કોઇ રંગો નહી ગમી લીલો જ ગમે છે અને કેમ કે મને લીલો રંગ ગમે છે માટે ભગવાન પણ લીલા વસ્ત્ર ધારણ કરે છે. આ રીતે ભગવાનની પ્રસન્નતાની બહારનું કંઇ પણ ગમવું જ નહિ આ જ મુખ્ય પુષ્ટિ ભાવ છે. પ્રિયને જે ગમે તે જ પોતાને ગમવું એ પ્રેમ છે અને પ્રિયને જે ન ગમે અથવા તો પ્રિયને જે ગમતુ હોય તેથી અલગ પોતાને ગમવું એ વાસના છે. અતઃ ભગવાનને જે ગમે તે ભગવાનને સમર્પવું અને ભગવાનને શું ગમે છે તે ભક્તિશાસ્ત્રો અને શાસ્ત્ર બુદ્ધિ સમ્પન્ન ગુરુજનોથી જાણવું અને તે મુજબ સેવા કરવી. આ પ્રકારમાં મને ભાવતું એ વાક્ય ઊડી જાય છે. તેવી જ રીતે અસમર્પિત નહિં લેવાનાં આગ્રહીઓ એ અધૈર્ય વૃત્તિ પણ ત્યાગવી પડે છે. કારણ કે જે દિવસે જે સમયે મળે ત્યારે જ પ્રસાદ લેવાનો હોય છે. અતઃ આપણો અગિયાર વાગ્યાનો જમવાનો સમય છે અને સાડા અગિયારે ઓફિસે પહોંચવાનો સમય છે અને તે દિવસે સેવામાં વિલંબ થતાં જો અગિયાર વાગે ભોગ ન સર્યા તો ઓફિસ જઇ સાંજે ઘરે આવીને પ્રસાદ લેવાનો વારો આવે અથવા તો જન્માષ્ટમી વિગેરે વિશેષ ઉત્સવોમાં સેવામાં વિશેષ કાલ થતાં સેવાથી પરવારી પ્રસાદ લેવાનું થાય ત્યારે ત્યાં સુધી ક્ષુધાવૃત્તિની સામે ધૈર્ય પણ ધારણ કરવું પડે. આ ઉપરાંત હું અસમર્પિત નહિં લઇશ એમ સંકલ્પ કરતાની સાથે જ ઘણી બધી સાંસારિકી મોહ-મમતાઓ પણ ત્યાગવી પડે છે. કારણ કે પોતાના સગા-સંબંધી, સ્વજનો, મિત્રો, ઓળખિતા-પાળખિતા, પરિચિતો, પોતાના કાર્યક્ષેત્રમાં સંકળાયેલા અનેક પરિચિતો વિગેરે બધાની સાથે એકદમ ઓતપ્રોત થયેલાં સંબંધમાં પણ ધરખમ ઘટાડો થાય છે. સંબંધોનું સૌથી વધુ ઓતપ્રોતપણું એકબીજાને ત્યાં જવા આવવાનું અથવા એકબીજાને ત્યાં જમવાનું છે અને તેમાં પણ તેની ચરમ સીમા એકબીજાનાં રસોડા સુધીનો સંબંધ હોય. પોતાના પ્રિયજનો કે પરિચિતજનો એમ ઇચ્છા રાખતાં જ હોય છે કે આ વ્યક્તિ અમારે ત્યાં જમે, અમારે ત્યાં નાસ્તો કરે, અમારે

ત્યાં ચા-પાણી કરે. અથવા તો હોટલો, રેસ્ટોરન્ટોમાં, કાફેમાં યા આઈસક્રીમ સેન્ટરોમાં અમે સાથે જઇએ અથવા તો અમે સાથે બહાર ફરવાના સ્થળોમાં જઇએ અને હોટલમાં રહી સાથે આનંદ-પ્રમોદ કરીએ. અને અસમર્પિત ત્યાગેલાઓ માટે આ કશું પણ શકય ન હોવાથી એ બધાને નન્નો પકડાવવો પડે અને ત્યારે તેઓ અતિશય દુરાગ્રહ કરે તોપણ તેમના મનને તોડીને પોતાના સંકલ્પમાં અટલ રહેવું પડે ત્યારે મમતા એ પ્રિયજનોનાં મન સાચવવાં પ્રેરે અને લીધેલો સંકલ્પ બધાના મન તોડીને નિશ્ચયમાં અડગ રહેવાનું શીખવે આ રીતે સંસારના ઘણા લોકોની મમતાપણ આમાં ત્યાગવી પડે છે. કૃષ્ણનું મન મેળવવામાં ઘણાના મન ત્યાગવાં પડે છે. આ પ્રકારે અસમર્પિત ત્યાગવામાં યોગમાર્ગમાં યોગનાં પ્રારંભિક બે અંગો યમ અને નિયમ એનાથી સધાતી ચિત્તશુદ્ધિ અથવા તો તેનાથી પ્રાપ્ત થતાં લાભો આમાં આપોઆપ સિદ્ધ થઇ જાય છે. જેમ યોગમાર્ગમાં સમાધિ સુધી પહોંચવામાં આરંભે યમ-નિયમ સર્વથા આવશ્યક હોય છે અને એ યમ-નિયમ સમાધિ દશા સુધી સાથે જ રહે છે તેવી જ રીતે પુષ્ટિ માર્ગમાં સમાધિની સમાતંર માનસી સિદ્ધિમાં આરંભે યમ-નિયમની માફક અસમર્પિત ત્યાગ તેટલું જ આવશ્યક છે અને તે માનસી સિદ્ધિ પર્યન્ત સાથે રહે છે.

• • • • • • • • • • •

પ્રકરણ-૮

સિદ્ધાન્તરહસ્ય માં કહેવાયેલ બે પ્રકારના સમર્પણ, ભગવદ્ધર્માનુરોધી સમર્પણ અને વ્યવહારાનુરોધી સમર્પણ.

સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણ બે પ્રકારનાં સમર્પણને નિર્દેશે છે. એક ભગવદ્‌ઘર્માનુરોધી સમર્પણ અને બીજું વ્યવહારાનુરોધી સમર્પણ. ભગવદ્ ઘર્માનુરોધી એટલે ભગવદ્ ઘર્મના અનુરોધે કરાતું સમર્પણ અને વ્યવહારાનુરોધી એટલે વ્યવહારનાં અનુરોધે કરાતું સમર્પણ. ભગવદ્ ઘર્મ એટલે ભક્તિ અને ભક્તિનાં અનુરોધે જે સમર્પણ કરવામાં આવે તે સમર્પણ ભગવદ્‌ઘર્માનુરોધી છે. એટલે કે **“पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति”** (ગીતા. ૯-૨૬)અહીં ભગવાને જે સમર્પણનો પ્રકાર દર્શાવ્યો છે તે પ્રકાર ભક્તિનાં અનુરોધે સમર્પણનો પ્રકાર છે. જ્યાં જીવ નિમિત્તથી કંઇ પણ ભગવત્ સંબંધી કાર્યો કરવામાં આવે તે ભક્તિ નથી પરંતુ કેવળ ભગવાનનાં જ નિમિત્તે, ભગવાનનાં જ હેતુથી, ભગવાનને જ માટે, જે કાર્યો કરવામાં આવે તે ભક્તિ છે અને તેવી ભક્તિ વડે જ સમર્પવામાં આવે તે ભગવદ્ ઘર્માનુરોધી સમર્પણ કહેવાય. આ જ બાબતને શ્રીભાગવતના એકાદશ સ્કંધમાં યોગેશ્વર વાક્યમાં **“नारायणायेति समर्पयेत् तत्”** (ભાગ.૧૧-૨-૩૬) અહીં **“नारायणाय कायेन कृतम्, नारायणाय मनसा कृतम्, नारायणाय इन्द्रियैः कृतम्, तत् तत् नारायणाय समर्पयेत्”** એટલે કે નારાયણને અર્થે શરીરથી કરાયેલું કર્મ નારાયણને સમર્પવું. નારાયણ અર્થે વાણીથી કરાયેલું કર્મ નારાયણને સમર્પવું. તેથી જ ગીતાના વાક્યમાં **“भक्त्या” “ભક્તિ વડે”** એમ કહ્યું છે. પત્ર,પુષ્પ,ફલ,જલ વિગેરે ભક્તિ વડે મને સમર્પેલું હોવું જોઇએ. અતઃ **“જે તુ કરે છે, જે તુ ખાય છે તે બધું જ મને સમર્પણ કર”** એમાં પણ ભાગવતમાં જણાવ્યા

મુજબની જ ચોખવટ સમજવી જોઇએ. આ સમર્પણનાં ભગવદ્ ધર્માનુરોધી-પણાને વધુ સ્પષ્ટ કરતાં શ્રીઆચાર્યચરણ સિદ્ધાન્ત રહસ્યમાં જણાવે છે કે **“न मतं देवदेवस्य सामिभुक्तं समर्पणम्”** એટલે કે દેવોના પણ દેવ એવા શ્રીકૃષ્ણ એ સામિભુક્ત એટલે અર્ધભુક્ત-અડધું ભોગવાયેલું સ્વીકારવું પસંદ કરતાં નથી. અર્ધભુક્ત એટલે જે વસ્તુ આવી હોય તેના થોડાક કે વધુ અંશનો કોઇ ભોગ કરે અથવા તો એના ભોગ માટે અલગ કાઢવામાં આવે તે પછીથી જે બચેલી વસ્તુ હોય તે ભગવાનને સમર્પવામાં આવે એને સામિભુક્ત કહેવામાં આવે છે. આવું સમર્પેલું ભગવાનને પસંદ નથી. ઘરમાં રસોઇ બની હોય તેમાંથી થોડું અલગ કાઢી કોઇ બીજાને ભોગ માટે આપવું અથવા તો ઘરમાં બનેલી રસોઇમાંથી ભગવાન માટે થાળ અલગ કાઢી બાકીનું બીજાને આપવું એ બન્ને અર્ધભુક્ત કહેવાય. જેમ કે કોઇને ત્યાં શ્રાદ્ધ છે અને શ્રાદ્ધ માટે ખીર બનાવી છે. તો તે બનેલી ખીર માંથી એક કટોરો ખીર અલગ ઠાકોરજીના ભોગ માટે કાઢી બાકીની ખીરથી શ્રાદ્ધમાં પિતૃઓને જમાડવું એ પણ સામિભુક્ત કહેવાય. તેમજ વિવાહાદિ પ્રસંગોમાં ગણેશ સ્થાપન કરવું અનિવાર્ય છે અને તે માટે લાડવા બનાવવામાં આવે તેમાંથી બે કે ચાર લાડુ શ્રીઠાકોરજીના ભોગને માટે અલગ કાઢી બાકીના લાડુ ગણેશજી ને ભોગ ધરવા એ પણ અર્ધભુક્ત કહેવાય. અતઃ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત પ્રમાણે દેવકાર્ય કે પિતૃકાર્ય ભગવત્ પ્રસાદી વસ્તુ વડે જ કરવું ખીર હોય કે લાડુ હોય બધું જ એકવાર શ્રીપ્રભુને ભોગ ધરી પછી ભગવત્ પ્રસાદી વસ્તુ દ્વારા શ્રાદ્ધમાં કે ગણેશ સ્થાપનામાં તેનો ઉપયોગ કરવો એ જ પુષ્ટિમાર્ગીયા રીતિ છે.

સમર્પણના આ પ્રકારની વધુ ચોખવટ શ્રીપ્રભુચરણે એકાદશસ્કન્ધસ્થ યોગેશ્વર વાકયમાં કહેવાયેલ સમર્પણ ઉપર સ્વાભાવિક સમર્પણ અંગેના સ્વતંત્ર લેખમાં ઘણી જ સારી રીતે કરી છે. તેમાં જે કંઇ પણ ચોરી, હિંસા, વ્યભિચાર વિગેરે લૌકિક નિષિદ્ધને તો સર્વથા ત્યાગવાના જ છે પરન્તુ જે અનિષિદ્ધ લૌકિક છે કુટુંબપોષણ, સંતાનોનું શિક્ષણાદિ તથા તેમનો વિવાહ વિગેરે, મલમૂત્રાદિ ત્યાગ, ઔષધસેવન, નિદ્રા વિગેરેને પણ ભગવદ્ હેતુથી-ભગવત્ સમ્બન્ધના વિચારે કરાતાં તેને પણ સમર્પણ જ કહેવાય છે અને એ પ્રકારે સમર્પણભાવે સર્વ કાંઇ કરવું એજ ભક્તિનો સિદ્ધાન્ત છે એમ પ્રતિપાદન કર્યું છે એમાં વ્યવહારાનુરોધિ સમર્પણનું પણ સ્વરૂપ જાણી શકાય છે. વ્યવહારના અનુરોધે કરવા પડતા કાર્યોને પણ શ્રીપ્રભુને નિવેદન કરી કરવાથી તે વ્યવહારાનુરોધિ સમર્પણ કહેવાય છે. જેને શ્રીઆચાર્યચરણ સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થમાં **“सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्धयति ”** વાક્યથી જણાવે છે. જેમ લોકમાં સેવક કોટીના લોકોનો સર્વ વ્યવહાર પોતાના સ્વામી-માલિકને નિવેદન કરીને સિદ્ધ થાય છે તે મુજબ પોતે પણ બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી ભગવાનનો સેવક હોવાથી પોતાનો લૌકિક-વૈદિક સર્વ વ્યવહાર સ્વામી શ્રીકૃષ્ણને નિવેદન કરીને ભગવત્પ્રસાદી વસ્તુઓ વડે જ કરવો. અહીં ટીકાકાર શ્રીવિઠ્ઠલેશ્વરજી મહારાજનું કહેવું ઉલ્લેખનીય છે કે : **“एवं प्रथममन्यसेवकवद् भजनं विधेयम् । पश्चात् पतिव्रताधर्म आयाति”** એટલે કે એ પ્રમાણે પ્રથમ અન્યસેવકોની માફક ભજન કરવું, ત્યાર બાદ પતિવ્રતા ધર્મ આવે છે. અહીં અન્ય સેવકની માફક એટલે અન્યનો સેવક રહીને કૃષ્ણનું ભજન પ્રથમ કરવું અને ત્યાર બાદ અનન્ય સેવક થઇને કૃષ્ણભજન કરવું એવો અર્થ નથી, પરન્તુ અન્યસેવક એટલે પાતિવ્રત્ય ધર્મ વિનાના-પતિ જ જેનું વ્રત છે તેવા વ્રતસમ્બન્ધી ધર્મ વિનાના. એટલે કે ભગવદ્ધર્મ સિવાય વ્યવહારના ધર્મો પણ જેને પ્રાપ્ત છે, અથવા તો જેણે વ્યવહારધર્મ ત્યાગ્યા નથી તેવા શ્રીપુરુષોત્તમજીના જણાવ્યા મુજબ **અમુખ્ય સાધન કક્ષા** વાળા. શ્રીપુરુષોત્તમજી આ સ્થળે પોતાની ટીકામાં લખે છે કે :-

“एतावान्परं विशेषो यदूनविंशाध्याये भक्तिपरमकारणत्वेनात्मनिवेदिनां ये धर्मा उक्ताः “श्रद्धामृतकथायां म” इत्यादिना सार्धैश्चतुर्भिस्तत्र सर्वकामविवर्जनस्य भगवदर्थे तद्विरोधिनामर्थ-भोगसुखानां परित्यागस्य च कथनात्तद्विरुद्धमिदं मुख्यसाधनकक्षां

नारोहति, तस्मादेवं कुर्वता "जुषमाणश्च तान्कामा" निति न्यायेन ग्लानिः स्थाप्या, "अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरि" रिति भावनीयम्, अङ्कुशवज्रयुक्तं चरणं च ध्यातव्यं, येनायं मनोदोषः सः शीघ्रं निवर्तत इति प्रसङ्गादुक्तम्" અર્થાત્ અહીં આટલું વિશેષ જાણવું કે એકાદશસ્કન્ધના ઓગણિસમા અદયાયમાં મારી અમૃતમયીકથામાં શ્રદ્ધા થવી વિગેરેથી સાડાચાર શ્લોક વડે જે સાધનો કહ્યા છે ત્યાં ભગવદર્થે સર્વકામ ત્યાગવાનું કહ્યું છે અને ભગવદર્થ-વિરોધી જે કંઇ પણ અર્થ-ભોગ-સુખ હોય તેને પણ સર્વ પ્રકારે ત્યાગવાનું કહ્યું હોવાથી અને અહીં કહેવાયેલો પ્રકાર તેના વિરુદ્ધનો હોવાથી આ પ્રકાર મુખ્યસાધનકક્ષા ને પ્રાપ્ત થતો નથી, **"जुषमाणश्च तान् कामान्"**(ભાગ. ૧૧-૨૦-૨૮)માં જણાવ્યાં મુજબ ભોગો દુઃખ આપનારા છે તેમ જાણીને પણ તેને ત્યાગવું શકય ન બને ત્યારે તે ભોગો ભોગવી લેવા પણ ભોગ વખતે પણ પોતાનું દુર્ભાગ્ય સમજી તેની મનોમન નિન્દા કરવી" એ ન્યાયે ગ્લાનિ સ્થાપતી (પોતાના અર્થે કરી રહ્યો છું કે કરવું પડે છે-ભલે શ્રીપ્રભુને નિવેદન કર્યું છે, છતાં પણ પોતાના અર્થે કરેલાનો ભોગ કરવો એ મુખ્ય સેવકધર્મ તો નથી જ એવા વિચારે તેનાં ભોગમાં પણ મનમાં ગ્લાનિ સ્થાપવી-તેવા ભોગથી મન વડે મોજ મજા નહિં ઉડાવવી) અશક્યમાં અથવા સુશકયમાં શ્રીહરિ જ શરણ છે એમ ભાવન કરવું. જેમના શ્રીચરણારવિન્દમાં અંકુશ-વજ્રના ચિહ્નો છે તેવા ચિહ્નયુક્ત શ્રીપ્રભુના શ્રીચરણોનું દયાન ધરવું (અકુંશચિહ્ન હાથી જેવા મદોન્મત્ત મનને -ઇન્દ્રિયોને પણ અંકુશમાં રાખે છે અને વજ્રચિહ્ન પર્વત સમાન પાપના ઢગલાને પણ કાપે છે), આ પ્રમાણે કરવાથી જે આ પોતાનો મનોદોષ છે તે શીઘ્ર નિવૃત્ત થાય છે એમ પ્રસંગથી કહ્યું છે તેમ જાણવું.

આ પ્રમાણે વ્યવહારના અનુરોધે કરાતું સમર્પણ એ ભકિતમાં મુખ્યસાધન તો નથી પરંતુ દોષગ્રસ્ત અવસ્થામાં દોષને દૂર કરવા માટે ઔષધસેવન-પથ્યભોજન જેવો ભોજન પ્રકાર છે. રોગ દૂર થતાં પથ્યભોજનની અપેક્ષા રહેતી નથી અને શરીર-ઇન્દ્રિયાદિના

બલ માટે જે પણ ધૃતાદિના પદાર્થો ભોજનમાં લેવાય છે તે જ લેવાના હોય છે માત્ર જયાં સુધી ધૃતાદિને પચાવવા પાચનશકિત પ્રબલ ન બની હોય ત્યાં સુધી જ પાચનશકિતની અપ્રબલતામાં જ પથ્યભોજન લેવું જરૂરી બને છે, તેમ અહીં પણ **"मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च"** (ભાગ. ૧૧-૧૯-૨૩) એમ એકાદશસ્થ વાકયાનુસાર ભગવાનના અર્થે પોતાના સર્વ અર્થ, સર્વભોગ અને સર્વ સુખને ત્યાગવા અને એવી દશામાં રહીને સમર્પણ કરવું એ જ ભકિતનું મુખ્યસાધન છે. પરન્તુ પોતાના સર્વ સુખ વિગેરેને ત્યાગવા માટે પોતાનું મન સારી રીતે તૈયાર ન થયું હોય, વ્યવહારમાં પણ કમ યા જયાદા આસકિત હોય અથવા તો અપયશનો ભય રહેવાથી લોક-વ્યવહાર ત્યાગી શકાતો ન હોય તેમજ શ્રીહરિ જ સર્વ છે અને તે પોતાની નિજ ઇચ્છાથી જે કરશે તે જ થશે તેવો આશ્રય ભાવ દઢ ન થયો હોય તેવા દુર્બલ મન-ઇન્દ્રિય-શરીરવાળા લોકો દુર્બલતાવશ સમર્પણભાવને પામવાના વિચાર-ઇચ્છા માત્રથી પણ દૂર ભાગી જાય તેવું ન થાય અને તેમનામાં રહેલી માનસિક નબળાઇ દૂર થઇ તેઓ પણ ભગવદર્થે પોતાના સર્વ અર્થ-ભોગ-સુખ ત્યાગી સમર્પણભાવ વાળા બની શકે તેવા ઉદાર આશયથી અમુખ્યસાધન-વ્યવહારના અનુરોધે કરાતું સમર્પણ શ્રીઆચાર્યચરણ અત્ર ઉપદેશે છે.

શ્રીપુરુષોત્તમજીના વાક્યમાં ગ્લાનિ સ્થાપવી એમ કહ્યું છે તેમાં ઉદાહરણ તરીકે કુંભનદાસજીનો સીકરીવાળો પ્રસંગ લઇ શકાય છે. કુંભનદાસજીએ સીકરી જવાની કોઇ આવશ્યકતા ન હતી, બાદશાહનું આમંત્રણ પાછું ઠેલી શકાતું હતું, પરન્તુ માત્ર લોકવ્યવહારે-દેશાધિપતિ છે તો તેનું માન રાખવું એ હિસાબે કુંભનદાસજી સીકરી ગયા. છતાં પણ તેમણે ત્યાં ગાયેલી રચનાના એક એક શબ્દ શબ્દમાંથી ગ્લાનિનો ભાવ ટપકે છે. યદ્યપિ આ ઉદાહરણમાં સમર્પણની કોઇ વાત નથી છતાં પણ ભગવત્સેવકોને વ્યવહાર વિષયમાં ગ્લાનિને માટે આમ લખ્યું છે. જેમ કુંભનદાસજીએ માત્ર લોકવ્યવહારથી દેશાધિપતિનું માન રાખવા જ સીકરી ગયા છતાં

પણ મન-વર્તનમાં ગ્લાનિ જ સેવી, તેમ લોકવ્યવહારે માત્ર ભગવાનને નિવેદન કરી વસ્તુનો વ્યવહાર-ઉંપયોગ કરવામાં આવે ત્યારે પણ તેમાં આનંદ-સંતોષ તો નહિં જ અનુભવવો અને તેમાં પોતાની નબળાંઇનો વિચાર કરી શ્રીમહાપ્રભુ આગળ બળ આપે તેવી વિનંતી મનમાં કરતાં રહેવું.

પ્રાયઃ કરીને અત્યારનો આપણો જે કંઇ પણ સેવા પ્રકાર છે તે અમુખ્યસાધનકક્ષાનો વ્યવહારાનુરોધી પ્રકારનો છે. કારણ કે ઘણું કરીને સેવામાં જે કંઇ પણ કરવામાં આવે છે એમાં ભગવાન માટેનો ભાવ ગૌણ હોય છે અને આપણા માટેનો ભાવ વધુ હોય છે. ઘણા વૈષ્ણવોના ઘરમાં સેવા બિરાજે છે અને શ્રીઠાકોરજીને સખડી અનસખડી વિગેરે સામગ્રી ભોગમાં સમર્પાય છે પરંતુ એ સમ્પર્ણનું સ્વરૂપ પણ લગભગ નિવેદન પ્રકારનું જ હોય છે. કારણ કે ભગવદ્ધર્મ સ્વરૂપનાં સમર્પણમાં શ્રીઆચાર્યચરણ એકાદશ સ્કંધ સુબોધિનીમાં લખે છે કે **"विहितनिषिद्धानां लौकिकालौकिकानां च कृतानि तुभ्यं समर्पयामीति न, किन्तु तुभ्यमेव कृतानीति"** આ પંક્તિના તાત્પર્યાર્થને ગ્રહણ કરી અર્થ કરવામાં આવે ત્યારે એમ અર્થ થશે કે લૌકિક અલૌકિક જે કંઇ પણ મેં કર્યું છે અથવા તો મારા અર્થે કરવા માગું છું તે તમને સમર્પણ આવું સમર્પણ ભગવદ્ધર્મ સ્વરૂપનું નથી પરંતુ ભગવદ્ધર્મ સ્વરૂપનાં સમર્પણમાં તો મારા કે અન્યનાં કોઇનાં પણ હેતુ વિના માત્ર તમારા માટે જ કર્યું છે અને તે તમને સમર્પણ એ ભગવદ્ધર્મ છે. પ્રથમ પ્રકારમાં તો "મારા માટે" એથી પોતાની ઇચ્છા, કોઇ વસ્તુના ભોગની બુભુક્ષા વિગેરે હેતુરૂપમાં જીવધર્મનું મિશ્રણ છે. મારા માટે એ જીવધર્મ છે અને ભગવાનનાં માટે એ ભગવદ્ધર્મ છે-એ ભક્તિ છે. તેથી પોતાના હેતુને લઇને પણ ભગવાનને નિવેદન કરવાનો આગ્રહ અને નિવેદન વિના નહિ સ્વીકારવાની મનોવૃત્તિ એ પણ અમુખ્યસ્વરૂપે તો ભક્તિનું સાધન છે જ. આનાથી જ આગળ વધીને વૈષ્ણવ મુખ્યસાધન કક્ષામાં પ્રવેશી શકે છે. પરંતુ તે જયારે અમુખ્યસાધનનો મનમાં ગ્લાનિ રાખી પ્રયોગ કરે ત્યારે જ. વૈષ્ણવોને

મુખ્ય સાધનમાં પ્રવેશ માટે જ સેવા પ્રકારમાં પ્રણાલિકા મુજબ સેવા કરવાનો આગ્રહ રાખવાનું સૂચવવામાં આવે છે. કારણ કે પ્રણાલિકા એ કોઇ વ્યક્તિ વિશેષ ને લક્ષમાં રાખીને નથી બની પરંતુ ભગવત્ પ્રીતિ, ભગવત્ સુખને લક્ષમાં રાખીને બનેલી છે. આજે શ્રીઠાકોરજીને શું અરોગવાવવું તો યા તો શ્રીઠાકોરજી સ્વયં સ્વમુખે પોતાની ઇચ્છા, પ્રીતિ જણાવે તે મુજબ ભોગ સમર્પવો અને તેના અભાવમાં **"सेवाकृतिर्गुरोराज्ञा"** (નવરત્ન) ગુરુની આજ્ઞા પ્રમાણે સેવામાં સર્વ કરવું. અતઃ આજે દિવાળી છે તો શ્રીઠાકોરજીને શું સમર્પવું એ પ્રણાલિકાથી નક્કી કરવું, નહિ કે પોતાને, કુટુંબકલત્રને, દિવાળીમાં આવતાં જતા લોકોને લક્ષમાં રાખી સામગ્રી સિદ્ધ કરવી.

પ્રાચીન પરંપરાએ શ્રીવલ્લભકુલ પરિવારના ગૃહોમાં પ્રચલિત સેવા પ્રકાર એ શુદ્ધ ભગવદ્ધર્માનુરોધી સમર્પણનો પ્રકાર છે.

વલ્લભકુલ પરિવારનાં ગૃહોમાં જે સેવા પ્રકાર પરંપરાથી અદ્યાવધિ ચાલ્યો આવે છે તે પ્રકારને ભગવદ્ધર્મ સ્વરૂપનાં સમર્પણનો પ્રકાર કહી શકાય છે. કારણ કે ત્યાં જે કંઇ પણ થાય છે તે ભગવાનના અર્થે જ હોય છે. ઠાકોરજીનો બિરાજવાનો વિભાગ, સેવાના અલગ અલગ સાધનો, વસ્ત્ર શૃંગાર આદિ તથા ભોગ સમર્પવું વિગેરે સર્વ કાંઇ ભગવાનનાં અર્થે જ હોય છે. બલ્કે પ્રાચીન કાલમાં તો શ્રીવલ્લભકુલનાં ગૃહો પણ મુખ્યરૂપે ભગવત્ સેવાર્થ જ હતાં, ઘરમાં સેવાના વિભાગનો જ વધુ વિસ્તાર રહેતો હતો અને તેમાં તેઓ સપરિવાર પણ ભગવત્ સેવકપણાએ નિવાસ કરતાં હતાં. બે હજાર ફૂટના ઘરમાં પંદરસો ફૂટ જગ્યા સેવામાં વપરાય અને પાંચસો ફૂટમાં પરિવાર નિવાસ કરે અને આખો પરિવાર પણ સંપૂર્ણ રાત-દિવસ શ્રીપ્રભુની અથવા તો શ્રીમહાપ્રભુજી ની સેવામાં પરોવાયેલો રહે, ન દ્રવ્ય કમાવવાની ચિંતા, ન સાધન વસાવવાની ચિંતા. પ્રભુ જે આપે તેનાથી જ સર્વ સેવાનો વ્યવહાર કરવો અને પ્રભુ જે પ્રસાદરૂપે આપે

તેનાથી પોતાનું અને પરિવારનું પોષણ કરવું. આ શુદ્ધ ભગવદ્ધર્મ સ્વરૂપના સમર્પણનો પ્રકાર છે.

એક જ ઘરમાં શ્રીઠાકોરજીના ભંડાર-રસોઈ અલગ અને પોતાના અંગત ભંડાર-રસોઈ અલગ, એ પ્રકાર સિદ્ધાન્તરહસ્યોક્ત સમર્પણથી સંગત છે ?

આધુનિકમાં જે ભગવત્સેવાર્થ દ્રવ્યાદિ અર્થે મનોરથો-મનોરથીઓ નોંધવા તેમજ શ્રીપ્રભુનું સામગ્રીઘર અને ઉપરનું તપેલી નામે અંગત રસોઇઘર, શ્રીઠાકોરજીનો ભંડાર અને તપેલીનો ભંડાર, મનોરથની સેવા અને તપેલીની સેવા, શ્રીઠાકોરજીનો રસોઇયો અને તપેલીનો રસોઇયો વિગેરે ભેદો જે પ્રકારે છે તે મારી દષ્ટિમાં વિકૃતિ આવેલો પ્રકાર છે. આ પ્રકાર તો વ્યવહારાનુરોધિ-સમર્પણમાં પણ મૂકી શકાય તેમ નથી, કારણ કે ભગવત્સેવાર્થે દ્રવ્યમાટેનો યત્ન એ પુષ્ટિભક્તિ તો શું મર્યાદાભક્તિમાં પણ નથી. તેમજ શ્રીપ્રભુને આજે મનોહરની સામગ્રી ધરવાનો મનમાં મનોરથ થયો છે તો તેમાં ૧૦ કિલો કે ૨૦ કિલો ઘીમાં બનેલ વજન જેટલો ધરવાનો કોઇ સિદ્ધાન્ત નથી. મનોહરના ચાર લાડુ કરીને પણ ધરી શકાય છે અને તેમાં પણ ભગવત્તોષ છે. અતઃ ભગવત્તોષાર્થ દ્રવ્ય અન્યથી લેવાની આવશ્યકતા-અપેક્ષા રહેતી નથી. ભગવત્સુખને વિચારવામાં આવે ત્યારે પણ શ્રીપદ્મનાભદાસજીવાળો પ્રસંગ સાક્ષી પુરાવે છે કે અધિકમાં ભગવત્સુખ છે તેમ નથી પણ હૃદયના ઉત્કૃષ્ટપ્રેમે કરવામાં જ ભગવત્સુખ છે. તેમાં જ શ્રીપ્રભુને સુખ થાય છે. બીજી વાત એમ પણ છે કે પોતાનું મુખ્ય સેવ્યસ્વરૂપ તરીકે મંદિરમાં બિરાજતા સ્વરૂપને માનવામાં આવે છે અને તપેલીના ઠાકોરજી વ્યવહાર ને લઇને વ્યવહાર ચલાવવા બિરાજે છે (વ્યવહાર એટલે પરદેશ-બહારગામ જવાનો પ્રસંગ આવે તો કોને ભોગ ધરી પ્રસાદ લેવો ? અચાનક મહેમાન વિગેરે યા વૈષ્ણવો વિગેરે આવી જાય તો તેમને રાજભોગ થઇ ગયા પછી કોનો પ્રસાદ લેવડાવવો ? કોઇ વૈષ્ણવના

ઘરે તપેલી વિગેરે મનોરથ હોય ત્યાં કોને ભોગ ધરી લેવું-લેવડાવવું ? મંદિરમાં બનતી રસોઇ પોતાને અનુકૂળ ન આવતી હોય-મરચા-ટમાટર-ફુલાવર-કોબીજ વિગેરેનો મંદિરમાં મર્યાદા અનુસાર ઉપયોગ ન થતો હોય અને પોતે તેની ઇચ્છા રાખતા હોય ત્યારે શું કરવું ? ડાયાબિટીસ યા બી.પી. જેવા રોગોના દર્દમાં પથ્યભોજન મંદિરની સેવામાં કંઇ રીતે સમર્પવું ? આવા બીજા પણ ઘણા પ્રશ્નોનો નિકાલ તપેલીના શ્રીઠાકોરજીની વ્યવસ્થા સ્વીકારવાથી થઇ જાય છે તેથી આ વ્યવસ્થા વ્યવહાર ચલાવવા માટે છે તેમ લખ્યું છે). આવી સ્થિતિમાં મુખ્ય સેવા અને આપણો વ્યવહાર એમ બન્ને જુદા પડી જાય છે કે જે સ્થિતિ શ્રીઆચાર્યચરણને-શ્રીગુસાંઇજીને કે પછી અતિ પ્રાચીન ત્યાર પછીના આચાર્યોને પણ સ્વીકાર્ય નથી. આ ગ્રન્થમાં પણ સમર્પણના બે જુદા પ્રકારો કહીને પણ એમ કહેવાનું તો તાત્પર્ય નથી જ કે સમર્પણ ના બે પ્રકારે પોતાને ત્યાં સેવાના પણ બે ભેદ કરવાં અને મુખ્ય ગૌણ એમ બે સેવ્ય સ્વરૂપો સમજવાં. સ્વરૂપ બે બિરાજતાં હોય કે ચાર બિરાજતાં હોય એ બધા જ મુખ્ય છે અને તે સમાન સ્વરૂપે અને સમાન ભાવે બિરાજે છે તેમાં મુખ્ય ગૌણ સેવાના બે ભેદ કરવાં એ બરાબર નથી. ખરી વાત તો એ છે કે સાધન દશામાં રહેલાઓનાં સમર્પણમાં શ્રીમહાપ્રભુજીને એ જ અભીષ્ટ છે જે નિરોધ લક્ષણમાં જણાવે છે તેમ "**यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृष्यते । तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चियः ।** " મન લૌકિક છે તો તેમાંથી અનેક પ્રકારની ઇચ્છાઓ ઉદ્‌ભવ થવાની જ છે અને તે પણ ઘણું કરીને લૌકિકી જ હશે તેમ છતાં પણ ઉદ્‌ભવેલી ઇચ્છાઓ અથવા તો ઇન્દ્રિયોની માંગણીઓ એમાં પણ સંશોધન કરવું અને એમાં જે ઇચ્છા યા માંગણી ભગવત્ સેવા યા ભગવત્ સુખને અર્થે હોય તેટલી જ પોષવી, બાકીની ઇચ્છાઓ, માંગણી ઓ એની રંચક પણ દરકાર કર્યા વિના પોષવી નહિં. તેમ છતાં પણ દર્દીને પથ્ય ભોજનની માફક વ્યવહારાનુરોધીસમર્પણનો પ્રકાર દર્શાવ્યો છે તો તેમાં પણ શ્રીપુરુષોત્તમજીએ મનમાં ગ્લાની રાખી, મનમાં શરણ ભાવન કરી, ચિત્તમાં વજ્ર-અકુંશ ચિહ્‌નવાળાં ભગવત્ ચરણારવિંદનું દયાન ધરવું

એમ સંશોધન આપે છે. તો જેમ ડોકટર યા વૈદ્ય રોગીને પથ્ય ભોજન બતાવે તો રોગી ઘરે જઇ પથ્ય ભોજનનું જુદું રસોડું બનાવે અને તેમાંથી પથ્ય ભોજન કરે અને ફરી પાછું મુખ્ય રસોડામાં જઇ માલમલીદા આરોગે અને મહિના બે મહિના પછી ડોકટરને કહે કે તમારું બતાવેલું પથ્ય ભોજન બરાબર સાઠ દિવસ કરવા છતાં પણ મને કંઇ જ લાભ થયો નહિ, રોગની બાબતમાં તો હું જ્યાં હતો ત્યાંને ત્યાં જ રહ્યો. તો આમાં ડોકટરનો વાંક કે રોગીનો વાંક ? આજે આપણે તપેલીવાળી વ્યવસ્થા આ બે રસોડા જેવી કરી છે. અનિવાર્ય સંજોગોમાં જેમ કે પરદેશ જવું પડે તો ત્યાં પણ પુષ્ટિમાર્ગીયા મર્યાદાઓને જાળવી રાખવા યદિ તપેલીની સેવાનો ભેદ જુદો પડતો હોય તો તે સમજી શકાય તેમ છે પરંતુ તે સિવાયનાં હેતુઓ માટે તો વાત બુદ્ધિમાં બેસે તેવી નથી. અમારા પિતામહચરણ-નિ.લી.પૂ.પા.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી પરદેશ પધારતાં તો સાથે તપેલીનાં ઠાકોરજીની વ્યવસ્થા સાથે રહેતી હતી. પાછાં સૂરત પધારે ત્યારે પણ તે સ્વરૂપની સેવા યથાવત્ થતી હતી. તેમ છતાં પણ આપશ્રી પથ્ય ભોજન જ કરતાં હતાં અને તે પથ્યનું પણ શ્રીબાલકૃષ્ણલાલ પ્રભુને જ રાજભોગમાં સમર્પાતું હતું. આપશ્રી ખાખરાં જ અરોગતાં તેમજ તેલમાં બનેલી વસ્તુનો ક્યારેય જરા પણ ઉપયોગ નહિ કરતાં અને હીંગ તથા મરચું એનો હાથ પણ બીજા મસાલાને અડકીને નાખવામાં આવે તો પણ નહિ ચાલતું તેમજ શાકમાં પણ કેવલ બાફેલાં જ શાકો અને તેમાં પણ ઘણું કરીને દૂધી અથવા પરવળનું શાક બનતું અને તે સિવાય વેગણ, સક્કરજન જેવાં જ બીજા એક બે શાકો આરોગતાં, તો આપશ્રીનું આ સર્વ પથ્ય ભોજન શ્રીબાલકૃષ્ણલાલને સમર્પાઇને આપશ્રી પ્રસાદ લેતાં હતા અને ટામેટાં, ફુલાવર, કોબીજ વિગેરેને તો ભૂલે પણ આજીવન મુખમાં મૂક્યા નથી. મને લાગે છે આપણો વ્યવહાર અને આપણી સેવા એ બે જુદાં પાડીશું તો પાંચસો વર્ષેય વ્યવહાર છૂટશે નહિ. મનની દૃઢતા વિના પ્રેમની યા ભાવની પણ દૃઢતા બનતી નથી કારણ કે પ્રેમ યા ભાવ એ મનમાં જ જન્મે છે, મનમાં જ વસે છે અને મન થકી પ્રસરે છે.

મનોરથીઓ દ્વારા આવેલા દ્રવ્યથી અગર તો આવેલા દ્રવ્યની અડધી રકમથી ધરાયેલી સામગ્રી અગર કરાયેલા મનોરથો એને સમર્પણના બેમાંથી કયા પ્રકારમાં સમજવો ?

તેવી જ રીતે મંદિર વ્યવસ્થાનો પણ વિચાર કરવામાં આવે તો મનોરથીને અનુલક્ષીને સમાધાનનાં વિચારપૂર્વક કરાતું વિવિધ વિશિષ્ટ અને વધુ પડતી સામગ્રીઓનું નિવેદન એને પણ સમર્પણના બે પ્રકારોમાંથી શેમાં મૂકી શકાશે ? મારા વિચારે તો બન્નેમાં જ આવી શકતાં નથી. મને તો આ પ્રસંગે ગો.શ્રીશ્યામ-મનોહરજીની ગુજરાતી રચનાનું એ કટાક્ષભર્યું વાક્ય અત્રે ઉલ્લેખનીય લાગે છે કે **“મૌન ધર્યું છે સિદ્ધાન્તો સમજાવવા, મઠડી ધરી છે મનોરથી ને રીઝવવાં”** બાર મહિનાના ત્રણસો સાઠ રાજભોગના મનોરથીઓ, ત્રણસો સાઠ પલનાના મનોરથીઓ, વર્ષભરમાં આવતાં ઉત્સવના મનોરથીઓ, મંગલભોગના મનોરથીઓ અને બાર મહિનાનાં ત્રણસો સાઠ રોજની સંપૂર્ણ સેવાના મનોરથીઓ મંદિરોના ચોપડે નોંધાયેલા હોય છે. હજુ આટલું ઓછું છે તેમ પાછું રોજમાં પણ કોઇક દિવસ રાજભોગના પચ્ચીસ મનોરથીઓ તો કોઇક દિવસ ત્રીસ મનોરથીઓ અને કોઇ દિવસ હિંડોળાનાં પંદર મનોરથીઓ તો રોજની સંપૂર્ણ સેવાના મનોરથીઓમાં પણ કોઇક દિવસ બે, કોઇક દિવસ ચાર, કોઇક દિવસ છ મનોરથીઓ, આમાં હજુ એટલી ગનીમત છે કે હજુ સુધી લાડુનાં, મોહનથાળના, મઠડીના, શીખંડના, બાસુંદીના દાળના ભાતના અને શાકનાં, રોટલીનાં અને પૂરીનાં જુદા જુદાં મનોરથીઓ નોંધાતા નથી અને જો કદાચ આવતી કાલે મનોરથીની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જ ગયો તો પછી લાડુનાં અને મઠડીનાં અલગ અલગ નંગના અલગ અલગ મનોરથીઓ નોંધાતા નથીને સારું છે . જયાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી કાલનું નહિ બચાવીને શ્રીપ્રભુને નિવેદન કરવાની ભાવના ધરાવે છે **“તા તે ઉહાં સદા રહત હૌં, તુ દધિ માખન દુધ છુપાવે”** પ્રભુ શ્રીકૃષ્ણ યશોદાને કહે છે કે હું

શ્રીવિઠ્ઠલનાથજીના ઘરમાં સદાય એટલા માટે રહું છું કારણ કે તું તો દુધ, દહીં, માખણ મારાથી સંતાડે છે જ્યારે શ્રીવિઠ્ઠલનાથજી તો જે હોય તે બધું જ મને સમર્પી દે છે) ત્યાં આજનું આપણું સમ્પ્રદાયનું સ્વરૂપ અને આજનો આપણો જાહેર સેવા પ્રકાર અને તેમાં પણ સેવાના નામ પર દ્રવ્ય મેળવવાની અને દ્રવ્ય સંચય કરવાની વૃત્તિ અને પદ્ધતિ એનો બંને (પ્રાચીન-અર્વાચીન)વચ્ચે શું મેળ ? આપણાં સમ્પ્રદાયમાં મારા જાણવામાં અને જોવામાં એક જાહેર મંદિર એવું સમૃદ્ધ છે કે જેણે આવા મનોરથોથી પ્રાપ્ત દ્રવ્યમાંથી દોઢ કરોડથી વધુની ડિપોઝીટ બેંકમાં ફીક્સમાં જમા કરાવી છે. એટલે વ્યંગ્યમાં એમ કહી શકાય કે આપણી સેવા પદ્ધતિ કમાઉ દીકરા કરતાં પણ વધારે દ્રવ્ય કમાવી આપવામાં સબળ અને સક્ષમ છે. દીકરો તો ભાગ પણ માંગે પણ કૃષ્ણ તો ક્યારેય દાવો કરવા નહિં આવે કે મારો ભાગ આપ.

આ રીતે જેમ કૃષ્ણાશ્રય ગ્રન્થમાં શ્રીમહાપ્રભુએ જુદા-જુદાં સાધનોને દૂષિત થયેલાં જણાવ્યાં છે તેમ આપણા પુષ્ટિમાર્ગમાં પણ આપણી વૈષ્ણવી સાધના પદ્ધતિમાં ચિત્તનાં નિરોધને માટે ભક્તિની ઉત્પત્તિને માટે યા ભક્તિની વૃદ્ધિને માટે જે જે પણ સાધનો સેવા, સમર્પણ,શ્રવણ, કીર્તન વિગેરે સાધનો બતાવ્યાં છે તેને આપણી ક્ષુદ્ર બુદ્ધિએ અને ક્ષુદ્ર સ્વાર્થે કઇ હદ સુધી દૂષિત બનાવી રાખ્યાં છે તે આથી સમજી શકાય છે.

અહીં બે સમર્પણોની વાત કરતાં એ પ્રશ્ન ઊભો થઇ શકે છે કે જે લોકો ભગવદ્ધર્મ સ્વરૂપનાં સમર્પણને સ્વીકારીને જીવન જીવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે તે લોકોએ વ્યવહાર નિભાવવો કે નહિં નિભાવવો ? કારણ કે શ્રીઆચાર્યચરણ ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં જણાવે છે કે "બીજની દઢતાને અર્થે ઘરમાં જ સ્વધર્મપૂર્વક રહીને અવ્યાવૃત્તિ એ સેવા-શ્રવણાદિ વડે શ્રીકૃષ્ણને ભજવાં." આ વાક્ય શ્રીહરિરાયજીના મતે અત્યાગપક્ષવાળાઓ માટે છે અને શ્રીપુરૂષોત્તમજીના મતે જઘન્યાધિકારવાળાઓ માટે છે. અહીં દઢતાને અર્થે સ્વધર્મપૂર્વક ઘરમાં

સ્થિતિ જણાવી છે તેમાં શ્રીગોકુલનાથજી પ્રભૃતિના મતે ભગવદ્‌ભજનને અનુકૂલ ઘરમાં રહીને સ્વમાર્ગીય-પુષ્ટિમાર્ગીય ભગવદ્ધર્મોપૂર્વક કૃષ્ણને ભજવાં તથા શ્રીહરિરાયજી-શ્રીપુરુષોત્તમજી પ્રભૃતિના મતે સ્વધર્મ એટલે વર્ણ -આશ્રમ વિગેરે સંબંધી ધર્મોનાં પાલનપૂર્વક. એમાં ચાહે સ્વધર્મનો અર્થ ભગવદ્ધર્મ લઇએ ચાહે સ્વધર્મનો અર્થ વર્ણાશ્રમાદિ ધર્મોને લેવામાં આવે પરંતુ ઘરમાં રહો છો તો ઘરની સાથે સંકળાયેલો વ્યવહાર પણ આવશે જ અને એ વ્યવહાર જો પ્રાપ્ત થાય તો તેને સ્વીકારવો કે તેનું દુર્લક્ષ્ય સેવવું ? આ બાબતમાં મને એમ લાગે છે કે શ્રીપ્રભુચરણના એકાદશ સ્કંધસ્થ સમર્પણ ઉપરનાં સ્વતંત્ર લેખમાં જણાવેલી વાતને નિર્ણાયક ગણવી જોઇએ. ત્યાં "**तदनुपयुक्तपित्रादिदोषाणां च तद्राहित्येन पापापकीर्तिभयेन भगवत्सेवाप्रतिकूलनिरसनरूपेण न तु विश्रामबुद्धया**" એટલે કે "ભગવાનની સેવામાં અનુપયોગી એવા પોતાના વૃદ્ધ માતા-પિતા વિગેરે (અથવા તો પત્ની-પુત્રાદિ પણ જો ભગવત્સેવામાં સહયોગી ન બનતાં હોય તેવા પત્ની-પુત્રાદિનો પણ) નો પણ તેમનામાં અનુરાગ નહિં રાખીને વૃદ્ધ માતા-પિતાનું પોષણ નહિં કરાતા શાસ્ત્રતઃ પાપ થાય અને પત્ની પુત્રાદિ પોષ્યનું નહિ કરતાં જગતમાં અપકીર્તિ થઇ અનેક સાંસારિક કલેશ વિગેરે સેવામાં બાધા કરે તેવા બાધકો ઉત્પન્ન થાય છે તે પાપ અપકીર્તિ વિગેરે બાધકો સેવામાં બાધા ન પહોંચાડે તે માટે ભગવત્સેવામાં પ્રતિકૂલબાધકતાઓને દૂર કરવાની બુદ્ધિથી તેમનું પોષણ કરતાં -નહિં કે આ બધા મારા સ્વજનો મારા જીવનમાં ઉપયોગી છે તેવી તેમનામાં વિશ્રામબુદ્ધિ રાખીને પોષણ કરવું. આમ ઉપર મુજબ બધાનો જ ભાગવતધર્મમાં સમાવેશ સમજવો" આ પ્રમાણે શ્રીપ્રભુચરણના દર્શાવ્યા અનુસાર પાપ અને અપકીર્તિ એ બન્ને પણ સેવામાં-સેવાપ્રવૃત્તિમાં બાધક બને છે. આ બન્ને સેવામાં કઇ રીતે બાધક બને છે તેનું વિસ્તારપૂર્વક લેખન અમારા દ્વારા લખાયેલ સમર્પણનો સિદ્ધાન્ત નામક લેખનમાં (પુસ્તિકામાં) પૃષ્ઠ ૯-૧૦ માં કર્યું છે તેથી જિજ્ઞાસુજનોએ ત્યાંથી જોવું. બન્ને પ્રકારના સમર્પણની

વાતો જે સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં કહેવાઇ છે તે સાધનદશામાં રહેલા લોકો માટે કહેવાઇ છે અને સાધન દશામાં પોતાનામાં દેહભાન હોય જ છે અને શ્રીઆચાર્યચરણ તૃતીયસ્કન્ધ સુબોધિનીમાં કપિલાખ્યાનમાં **“स्वधर्माचरणं शक्त्या”** (ભાગ. ૩-૨૮-૨) ઉપરની સુબોધિનીમાં વ્યાખ્યાનમાં જણાવે છે કે દેહભાન વાળાઓ માટે હું દેહ છું તેવું માન્યતાને સંબન્ધ છે ત્યાં સુધી તો તે અવસ્થામાં ભગવદ્ધર્મ પણ વિધર્મ છે-ત્યારે તો વર્ણ અને આશ્રમ વિગેરે સમ્બન્ધી એ ધર્મો કે જે દેહને લઇને કહેવાયા છે તે સ્વધર્મ છે, તેમજ દેહભાનવાળાને પણ સાથે સાથે એમ પણ ભાન હોય છે કે આ દેહમાં રહેલો હું જીવ છું. ત્યારે હું જીવ છું તેવા ભાનને સંબન્ધ છે ત્યાં સુધી જીવપણાએ ભગવાનના દાસો જે કરે તે કર્મ જ એનો સ્વધર્મ છે. સ્વ એટલે **“स्वस्य देहस्य-स्वस्य जीवस्य धर्मः स्वधर्मः”** એમ બન્ને ધર્મો સ્વપણાએ પ્રાપ્ત થતાં શ્રીઆચાર્યચરણ જણાવે છે ઉભયાત્મક ધર્મનું દેહપણાએ પ્રાપ્ત અને જીવપણાએ પ્રાપ્ત બન્ને ધર્મનું અનુષ્ઠાન એ સ્વધર્મ નો અર્થ થાય છે. આ મુજબ જીવપણાએ પ્રાપ્ત ભગવદ્ધર્મ ના અનુષ્ઠાન સાથે સાધનદશામાં દેહપણાએ સામે આવતો વ્યવહાર એ પણ નિભાવવો આવશ્યક બની રહે છે. તેમ છતાં પણ દેહપણાએ પ્રાપ્ત વ્યવહારને નિભાવતાં મુખ્ય ભગવદ્ધર્મને એટલે કે સમર્પણાત્મક ભગવદ્ધર્મને હાનિ ન થાય અને વ્યવહાર નિભાવતાં વ્યવહારમાં જીવ તણાઇને સર્વથા લૌકિકમાં આવી ન પડે માટે અહીં વ્યવહારના અનુરોધે સમર્પણનો પ્રકાર દર્શાવ્યો છે જેથી દાસ્યધર્મ પણ બન્યો રહે અને વ્યવહારનો નિર્વાહ પણ થાય. જો નિવેદન કર્યા વિના વ્યવહાર ચલાવે તો તેમાં દાસ્યધર્મનું ખંડન થાય છે. તેથી જ શ્રીઆચાર્યચરણ આ બાબત સમજાવવામાં **“લોકમાં જેમ સેવકોને વ્યવહાર (સ્વામીને નિવેદન કરી) સિદ્ધ થાય છે”** એમ દૃષ્ટાન્ત આપે છે. લોકમાં પણ જો સેવક થઇને સ્વામીથી સ્વતંત્ર કાંઇ કરે તો તેથી તેના સેવકપણાની હાનિ છે, તેમ અહીં પણ જાણવાનું છે.

આ પ્રકારે વિચારતાં મને તો એમ લાગે છે કે તૃતીય સ્કન્ધસ્થ શ્રીઆચાર્યવાક્યની માફક અહીં પણ ઉભયાત્મક અનુષ્ઠાન સાધનદશામાં રહેલાઓ માટે અપેક્ષિત-આવશ્યક બની રહે છે. **“कृष्णसेवा सदा कार्या”** એ સિદ્ધાન્તમુક્તાવલીના વાક્ય પર વ્યાખ્યાન કરતાં શ્રીપ્રભુચરણ લખે છે **“अनेन अशेषाणां जीवानां गर्भदासत्वमुक्तं भवति”** એ અનુસાર જીવપણાએ જીવમાત્રનું કૃષ્ણદાસત્વ અક્ષુણ્ણ છે અને તે ભાવનો ઉદય બ્રહ્મસંબન્ધથી થાય છે. પણ તેની સાથે તૃતીય સ્કન્ધમાં કહ્યા મુજબ ત્યાં જે જ્યાં લગી દેહનો સવાલ છે એમ કહ્યું છે તેમ અહીં હું કૃષ્ણનો દાસ છું તે ભાવની સાથે હું પિતા છું, પુત્ર છું, પતિ છું, સમ્બન્ધી-સ્વજન છું, દેશનો નાગરિક છું, અમુકવર્ણ વાળો-અમુક આશ્રમ વાળો છું વિગેરે દેહ-પ્રાણાદિ સાથે સંકળાયેલા દેહ-પ્રાણાદિ થકી ઉત્પન્ન થતા ભાવો પણ રહેજ છે તેથી તેનાથી પ્રાપ્ત વ્યવહાર અને જીવપણાએ પ્રાપ્ત દાસ્ય એમ બન્ને નો આદર આવશ્યક છે. તેમ છતાં પણ દેહમાં જીવની જ મુખ્યતા હોવાથી જીવપણાએ પ્રાપ્ત ધર્મની જ મુખ્યતા છે કે જેને શ્રીઆચાર્યચરણ **“स्वस्य अयमेव धर्मः, न अन्यः”** (ચતુઃશ્લોકી) વાક્યથી જણાવે છે તેમ અહીં દાસ્યધર્મ જ મુખ્ય છે તેથી તેને બાધ ન આવે તે રીતે વ્યવહાર નિભાવવો જોઇએ. તેથી ભગવદ્ધર્માનુરોધ્યાત્મક અને વ્યવહારાનુરોધ્યાત્મક એમ બન્ને સમર્પણ સાધનદશાવાળાઓ માટે જરૂરી છે. પણ તેમાં બીજા પ્રકારના સમર્પણના અનુષ્ઠાનમાં શ્રીપુરુષોત્તમજીએ જણાવ્યા મુજબનો વિવેક મનમાં ગ્લાનિ રાખવી, શ્રીહરિશરણનું ભાવન અને વજ્ર-અંકુશ યુક્ત ભગવચ્ચરણારવિન્દનું ધ્યાન કરવું એમ સંશોધન સહિત એનું અનુષ્ઠાન કરવું અને તે પણ અમે લખ્યું છે તે મુજબ તેને રોગમાં પથ્ય યા ઔષધરૂપે રોગનિવૃત્તિ પૂરતો જ ઉપયોગ કરવો, સદાકાળના રોગી બની રહી તેના મય બની તેનો ઉપયોગ ન કરવો. પોતાનાથી શક્ય બને ત્યાં સુધી તો પ્રથમ પક્ષનો જ પ્રયોગ કરવો અને અતિશય અશક્યતામાં વ્યવહારમાં કે વ્યાવહારિકોમાં આસક્તિ કે ચિત્ત રાખ્યા વિના શ્રીપ્રભુચરણે જણાવ્યા મુજબ પાપ અને અપકીર્તિને સેવામાં બાધક ગણી તેનાથી બચવા

પૂરતો જ આપદ્ધર્મ પ્રકારે બીજો પ્રકાર પ્રયોગ કરવો. પથ્યભોજન પ્રકારે યા આપદ્ધર્મ પ્રકારે આનો પ્રયોગ કરતી વખતે પણ એટલો તો સર્વથા જ ખ્યાલ રાખવો કે આમ કરતાં ક્યાંક પુષ્ટિમાર્ગીય મૌલિક સિદ્ધાન્તો જીવનમાં કયાંય ન ઘવાય. જેમ કે અન્યાશ્રય ન કરવો, ભક્તિમાર્ગીય સાધનો સિવાયના ઇતર સાધનનો ઉપયોગ ન કરવો, શ્રીપ્રભુમાં અને ગુરુમાં શ્રદ્ધા-વિશ્વાસ રાખવો, શ્રીઆચાર્યચરણના પ્રત્યેક ઉપદેશમાં ક્યારેય અવિશ્વાસ ન થવો, શ્રીભાગવતનો ભગવત્ પ્રીતિ સંપાદનથી ઇતર અન્યહેતુ રાખી ઉપયોગ ન કરવો, ભગવત્સ્વરૂપનો કે શ્રીવલ્લભવાણીનો પોતાના કે બીજાના કોઇ પણ પ્રકારના હેતુથી જીવનનિર્વાહ યા દ્રવ્યોપાર્જન માટે ઉપયોગ ન કરવો, સમાજ માટે પણ સમાજના આધિદૈવિક કલ્યાણના હેતુથી ઇતર ભગવત્સ્વરૂપનો કે શ્રીવલ્લભવાણીનો ઉપયોગ ન કરવો, કોઇ પણ પ્રકારના દેવદ્રવ્ય કે ભાગવતદ્રવ્યનો પોતાના કે પોતાના કુટુંબાદિના અર્થે ઉપયોગ ન કરવો, અન્યાશ્રય કરનારા કે ભગવદ્ બહિર્મુખ, ભગવદ્ વિરોધી, ગુરુ તથા સમ્પ્રદાય વિરોધી લોકો (પછી ભલે તે ભાઇ-બહેન યા નજીકના સગા-સંબંધી જ કેમ ન હોય તેમની) સાથે ખાન-પાન વિગેરેનો વ્યવહાર સર્વથા ન રાખવો તથા તેવોઓનો સંગ પણ ત્યાગવો, આવા બીજા પણ જે મૌલિક સિદ્ધાન્તો છે તેને બાધ ન આવે તે રીતે વ્યવહારાનુરોધી સમર્પણનો પ્રયોગ કરવો અને જો બાધ આવતો હોય તો તે વખતે લૌકિકાદિ વ્યવહારને ત્યાગી દેવો પણ પોતાના દાસ્યધર્મને ત્યાગવો નહિં. વ્યવહારાનુરોધીસમર્પણ કહેવાથી વ્યવહાર માટે સમર્પણ નથી પરંતુ સમર્પણના સિદ્ધાન્તના નિર્વાહ માટે વ્યવહારાનુરોધી સમર્પણ કહ્યું છે. અતઃ મહત્ત્વ તો આમાં ભગવદ્ધર્માત્મક સમર્પણનું જ રહે છે, વ્યવહારનું નહિં. ભગવદ્ધર્માનુરોધી અને વ્યવહારાનુરોધી એમ બે પ્રકારે સમર્પણ કહેવાથી બીજા પ્રકારમાં ભગવદ્ધર્મ નથી જ એમ તો ન જ કહી શકાય. કારણ કે ભક્તિમાર્ગને સમ્મત ન હોય તેવી કોઇ પણ વાતને શ્રીઆચાર્યચરણ સ્વસિદ્ધાન્તમાં-પુષ્ટિમાર્ગમાં સ્થાન આપે જ નહિં.

અતઃ વ્યવહારના અનુરોધપૂર્વક ભગવદ્ધર્મ-સમર્પણ એમ જ અર્થ કરવો શુદ્ધ અને શ્રેષ્ઠ છે. ભગવદ્ધર્માનુરોધી સમર્પણ એટલે ઇતર કોઇ અનુરોધની ભેળસેળ વિના માત્ર ભગવદ્ધર્મ-ભક્તિના જ અનુરોધપૂર્વક ભગવદ્ધર્માત્મક સમર્પણ એમ એનો અર્થ સમજવો.

આ રીતે વિચારતાં અસમર્પિત નો સર્વથા ત્યાગ એ બન્ને પ્રકારોમાં કાયમ રહે છે. શ્રીપુરુષોત્તમજી આ બન્ને પ્રકારના સ્વરૂપને સપ્રમાણ ખૂબ જ સારી રીતે સ્પષ્ટ કરે છે. તેઓશ્રી પાંચમાં શ્લોકના વ્યાખ્યાનમાં કોઇ વૈષ્ણવનિબન્ધનું વાક્ય ટાંકે છે - **“शास्त्रे निवेदनं दानं ह्यर्पणं त्रिविधं स्मृतम् । निवेदनं समुद्दिश्य द्रव्यस्य ज्ञापनं मतम् ॥ दानं स्वकीयता त्यागः परस्वापादनं विधेः । अर्पणं स्वामिभोग्यस्य स्वामिने ज्ञापनं मतम् ॥”** આમાં ઉદ્દેશીને દ્રવ્યનું જ્ઞાપન કરવું એ નિવેદન અને સ્વામિભોગ્ય વસ્તુને સ્વામીને જ્ઞાપન કરવું એ સમર્પણ એમ બે પ્રકારો જણાવ્યા, એં જણાવી સાતમાં શ્લોકના વ્યાખ્યાનમાં લખે છે કે નિષ્કપટ સેવકો પોતાના ગુરુ યા સ્વપ્રભુ સમક્ષ કાર્યના પહેલાં અથવા પછી, ક્યારેક બન્ને વખત પણ વિજ્ઞાપના કરે છે તેમ સમર્પી સર્વ વ્યવહાર કરવો, વસ્તુનું વિજ્ઞાપન કરવું એમાં પણ સમર્પણ સધાય છે. અતઃ વ્યવહારાનુરોધે થતું સમર્પણ પણ ભક્તિમાર્ગ સંમત ભગવદ્ધર્મ જ છે. પણ તેમાં શ્રીપ્રભુચરણ અને શ્રીપુરુષોત્તમચરણે દર્શાવેલો વિવેક જાળવવામાં આવે તો. અન્યથા તે ક્રિયા ભક્તિમાર્ગીયા જ બનતી નથી. પછી તો તે સમર્પણ બીજામાર્ગીય જ બની જાય છે જેની ચોખવટ અમારા દ્વારા લખાયેલ શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ દ્વારા કહેવાયેલ કર્મનું રહસ્ય ભાગ-૨ માં કરી છે.

••••••••••

ભગવદ્ધર્માત્મક સમર્પણને દઢતાથી સ્વીકારી ચુકેલા અને ગૃહસ્થિતિમાં રહેલા પરમ ભગવદીયોને પણ વ્યવહારાનુધે થતું સમર્પણ પ્રાપ્ત થાય છે.

ભગવદ્ધર્માત્મક સમર્પણને સારી રીતે અને દઢતાથી સ્વીકારી ચુકેલા પરમ ભગવદીયોના જીવનમાં પણ ઘણીવાર વ્યવહારે વર્તવું પ્રાપ્ત થાય છે. કારણ કે ગૃહસ્થિતિમાં લૌકિક અને વૈદિક પ્રાપ્ત થાય જ છે. ભલે ભક્તિમાર્ગને અનુકૂલ હોય, છતાં પણ ગૃહ ની સ્થિતિ તો લોકમાં જ રહેલી છે, તેથી કરીને લૌકિક-વૈદિક બન્ને જ પ્રાપ્ત થાય છે. તેમજ લોક-વેદનો ત્યાગ એ સ્વતંત્ર ભગવદનુગ્રહ વિના-પ્રેમલક્ષણાભક્તિની સિદ્ધ દશા વિના કે પછી ભગવદિચ્છા વિના કરવો એ દોષરૂપ પણ છે. તેથી જ શ્રીહરિરાયચરણ સ્વકૃત ભક્તિવર્ધિની વિવૃતિની કારિકામાં લખે છે કે - **“गृहे स्थितिः स्वधर्मेण वर्णाश्रमगतेन हि ॥ विधेया नापि सेवार्थमधर्मेण कथञ्चन । अधर्मे स्थितितो बुद्धिनाशाद् दुःसङ्गतस्तथा ॥ ततो दुष्कर्मकरणे चेतस्तत्प्रवणं कुतः । अतस्तथाविधं कृष्णं सदानन्दं परं बृहत् ॥ लोकवेदफलाद्यर्थव्यावृत्तिरहितो जनः । भजेत् सेवेत तन्वाद्यैस्तत्र व्यावृत्तियोजनम् ॥”** શ્રીહરિરાયચરણના કહ્યા અનુસાર ભક્તિબીજની દઢતાને અર્થે નિબન્ધમાં જે મંત્ર વિગેરેથી રહિત પૂજા-સેવા પ્રકાર બતાવ્યો છે (“**अलं कुर्वीत सप्रेम**” વિગેરે વાક્યોથી) તે મુજબ પ્રેમ પૂર્વક કૃષ્ણભજન ઘરમાં રહીને કરવું. તેમાં ગૃહસ્થિતિ રાખી કૃષ્ણભજનનાં પ્રકારમાં “**स्वधर्मतः**” ના અર્થમાં વર્ણ-આશ્રમ ગત ધર્મ-પોતાનો બ્રાહ્મણાદિ જે પણ વર્ણ હોય અને પોતે ગૃહસ્થાદિ જે પણ આશ્રમમાં હોય તેનાં પાલનપૂર્વક ગૃહસ્થિતિ કરવી એમ જણાવે છે અને તેના કારણમાં જણાવે છે કે દુષ્કર્મ રત રહી-અધર્મ રત રહી ચિત્તની પ્રવણતા કેવી રીતે સિદ્ધ થશે ? તેથી સેવાની સિદ્ધિ-કૃષ્ણમાં ચિત્તની પ્રવણતાને અર્થે ભૂલથી પણ ક્યારેય સેવાના બહાના હેઠળ પણ અધર્મમાં સ્થિતિ કરવી નહિં. તેમજ અવ્યાવૃત્તિ નો અર્થ કરતાં

લખે છે કે લોકથી સિદ્ધ થનારા ફલ કે પછી વેદથી સિદ્ધ થનારા ફલ તેના અર્થેની જે વ્યાવૃત્તિ તેનાથી રહિત-તેવી વ્યાવૃત્તિ નહિં કરનાર તે અવ્યાવૃત્ત એમ જણાવે છે. તેમજ આ વાત તેઓશ્રી મુખ્ય કલ્પના અન્તર્ગત છે તેમ લખે છે. તેમજ તેથી આગળ તેઓશ્રી લખે છે કે આ પ્રમાણે અધર્મમાં પ્રવેશ્યા વિના સ્વસદ્ધર્મનું પાલન કરતાં પૂજા તથા શ્રવણાદિ વડે કૃષ્ણ ભજન કરતાં ગૃહમાં સ્થિતિ કરીને જે રહે છે તેવા લોકોનો નિર્વાહ (બીજની દઢતા ના સાધનોનું સમ્પાદન, સાધનોની રક્ષા અને તે સાધનોનું ફલ એમ સર્વ કાંઇ) ભગવાન સ્વયમ જ સિદ્ધ કરે છે અથવા તો તે સર્વ કાંઇ તેવા કૃષ્ણભજન વડે જ આપોઆપ સિદ્ધ થાય છે, એમાં દષ્ટાન્ત આપે છે કે જેમ રોગોથી પીડાતો રોગી પણ જો કોઇ પણ પ્રકારના કુપથ્ય વિના ઔષધસેવન કરે છે તો તે ઔષધસેવનથી રોગીના સર્વ રોગો નિવૃત્ત થાય છે.તેમ કુપથ્ય એટલે અધર્મમાં સ્થિતિ તેવા અધર્મકરણથી રહિત રહી કૃષ્ણભજનરૂપ ઔષધનું સેવન કરવાથી સંસારના અહંતા-મમતાદિ સર્વ આપોઆપ નિવૃત્ત થાય છે. અને પાપ-રોગરૂપ બાધકો દૂર થતાં બીજ દઢ થાય છે.

શ્રીહરિરાયચરણ આ સ્થળે લોક-વેદના ફલનો નિષેધ કરે છે પણ લોક-વેદનો નિષેધ નથી કરતા. ઉપરાંત વર્ણ-આશ્રમ વિગેરેના ધર્મોનું પાલન નહિં કરવાથી બુદ્ધિનો નાશ-અવિચારી કાર્યોમાં પ્રેરાવું, દુ:સંગમાં પ્રેરાવું (દુર્જનો-ભગવદ્‌વિરોધી જનોમાં પ્રીતિ રહેવી વિગેરે), ચિત્તગત દોષોની વૃદ્ધિ અને બહિર્મુખતામાં ઢકેલાઇ જવું વિગેરે દોષો પ્રાપ્ત થાય છે અનેએ દોષો ભગવદ્‌ભાવ યા સેવાભાવ યા દાસ્યભાવમાં મહાન બાધકરૂપે સામે આવે છે એમ જણાવે છે. ચાહે વ્યવહારના અનુરોધે કે પછી ભગવદ્ધર્મના અનુરોધે કરાતું સમર્પણ (જે આ ગ્રન્થમાં બન્ને કહ્યા છે) તે સાધનરૂપ સેવામાં અંગરૂપ જ છે તેથી ભગવદ્ધર્માનુરોધી સમર્પણ કરનારની સ્થિતિ તો સાધન દશામાં જ છે. તેવી દશામાં શ્રીપ્રભુચરણ અને શ્રીહરિરાયચરણના જણાવ્યા મુજબ લૌકિક - વૈદિક નો નિર્વાહ તો કરવો પરન્તુ વિશ્રામ

બુદ્ધિ વડે નહિં અથવા તો લોકસંબન્ધી તથા વેદસમ્બન્ધી ફલને મેળવવા માટે ન કરવો પણ સેવાભાવમાં બાધક પાપ-અપકીર્તિથી દૂર રહેવા-અધર્મમાં સ્થિતિ ન થઇ ચિત્તની પ્રવણતા સેવામાં-કૃષ્ણમાં સધાય અને બહિર્મુખતા ન ઉદ્ભવે તે હેતુથી નિર્વાહ કરવો. આ મુજબ ભગવદ્ધર્માનુરોધી સમર્પણના પ્રકારને પૂર્ણરૂપે જીવનમાં અંગીકાર કરી ચૂકેલા અને તે મુજબ વર્તનારા એવા પરમ ભગવદીય વૈષ્ણવોના જીવનમાં પણ લૌકિક વૈદિક વ્યવહાર ગૃહસ્થિતિમાં અનિવાર્ય સ્વરૂપે પ્રાપ્ત થાય છે. તેથી એમ પણ નહિ સમજવું જોઇએ કે વ્યવહારાનુરોધી સમર્પણ એનો ઉપયોગ માત્ર પ્રાથમિક કક્ષાના વૈષ્ણવો માટે જ છે. સાધનદશામાં ઉચ્ચ સ્થિતિ ને પ્રાપ્ત કરેલાં એવાઓ માટે પણ આનો ઉપયોગ તો છે જ. વિવાહ પ્રસંગોમાં ગણેશસ્થાપનાદિ વૈદિક વ્યવહાર પણ નિભાવવો પડે છે અને તેવા પ્રસંગે વિવાહમાં આવનારા મહેમાનોની આગતા-સ્વાગતા પ્રકારે પણ અને તેમાં પણ આવનારાઓ પ્રત્યે આદરપ્રેમ દર્શાવવો, તેમને પ્રણામાદિ કરવાં, તેમનો ભોજનાદિથી સત્કાર કરવો અને પોતાના સંબંધીઓને ભેટસૌગાદ વગેરેથી સત્કારવાનો લૌકિક વ્યવહાર પણ નિભાવવો જ પડે છે અને પોતાની કન્યાનો વિવાહ કરી રહ્યાં હોઇએ ત્યારે તો તેમાં જમાઇરાજના પગ પણ ધોવા પડે છે. તો આ બધો વ્યવહાર ગૃહસ્થિતિમાં પ્રાપ્ત પણ થાય છે અને તેને નિભાવવો પણ પડે છે અને તે દરેકે નિભાવવો પડે છે. કેટલીકવાર કેટલાક વૈષ્ણવો અવિચારવશ યા તો ભગવદીયતા યા વૈષ્ણવતાનાં ખોટાં અહંવશ વ્યવહારવિરુદ્ધ યા તો જેનાથી વ્યવહારમાં નીચું જોવું પડે, વ્યવહારમાં અપકીર્તિ થાય તેવું વર્તન પ્રંસગોપાત્ત કરતાં હોય છે અને પરિણામે તેમની તેમજ તેમના કુંટુંબની તો સર્વત્ર નિંદા થાય જ છે પણ તેની સાથે સાથે શ્રીમહાપ્રભુજી, પુષ્ટિમાર્ગ, ભગવદ્ભક્તિ, શ્રીઠાકોરજી આ બધા પણ તેમના નિમિત્તે વગોવાઇ રહે છે. ખરેખર, આગળ વધવાની ઇચ્છાવાળાઓ માટે આ એક એવો નાજુક અને સંવેદનશીલ સમય હોય છે કે જેને પેલી ઉર્દૂ શાયરી સાથે મુલવી શકાય છે કે :-

ક્યા બલા ઇશ્ક હૈ જીતી હૂં તો બદનામ હૂં મેં
ઔર મરતી હૂં તો ઉસ શૌખ કી રુસવાઇ હૈ

જેમાં જીવવું, મરવું બન્ને મોટી આફત હોય. વાસ્તવમાં પ્રેમનો માર્ગ જ એવો છે જેમાં જીવન અને મૃત્યુ બન્ને સમાન હોય છે :-

નહી હૈ ફર્ક કોઇ આશિકી મે જીને-મરને મે
ઉસીકો દેખકર જીતે હૈં જીસ કાફિર પે દમ નિકલે

આવી સંવેદનશીલ, નાજુક, ખાંડાના ધાર જેવી સ્થિતિમાં પણ ઊંડાણમાં રહેલો સત્ય પ્રેમ અથવા તો બુદ્ધિનો સત્ય-દઢ સંકલ્પ ગમે તેવા વિકટ યા નાજુક સમય યા પ્રસંગમાં પણ માર્ગ શોધી લેવાની કુનેહ તેમની બુદ્ધિમાં ઉત્પન્ન કરી દે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યા મુજબ - **"योगः कर्मसु कौशलम्"** (ગીતા. ૨-૫૦) કોઇ પણ કર્મને કુશલતાથી સમ્પન્ન કરવું યોગ છે. આ ન્યાયે સાધનદશામાં રહેલા સાધકે સર્વસમર્પણાત્મક ભગવદ્ધર્મ અને પ્રાપ્ત અલૌકિક, લૌકિક, વૈદિક વ્યવહાર એ બેના વચ્ચે કુશલતા દાખવવાની છે અને કુશલતાથી વર્તવાનું છે. સમર્પણ અને વ્યવહાર બન્નેમાં અકુશલતા ન સર્જાય તેમ કુશલતા દાખવવાની છે. કુશલતાનો અર્થ છે વ્યવહારનો નિર્વાહ કરતાં પણ શ્રીઆચાર્યચરણની આજ્ઞા **કૃષ્ણ સેવા સદા કરવી** એનો ભંગ ન થાય. એટલે કે વ્યવહારનો નિર્વાહ પણ સેવાનું અંગ બની જાય એ રીતે નિર્વાહ કરવો જેથી વ્યવહાર નિભાવતાં સેવાનું સાતત્ય ખંડિત ન થાય. આવી કુશલતા ભક્તિમાર્ગ કુશલ ગુરુ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણે પોતાના સ્વાભાવિક સમર્પણના સ્વતંત્ર લેખ (એકાદશસ્કન્ધસ્થ સમર્પણ વાક્ય પરના લેખ) માં જણાવી છે જેમાં દેહનિર્વાહ કે જીવનયાત્રાનિર્વાહ કે લૌકિક-વૈદિક વ્યવહાર નિર્વાહ એ બધાને સેવારૂપમાં કઇ રીતે સાંકળવું એનો ઘણો જ સુંદર પ્રકાર પ્રદર્શિત કર્યો છે. ઋગ્વેદના મંત્રમાં પણ લગભગ આજ સ્વારસ્યથી કહ્યું છે કે **"तद्विप्रासो विपन्यवः जागृवान्सः समिन्धते, विष्णोर्यत्परमं पदम्"** આ મંત્રમાં **"विपन्यवः"** ના અર્થો પૈકી સારી

રીતે સેવા કરનારા અથવા તો સેવારૂપ કર્મ કરવામાં કુશલ એમ અર્થ પણ થાય છે. ગીતા વાકય અને ઋગ્વેદવાકય તેમજ સિદ્ધાન્ત મુક્તાવલીસ્થ સ્વવાક્ય એ બધાને સાથે રાખીને જ શ્રીઆચાર્યચરણે "**कायेन वाचा**" એ એકાદશસ્કન્ધસ્થવાક્ય પરની સુબોધિનીમાં સમર્પણનો શુદ્ધ પ્રકાર દર્શાવ્યો છે અને તેમાં સમ્ભવિત ગેરસમજને દૂર કરતાં તે સમર્પણને જ વધુ સ્પષ્ટ અને વિશદ શ્રીપ્રભુચરણે પોતાના લેખમાં કર્યું છે. તેમજ એ લેખનને અને સુબોધિનીને અહીં સિદ્ધાન્ત-રહસ્યમાં સમર્પણને સમજવા પ્રકાશ તરીકે લેવાથી ગ્રન્થ વધારે સ્પષ્ટ થાય છે.

શ્રીમહાપ્રભુ તથા શ્રીપ્રભુચરણ પ્રદર્શિત સમર્પણનો પ્રકાર ચૌર્યાસી તથા બસો બાવન વૈષ્ણવો પૈકી ઢગલાબંધ વૈષ્ણવોના ચરિત્રમાં પ્રત્યક્ષ અમલમાં આવેલો જોઇ શકાય છે. આમાં શ્રીસુરદાસજીનો બાદશાહ વાળો પ્રસંગ, શ્રીકુંભનદાસજીનો સીકરી-વાળો તેથા રાજામાનસિંગ વાળો પ્રસંગ, શ્રીપદ્મનાભદાસજીનો શ્રીમહાપ્રભુને ત્યાં અડેલ વાળો પ્રસંગ તથા દામોદરદાસ સંભલવાળાને ત્યાંથી શ્રીપ્રભુ વૈભવસહિત શ્રીમહાપ્રભુને ત્યાં પધાર્યા તે વખતનો પ્રસંગ વિગેરે અત્રે વિશેષ રૂપે દષ્ટવ્ય યા ઉલ્લેખનીય છે.

વ્યવહાર નિભાવવો પડે તે નિભાવતી વખતે પણ વ્યવહાર વધે નહિં પણ ઘટે તે માટે સાવચેતી રાખવી- કુંભનદાસજીનો પ્રસંગ.

શ્રીકુંભનદાસજીના રાજા માનસિંગ સાથેના પ્રસંગમાં રાજા પોતાને મળવા આવ્યા છે તે વ્યવહાર ખાતર મળવું જરૂરી પણ છે અને છતાં પણ ચિત્ત તો રાજા ના કારણે છુપાઇ રહેલા શ્રીગોવર્દ્ધનધર શ્રીકૃષ્ણમાં જ લાગેલું છે. તેવી દશામાં રાજાને શ્રીકૃષ્ણૈકચિત્ત-શ્રીકૃષ્ણસેવાપરાયણાત્મા શ્રીકુંભનદાસજી મળ્યા પણ છે અને તેને પ્રતીતિકર ઉત્તરો પણ આપ્યા છે. શ્રીકુંભનદાસજીના બે તથા શ્રીસુરદાસજી નો એમ ત્રણે પ્રસંગોથી એક બાબત તો સ્પષ્ટ થાય છે

કે વ્યવહાર નિભાવવો તો ખરો પણ વ્યવહારનો સંકોચ કરતાં નિભાવવો અને શક્ય ત્યાં સુધી વ્યવહાર વિસ્તરે નહિં તેનો અવશ્ય ખ્યાલ કરવો. જેમ શ્રીકુંભનદાસજીએ રાજાને આવકારીને પણ રાજા કે ધનાઢય તરીકે તેના તરફ કોઇ ઉમળકો દાખવ્યો નથી તેમજ રાજાએ કુંભનદાસજીને સેવામાં દ્રવ્ય વિગેરે આપવાનો-કંઇક તો તેઓ સ્વીકારે તેવી ઇચ્છાનો ઉમળકો દાખવ્યો તો કુંભનદાસજીએ પોતાની વાણી અને હાવભાવથી રાજાના ઉમળકા ઉપર ઠંડું પાણી ફેરવી નાખ્યું કે જેથી વારંવાર રાજાનો વ્યવહાર તેમને કૃષ્ણસેવામાં બાધા પહોંચાડેં નહિં. આપણે તો બધા "વ્યવહાર તો નિભાવવો જ પડેને" એમ કહીને વ્યવહાર એ રીતે નિભાવીએ છીએ કે જેથી મામા-માસી-કાકા-સાળા-નણંદ-મિત્રો વગેરેને આપણામાં વધુ લાગણી થાય, એ લોકો વધુ નજીક આવે અને વારંવાર વધુને વધુ તેમની સાથેના આવાગમન વિગેરેનો વ્યવહાર રોજબરોજ વધતો જ જાય. જો આપણે આપણી દરેક બાબતોથી વ્યવહારને વધુને વધુ દઢ અને વિસ્તારવાળો બનાવતાં જ જઇશું તો હજાર જન્મે પણ વ્યવહારથી પાછા વળીને મુખ્ય અને પૂર્ણ ભગવદ્ધર્મમાં અથવા તો નિર્ભેળ ભગવદ્ધર્મમાં પ્રવેશી શકીશું નહિં. ખરેખર તો વ્યવહારમાં રહેલો અથવા તો વ્યવહારથી સધાતો અહંતા અને મમતાના સ્વરૂપનો જે સંસાર છે તેને કાપવાનો છે. અહંતા-મમતા વિનાનો વ્યવહાર એ મદારીએ મોમાંથી ઝેરની કોથળી તથા દાંત કાઢી નાંખેલા વિષધર (વિષહીન) સર્પ જેવો છે. વ્યવહારરૂપી સર્પમાં જીવનનાશક-ભક્તિનાશક વિષ એ તો અહં-મમાત્મક સંસાર જ છે. અતઃ એવા સર્વનાશક વિષ સાથે વ્યવહાર નિભાવવાથી તો વિષ સેવનથી જે થાય તે જ થાય. તેથી આ હું અને આ મારું ના પ્રભાવથી પણ સર્વથા દૂર રહી હું એટલે કૃષ્ણનો દાસ અને તેથી મારું એ માત્ર સ્વામી શ્રીકૃષ્ણ અને શ્રીકૃષ્ણ સિવાય મારું કોઇ કે કંઇ પણ નથી એમ ચિત્તમાં બરાબર બેસાડીને જ વ્યવહાર નિભાવવો જોઇએ. અતઃ પોતાનાથી શક્ય તેટલું વ્યાવહારિકોથી અલગ રહેતાં અને તેમની સાથેના વ્યવહારનો સંકોચ કરતાં ઉપર કહ્યા મુજબના ભાવને વધુને વધુ દઢ કરતાં-બુદ્ધિને વ્યવહારમાંથી બહાર કાઢતાં અને વધુને

વધુ ભગવાનમાં પરોવતાં અનિવાર્ય અથવા તો પોતાના શ્રીપ્રભુ-ગુરુ-સમ્પ્રદાય કે સિદ્ધાન્ત ન વગોવાય તેટલો વ્યવહાર મમતા-આસક્તિ વિના ઉપેક્ષાભાવે નિભાવવો એમ. શ્રીકુંભનદાસજી-શ્રીસુરદાસજીના પ્રસંગોથી સમજી શકાય છે.

સમર્પણ માટે ગીતામાં કહેવાયેલી ચાર શરતો જળવાવી જોઇએ - પદ્મનાભદાસજી નો પ્રસંગ.

તેવી જ રીતે શ્રીપદ્મનાભદાસજી નો પ્રસંગ-શ્રીપદ્મનાભદાસજી શરણે આવ્યા-શ્રીઆચાર્યચરણથી બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધી અને શ્રીગુરુ વર્યથી શ્રીભાગવત એ સાક્ષાત્ શ્રીકૃષ્ણનું વાંગ્મય સ્વરૂપ છે અને તેથી ક્યારેય શ્રીભાગવતનો પ્રાણકંઠમાં આવી પડે તેવી સ્થિતિમાં પણ વૃત્તિના અર્થે કે અન્ય કોઇ હેતુ અર્થે ઉપયોગ ન કરવો એમ જાણી પદ્મનાભદાસજીએ ગુરુભેટમાં શ્રીઆચાર્યચરણ સમક્ષ પ્રતિજ્ઞા કરી કે આજ પછીથી ક્યારેય શ્રીભાગવત વડે વૃત્તિ નહિં કરીશ-ભાગવત વડે જીવન-વ્યવહાર નિર્વાહ નહિં કરીશ. શ્રી પદ્મનાભદાસજી બ્રાહ્મણ હતા અને તેમની પૌરાણિક વૃત્તિ હતી અને તેમાં વખતોવખત કોઇને કોઇ નિમિત્તે શ્રીભાગવત સપ્તાહ વિગેરે તેઓ કરતા અને તેમાં જે દ્રવ્યાદિ મળે તેના વડે પોતાનો નિર્વાહ આ પહેલાં કરતાં હતા. શ્રીમહાપ્રભુએ પરીક્ષાર્થ પદ્મનાભદાસજીને પૂછ્યું કે તમે આવી પ્રતિજ્ઞા કરી તે ન કરો, કારણ કે તેના વિના તમે તમારી જીવનયાત્રાનો વ્યવહાર કેમ ચલાવશો ? ત્યારે પદ્મનાભદાસજીએ દૃઢતાથી નિવેદન કર્યું કે આપની આજ્ઞાના પાલનરૂપમાં શ્રીભાગવત વડે તો હવે નિર્વાહ કરવો આપના સેવક તરીકે મારા માટે શક્ય નથી, પણ પૌરાણિક વૃત્તિ છે તો મહાભારત વિગેરે ઇતિહાસ-પુરાણો (ભાગવત સિવાયના ઇતર પુરાણો) ની કથા દ્વારા કરીશ અને તે પણ યદચ્છાલાભસંતોષ પ્રમાણે મળશે કે મળે તેવી આશા-ભાવના વિના લોકકલ્યાણ અને ભગવચ્ચરિત્ર-મોટાઓના ચરિત્રનું કથન કરવા માટે કરીશ અને આ વૃત્તિ કરતાં જે મળશે તેનાંથી વ્યવહાર

નિભાવીશ. અને પદ્મનાભદાસજી એ પોતાના ગુરુવર્ય શ્રીવલ્લભાચાર્યચરણના આશીર્વાદથી પોતાની વૈષ્ણવયાત્રાનો આરંભ કર્યો. ગુરુવર્ય શ્રીમહાપ્રભુએ એક પ્રસંગે શ્રીમથુરાધીશ પ્રભુનું ચતુર્ભુજ-શ્યામસ્વરૂપ સેવાર્થ પધરાવી આપ્યું. તેમાં પણ ગુરુવર્યની એ જ આજ્ઞા હતી કે શ્રીપ્રભુને સહુથી વધારે ભાવતો પદાર્થ સ્નેહ છે તેથી સેવા અતિશય સ્નેહથી કરવી અને તે આજ્ઞાને તેમણે અક્ષરશઃ પાળી. શ્રીપ્રભુની પ્રસન્નતાનો પૂર્ણ વિચાર કરી તેમણે પોતાની પરિસ્થિતિ અનુસાર પોતાના હાથે છોલા વીણી લાવી તેને સિદ્ધ કરી તેમાં વિવિધ સામગ્રીઓનો ભાવ કરી છોલા શ્રીમથુરાધીશપ્રભુને ભોગમાં સમર્પતા અને તેને શ્રીપ્રભુ ખૂબ જ પ્રસન્નતાથી આરોગતા. એક વખત શ્રીગુરુદેવના દર્શનની તેમને ઇચ્છા થઇ અને તેઓ પોતાના શ્રીપ્રભુને સાથે પધરાવી અડેલ પહોંચ્યા. ત્યાં એમના જીવનનો વ્યવહાર જોઇ કેટલાક વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીના વહુજીને બધી વાત કરી કે પદ્મનાભદાસજી ખૂબજ ઉત્તમ વૈષ્ણવ છે પણ તેમને સેવામાં ઘણો જ દ્રવ્ય સંકોચ રહે છે અને તેથી તેઓ રાજભોગમાં પણ શ્રીપ્રભુને છોલા સમર્પે છે. આ સાંભળી શ્રીમહાપ્રભુજીના વહુજીએ પદ્મનાભદાસના ઉતારા ઉપર કોરી સામગ્રી મોકલી આપી. શ્રીપદ્મનાભદાસજીને આની જાણ થતાં સામગ્રી એક તરફ મૂકાવી દીધી પણ શ્રીપ્રભુને નહિં સમર્પી અને શ્રીમથુરાધીશપ્રભુ પાસે જઇને વિનન્તીભર્યા સ્વરે પ્રશ્ન કર્યો કે પ્રભુ ! જો આપને મારી પાસે છોલા આરોગવામાં શ્રમ થતો હોય તો આપને શ્રીમહાપ્રભુજીના ગૃહે પધરાવી દઉં જેથી ભોગાદિમાં આપને કોઇ શ્રમ નહિં થાય ? ત્યારે શ્રીમથુરાધીશપ્રભુએ સ્નેહભર્યા-કૃપાપૂર્ણ સ્વરે કહ્યું કે મને તારા વીણી લાવેલા છોલાની સામગ્રી અને એમાં તારો કરેલો ભાવ મને અતિ પ્રિય છે, તેથી જો તૂ શ્રીમહાપ્રભુજીના ગૃહથી આવેલી સામગ્રી મને અંગીકાર કરાવતે તો હું નારાજ થઇ જતે. શ્રીવલ્લભના ગૃહે તેઓશ્રી જે કંઇ પણ મને સ્નેહે સમર્પે છે તે મને અતિશય પ્રિય છે એમાં કોઇ શંકા નથી, પરન્તુ તેઓશ્રીના ઘરથી આવેલું તુ સમર્પે એમાં તારી ભક્તિ નથી-ભાવ નથી, અતઃ તેં એ સામગ્રી મને નહિં સમર્પવાનો નિર્ણય લીધો તે સર્વથા સમુચિત અને

મને મનભાવતો છે.

શ્રીપદ્મનાભદાસજીના આ પ્રસંગમાં ગીતામાં કહેવાયેલ સમર્પણની ચારે શરતો પૂર્ણ જળવાયેલી જોવા મળે છે. ચાર શરતો છે :-"**मे यच्छति, भक्त्या प्रयच्छति, भक्त्युपहृतं प्रयच्छति, प्रयतात्मा भूत्वा प्रयच्छति**" (ગીતા. ૯-૨૬) આમાંથી પહેલી શરતની પૂર્તિ શ્રીમથુરાધીશ પુરુષોત્તમ છે અને તેમના પ્રત્યે ભક્તિ છે, ચોથી શરત પોતાના વશ પોતાના ઇન્દ્રિય-અન્તઃકરણવાળા હોવું તો તે ભાગવત દ્રવ્ય અસ્વીકારી છોલા આરોગાવવા પડે તેવી દશામાં પણ તેમણે પોતાની ટેક નથી છોડી, ત્રીજી શરત "**भक्त्या प्रयच्छति** " અને "**भक्त्यु-पहृतम्**" એમ આ બે શરત પણ અડેલવાળા પ્રસંગથી જાણી શકાય છે. પોતાના હાથે-પોતાના શરીરના પરિશ્રમથી શ્રીપ્રભુને યોગ્ય છોલાવીણી લાવી તે સમર્પવા, આમાં છોલા વીણવાથી લઇ શ્રીપ્રભુને સમર્પતા સુધી સળંગ ભક્તિ જળવાઇ રહી છે. અધર્મથી કમાયેલું, અનધિકારે મેળવેલું, ભીખ માંગીને લાવેલું, ઉધાર લાવેલું, પોતાને કે બીજાને કલેશ કરાવી લાવેલું, આવું દ્રવ્ય અને એનાથી પ્રાપ્ત કરેલ નૈવેદ્ય એમાં જે પદાર્થ સમર્પણ કરવાનો છે તે પદાર્થના સંપાદનમાં ક્યાંય ભક્તિ નથી કારણ કે "**क्षिप्रं भवति धर्मात्मा**" (ગીતા. ૯-૩૧) એ ગીતામાં કહ્યા અનુસાર ભક્તિના આરંભથી જ અધર્મનો ત્યાગ અને એની ધર્મમાં જ પ્રવૃત્તિ-રુચિ હોય છે તેમજ તૃતીય સ્કન્ધ સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણે કહ્યા અનુસાર ભાગવત ૩-૨૯-૧૨ માં "**या भक्तिः**" ના વ્યાખ્યાનમાં ભક્તિયોગના લક્ષણમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે - "**या भक्तिरिति लोकवेदप्रसिद्धा, न तु चौर्यादिना विषयान् सम्पाद्य भगवत्सेवाकरणम्**" અહીં "ચોરી વિગેરે" એમ કહ્યું છે તેમાં "**आदि**" પદથી પૂર્વમાં જણાવેલા અધર્મ-ઉધાર-કલેશ વિગેરે બધાનો સમાવેશ કરવો. આ બધા જ પ્રકારોથી અલગ પોતાના પરિશ્રમથી-અનિંદ્ય કમાણીથી પ્રાપ્ત દ્રવ્ય વડે ભગવત્સેવા કરવાનો શ્રીપદ્મનાભદાસજીનો પ્રકાર એમાં સળંગ ભક્તિ

જળવાયેલી છે. તેમજ તે છોલા ભગવાનને સમર્પવામાં પોતાના-પરિવારના કે અન્ય કોઇના અર્થે ભગવાનને નિવેદન કરાયેલું નથી તેમજ આ પ્રકારે છોલા સમર્પવામાં માત્ર ભગવત્ પ્રસન્નતા સિવાય લોક કે વેદનો કોઇ હેતુ નથી-તેમાં માત્ર ભગવાનને ભગવાનની પ્રસન્નતા માટે જે ભગવાનને પ્રિય હોય તે અને તેમ સમર્પવું એ જ આમાં હોવાથી અતિશય સ્નેહ પૂર્વક શુદ્ધ હૃદયે સમર્પણ થતું હોવાથી આમાં "**भक्त्या प्रयच्छति**" શરત પણ જળવાયેલી છે. તેથી જ શ્રી મથુરાધીશ પ્રભુના ઉત્તરમાં "**अश्नामि**" એમ દ્વનિત થાય છે.

શિષ્ય હોય કે ગુરુ હોય પણ પુષ્ટિ-ભક્તિમાર્ગીય સમર્પણમાં પોતાના જ સ્વત્વવાળા દ્રવ્યથી સેવા-સમર્પણ કરવાં-પરસ્પર એકબીજાના સ્વત્વવાળા દ્રવ્યથી નહિં કરવાં - પદ્મનાભદાસજીના પ્રસંગનું તાત્પર્ય.

શ્રીપદ્મનાભદાસજીના અડેલવાળા પ્રસંગમાં એ પુષ્ટિમાર્ગીય વિવેક પણ જોઇ શકાય છે કે ગુરુના ગૃહથી અને તેમાં પણ શ્રીવલ્લભાચાર્ય ચરણ જેવા સમર્થ અને ભગદ્રૂપ ગુરુના ગૃહથી અને તેમાં પણ સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીના વહુજી દ્વારા આવેલા પદાર્થને પણ શ્રીપ્રભુને સમર્પવાનું ઉચિત નહિં ગણી તે સામગ્રીને બાજુ પર મૂકાવી, આમાં ગુરુ પ્રત્યે અનાદર નથી કે પોતાનામાં ગૌરવ નથી, પરંતુ પોતાના ગુરુએ ઉપદેશેલ પુષ્ટિ-ભક્તિમાર્ગીય સિદ્ધાન્ત-મર્યાદાનું જ યથોચિત પાલન છે. કારણ કે શ્રીપ્રભુ જ્યારે જે વૈષ્ણવના ગૃહે બિરાજે છે ત્યારે તેના વડે કરાયેલી સેવા અને તેનાં તન-વિત્ત-મનને અંગીકાર કરવા બિરાજે છે. અન્યથા શ્રીમહાપ્રભુજીના ગૃહથી તેનાં ઘરે બિરાજવાનું બીજું કોઇ પ્રયોજન જ રહેતું નથી. આ વાત બન્ને તરફ પરસ્પર સમાન સમજવાની છે. બન્ને તરફ એટલે ગુરુ ગૃહે અને વૈષ્ણવગૃહે. જ્યારે શ્રીપ્રભુ વલ્લભકુલના ગૃહે બિરાજતા હોય છે ત્યારે શ્રીચતુર્ભુજદાસજી રચિત શ્રૃંગારનું પદ "**भोग श्रृंगार मैया सुनि मोहे**

श्रीविट्ठलनाथ के हाथको भावे» એ સમ્પૂર્ણ પદનો ભાવ ગ્રહણ કરવાનો છે. એટલે કે ત્યારે શ્રીવલ્લભકુલ પોતાના સત્ત્વે શ્રીપ્રભુને જે કંઇ પણ નિવેદન કરે સોનાના પલનામાં ઝુલાવે કે પછી વસ્ત્રને ઘોડિયાની માફક બનાવી ઝુલાવે તેમાંજ શ્રીપ્રભુની પ્રસન્નતા છે. અતઃ બન્ને તરફ પોત પોતાના સત્ત્વવાળા દ્રવ્યથી ઇતર એક બીજાના સત્ત્વવાળા દ્રવ્યથી સેવા કરવામાં આવે તેમાં ભક્તિ પણ નથી અને તેમાં શ્રીપ્રભુની પ્રસન્નતા પણ નથી.

દશમ સ્કન્ધમાં શ્રીયશોદાજી અને શ્રીવ્રજભક્તોના સમર્પણનો પ્રકાર

દશમ સ્કન્ધ નિર્દિષ્ટા શુદ્ધ પુષ્ટિ ભક્તિમાં પણ શ્રીગોપીજનો અને શ્રીયશોદાજી વચ્ચે આજ પ્રકાર જોવા મળે છે. શ્રીયશોદાજી એ નન્દપત્ની છે અને નન્દ એ નામ નથી પણ પદ છે. નન્દ-ઉપનન્દ વિગેરે પદો અમુક સમૂહના ઉપરીના હિસાબે કહેવાયા છે તેથી ગોપાલકોના મોટા સમૂહના ઉપરી એ નન્દ છે તેથી તે તેમના રાજા બરાબર છે અને તે હિસાબે જ શ્રીયશોદાજીને વ્રજરાની નામે પણ ભક્તોએ પોતાના પદોમાં આલેખ્યા છે. અતઃ પોતાના પ્રજાજનો પાસેથી તૈયાર માખણ મંગાવી કન્હૈયાને સવારે આરોગાવી શકતા હતા. પરન્તુ શ્રીયશોદાજીએ ક્યારેય વ્રજવાસીઓના ઘરેથી મંગાવીને કોઇ પણ વસ્તુ શ્રીપ્રભુને સમર્પી નથી. નહિંતર દશમસ્કન્ધમાં એક માત્ર શ્રીયશોદાજી નું ઘ્યાન થઇ શકે તેવા શ્લોકમાં ઉભરાતું વાત્સલ્યરસસભર સૌંદર્ય કેવી રીતે સાંભળવા મળતે ! «**क्षौमंवासः पृथुर्काटतटे**» (ભાગ.૧૦-૯-૩)એ શ્લોકમાં. ઉપરાંત પદસાહિત્યમાં તો શ્રીયશોદાજી મીઠો ઠપકો આપતાં શ્રીબાલકૃષ્ણને સમજાવે છે કે «**चोरी की घात छांडिदे मोहन**» તારી સગાઇની જ્યાં પણ ચર્ચા ચલાઉં છું ત્યાં તારો છોકરો તો લોકોના ઘરે ચોરી કરે છે એમ છોકરીઓના મા-બાપ કહે છે તેથી શ્રીરાધિકા જેવી સારી છોકરી સાથે પરણવું હોય તો તારી આ ચોરીની આદત છોડી દે, આપણાં

ઘરે લાખોનું ગોધન છે પછી આપણે ત્યાં ક્યાં અને કઇ વસ્તુની કમી છે કે તારે બીજાની ઘરે ઝાંકવું પડે ? ખરેખર જે ગૃહ નન્દાલય છે ત્યાં ક્યારેય બાલકૃષ્ણની પરવરિશ અર્થે વ્રજવાસીઓથી માંગવામાં કે ઉઘરાવામાં નથી આવતું અને જ્યાં ઉઘરાવી સેવા કરવામાં આવે છે અને પાછું તેને નન્દાલય કહે છે તે મહાન દંભ આડંબર છે. તેવી જ રીતે શ્રીવ્રજભક્તોએ પણ પોતાના મનોરથો પોતાના ઘરે શ્રીપ્રભુને પધરાવી પોતાના ઘરની અને પોતાના હાથે સિદ્ધ કરેલી વિવિધ સામગ્રીઓ શ્રીપ્રભુને આરોગાવી છે. નહિં કે શ્રીયશોદાજીના ઘરેથી લાવીને પ્રભુને લાડ લડાવ્યા હોય. શ્રીવ્રજભક્તોના આ ભાવનેં તો આપણે પહેલાં જ શ્રીચતુરબિહારજી ના પદથી - «**अनत न जैये पिय रहिये मेरे ही महल**» આ પદથી જોઇ ગયા છીએ. કીર્તન સાહિત્યમાં કહ્યું છે કે «**सेवा रीत-प्रीत व्रजजनकी जन हित जग प्रगटाई**» શ્રીમહાપ્રભુએ વૈષ્ણવજનોના પરમહિતમાં શ્રીવ્રજભક્તોની જે સેવાની રીતી અને જે શ્રીકૃષ્ણમાં પ્રીતિ રાખી હતી તેને આધુનિક વૈષ્ણવોના હિતમાં પ્રકટ કરી બતાવી છે. અતઃ શ્રીવ્રજભક્તોની સેવા બાબતમાં જે રીતિ છે તેનું અનુસરણ શ્રીમહાપ્રભુના કૃપાપાત્ર સેવક શ્રીપદ્મનાભદાસજી કરે એ યોગ્ય જ છે અને તે જ શ્રીમહાપ્રભુને પણ અભીષ્ટ છે. જો શ્રીમહાપ્રભુને અનભીષ્ટ હોતે તો આપશ્રી નારાજગી જતાવતે. પરન્તુ તેથી વિરુદ્ધ આપશ્રીના વહુજીએ જો લગાતાર બે દિવસ સીધુ-સામાન મોકલી આપ્યું હતું તેને કારણે જ પદ્મનાભદાસ ચાલ્યા ગયા નહિંતર હજુ પણ તે રોકાતે એમ કહી મોકલવાની ક્રિયાની સરાહના નથી કરી.

• • • • • • • • • • • •

વૈષ્ણવોએ કે શ્રીવલ્લભમતાનુવર્તી કોઇએ પણ શ્રીપ્રભુની સેવા વૈકુંઠવૈભવથી નહિં પણ વ્રજવૈભવથી કરવી. વૈષ્ણવોએ પણ પોતાના ઘરે શ્રીઠાકોરજી નિમિત્તનું બીજાનું પુષ્પ-ફલ વિગેરે પણ કંઇ પણ નહિં સ્વીકારવું-દામોદરદાસ સંભલવાળાની વાર્તાનો અડેલ વાળો પ્રસંગ.

શ્રીદામોદરદાસ સંભલવાળાને ત્યાંથી શ્રીદ્વારિકાધીશપ્રભુ શ્રીમહાપ્રભુને ત્યાં પધાર્યા આ પ્રસંગમાં સેવકોએ-વૈષ્ણવોએ કે શ્રીવલ્લભકુલપરિવારે પોતાના ઘરે શ્રીઠાકોરજીના નિજ દ્રવ્યથી સેવા ન કરવી. એટલે કે પોતાના ઘરમાં શ્રીઠાકોરજીના નિજ દ્રવ્યથી આવેલ સાધન-સામગ્રી વિગેરે તેનાંથી સિદ્ધ કરેલ સમર્પવું નહિં એમ સમર્પણની શુદ્ધિ જાણવા મળે છે. જો કે આ પ્રસંગ મૂલ વાર્તામાં નથી પરંતુ ભાવપ્રકાશમાં દર્શાવ્યો છે અને તેમાં શ્રીગોપીનાથજી માટે કહેવાયેલી વાત મારી બુદ્ધિમાં ઉતરતી નથી પણ તેટલો અંશ છોડીને અહીં ઉપયોગી અંશને જ લઇ વિચારીએ છીએ. તેમાં શ્રીદામોદરદાસજીના દેહત્યાગ પછી તેમના પત્નીએ બધા જ દ્રવ્ય સહ શ્રીદ્વારિકાધીશપ્રભુને શ્રીમહાપ્રભુને ત્યાં અડેલ પધરાવ્યા ત્યારે ઉપસ્થિત એક વૈષ્ણવે કહ્યું કે "**महाराज ! श्रीद्वारकानाथजी वैभव सहित पधारे हैं**" ત્યારે શ્રીમહાપ્રભુએ આજ્ઞા કરી કે શ્રીઠાકોરજીને પધરાવી લાઓ અને બાકીનું બધું જ દ્રવ્ય શ્રીયમુનાજીમાં પધરાવી દો. જો કે ભાવ પ્રકાશમાં આ બાબતમાં શ્રીઆચાર્યચરણના શ્રીમુખે જે કારણ અપાયું છે તેમાં સંભલવાલાનો પુત્ર મ્લેચ્છ છે અને તે આવીને ઝગડો કરે-દ્રવ્ય દુઃખોનું મૂળ છે તેથી આમ કરવાથી લૌકિક ઝગડો પણ મટી ગયો એમ જણાવ્યું છે. પરંતુ માત્ર આટલું જ કારણ આના માટે પર્યાપ્ત નથી કારણ કે આજ પ્રસંગમાં આના પૂર્વ શ્રીગોપીનાથજી પ્રતિના વાક્યમાં અને શ્રીગોપીનાથજીના વાક્યમાં તથા વૈષ્ણવના વાક્યમાં આ આવેલા દ્રવ્યને દેવદ્રવ્ય તરીકે સ્પષ્ટ શબ્દોમાં કહેવાયું છે. અતઃ તેવા દેવદ્રવ્યને સ્વીકારી તેનાં વડે શ્રીપ્રભુની સેવા કરવી તેમાં પોતાની અત્યન્ત અનિચ્છા હોવાથી તે દ્રવ્યને સ્વીકાર્યું નથી. શ્રીવ્રજભક્તોને જ્ઞાન હતું કે અમારા પ્રિય શ્રીકૃષ્ણ એ તો વૈકુંઠના વૈભવવાળા અને સાક્ષાત્ લક્ષ્મીના આધિપતિ છે, તેમ છતાં પણ તે વ્રજભક્તોએ અવતારદશામાં પણ શ્રીપ્રભુની સેવા કરી છે તે વૈકુંઠના વૈભવી પદાર્થોથી નહિં પરન્તુ વ્રજના વૈભવથી જ કરી છે અને શ્રી પ્રભુ પણ વ્રજસ્થ-વ્રજોદ્ભવ વસ્તુઓને જ અંગીકાર કરી વ્રજાધીશ બન્યા છે. વ્રજનો વૈભવ "**बर्हापीडम्**"શ્લોકમાં જોઇ શકાય છે. અને તેથી જ શ્રીગોપીજનો ગૌરવભેર કહી શક્યા છે કે "**श्रयत इन्दिरा शश्वदत्र हि**" ઇન્દિરા કે તેનાં સમ્બન્ધી વૈકુંઠના વૈભવની અમારા ભાવવૈભવ આગળ કોઇ વિસાત નથી-લક્ષ્મી આ વ્રજમાં ભગવાનના પત્નીના અધિકારે નથી રહેતાં કિન્તુ "**आश्रयत**" આશ્રય ભાવે રહે છે. આ આશ્રય પણ ભગવદાશ્રયભાવે નહિં પણ શ્રીવ્રજભક્તો ની દયા-કરુણાથી તેમનો આશ્રય કરીને રહે છે. જો વ્રજભક્તોએ વૈકુંઠના વૈભવથી સેવા કરી હોતે તો લક્ષ્મીજીને "**आश्रयत**"ની સ્થિતિમાં મૂકાવું પડતે નહિં બલ્કે વ્રજભક્તોએ તેમના આશ્રયે રહેવાની નોબત આવી ગઇ હોતે. તેવી જ રીતે શ્રીમહાપ્રભુના સેવકો પણ વૈકુંઠેશ્વરી લક્ષ્મીના આશ્રયે ક્યારેય હોતા નથી અને જે લક્ષ્મીનો આશ્રય કરીને ભગવન્માર્ગમાં જવાની ઇચ્છા રાખે તો તે શતજન્મમાં પણ ભગવન્માર્ગમાં પ્રવૃત્ત થઇ શકે નહિં. લક્ષ્મી વિના પોતાને કે પોતાના સેવા-ભકિતને અપૂર્ણ માનનારા તથાકથિત પોતાને શ્રીવલ્લભમહાપ્રભુના માં ખપાવી રહેલા આધુનિકો ગોપીગીતનો "**आश्रयत**" શબ્દનો પ્રયોગ તો શું પણ કલ્પના કરવાના પણ અધિકારી રહ્યા નથી. અતઃ શ્રીદ્વારિકાધીશપ્રભુ વૈભવસહિત પધારે તો પણ તે વૈભવનું દ્રવ્ય પોતાના ગૃહે સેવામાં અનુપયુક્ત સમજી શ્રીઆચાર્યચરણે તે દ્રવ્યને સ્વીકાર્યું નથી એમ જાણી શકાય છે. અતઃ વૈષ્ણવોએ પોતાના ગૃહે બિરાજતા શ્રીઠાકોરજી અંગે બીજા વૈષ્ણવથી દ્રવ્ય, પાત્ર, આભૂષણ, અન્ન, ફ્લ, દ્રવ્ય વિગેરે કંઇ પણ ન લેવું અને સેવામાં પોતાનાં જ સ્વત્વ નું દ્રવ્ય અંગીકાર

કરાવવું. એમ શ્રીઆચાર્યચરણનો સંભલવાલાના પ્રસંગમાં લીધેલા નિર્ણયથી સમજી શકાય છે. તેવી જ રીતે વૈષ્ણવોને ત્યાંથી વૈભવસહિત શ્રીઠાકોરજી પધારે ત્યારે ત્યારે આ વિવેકની જાળવણી દઢતાથી થવી જરૂરી છે એમ મારું માનવું છે. જેમ હોઠ,જીભ કે છાતી ન બાળે માટે ગરમ ચાયને લોકો ફુંકી ફુંકીને પીએ છે તેવી જ રીતે આવેલું દ્રવ્ય એ ભાવ વિચાર કે જીવન બાળીને સર્વનાશ ન કરી નાંખે તેથી તેને પણ ચાયની માફક જ ફૂંકી ફૂંકીને લેવું જોઇએ. શ્રીઠાકોરજીનું જ દ્રવ્ય શ્રીઠાકોરજીને સેવામાં અંગીકાર કરાવવામાં આપણું શું સમર્પણ થયું અને તેથી આપણી કઇ અહંતા મમતા ત્યજાઇ ? કેટલીક જગ્યાએ એમ પણ જોવા મળ્યું છે કે વૈષ્ણવો પોતાના ઘરે શ્રી....નો મનોરથ યોજે અને એમાં વૈષ્ણવોને દર્શનાર્થ આમંત્રે ત્યારે દર્શનાર્થીઓ વ્યવહારવશ યા શ્રદ્ધાવશ કંઇને કંઇ શ્રીપ્રભુઅર્થે આપે ફલ વિગેરે યા શ્રીઠાકોરજીના ઉપયોગની કોઇ વસ્તુ વિગેરે, તો પોતાના શ્રીઠાકોરજીના અર્થે બીજાનું દ્રવ્ય ન સ્વીકારવું અને તેને સેવામાં ન સમર્પવું જ યોગ્ય છે. તેવી જ રીતે ઘણાં બધા વૈષ્ણવોના શ્રીઠાકોરજીના સામુહિક મનોરથો યા સામુહિક અન્નકુટોત્સવો વિગેરેને પણ હું યોગ્ય યા હિતાવહ ગણતો નથી. આવા બધા જ પ્રકારો એ આપણી સમર્પણની મુખ્ય ભાવનાને ખંડિત કરે છે તેમજ આપણી ભક્તિમાર્ગીયા સાધનાને દુર્બળ બનાવે છે અને અવરોધે પણ છે. ઉપરાંત સેવાના નામ પર અલૌકિક ભાવોની વૃદ્ધિની જગ્યાએ લૌકિક વધારે છે. તન-વિત્ત વડે શ્રીપ્રભુની સેવારૂપ સાધન શ્રીમહાપ્રભુએ સૂચવ્યું છે તે આપણી ભક્તિવૃદ્ધિ અર્થે સૂચવ્યુ છે, નહિં કે વ્યવહારવૃદ્ધિ અથવા તો એક-બીજા સાથેના સંબન્ધો વધારવા કે લૌકિક સાધનો જુટાવવા સૂચવ્યું છે.

આ પ્રમાણે સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણ ભગવદ્ધર્માનુરોધી અને વ્યવહારાનુરોધી એમ સમર્પણના બે પ્રકારો દર્શાવે છે જેનાંથી કોઇ પણ સ્થિતિમાં સેવાસાધના પરાયણ વૈષ્ણવને ક્યાંય અને ક્યારેય કોઇ પણ પ્રકારે સેવામાં દોષોની બાધકતા નડે નહિં અને આગળ પણ દોષો ઉત્પન્ન થવાની સંભાવના રહે નહિં.

શ્રીમહાપ્રભુ પ્રદર્શિત પુષ્ટિસેવામાં સ્નેહ અને સમર્પણ અત્યન્ત આવશ્યક છે અને તેમાં પણ સ્નેહની અનુદિત દશામાં તો શુદ્ધ સમર્પણ અતિશય અનિવાર્ય છે. શુદ્ધ એટલે જ્ઞાનમાર્ગીય કે કર્મમાર્ગીય સમર્પણની ભેળસેળ વિનાનું શુદ્ધ ભક્તિમાર્ગીય સમર્પણ. કાયાથી, વાણીથી, મનથી, ઇન્દ્રિયોથી,બુદ્ધિથી, અન્તઃકરણથી અને અનુસૃત સ્વભાવથી અનિષિદ્ધ સર્વ કાંઇ પત્ર, પુષ્પ, ફલ, જલ, રત્ન-આભૂષણ, સુવર્ણાદિ,વસ્ત્ર, ચારે પ્રકારના ભોજ્ય પદાર્થો વિગેરે સર્વ કાંઇ ભગવાનને માટે જ સંપાદન કરવા અને તે ભગવાનમાં મનની અવિચ્છિન્ન ગતિએ અતિશય પ્રેમપૂર્વક પ્રભુને સમર્પવા અને પોતાના અંતઃકરણાદિને પોતાના વશમાં રાખી પ્રભુ પ્રસાદરૂપે જે કંઇ આપે તેનાથી જ દેહપોષણ કરવું કે જીવનયાત્રાનો નિર્વાહ કરવો તેમજ સમર્પણ કરતી વખતે અર્ધભુક્ત પદાર્થ ક્યારેય ન સમર્પવો આ પુષ્ટિમાર્ગીય-સિદ્ધાન્તરહસ્યોક્ત સમર્પણનું તાત્પર્ય છે. ગ્રન્થ પરનું વિશેષ વ્યાખ્યાન સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ વિવરણ નામે ભાગ-૨ ના લેખનમાં શ્રીઆચાર્યચરણ લખાવશે તેમ કરીશું.

……

પરિશિષ્ટ-૧

ભાગવત ૧૧-૨-૩૬ ઉપરની સુબોધિની મૂલ તથા તેનો ગુજરાતીમાં અનુવાદ

અનુવાદ- પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

વિ.સં.૨૦૫૨ માં પ્રકાશિત સમર્પણનો સિદ્ધાન્ત માંથી
સાભાર-ઉદ્ધૃત

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्धयात्मना वानुसृतस्वभावात् ।
करोति यद्यत् सकलं परस्मै नाराणायेति समर्पयेत् तत् ॥ ३६ ॥
(भाग.११-२-३६)

सुबोधिनी व्याख्या

एवं श्लोकद्वयेन मुख्या भागवता धर्मा उक्ताः, प्रथमानाह श्लोकत्रयेण **कायेन**त्यादिना, **“यत् करोषी”** त्यत्र लौकिके कर्तृत्वभोक्तृत्वे होमदाने पूर्वकाण्डकर्तव्ये तपश्चोत्तरकाण्डस्थमिति लोकवेदयोः **समर्पण**मुक्तं, ततश्च केवलस्य समर्पणस्य सुखं दुःखाभावः फलं चोक्तं, त्यागयोगसहितस्य तु मोक्षद्वारा स्वप्राप्तिरप्युक्ता “संन्यासयोगयुक्तात्मे”ति, तथा चात्मनिवेदिनो विशेषेण वदति “प्रपन्नाये”ति प्रश्ने वचनात्, आत्मनिवेदन एव सर्वस्य समर्पणेपि **पूर्वस्वभावानुवृत्त्या** भगवन्तमात्मनिवेदनं च विस्मृत्य लौकिककर्तृत्वेन करोति तस्यैव **समर्पण**मितिविशेषः, त्यागो भगवद्भजानार्थ इति संन्यासस्थाने भक्तिरुक्ता, कार्यसमर्पणं भक्तिर्योगश्चेति श्लोकत्रयेण निरूप्यते, आद्यमाह, ज्ञानप्राधान्येन क्रियाप्राधान्येन वा करणं तत्र **कायवाङ्मनोभिरिन्द्रियै**श्चेतिक्रिया, **बुद्धि**स्वरूपेणेति ज्ञानं, “ज्ञात्वाज्ञात्वा वा” करणं यद्यदितिकरणे पृथक्त्वं समर्पणे ह्येकत्वं, विहितनिषिद्धानां लौकिकालौकिकानां च कृतानि तुभ्यं समर्पयामीति न किन्तु तुभ्यमेव कृतानीति स्वभावात् भिन्नतया कृतमपीत्येवं समर्पयेत् ॥ ३६ ॥

અનુવાદ :- (પૂર્વના શ્લોક ૩૪-૩૫) બે શ્લોક વડે મુખ્ય ભાગવત ધર્મો કહ્યા, હવે (કૃપાયુક્ત અધિકારી વડે) પ્રથમ કર્તવ્ય એના ધર્મોને કહે છે **“कायेन”** વિગેરે ત્રણ શ્લોકો વડે. **“यत् करोषि”** (ગીતા. ૯-૨૭) આ શ્લોકમાં (જે તું કરે છે) એના વડે લૌકિક કતૃત્વ, (તું જે અશન કરે છે) એના વડે લૌકિક ભોક્તૃત્વ. (જે તું યજન કરે છે-જે તું દાન આપે છે) એનાં વડે હોમ-દાન એ પૂર્વકાંડોક્ત કર્તવ્ય અને (જે તું તપ કરે છે) એનાં વડે ઉત્તરકાંડોક્ત કર્તવ્ય કે જે તપ છે (તપ એટલે વિચાર-આલોચન) એમ લોક-વેદનું ભગવાનને સમર્પણ ગીતામાં કહ્યું છે. ત્યાર બાદ **“शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः”** ગીતા.૯-૨૮) શ્લોકના પૂર્વાર્ધ વડે કેવલ સમર્પણનું (ત્યાગ-યોગ સાહિત્ય વિનાનું કેવલ) દુ:ખાભાવ અને સુખ ફલ કહ્યું. (શ્લોકના ઉત્તરાર્ધ વડે **“संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपेष्यसि** ” એનાં વડે) (એવું સમર્પણ) ત્યાગ-યોગ સહિત હોતાં મોક્ષ દ્વારા સ્વ એટલે પોતાની - ભગવત્પ્રાપ્તિ થવી પણ જણાવી છે. **“संन्यासयोगयुक्तात्मा”** વાક્યથી. રાજાના પ્રશ્નમાં **“प्रपन्नाय”** એમ વચન છે તેથી પ્રપન્ન થઇને આત્મનિવેદન કરનારના પ્રતિ વિશેષ પ્રકારે (સમર્પણ) કહે છે (એટલે કે સંન્યાસ યોગ યુકતાત્મા = સારી પેઠે સ્વ સર્વસ્વ ત્યાગેલો = પોતાનું આત્મનિવેદન કરી ચૂકેલો એવા યોગથી યુકત આત્મા જેનો છે એવો તું થઇને સર્વ કર્મબન્ધનોથી મુક્ત થઇ મોક્ષ દ્વારા મને પ્રાપ્ત થશે), (જ્યારે પૂર્વમાં જ આત્મનિવેદન કરાતાં સર્વસ્વ સમર્પણ થઇ ગયું છે ત્યારે પછી **“यत्करोषि”** વિગેરેથી પુન:સમર્પણમાં કંઇ વિશેષ રહેતું ન હોવાથી તેવું સમર્પણ નિરર્થક-પ્રયોજન વિનાનું થઇ જશે ? એમ શંકા થાય તો કહે છે-) યદ્યપિ આત્મનિવેદન કરાતાં જ સર્વસ્વનું સમર્પણ થઇ જતું હોવા છતાં પણ પૂર્વ સ્વભાવની અનુવૃત્તિ વડે (પૂર્વ સ્વભાવની અનુવૃત્તિ એટલે આત્મનિવેદન કર્યા પહેલાંનો જે અહં-

મમ એટલે કે હું-મારું-તારું ની જે અનુવૃત્તિ જીવનમાં થાય છે તેના વડે) ભગવાનને અને ભગવાનને કરેલા આત્મનિવેદનને વિસ્મરીને પોતાના લૌકિક કર્તાપણાથી જે તું કરે છે તેનું જ (અહીં ગીતા શ્લોક-૨૭માં) સમર્પણ કહ્યું છે એમ (આત્મ નિવેદન પછીના સમર્પણમાં) વિશેષ સમજવું. (ગીતામાં સંન્યાસ શબ્દથી જે ત્યાગ કહ્યો છે તે) ત્યાગ ભગવદ્‌ભજનને અર્થે છે એ હેતુથી અહીં (ભાગવતના આ **"कायेन वाचा"** વિગેરે ત્રણ શ્લોક પૈકી પ્રથમ શ્લોકમાં સમર્પણ કહી બીજા શ્લોકમાં **"भयं द्वितीयाभिनिवेशतः"** એ શ્લોકમાં) સંન્યાસની જગ્યાએ ભક્તિ કહી છે. આમ ત્રણ શ્લોક વડે (ભાગવતમાં ૧૧-૨ માં શ્લોક ૩૬-૩૭-૩૮ વડે) અનુક્રમે કાર્યસમર્પણ, ભક્તિ અને યોગ એમ ત્રણનું નિરૂપણ થયેલું છે. આ ત્રણમાં પ્રથમ (આ ૩૬ માં શ્લોકમાં) કાર્ય સમર્પણને કહે છે, જ્ઞાનપ્રાધાન્ય વડે કરાતું કે પછી માત્ર ક્રિયાપ્રાધાન્ય વડે કરાતું કર્મ એમ કરણમાં ઉભય પ્રકાર છે, ત્યાં કાયા, વાણી, મન અને ઇન્દ્રિયો વડે ક્રિયાપ્રાધાન્યથી કર્મ થાય છે, બુદ્ધિ સ્વરૂપ વડે જ્ઞાન-જ્ઞાન પ્રાધાન્યથી કર્મ થાય છે, જાણીને કે નહિં જાણીને કરવામાં આવે તે (એટલે કે જાણીને એટલે જ્ઞાનપ્રાધાન્ય વડે કરાતું કર્મ અને નહિં જાણીને એટલે જ્ઞાન વિના-જાણ્યા વિના માત્ર ક્રિયાપ્રાધાન્ય વડે કરાતું કર્મ) એમાં કર્મમાં-કરણમાં **"यद् यद्"** એમ જે યદ્‌ શબ્દની પુનરાવૃત્તિ છે તેથી કરણમાં પૃથક્‌તા છે, સમર્પણમાં એકત્વ છે, એટલે કે જાણીને અને જાણ્યાવિનાનું એમ બન્ને પ્રકારના કરાતા કર્મોનું એકપણાથી સમર્પણ છે (જાણીને કરાયેલાનું જૂદું અને નહિં જાણીને કરાયેલાનું જૂદું એમ અલગ-અલગ નહિં પણ અલગ-અલગ કરાતા બન્ને કર્મોનું એકપણાએ સમર્પણ છે).·(તેથી) વિહિત અને નિષિદ્ધ, લૌકિક અને અલૌકિક એમ જે કંઇ પણ (પૂર્વ સ્વભાવની અનુવૃત્તિથી)કરાયેલા કર્મો છે તે હે પ્રભુ તમને સમર્પણ એમ નહિં, કિન્તુ (પૂર્વ સ્વભાવની અનુવૃત્તિ વિના પણ અહં-મમ વૃત્તિથી અલગ) માત્ર તમારા માટે જ કરાયેલા (જે-જે) પોતાના સ્વભાવથી ભિન્નતા વડે કરાયેલા કર્મો છે તે પણ તમને સમર્પણ, એમ સમર્પવા (પૂર્વ

સ્વભાવની અનુવૃત્તિથી તથા પૂર્વ સ્વભાવની અનુવૃત્તિ વિના માત્ર ભગવાનને અર્થે જ કરાયેલા કર્મો એમ સર્વ કર્મો ભગવાનને સમર્પવા) એમ **"इति समर्पयेत्"** નો આશય છે ॥ ૩૬ ॥

••••••••

परिशिष्ट - २

શ્રીમદ્વિઠ્ઠલેશ્વર પ્રભુચરણ વિરચિત શ્રીમદ્ ભાગવત
એકાદશસ્કન્ધસ્થ
“कायेन वाचा” પદ્ય તાત્પર્ય નિરૂપણ (સ્વાભાવિક-સમર્પણ)

અનુવાદ :- ગો.શ્રીચન્દ્રગોપાલજી - વડોદરા.

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वानुसृतस्वभावात् ।
करोति यद्यत् सकलं परस्मै नाराणायेति समर्पयेत् तत् ॥ ३६ ॥
(श्रीमद्भाग. ११, २, ३६)

कायेनेति, **कायेन**कृतं पूजानमनादि नारायणे विनियुक्तं न फलेत् चेत् तदा न भागवतो धर्मः, भगवति न केवलं **काया**दिकृतमलौकिकमेव तादृशं भागवतो धर्मः, किन्त्व**नुसृतो** यः स्वभावस्तस्मात् तद्वशादपि **यत् काया**दिकृतं तदपि तथा, अयमर्थः, ब्राह्मण्यादीनां शान्तत्वदान्तत्वशौचादिस्वभावः, तेन स्वस्वभावानुसारि यत् लौकिकं स्वस्वभावानुरोधि यदलौकिकं स न भवति, तथा हि ब्राह्मणादिभिः क्रियमाणानि शान्तत्वादिस्वभावानुरूपाणि, तथा चायमर्थः, ब्राह्मणादेर्यदनिषिद्धं तादृशं तदेतादृशं लौकिकं भोजनाद्यपि हरौ विनियुक्तं चेत् न दृष्टफलमिति भोजनादीनामपीहैव पर्यवसानमेवं ब्राह्ममुहूर्तं आत्मकृतं यावत् लौकिकक्रियाजातं तस्येहैव पर्यवसानात् तदुपयोगबुद्ध्यैव करणं यथोपरुद्धेन पूजादिकरणैरपचारः स्यादितिबुद्ध्या मूत्राद्युपचारा न तु शरीरादेर्निर्बन्धाभावमुद्दिश्य, तथा पाकाद्युपयोगिकवागादिव्यापारस्यापि भगवदर्थपाकाद्युपयोगितयैव प्रवर्तनमन्नपानादिग्रहस्तन्निवेद्याचोदकस्वीकाररूपतया शरीरपोषणक्षमस्य तस्य स्वीकारस्तत्सेवोपयुक्तशरीररक्षोपायतया यथा तत्सेवोपयुक्तपूजाद्युपकरणादौ रक्षा यतस्तद्वदेवं पोष्यपत्नीपुत्रादिपोषणस्य तदीयपाकादिकर्मनियुक्तपोषणतया तदनुरागेण

तदनुपयुक्तपित्रादिदोषाणां च तद्राहित्येन पापापकीर्तिभयेन भगवत्सेवाप्रतिकूपनिरसनरूपेण न तु विश्रामबुद्ध्या ।

॥ इति श्रीमद्विट्ठलेश्वरविरचितं कायेनेतिपद्यतात्पर्यनिरूपणं समाप्तम् ॥

“कायेन वाचा” (ભાગવત ૧૧-૨-૩૬) આ શ્લોક પર એનાં તાત્પર્યને પ્રકટ કરતું, સ્વાભાવિક સમર્પણને સમજાવતું શ્રીવિઠ્ઠલેશ્વર પ્રભુચરણ પ્રકટિત “કાયેનવાચા-તાત્પર્ય નિરૂપણ” લેખનો અનુવાદ :-

કાયેન વિગેરે. કાયા વડે કરવામાં આવેલ પૂજા-નમન વિગેરે કર્મો તેનો વિનિયોગ જો નારાયણમાં ન કરવામાં આવે ત્યારે તેવા કર્મો ભાગવત ધર્મ હોતા નથી, ફક્ત કાયા-વાણી-મન વિગેરે દ્વારા કરાતાં (લૌકિકથી ભિન્ન એવા) અલૌકિક પૂજા-નમન વિગેરે કર્મો જ ભગવાનને સમર્પવા એ ભાગવતધર્મ છે એમ જણાવવાનું અત્ર તાત્પર્ય નથી કિન્તુ અનુસૃત થયેલો જે સ્વભાવ છે તેનાથી પણ-તે સ્વભાવવશ પણ જે કંઇ પણ કાયા વિગેરે દ્વારા કર્મો કરાતા હોય તેનું પણ સમર્પણ કરવું એ ભાગવત ધર્મ છે. અહીં આ મુજબ અર્થ સમજવો. બ્રાહ્મણ વિગેરેનો (ક્ષત્ર, વિટ્ વિગેરેનો) શાન્તત્વ, દાન્તત્વ, શૌચ વિગેરે (વિગેરેથી ક્ષત્ર, વિટ્‌ના સ્વભાવજ કહેવાયા છે તે) સ્વભાવ છે, તેના વડે કરીને પોતાના સ્વભાવ અનુસારનું (ત્રણેના સ્વભાવ અનુસારનું) જે લૌકિક છે તે પોતાના સ્વભાવનું અનુરોધી એવું જે અલૌકિક છે તે હોતું નથી. તેમજ બ્રાહ્મણ વિગેરના (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યના)લૌકિક કર્મો બે પ્રકારના હોય છે.(૧) નિષિદ્ધ, (૨) અનિષિદ્ધના ભેદથી. ત્યાં બ્રાહ્મણો વિગેરે વડે જે અનિષિદ્ધ કરાતાં કર્મો છે તે શાન્તત્વ વિગેરે સ્વભાવના અનુરૂપ હોય છે. આ પ્રકારે અહીં આમ અર્થ સમજવો, બ્રાહ્મણ વિગેરેનું (શાન્તત્વ વિગેરે સ્વભાવના અનુરૂપ) જે અનિષિદ્ધ કરાતાં કર્મો છે તે તેની માફક જ (શાસ્ત્રમાં જેનો નિષેધ કરાયેલો નથી તેવું અનિષિદ્ધ)ભોજન કરવું વિગેરે લૌકિક કર્મ પણ જો ભગવાન ને અર્પણ કરવામાં આવ્યું હોય-તેનો વિનિયોગ શ્રી હરિમાં

કરવામાં આવ્યો હોય તો તેનું દષ્ટ ફલ ન હોઇ (ભોજન-સ્નાનાદિ લૌકિક કર્મ ભગવાનને અર્પણ કરાતાં તેવા કર્મનું અમુક-અમુક લૌકિક વિગેરે ફલ થશે તેવું વ્યવહારમાં દેખાતું-સંભળાતું ન હોવાથી) ભોજન-શયન-સ્નાન વિગેરે ભગવાનને અર્પણ કરાયેલા કર્મનું પણ અહીં જ-આજ ભાગવતધર્મમાં પર્યવસાન છે, એવી જ રીતે બ્રાહ્મમુહૂર્તમાં (સવારે જાગતાં) આત્મકલ્યાણને અર્થે (બ્રહ્મચિન્તન, સેવા, પૂજા, સ્મરણ, જપ, પાઠ માટે) જે કંઇ પણ લૌકિકી ક્રિયાથી થયેલું હોય (જાગવું, મલોત્સર્જન, સ્નાન વિગેરે) તેનું પણ અહીં ભાગવતધર્મમાં જ પર્યવસાન છે, (કારણ કે) તેવા કર્મ પણ ભગવત્સેવાદિમાં ઉપયોગ બુધ્ધિથી જ કરાતા હોય છે, (જેમ કે સ્નાન ભગવાનની સેવામાં જરૂરી શુધ્ધિ અર્થે કરવામાં આવે) જેમ મલોત્સર્જન વિગેરેમાં પણ જો દેહમાંથી મલ બહાર કરવામાં ન આવે તો અન્દર રોકાયેલા મલવાળો ભગવાનની પૂજા વિગેરે કરતો હોય ત્યારે પણ તેને અપચાર (પથ્ય વિરૂધ્ધ આચરણ) રૂપે નડે છે તેવી બુધ્ધિથી કરાતાં મૂત્રાદિ ઉપચારો (સ્વાસ્થ્ય અંગેના ઉપાયો) પણ શરીર વિગેરેની દુષ્ટ આસકિતથી માત્ર શરીરને સ્વભોગ-સુખ માટે રોગ-પીડાદિ બન્ધોથી મુકત રાખવાની બુધ્ધિથી નહિં પણ ભગવત્સેવાર્થં બુધ્ધિથી જ કરાતાં, તેવી જ રીતે રસોઇ બનાવવી વિગેરે માટે જરૂરી બોલવું વિગેરે વાણીનો વ્યાપાર-ઉપયોગનો પણ ભગવાનને માટે રસોઇ બનાવવું વિગેરે ભગવદર્થે-ભગવત્સેવાર્થે રસોઇ બનાવવું-બોલવું વિગેરે વડે પ્રવર્તન થતાં, ભગવાનને નિવેદન થયેલા અન્ન-જલ વિગેરેનો પણ સ્વીકાર લૌકિક ક્ષુધા-તૃષા ને વશ થઇને નહિં પણ ભગવત્પ્રસાદના સ્વીકાર રૂપે તથા તે ભગવત્ પ્રસાદ દ્વારા દેહનું પોષણ પણ ભગવત્સેવામાં શરીર ઉપયોગી સાધન છે જેમ પૂજા વિગેરેમાં પાત્ર, વસ્ત્ર, ઘંટા, શંખ વિગેરે જરૂરી સાધનો છે તેમ તેની માફક તેની સેવાસાધન તરીકે રક્ષાના ઉપાય રૂપે દેહ પોષણ થતાં, તેવી જ રીતે પોતાના દ્વારા જેમનું પોષણ કરવાનું છે તેવા પોષ્ય પત્ની, પુત્ર વિગેરેનું પોષણ કરવાનું કર્મ પણ ભગવાનની રસોઇ બનાવવી વિગેરે ભગવાનની સેવામાં તે લોકો નિયુક્ત છે તેથી તેમનું-ભગવત્સેવાર્થે તેમનું પોષણ કરાતાં અને તે

અનુસાર જ - તેટલા પૂરતું જ તેમનામાં અનુરાગ રાખતાં અને ભગવાનની સેવામાં અનુપયોગી એવા પોતાના વૃધ્ધ માતા-પિતા વિગેરે (અથવા તો પત્ની-પુત્રાદિ પણ જો ભગવત્સેવામાં સહયોગી ન બનતાં હોય તેવા પત્ની-પુત્રાદિનો પણ) નો પણ તેમનામાં અનુરાગ નહિં રાખીને વૃધ્ધ માતા-પિતાનું પોષણ નહિં કરાતાં શાસ્ત્રતઃ પાપ થાય અને પત્ની-પુત્રાદિ પોષ્યનું પોષણ નહિં કરાતાં જગતમાં અપકીર્તિ થઇ અનેક સાંસારિક કલેશ વિગેરે સેવામાં બાધા કરે તેવા બાધકો ઉત્પન્ન થાય છે તે પાપ અપકીર્તિ વિગેરે બાધકો સેવામાં બાધા ન પહોંચાડે તે માટે ભગવત્સેવામાં પ્રતિકૂલબાધકતાઓને દૂર કરવાની બુધ્ધિથી તેમનું પોષણ કરાતાં -નહિં કે આ બધા મારા સ્વજનો મારા જીવનમાં ઉપયોગી છે તેવી તેમનામાં વિશ્રામબુધ્ધિ રાખીને પોષણ કરવું. આમ ઉપર મુજબ બધાનો જ ભાગવત ધર્મમાં સમાવેશ સમજવો.

•••••••••

પરિશિષ્ટ-૩

સમર્પણનો સિદ્ધાન્ત

લેખક :- ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી - વડોદરા.

વિ.સં.૨૦૫૨ માં પ્રકાશિત સમર્પણનો સિદ્ધાન્ત માંથી
સાભાર-ઉદ્ધૃત)

જે કંઇ પણ લૌકિક અનિષિદ્ધ કર્મો છે તે કરવા અને નિષિદ્ધ લૌકિક કર્મો છે તે ન કરવા. કેમ કે તેવા નિષિદ્ધ કર્મો (પુત્રોત્પત્તિના હેતુ વિના માત્ર ભોગવૃત્તિથી સ્ત્રી સહવાસ, માંસ-મદિરા વિગેરેનું સેવન, જરૂર વિના પૈસાના વધુ પડતા લોભથી માત્ર પૈસો ભેગો કરવા વ્યપાર વિગેરેનો વધુ પડતો ઉદ્યમ, અથવા તો જેનો સવિશેષ નિષેધ શાસ્ત્રમાં અને વ્યાવહારમાં થયેલો છે એવા જુગાર, સટ્ટો, વેશ્યાવૃત્તિ, માંસ-મદિરા વિગેરેનો વિક્રય, ભગવન્નામ વિક્રય, ભગવદ્રૂપ વિક્રય વિગેરે વડે દ્રવ્યોપાર્જન કરવું વિગેરે આ બધા નિષિદ્ધ કર્મો) ભગવાન સ્વીકારતા નથી, ભગવાનને પ્રિય નથી અને એવા કર્મોનો ભગવત્સેવામાં કોઇ ઉપયોગ પણ નથી, તેથી તેવા કર્મો નહિં કરવા.

વળી અનિષિદ્ધ કર્મો પણ ભગવદર્થે જ કરવા પણ સ્વાર્થ પોતાના માટેની બુદ્ધિ-વિચાર રાખી ન કરવા. એટલે કે અનિષિદ્ધ હોવા છતાં પણ જે કર્મનો ભગવાનમાં કે ભગવાન માટે ઉપયોગ ન હોય તેવા કર્મો ન કરવા. કારણ કે યદ્યપિ લૌકિકમાં તેવા કર્મોનો નિષેધ થયેલો ન હોવા છતાં પણ ભાગવતધર્મના માર્ગમાં ભગવાન વિનાનું-ભગવાન માટેના વિચાર વિનાનું સર્વ કંઇ નિષિદ્ધ જ છે. અતઃ મલોત્સર્જન કરવું, મૂત્રોત્સર્જન કરવું, દંતધાવન કરવું, હસ્તપ્રક્ષાલન વિગેરે કરવું, સ્નાન કરવું, વસ્ત્ર ધારણ કરવા, તિલક વિગેરે ચિહ્નો ધારણ કરવા વિગેરે દૈહિક-દેહસમ્બન્ધી લૌકિક કર્મો પણ પોતાના અર્થે નહિં વિચારી ભગવત્સેવાના અર્થે-વિચાર કરવા. જેમ કે મલ-મૂત્ર ત્યાગ પણ અપચારની (પથ્યવિરૂદ્ધ-સ્વાસ્થ્યને હાનિકર એવું આચરણ) નિવૃત્તિથી શરીર હલકું થવાથી પોતાના મનને સારું લાગે-મનથી સુખ અનુભવાય તે માટે નહિં કિન્તુ મલ-મૂત્ર શરીરમાં રોકાઇ અપચાર કરતા હોય તેવો વ્યક્તિ ભગવત્સેવામાં જઇને પણ તેને એ દૈહિક અપચાર બાધક બને છે તે ભગવત્સેવામાં બાધક ન બને તે માટે મલ-મૂત્ર ત્યાગવા, સ્નાન કરવામાં પણ એટલા માટે સ્નાન નહિં કરવું કે પસીનાવાળું શરીર થઇ ગયું છે તો નહાવાથી જરા સ્વસ્થ થઇ જવાય તો મન પ્રફુલ્લિત બને અને મન પ્રફુલ્લિત હોય તો સંસારના કાર્યો વધુ સારી રીતે થઇ શકે યા હરવા-ફરવામાં પણ મનને સારું લાગે, પણ એટલા માટે સ્નાન કરવું કે મારે ભગવત્સેવામાં જવું છે તેથી સ્નાનથી દેહશુદ્ધિ જરૂરી છે, અથવા તો સેવા કરતાં પરસેવો વિગેરેથી દેહ ગંદો અને દુર્ગન્ધવાળો થઇ ગયો છે અને તેવા શરીરે સેવામાં પહોંચતાં શ્રીપ્રભુને પરિશ્રમ થાય તેથી ફરીથી સ્નાન કરી દેહ શુદ્ધ કરવો. તેવી જ રીતે નવા કે ધોયેલા સ્વચ્છ વસ્ત્રો પણ એવા વિચારે ધારણ ન કરવા કે સમાજમાં આપણો વટ પડે કે આપણું સારું લાગે કે આપણા મનને સુખ થાય, કિન્તુ સેવામાં શુદ્ધ વસ્ત્રો જોઇએ અને પ્રભુની દષ્ટિમાં ગંદા-અશુદ્ધ વસ્ત્રો ન આવે કે ગન્ધાતા વસ્ત્રોની દુર્ગન્ધથી શ્રીપ્રભુને પરિશ્રમ ન પડે તે માટે નવીન યા ધોયેલા સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવા, તેવી જ રીતે વાણીથી દુનિયા માટે હાય-હાય કરવી કે આવેશમાં અપશબ્દો કહેવા કે ઠઠ્ઠા મશ્કરી કરવી કે જેનાથી ચિત્તમાં લૌકિકતા વ્યાપે તેમ બોલવું વિગેરે વાણીથી કર્મ ન કરી પ્રભુની સેવામાં ઉપયોગી એવા લાવો,મૂકો, જાઓ, આવો, લઇ જાઓ વિગેરે સેવાર્થ ઉચ્ચારણો કરવા અથવા તો ભગવત્પ્રસન્નતાર્થે સહસ્રનામ પાઠ વિગેરે કરતાં ભગવન્નામોચ્ચારણ કરવું કે સેવામાં કીર્તનાદિ કરવા કે ભગવચ્ચરિત્ર કથા કરવી, ભગવદ્ ગુણ ગાવા વિગેરે વાણીના કર્મો કરવા, તેવી જ રીતે ઘરે અન્ન પકાવવું એટલે કે રસોઇ કરવી તે પણ એટલા માટે નહિં કે તે પોતાને માટે, પરિવાર માટે કે ઇતર સ્વજનોના હેતુથી બનાવવામાં આવતી હોય, સ્વાદિષ્ટ-રુચિકર-સ્વાસ્થ્યકર ભોજન વડે પેટ ભરવું કે પરિવારજનોનું પેટ ભરવું તેવી બુદ્ધિથી નહિં

પણ શ્રીપ્રભુને આરોગવા માટે જ-તેવા વિચારે જ અન્ન પકાવવું, તેમજ ભગવાનને નિવેદન કરાયેલા નિવેદિત અન્ન-જલ વિગેરે પણ દેહવૃત્તિથી ઉત્પન્ન ભૂખ-તરસને મિટાવી દૈહિક સન્તોષ અર્થે કે પછી અન્નજલ ગ્રહણ નહિં કરાતાં દેહમાં રોગો પ્રવેશી જશે, દેહ અશક્ત થઇ જશે અને મૃત્યુ થઇ જશે અને જો તેમ થશે તો પછી કુટુંબ-કબીલાનું ભરણ-પોષણ કેમ થશે, તેમજ આ શરીર નષ્ટ થતાં પછી ભોગ વિલાસ પણ નષ્ટ થઇ જશે તેવા વિચારે અન્ન-જલ ગ્રહણ ન કરવા પરન્તુ આ શરીર એ ભગવાનની સેવાનું સાધન છે, જેમ સેવામાં કામમાં આવતાં પાત્રો, ખિલોનાઓ, વસ્ત્રો, ઘંટા, શંખ, ચન્દન, ધૂપ વિગેરે સેવાના સાધનો છે તેમ આ શરીર પણ સેવાનું સાધન છે, તે ન હોતાં કે તે અસ્વસ્થ-અસમર્થ-શક્તિહીન હોતાં ભગવત્સેવા કરવી શક્ય ન બને તેથી - તેવો હેતુ વિચારી અન્ન-જલ વિગેરે આહાર ગ્રહણ કરવો અને તે પણ તેમાં લૌકિક પદાર્થબુદ્ધિ નહિં રાખી આ સાક્ષાત્ ભગવત્ પ્રસાદ છે- ભગવત્સંબન્ધથી ભગવન્મય છે તેથી આ પ્રસાદના સેવનથી પોષાયેલા મારા દેહ-પ્રાણ-ઇન્દ્રિય-અંગ-ઉપાંગ વિગેરે એ પણ સેવામય-સેવોપયોગી બનશે એવો ભાવ રાખી ભગવત્ પ્રસાદી અન્ન-જલ ગ્રહણ કરવા. મતલબ કે જેમ સેવા સમ્બન્ધી ઉપર્યુક્ત સાધનોની આપણે દરેક પ્રકારે રક્ષા કરીએ છીએ તેમ આ શરીરને પણ સેવાનું જ સાધન સમજી તેના રક્ષણના ઉપાય રૂપે ભગવત્ પ્રસાદી અન્ન-જલ ગ્રહણ કરવા. આમ કહેવાથી ઔષધ સેવન કરવું વિગેરે ઉપચારો તેમજ વ્યાયામ-આસન-પ્રાણાયામાદિનો પણ આમાં જ આજ વિચારમાં સમાવેશ સમજવો, આ ભાવે જ અને તેટલા જ આચરવા. આમ કહેવાથી ગીતાનો **"युक्ताहारविहारस्य"** આ શ્લોક એની પણ અહીં સેવા વિષયમાં સંગતિ થઇ જાય છે. ગીતામાં વપરાયેલા **યુક્ત** શબ્દથી સેવામાં અનુકૂલ હોય કે થાય તે પ્રકારના આહાર-વિહારવાળો એમ અર્થ સમજવો.

આ બધું તો ઠીક, તેમાં તો ભગવત્ સેવાને અર્થે વિચારી શકાય, પરન્તુ જેની સાથે વિવાહ સમ્બન્ધથી બન્ધાયા છીએ તે પત્ની,

પોતાના નાના બાળકો વિગેરે કે જેમના ભરણ-પોષણની જવાબદારી નૈતિક-વ્યાવહારિક રીતે આપણા પોતાના માથા પર છે તેમના ભરણ-પોષણનું કર્મ તો સર્વથા સાંસારિક છે તેથી તેવા અતિ સાસંારિક કર્મને ભગવદર્થે કેવી રીતે પ્રયોજી શકાય ? અને તેની ભગવાનના અર્થે યોજના થયા વિનાનું લૌકિક કર્મ ભગવાનને અર્પણ પણ શી રીતે થાય ? તો પછી આ બધાનું ભરણ-પોષણ કરવું જ છોડી દેવું ? કે પછી તેવું કર્મ કરીને પણ તેટલું અર્પણ કર્યા વિનાનું જ બાકી રાખવું ? કે પછી તેવું કર્મ કરવું જ નહિં ? આવો પ્રશ્ન થાય, તો તેના સમાધાનમાં કહે છે-**"पोष्यपत्नीपुत्रादिपोषणस्य तदीयपाकादिकर्मनियुक्त-पोषणतया तदनुरागेण"** પોતાના વડે જેમનું પોષણ કરવું આવશ્યક છે એવા પોષ્ય પત્ની-પુત્ર વિગેરેને તેમનાથી શક્ય બને તે મુજબ ભગવાન માટે રસોઇ બનાવવી વિગેરે ભગવત્કાર્યમાં તેમને યોજવા અને એમ કરી એ લોકો પણ ભગવાનની સેવામાં ઉપયોગી-ભગવદર્થે હોઇ તેમના શરીરનું પણ પોષણ-રક્ષણ જેમ પોતાનું શરીર સેવોપયોગી છે તેમ પહેલાં વિચારી ગયા તે પ્રમાણે જ પોષણ-રક્ષણ આવશ્યક હોઇ તેવા ભાવે ને વિચારે તેમનું પોષણ-રક્ષણ કરવું તે પણ ભગવદર્થે જ છે. અતઃ તેઓ સેવામાં સહયોગી છે તેટલા પૂરતી જ તેમનામાં આસક્તિ રાખવી. મતલબ કે પોતાના સમ્બન્ધે તેમનામાં અનુરાગ ન રાખવો પણ સેવામાં સહયોગી છે અને આ લોકો પણ પ્રભુની સેવા કરનારા ભગવાનના સેવકો છે તે સમ્બન્ધે વૈષ્ણવ તરીકેનો તેમનામાં અનુરાગ રાખવો.

માની લીધું કે પોષ્ય એવા પત્ની-પુત્ર વિગેરેને સેવામાં યોજી ભગવત્સેવક તરીકે સેવામાં સહયોગી તરીકે તેમનું પોષણ-રક્ષણ વિગેરે કરવું તે લૌકિક પ્રકારનું હોવા છતાં પણ ભગવત્ સમ્બન્ધવાળું છે, પરન્તુ જે પોતાના દ્વારા પોષ્ય-જેનું ભરણ-પોષણ આપણે જ કરવું જરૂરી છે તેવાઓ જો સેવામાં યોજી શકાય તેવા ન હોય, જેમ કે પોતાના અશક્ત વૃદ્ધ માતા-પિતા વિગેરે વડીલો ઘરમાં રહેતા હોય અને તેમને સેવામાં યોજવા શક્ય ન હોય તેમનું ભરણ-પોષણ-રક્ષણ

વિગેરે તેમની સેવા શુશ્રૂષા વિગેરે કર્મ કરવું કે ન કરવું ? તેમ જ પત્ની-પુત્ર વિગેરેને પણ સેવામાં યોજવા છતાં પણ તેમના વિપરીત સ્વભાવ વશ તેઓ કેમે કરીને સેવામાં ન જ યોજાતાં હોય તો તેવા પત્ની-પુત્રાદિનું પણ ભરણ-પોષણ-રક્ષણ કરવું કે ન કરવું ? તેવા પ્રશ્નના સમાધાનમાં શ્રીપ્રભુચરણ જણાવે છે કે “**तदनुपयुक्तपित्रादिदोषाणां च तद्राहित्येन पापापकीर्तिभयेन भगवत्सेवाप्रतिकूलनिरसनरूपेण न तु श्रिामबुद्धया**” માતા-પિતા વિગેરેનું પોષણ-રક્ષણ “**मातृदेवो भव-पितृदेवो भव**” વિગેરે શાસ્ત્ર વાકયોથી વ્યક્તિનો પુત્રધર્મ શાસ્ત્રસિદ્ધ છે અતઃ માતા-પિતાની ઉપસ્થિતિ હોતાં તેમનું રક્ષણ-પોષણ વિગેરે એ નિત્યકર્મવત્ આવશ્યક ધર્મ બની જાય છે. આ બધા ધર્મો દેહ સાથે જડાયેલા છે તેથી દેહસ્થિતિ અને દેહજ્ઞાન એ બન્ને સાથે હોતાં આ બન્ને જ્યાં લગી સાથે હોય ત્યાં લગી તેનું આચરણ-પાલન કરવું એ સ્વધર્મ પણ છે. અતઃ “**तस्माच्छास्त्रं प्रमाणं ते**” એ ગીતા વાક્ય અનુસાર સ્વચ્છન્દતાથી તેવા ધર્મનું પાલન નહિં કરાતાં કર્તા પાપનો ભાગી બને છે. આવી પાપવાળી સ્થિતિમાં દેહ-પ્રાણ વિગેરેમાં આસુરભાવનો પ્રવેશ થઇ જાય છે જેથી ભગવાનની ભક્તિમાં જે અભિરુચિ થવી કે વધવી જોઇએ તે ન થઇ ભક્તિ અને ભગવાનથી મનુષ્યનું ચિત્ત પ્રતિમુખ થઇ અતિશય વિષયાભિમુખ બની રહી પરિણામે તે સ્વસર્વસ્વનો નાશ કરવાવાળો થાય છે. આ પ્રકારે દેહજ્ઞાનવાળી સ્થિતિમાં પાપ એ પણ ભગવદ્ ભજનમાં બાધક છે. અતઃ વૃદ્ધ માતા-પિતા ઇત્યાદિનું પોષણ વિગેરે મારી માતા-મારા પિતા વિગેરે પ્રકારની સ્વપ્રયુકત આસકિતથી નહિં કિન્તુ સ્વધર્મહાનિભયે-પાપભયે અને તે ભય પણ એટલે માટે કે એના વડે મન, બુધ્ધિ, શરીર વિગેરે આસુર આવેશવાળા બની ભગવદ્ ભજન સેવામાં બાધા કરશે અતઃ તેવી બાધા ભગવદ્ ભજનમાં ન આવે તેમ વિચારી -ભગવદ્ ભજન વિરોધી જે કોઇ પણ પ્રતિકૂલતાઓ હોય તેને પણ ભગવત્સેવાર્થે દૂર કરવું આવશ્યક છે તેમ વિચારી તેમનું પોષણ કરવું વિગેરે કર્મ પણ ભગવદર્થે જ કરવા.

તેવી જ રીતે ભગવત્સેવામાં નહિં યોજનારા એવા પત્ની-પુત્ર વિગેરે પોષ્યનું રક્ષણ પણ ભગવત્સેવામાં પ્રતિકૂલ એવા બાધકોને દૂર કરવા રૂપે જ તેમનામાં અનુરાગ-આસકિત રાખ્યા વિના મનમાં ઉપેક્ષાભાવ રાખી કરવું. પત્ની-પુત્ર વિગેરેનું ભરણ-પોષણ કરવું એ વ્યવહારસિદ્ધ હોવાથી તે ન કરાતાં લોક વ્યવહારમાં મહતી અપકીર્તિનો પણ ભય રહેલો છે. આ અપકીર્તિને પ્રાપ્ત કરાવનારો ભાવ કે તેવું કર્મ એને પણ ગીતામાં “**अकीर्तिकरमर्जुन**” વિગેરે વાક્યોથી કિલબ એટલે કે નપુંસક લોકોનો ભાવ કે કર્મ કહીને તેની નિન્દા કરવામાં આવી છે. આવી અપકીર્તિ એ જ્ઞાન, ભક્તિ, કર્મ વિગેરે કોઇ પણ શ્રેષ્ઠ માર્ગોમાં પ્રશંસાને યોગ્ય માનવામાં આવી નથી. અતઃ આ પ્રકારની અપકીર્તિ પણ ચિત્તમાં ઉદ્વિગ્નતા ઉત્પન્ન કરી ભગવત્ સેવામાં બાધક બને છે. ઉપરાન્ત જેઓ જેના ઉપર આધાર રાખનારા છે તેમનું જ્યારે ભરણ-પોષણ કરવામાં નથી આવતું ત્યારે તે લોકો દ્વારા અનેક પ્રકારે વૈમનસ્ય, કલહ, કલેશ વિગેરે પ્રાપ્ત થાય છે અને તેના વડે ચિત્ત કલુષિત બની ઉદ્વિગ્નતા, ક્રોધ, ગ્લાનિ વિગેરે દોષો ઉત્પન્ન કરે છે જે પરિણામે સરસતાથી સુન્દરતાપૂર્વક સેવા કરવામાં બાધક બને છે. અતઃ ભગવત્સેવામાં બાધક એવી આ પ્રતિકૂલતાના નિરાકરણના ઉપાય રૂપમાં તેમનામાં અનુરાગ-આસક્તિ રાખ્યા વિના તેવા ભાવે ને વિચારે ભગવત્સેવાર્થ તેમનું પોષણ વિગેરે કર્મ કરવું.

આ પ્રકારે “**कायेन वाचा**” આ શ્લોક પરની સુબોધિનીમાં “**तुभ्यमेव कृतानीति, स्वभावात् भिन्नतया कृतमपीत्येवं समर्पयेत्**” આમ શ્રીઆચાર્યચરણ જણાવે છે કે માત્ર જાણીને અથવા અજાણ્યે પોતાના કતૃત્વથી-ભોક્તૃત્વથી જે કર્મો જીવનમાં થઇ જતા હોય તેનું જ માત્ર સમર્પણ ભગવાનને કરવું એમ નહિં, પણ કર્મ કરવામાં મુખ્ય પ્રકાર છે તે એજ છે કે **તમારા માટે જ- ભગવાનના માટે જ કર્મ કર્યું છે એટલે કે સ્વભાવથી ભિન્નતાએ કર્યું છે તે તમને સમર્પણ એમ ભાગવત શ્લોકમાં “इति” આવતો શબ્દનો અર્થ છે**. અહીં સ્વભાવથી ભિન્નતાએમાં જે અનુસૃત સ્વભાવ છે તેના થકી કાયા-

વાણી વિગેરે દ્વારા થતાં કર્મોથી અલગ એવો અર્થ સામે આવે છે. પરન્તુ અહીં ભાગવતકાર કે શ્રીઆચાર્યચરણનું તાત્પર્ય **અસ્વાભાવિક સમર્પણ** માં નહિં કિન્તુ સ્વાભાવિક સમર્પણમાં રહેલું છે એની વિસ્તારથી ચોખવટ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણે આ લેખન દ્વારા કરી છે.

પોતાના કાયા વડે, વાણી વડે, મન વડે, ઇન્દ્રિયો વડે, બુદ્ધિ વડે, અતઃકરણ વડે અથવા તો જીવપણા વડે એમના અનુસૃત સ્વભાવ થકી એટલે કે પૂર્વસ્વભાવની (આત્મનિવદેન કર્યા પૂર્વનો જે સ્વભાવ છે એ સ્વભાવની) અનુવૃત્તિ વડે-તે થકી થતાં જે લૌકિક અનિષિદ્ધ કર્મો છે તે કર્મો પણ પોતાના અર્થે-પોતાના વિચારે ન કરવા પણ તે કર્મો પણ ભગવાનને અર્થે જ કરવા અને તે ભગવાનને અર્થે જ કરેલા કર્મો ભગવાનને સમર્પવા એ ભાગવત ધર્મ છે. પોતાના અર્થે કરેલા કર્મો ભગવાનને સમર્પવા એ ભક્તિમાર્ગીય સમર્પણ નથી પણ એ કર્મમાર્ગીય સમર્પણ છે. જેમ કે મેં સ્વર્ગ પ્રાપ્તિ અર્થે આ અનુષ્ઠાન કર્યું તે કર્મ કૃષ્ણાર્પણમસ્તુ, મેં મારા માટે કે પરિવાર માટે ભોજન બનાવ્યું છે અને તે પ્રભુ તમને સમર્પણ, મેં અમુક ગ્રહબાધા નિવારણ માટે આ દાન, જપ કર્યા છે તે કૃષ્ણાર્પણ એમ નહિં, કિન્તુ તમારી પ્રસન્નતા અર્થે તમારી આજ્ઞા પરિપાલનરૂપે મારા વડે જે આ દાન, તપ, હોમ, યજન, જપ, પાઠ વિગેરે કરાયા છે તે પ્રભુ આપને સમર્પણ, આ ભક્તિમાર્ગ છે. દેહ ભાવે પ્રાપ્ત એવા વર્ણ-આશ્રમ વિગેરે સમ્બન્ધી નિત્ય-નૈમિત્તિક જે કંઇ પણ કર્મ પ્રાપ્ત થાય તે પણ સ્વાર્થે-પોતાના અર્થે કે ધર્મ અર્થે કે કોઇ ઇતર હેતુ વિચારી ન કરવા પણ તે પણ ભગવદ્ વિચારે જ કરવા. તેવી જ રીતે કાયા, વાણી, મન વિગેરે વડે ભોજન-શયન વિગેરે કર્મો પણ પોતાના વિચારે ન કરી તે કર્મો પણ ભગવદર્થે જ કરવા. પત્ની-પુત્ર વિગેરેના ભરણ-પોષણ પણ તેમજ જે-તે સમયે પ્રાપ્ત થયાં છોકરા-છોકરીના લગ્ન વિગેરે કર્મો પણ ભગવત્સમ્બન્ધથી જ કરવા-માત્ર લૌકિક બુદ્ધિથી ન કરવા. આ પ્રકારે લૌકિક-અલૌકિક સર્વ કર્મો પોતાના અર્થે કે અન્યના અર્થે ન કરી એક માત્ર ભગવાનના જ અર્થે વિચારી કરવામાં આવે છે ત્યારે તે કર્મો ભગવાનને અર્પણ કરાતાં ભક્તિશાસ્ત્રમાં ભગવદ્ધર્મ નામે ઓળખવામાં આવે છે. આત્મનિવેદન થયા વિના ભક્તિમાર્ગમાં પ્રવેશ જ શક્ય નથી. કારણ કે જીવ પોતે પોતાને ભગવાનથી અળગો રાખીને હું કૃષ્ણનો છું તેવી વિભાવના વિના આ મારું અને આ ભગવાનનું એમ ભેદ રાખી ભગવાનને આપે છે ત્યારે "**श्रीफलं समर्पयामि, पाद्यम्, आचमनीयम्, ताम्बूलम्, नैवेद्यम् समर्पयामि** " કહી ભગવાનને આપે છે ત્યારે ત્યાં આ બધું મારું છે અને તે "**तुभ्यमहं सम्प्रददे-इदं न मम**" પ્રકારે તમને આપ્યું એ વિભાવના છે. જ્યારે ભગવાન એ સર્વથા લોકાતીત-અલૌકિક જ છે તેથી જીવભોગ્ય પદાર્થનો અંગીકાર કરતા નથી. એ અર્થમાં ઉપનિષદ્‌માં "**अनश्नन्नन्यो**......" થી બ્રહ્મના અશનનો નિષેધ કરવામાં આવ્યો છે. છતાં પણ ગીતા-ભાગવત વિગેરેમાં જે "**अश्नामि**" વિગેરે ભગવાન પોતાને માટે કહે છે કે હું પત્ર-પુષ્પ-ફ્લ-જલ વિગેરેનું અશન કરું છું. તે જીવભોગ્ય પત્ર-પુષ્પાદિનું નહિં કિન્તુ "**भक्त्युपहृतम्**" ભક્તિવડે લવાયેલું અને ભક્તિપૂર્વક અર્પણ કરાયેલું એ ભગવાનના અશનમાં મુખ્ય હેતુ છે. અતઃ જીવ વડે પોતાના વિચારે કરાયેલા કર્મો ભગવાન સ્વીકારતા નથી પણ ભગવાનના અર્થે કરાયેલા કર્મો જ ભગવાન સ્વીકારે છે અને એ જ ભક્તિમાર્ગીય સમર્પણ છે. ત્યારે જેણે ભગવાનના અર્થે કર્મો કરવાના છે તે પોતે ભગવાનનો થઇને ન રહે, કોઇ બીજાનો કે પોતાનો થઇને રહે તો મૂલમાં જ અશુદ્ધિ હોતાં પછી આગળનો તો વિચાર જ ક્યાં થઇ શકે. અતઃ કર્તા પોતે આત્મનિવેદન કરેલો-ભગવત્સંબંધવાળો - ભગવત્સંબંધની વિભાવનાવાળો હોવો જોઇએ. અતઃ પ્રથમ પોતાના સર્વસ્વ સહિત આત્માનું ભગવાનમાં નિવેદન થતાં ભક્તિમાર્ગમાં પ્રવેશ થાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે જ્યારે આત્મનિવેદનમાં જ સર્વસ્વનું સમર્પણ થઇ ગયું ત્યાર પછી ફ્રરી ફ્રરીને રોજનું-રોજિંદુ સમર્પણ કરવાનો શો અર્થ ? પછી તો તેવું સમર્પણ એ નિરર્થક ક્રિયામાત્ર છે?

તો એના સમાધાનમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે -

“आत्मनिवेदन एव सर्वस्वसमर्पणेपि पूर्वस्वभावानुवृत्त्या भगवन्तमात्मनिवेदनं च विस्मृत्य लौकिककतृत्वेन करोति तस्यैव समर्पणमिति विशेषः” આત્મનિવેદનમાં જ સર્વસ્વનું સમર્પણ થઇ ગયું હોવા છતાં પણ આત્મનિવેદન કરતાં પહેલાં નો જે કાયા, વાણી, મન, ઇન્દ્રિય, બુદ્ધિ, જીવ વિગેરેની અહં-મમ વૃત્તિથી કરવાનો પડી ગયેલો સ્વભાવ તે સ્વભાવની અનુવૃત્તિ તો આત્મનિવેદન કર્યા પછી પણ થાય જ છે, બધું સમર્પણ કરીને પણ લોકો મારું-તારું ની ભાવનાથી જ વર્તતા હોય છે. તેથી હું કર્તા છું- હું ભોક્તા છું એવા ભાવે જીવ જે કર્મ કરે છે તેનું અહીં સમર્પણ કરવાનું (ગીતા-ભાગવતના વાક્યમાં) કહ્યું છે. અતઃ રોજ બરોજ સવારથી રાત્રિ પર્યન્ત કરાતાં ભગવદર્થ કર્મ અને તે કર્મોનું પ્રતિસમય ભગવાનને સમર્પણ તેના થકી ભગવાનનું અને ભગવાનને કરાયેલા આત્મનિવેદનું જે વિસ્મરણ છે તે દૂર થઇ આત્મનિવેદનનું સાતત્ય ચિત્તમાં સ્થિર થતાં પોતાના સહિત જગતના સર્વમા-પ્રત્યેક પદાર્થમાં ભગવદીયપણાનો અનુભવ થવા લાગે છે અને પરમાનન્દ રસમય પુરુષોત્તમ રસાત્મકભાવે સેવ્ય થાય છે. તેથી જ ભગવાન એકાદશ સ્કન્ધમાં જણાવે છે કે -

श्रद्धामृतकथायां मे शश्वन्मदनुकीर्तनम् ।
परिनिष्ठा च पूजायां स्तुतिभिस्तवनं मम ॥
आदरः परिचर्यायां सर्वाङ्गैरभिवन्दनम् ।
मद्भक्तपूजाभ्यधिका सर्वभूतेषु मन्मतिः ॥
मदर्थेष्वङ्गचेष्टा च वचसा मद्गुणेरणम् ।
मय्यर्पणं च मनसः सर्वकामविवर्जनम् ॥
मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च ।
इष्टं दत्तं हुतं जप्तं मदर्थं यद् व्रतं तपः ॥
एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् ।
मयि सञ्जायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते ॥

(ભાગવત ૧૧-૧૯-૨૦ થી ૨૪)

અહીં ભગવાન શ્રવણ, કીર્તન, પૂજા,સ્તવન, પરિચર્યા, વન્દન, ભક્તપૂજા, ભગવદર્થચેષ્ટા, ગુણગાન, મનનું સમર્પણ, સર્વકામના ત્યાગ, ભગવાનને અર્થે ભોગ અને સુખનો ત્યાગ, ભગવાનને અર્થે યજન, દાન, જપ, વ્રત, તપ વિગેરે ભગવદ્ધર્મોનું આચરણ **“आत्मनिवेदिनाम्” આત્મનિવેદન કરેલાઓ દ્વારા** એમ જણાવ્યું છે. અતઃ આત્મનિવેદન કરેલાઓ જ્યારે ઉક્ત ભગવદ્ધર્મનું આચરણ કરે ત્યારે તે આચરણ વડે આચરણ કરનારમાં જે મેળવ્યા પછી બીજું કંઇ પણ મેળવવાનું બાકી રહેતું નથી એવી ભગવાનની પરમાપ્રેમલક્ષણા ભક્તિને પામવાવાળો થાય છે એમ જણાવે છે. અતઃ આત્મનિવેદન કરી ચૂકેલાઓ પણ જો આત્મનિવેદન કર્યા પછીથી આ ભગવદ્ધર્મનું આચરણ ન કરે તો તેને ભક્તિનો લાભ થતો નથી માટે આત્મનિવેદીઓએ ગીતા-ભાગવતમાં જણાવ્યા મુજબનું ભગવદ્ધર્મરૂપ સમર્પણ કે જેને શ્રીપ્રભુચરણે પોતાના લેખમાં વિસ્તારથી સમજાવ્યું છે તે સ્વાભાવિક સમર્પણ સર્વથા આવશ્યક રહે છે. આના થકી જ જીવનમાંથી લૌકિક ભાવો નિવૃત્ત થઇ ભગવદ્ભાવની અભિવૃદ્ધિ થાય છે. આ આશયથી શ્રીવલ્લભાચાર્યચરણ જણાવે છે કે :-

यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते ।
तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः ॥

ઇન્દ્રિયોની અનેકવિધ આકાંક્ષાઓમાંથી જેટલી આકાંક્ષાઓ ભગવત્ સમ્બન્ધની-ભગવદ્ ઉપયોગની હોય તેટલી જ આકાંક્ષાઓ પૂરવી, પણ જેનો ભગવાનમાં -ભગવાન અર્થે ઉપયોગ સ્પષ્ટતયા ન દેખાતો હોય તેનો નિગ્રહ કરવો-તેવી આકાંક્ષાઓ રોકી દેવી યા તેને પૂર્ણ ન કરવી. આ પ્રકારે પૂર્ણરૂપેણ ભગવન્મય જીવન જીવવાની પદ્ધતિ અપનાવવામાં સાધારણ રૂપમાં માત્ર શ્રવણ-કીર્તનાદિ ભક્તિના પ્રકારો યા તો પછી નિયત કાલમાં એટલે કે કલાક, બે કલાક કે ચાર કલાકની પૂજાસેવારૂપ ભક્તિનો પ્રકાર સંગત થતો નથી. કારણ કે જીવનનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ પણ ભગવાન વિનાનો ન હોવો જોઇએ અને તે સેવાના પ્રવાહરૂપ સાતત્ય વિના સંભવ નથી. જ્યારે નિયત કાલિક

સેવામાં બાકીનો ઘણો બધો ભાગ ભગવદ્ ઉપયોગ વિનાનો બાકી રહી જતો હોવાથી જ્યાં ક્ષણમાત્ર પણ ભગવદ્‌વિમુખ રહેતાં તેટલા કાલમાં આસુરાવેશ થાય છે એમ શ્રીવલ્લભાચાર્યજી જણાવે છે ત્યાં દિવસનો લાંબો કાળ અને તેવા જીવનના અનેક દિવસો એ તો ભગવદ્ બહિર્મુખ જ થયા. તેથી જ શ્રીવલ્લભાચાર્ય પ્રકટિત અને શ્રીવિઠ્ઠલેશ્વર વિસ્તારિત પુષ્ટિમાર્ગમાં મુખ્ય કલ્પમાં અષ્ટયામ સેવાનો જ આગ્રહ જોવામાં આવે છે. બાકીના શ્રવણ-સ્મરણાદિ અનુકલ્પો છે અને તેનાં વડે પણ અન્તતોગત્વા તો મુખ્યકલ્પ અષ્ટયામ સેવામાં જ પ્રવેશ કરવાનો છે અને ત્યારે જ ચિત્ત પૂર્ણરૂપેણ કૃષ્ણમાં પ્રવણ-એકતાન બની રહે છે.

યદ્યપિ ભક્તિમાર્ગીય ઘણાં સમ્પ્રદાયો છે અને તેમાં ભક્તિના જુદા-જુદા અને ઉત્તમ એવા પ્રકારો દર્શાવવામાં આવ્યા છે, તેમ છતાં પણ શ્રીવલ્લભાચાર્ય પ્રદર્શિત જે ભક્તિનો પ્રકાર છે તે બીજા બધાં કરતાં વિલક્ષણ-વિશિષ્ટ-સર્વોત્કૃષ્ટ છે. આ સન્દર્ભમાં જ શ્રીપ્રભુચરણ લખે છે કે "……**व्रजपतिरतिर्नैतिनिखिलैर्गुणैरन्यः को वा विलसति विना वल्लभवरम्**" સર્વાત્મના વ્રજપતિમાં રતિની સિદ્ધિ જે પ્રકારે આ માર્ગમાં થાય છે તે પ્રકારે અન્ય કોઇ માર્ગથી થવી શક્ય નથી. પરમાત્માએ જીવને જીવન જીવવા માટે દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અંગ, ઉપાંગ વિગેરે આપ્યા છે અને તે અંગે હવે-હવે આધુનિક ડૉક્ટરો-વિજ્ઞાનીઓ એમ માનતા થયા છે કે આ શરીરનું નાનામાં નાનું અંગ પણ નકામું નથી પણ તે જીવન જીવવામાં જરૂરી સાધનરૂપ છે, તેમ શ્રીવલ્લભાચાર્યજી પણ કહે છે કે પરમાત્માએ જીવને જે આ જીવન જીવવાના સાધનો આપ્યા છે તે ખરેખર ભગવત્સેવા-ભક્તિ કરવાના સાધનો છે. આ દેહ-પ્રાણ વિગેરે કંઇ પણ નકામું-નિરર્થક નથી પણ તે સેવાર્થ છે. એનો વિનિયોગ જો મનુષ્ય દેહ અને જીવન પામીને પણ તે કૃષ્ણભક્તિમાં નથી કરતો અને વિષયભોગમાં-વિષયવિષ ભેગું કરવામાં કરે છે તો તે નિરર્થક જ નહિં અપિતુ અનર્થક છે. દૂધ લાવવાના પાત્રમાં કોઇ ઝેર ભરી પી જાય, તૃપ્તિકર સુન્દર શીતલ મધુર સ્વાદિષ્ટ જલના કૂવામાંથી કોઇ જલપાન ન કરી તેમાં પડતું મૂકી ડૂબી મરે તો તે સાધનોનો દુરુપયોગ છે, વર્ના એ સાધનો તો જીવનમાં ઉપયોગી છે. તેવી જ રીતે આ બધા સાધનો પણ પરમાત્માનો પ્રેમ ભરવાના પ્યાલાઓ છે. આત્માનો ઇશ્વર પ્રત્યેનો પ્રેમ એ સર્વોત્કૃષ્ટ શિખરને ત્યારે સ્પર્શે છે જ્યારે આત્માનો દેહ-પ્રાણાદિ સર્વ પરિકર પણ ભગવત્પ્રેમમય એકમાત્ર ભગવદીય બની રહ્યો હોય અને દરેકમાં કૃષ્ણરતિ વ્યાપી ગઇ હોય. ભગવાન ગીતાના ભક્તિયોગાધ્યાયમાં અર્જુનને આદેશે છે કે - "**मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय**" મારામાં જ મનનું આધાન કર, મારામાં બુદ્ધિનો નિવેશ કરાવ એટલે કે ભગવાનમાં જ એકમાત્ર જેનાં મન-બુદ્ધિ હોય તેવાઓ દ્વારા કરાયેલી ભક્તિ ભગવાનને પ્રિય છે. ત્યારે ભગવાનમાં જ મન-બુદ્ધિની સ્થિતિ અર્થે તેમની અલૌકિકતા હોવી જરૂરી છે. લૌકિક લોકાનુસારિણી મન-બુદ્ધિ, લોકમાં જ નિવેશ પામે, તેનો ભગવાનમાં નિવેશ ન થાય, સારાંશમાં ભગવદીય મન વડે અને ભગવદીય બુદ્ધિ વડે ભક્તિ કરવી એમ ગીતાનો આશય છે. આ રીતે ગીતામાં પણ મન-બુદ્ધિને ભક્તિના સાધન તરીકે જણાવ્યા છે. તેવી જ રીતે "**मत् कर्मकृत्**" (ગીતા ૧૧-૧૫)થી દેહ-ઇન્દ્રિયો વડે થતાં કર્મને કરવાનો ભક્તિવિષયમાં આદેશ આપી દેહ-ઇન્દ્રિયોને પણ ભક્તિના સાધન કહ્યા છે અને "**मच्चिता मद्‌गतप्राणाः**" (ગીતા ૧૦-૯) થી પ્રાણોને પણ ભક્તિના સાધનમાં કહ્યું છે. ગીતાના બારમાં અધ્યાયમાં "**अथ चितं समाधातुं न शक्नोषि मयि स्थिरम्**" (ગીતા ૧૨-૯) આમાં ચિત્તનું ભગવાનમાં સારી પેઠે આધાન થવું તે ભક્તિની ઊંચાઇ બતાવી છે. જેને શ્રીઆચાર્યચરણ "**चेतस्तत् प्रवणं सेवा**" થી જણાવે છે અને તેવી ભકિતની અનાવિર્ભૂત દશામાં તે ભક્તિને પામવા "**अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय**" (ગીતા ૧૨-૯) થી અભ્યાસયોગ પદ વડે સાધન ભક્તિ જણાવી છે જેને શ્રીઆચાર્યચરણ "**तत्सिद्धचै तनुवित्तजा**" થી જણાવે છે. ગીતાવાક્યમાં અભ્યાસયોગ જણાવ્યો છે ત્યાં શેનો અભ્યાસ એની

ચોખવટ નથી. આ અભ્યાસને જ વિસ્તારથી ભાગવત ૧૧-૧૯માં શ્લોક ૨૦-૨૪માં **"श्रद्धामृतकथायां मे"** થી આરંભી **"मदर्थं यद् व्रतं तपः"** પર્યન્તમાં ભગવદ્ધર્મોનું નિરૂપણ કરી **"एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम्"** માં **"एवं धर्मैः"** એટલે એ પ્રમાણે ધર્મોના અભ્યાસ વડે આત્મનિવેદન કરેલાઓમાં ભક્તિ ઉદ્ભવ પામે છે એમ અર્થ છે. અભ્યાસ એટલે એકની એક ક્રિયાનું પુનઃ પુનઃ આવર્તન કરવું. અતઃ ભગવદ્ધર્મોનો પ્રેમોત્પત્તિ પર્યન્ત સતત અભ્યાસ કરવો એમ ગીતાકારનો આશય છે. આ ભગવદ્ધર્મો ગીતામાં **"यत् करोषि"** (ગીતા-૯-૨૭) તથા **"मन्मना भव"** (ગીતા ૧૮-૬૫) એમ બન્ને સ્થળે કહેવાયેલા છે. ઉપરાંત ગીતાના બારમાં અધ્યાયમાં પણ ભકતમાં પ્રતીયમાન તે-તે ધર્મોના કથન થી **"अद्वेष्टा सर्वभूतानाम्"** એમ બે શ્લોકથી ત્યાં પણ ભગવદ્ધર્મો જ ઉપદેશેલા છે.

અથવા તો **"कायेन वाचा"** (ભાગ ૧૧-૨-૩૬) અહીં જણાવાયેલ સમર્પણાત્મક ભગવદ્ધર્મના વારંવાર-નિરંતર પ્રેમોત્પત્તિ પર્યન્તના આવર્તનને ગીતોક્ત અભ્યાસયોગ સમજવો. એટલે કે કાયા, મન, વાણી, ઇન્દ્રિયો, બુદ્ધિ વિગેરે વડે જે કંઇ પણ કર્મ કરવા તે **"नारायणाय इति"** એ કર્મો નારાયણ-ભગવાનના અર્થે જ કરવા અને તેનું-તે કર્મોનું **"यत्करोषि"** માં જણાવ્યા મુજબ **"तत् कुरुष्व मदर्पणम्"** ના આદેશ મુજબ ભગવાનને અર્પણ કરવા. આ અર્પણના સાતત્યને ગીતામાં અભ્યાસયોગથી કહ્યું છે. ગીતાના આ અભ્યાસયોગને જ પુષ્ટિમાર્ગમાં સાધનાવસ્થાપન્નોની અષ્ટયામિકા તનુવિત્તજા સેવાના પ્રકારે દર્શાવાયેલ છે. આ સેવા પણ જો **"कायेन वाचा"** મુજબ **"नारायणाय"** ના હેતુ વિના લૌકિક કર્મો કરતાં કરવામાં આવે ત્યારે તે માત્ર ક્રિયાત્મિકા બની રહે છે. કૃષ્ણાં ચિત્તને પ્રવણ કરનારી અથવા તો ગીતાકારના શબ્દોમાં કૃષ્ણમાં ચિત્તનું સમ્યક્ આધાન કરનારી બનતી નથી. કારણ કે દેહ-પ્રાણ વિગેરે સમ્પૂર્ણ

પરિકર જો કૃષ્ણવિમુખ લૌકિક આવૃત્તિ જ કરતો રહે તો તે દેહ-પ્રાણ વિગેરે સાથે ઘનિષ્ઠતાથી સમ્પૃક્ત થયેલું અને તેમનામાં જ એકાકાર બની રહેલું ચિત્ત કૃષ્ણમાં પ્રવણ થશે જ કેવી રીતે ? માની લીધું છોકરાની બગડી ગયેલી આદતો એકદમ કંઇ સુધરી જવાની નથી. છતાં પણ તેની બગડેલી આદતો પોષતા રહેશો અને એને ચાલવા દેશો તો છોકરો ૧૦૦ વર્ષેય સુધરવાનો નથી બલ્કે ચાલવા દેવાનો અર્થ પ્રોત્સાહન યા મૂકસમ્મતિ સમજી દુર્ગુણોમાં વધારો જ થવાનો છે. તેવી જ રીતે આજે આપણ જે મન, બુદ્ધિ શરીર વિગેરે છે તે **"विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम्, परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम्, यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः, निद्रालस्यप्रमादोत्थं तत्तासममुदाहृतम्"** (ગીતા ૧૮-૩૮, ૩૯) અર્થાત્ ઇન્દ્રિય અને તેના વિષય એના સંયોગથી થનારું આરંભમાં અમૃત જેવું મધુર લાગતું અને પરિણામે વિષના ગુણવાળું-સર્વનાશ કરનારું એવું જે સુખ છે તેને રાજસ સુખ જાણવામાં આવે છે, જે આરંભમાં તથા અનુબન્ધવાળી ભોગદશામાં પણ મન-બુદ્ધિ વિગેરે અન્તઃકરણને મોહ પમાડી રાખે ને તેમાંથી બહાર જ સત્ય વાસ્તવિકતામાં આવવા જ ન દે તેવું નિદ્રા, આલસ્ય, પ્રમાદ વિગેરેથી ઉત્પન્ન થનારું કે અનુભવાતું સુખ છે તેને તામસ સુખ તરીકે કહેવામાં આવે છે. આ ગીતાવાક્ય મુજબ આવા આરંભમાં મધુર લાગતા અને પરિણામે વિષના ગુણવાળા તથા મનુષ્યને સદૈવ મોહમાં જ રાખી અંધકારમાં ડૂબાડી રાખનારા રાજસ-તામસ સુખથી મનુષ્યના મન, બુદ્ધિ, ઇન્દ્રિય વિગેરે ટેવાઇ ગયેલા છે તેથી જ્યાં **"यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम्, तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम्"** (ગીતા ૧૮-૩૭) અર્થાત્ જે આરંભે વિષની માફક કડવું લાગતું હોય પણ પરિણામે અમૃત સમાન ગુણવાળું હોય તેવું આત્મબુદ્ધિ (આત્મગામિની બુદ્ધિ = આત્મબુદ્ધિ) ના પુરસ્કારથી ઉત્પન્ન થનારું સુખ એ સાત્ત્વિક સુખ કહેવામાં આવે છે, આવું સાત્ત્વિક સુખ છેતેમાં પણ જ્યાં મનુષ્યના દેહ-ઇન્દ્રિય, બુદ્ધિ વિગેરે અરુચિવાળા હોય છે

ત્યાં "**मन्निष्ठं निर्गुणं स्मृतम्**" થી કહેવાયેલું ભગવન્નિષ્ઠ સુખ એટલે કે જેની નિષ્ઠા એક માત્ર ભગવાન છે તેવું સુખ તેમાં-તેવા સુખકર સેવા વિગેરે વિષયોમાં રુચિ ક્યાંથી થઇ શકે.

અત એવ સેવાની સિદ્ધિ-ચિત્તની કૃષ્ણમાં પ્રવણતા અર્થે ચિત્ત ત્યારે જ કૃષ્ણમાં પ્રવણ થશે જ્યારે ચિત્તમાં ભગવાન્ માટેનો પ્રેમ ઉત્પન્ન થઇ ભગવત્સ્વરૂપમાં સ્નેહ-આસક્તિ કેળવાય. બહિર્મુખ બનેલી બુદ્ધિ અને ઇન્દ્રિયો ચિત્તને સતત બહિર્મુખ વિષયો પ્રતિત આસકત બનાવી રાખે છે. અતઃ ચિત્તની વિષયો પ્રતિની પ્રગાઢ આસક્તિને કારણે તેવું ચિત્ત ભગવદ્ વિષયમાં અરતિવાળું બન્યું રહે છે. તેથી જ ભગવાન ઉદ્ધવજીને પ્રેમથી પરિપૂર્ણ એવી ભક્તિનો ઉપદેશ આપતાં તેવી ભક્તિમાં બાધક-સાધકને જણાવતાં કહે છે :-

विषयान् ध्यायतश्चित्तं विषयेषु विषज्जते ।
मामनुस्मरतश्चित्तं मय्येव प्रविलीयते ॥
तस्मादसदभिध्यानं यथा स्वप्नमनोरथम् ।
हित्वा मयि समाधत्स्व मनो मद्भावभावितम् ॥

(ભાગવત. ૧૧-૧૪-૨૭-૨૮)

નિરન્તર વિષયોનું ચિન્તન કરવાવાળું ચિત્ત વિષયોમાં ફસાઇ જાય છે, તેથી સ્વપ્નમનોરથ જેવું સાંસારિક અભિદયાન ત્યાગી મારા ભાવથી ભાવિત થયેલું એવું મન એનું સારી પેઠે મારામાં આધાન કર. આ ભગવદ્ વાક્યમાં પ્રેમાત્મિકા ભક્તિમાં વિષયચિન્તનને બાધક જણાવી મનમાં ભગવદ્ ભાવનું ભાવન અને સતત ભગવાનનું અનુસ્મરણ એને સાધક રૂપમાં કહ્યા છે.

જે ભાવ ભગવત્સ્વરૂપનિષ્ઠ હોતાં રસ, આનન્દ, પરમાનન્દ, કૃષ્ણ વિગેરે પદવાચ્ય બને છે તે જ ભાવ જ્યારે જીવ સ્થિત થાય છે ત્યારે તે ભક્તિ પદવાચ્ય બને છે. ભક્તિ એટલે જ "**सा परानुरक्तिरीश्वरे**" એમ શાંડિલ્યભક્તિસૂત્ર મુજબ પ્રેમ જ જેનું લક્ષણ

છે એ ભક્તિ છે. અતઃ ઉપર્યુક્ત ભાવ જીવસ્થિત હોતાં તેને પ્રેમ, ભકિત, સ્નેહ, અનુરાગ વિગેરે નામે આલેખવામાં આવે છે. આ સ્નેહ-પ્રેમ ચિત્તમાં સ્થિર થતાં એ પ્રેમયુક્ત ચિત્તમાં આપો આપ જ સેવા અને સમર્પણના ભાવો ઉદ્ભવ પામે છે. જ્યાં પ્રેમ હશે ત્યાં સેવા અને સમર્પણ પણ હશે જ અને જેમાં સેવા સમર્પણનો ભાવ નથી તે પ્રેમ હોઇ શકતો જ નથી. અતઃ ભક્તિનાં પ્રતિપાદનમાં જ્યાં સ્નેહ-પ્રેમની વાતો કહી હોય ત્યાં સેવા-સમર્પણને અનુક્ત જ સમજી લેવું જોઇએ. "**यो यदंशः स तं भजेत्**" એ સિદ્ધાન્ત અનુસાર ભગવદંશ એવા ભગવદનુગ્રહભાજી દૈવી જીવમાત્રમાં પરમાત્મા પ્રતિનો પ્રેમ બીજરૂપે અનાવિર્ભૂત અવસ્થામાં વિદ્યમાન હોય જ છે પરન્તુ અવિદ્યાના આવરણોથી વિષયાસકત - દેહાસકત ચિત્તમાં તેનો પ્રકટરૂપે આવિર્ભાવ થતો નથી. અતઃ એ અનાવિર્ભૂત પ્રેમને જ પ્રકટ કરવા ઉપાય રૂપમાં શ્રીઆચાર્યચરણે તનુવિત્તજા સેવા જણાવી છે જેને ગીતામાં અભ્યાસયોગથી કહ્યું છે.

શ્રીઆચાર્યચરણ સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થમાં જણાવે છે - "**निवेदिभिः सम्र्प्यैव सर्वकुर्यादिति स्थितिः, न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम्**" અહીં સામિભુક્ત એટલે અર્ધભુક્ત, અર્ધભુક્ત એટલે બજારમાંથી ચાર કેળાં લાવ્યાં અને તેમાંથી બે છોકરાને ખાવા આપ્યાં ને બે શ્રીપ્રભુને સમપ્ર્યા તો ત્યાં છોકરાને બે આપ્યા પછી બાકી બચેલા બે એ અર્ધભુક્ત કહેવાય, તેમજ બજારમાંથી ચાર કેળાં લાવ્યાં એમાંથી બે શ્રીપ્રભુને સમપ્ર્યા તે બે સમર્પિત કે નિવેદિત કહેવાય, બાકીના બચેલા બે એમાંથી જરૂર પડતાં એક છોકરાને ખાવા આપ્યું તો તે એક અસમર્પિત કહેવાય અને એમ ત્રણનો ઉપયોગ થઇ જતાં બચેલું ચોથું કેળું એ અર્ધભુક્ત કહેવાય, તેથી તે કોઇના દ્વારા એંઠું ન થયું હોવા છતાં પણ તે પ્રભુને સમર્પવા યોગ્ય રહેતું નથી. આ રીતે સામિભુક્ત-અર્ધભુક્તના સમર્પણનો નિષેધ કરવામાં આવ્યો છે. પ્રાયઃ કરીને લોકો આ સ્થળે અર્ધભુક્તનો નિષેધ એ અન્ન-વસ્ત્રાદિમાં જ ગ્રહણ કરતા હોય છે, પરન્તુ શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના

ગ્રન્થો વાંચતાં એમ જણાય છે કે સ્નેહ પણ સામિભુક્ત જેવો ન હોવો જોઇએ કે જે સેવા સમય પૂરતો શ્રીપ્રભુમાં સ્નેહ રાખી બાકીનો હૃદયનો સ્નેહ સંસારીઓમાં વિભક્ત કરાતો હોય, અથવા તો પ્રધાનભાવે કેન્દ્રમાં પ્રભુ પ્રત્યે સ્નેહ રાખી ગૌણભાવે સંસારીઓ માટે પણ સ્નેહ સેવાતો હોય. સ્નેહ પણ માત્ર ભગવાનમાં જ રાખવો, ઇતરોમાં કોઇ પણ પ્રકારની આસકિત ન રાખવી અને ભગવત્ સમ્બન્ધે જ-ભગવદીયતાથી જ ઇતરોમાં પણ સ્નેહ રાખવો. જેમ પતિના સમ્બન્ધે જ ઇતરોને સ્ત્રી પોતાના સમ્બન્ધી માને છે, તેમ છતાં પણ સાધન અવસ્થામાં આપણી જે આસકિત અજ્ઞાનવશ સ્વજનાદિ ઇતરોમાં રહેલી હોય તેને પણ કુન્તિની માફક **“स्नेहपाशमिमं छिन्धि दृढं पाण्डुषु वृष्णिषु”** ભગવાનને વિનન્તી પૂર્વક તેને પ્રભુમાં સ્નેહ વૃદ્ધિ વડે દૂર કરવાનો જ પ્રયત્ન કરવો, તેવી જ રીતે પોતાના શરીર વિગેરેનું, પોતાના જીવનના કાળનું કે પછી પોતાની સાથે સંકળાયેલા ચેતન-અચેતન સ્ત્રીપુત્રાદિ કે ગૃહ દ્રવ્ય પુણ્ય ફલાદિમાં પણ સામિભુક્તનો જ વિવેક રાખવો. મતલબ કે પોતાની સાથે સંકળાયેલા કે પોતાના કહેવાતા ચેતન-અચેતન દરેકમાં પોતાનું એટલું જ સમજવું કે જેટલું ભગવત્સંબન્ધનું હોય કે ભગવદીય હોય, જે ભગવત્સંબંધ વિનાનું હોય તેમાં પોતાનું એવી બુદ્ધિ ન રાખી તેમાં ઉપેક્ષાભાવ સેવવો, જેમ કે કુંભનદાસજીએ પોતાનાથી ઉત્પન્ન થયેલા પુત્રોમાં પણ ભગવત્સંબન્ધવાળા બેને જ પોતાના પુત્ર તરીકે માન્યા હતા. બે ઘડી જીવ્યા ની વાતમાં પણ આજ વિવેક દેખાય છે. સારાંશમાં જેમ ભારત-બાંગ્લાદેશ બે દેશો વચ્ચે ગંગાના નીરની વહેંચણી કરવામાં આવે છે કે પછી ગુજરાત-મધ્યપ્રદેશ બે પ્રાન્તો વચ્ચે નર્મદાના નીરની વહેંચણી કરવામાં આવે છે કે પછી હિન્દુ અવિભક્ત કુટુંબનો કર્તા પિતા જેમ પોતેં અને પોતાના પુત્રો વચ્ચે સમ્પત્તિની વહેંચણીં કરે છે તે રીતે પોતાની જાતની, પોતાના દેહાદિની, પોતાના જીવનની, પોતાની સમ્પત્તિની , પોતાના ઘરની, પોતાના પ્રેમની વિગેરેમાં આટલું જમા ખાતા માટે અને આટલું મારા માટે એમ વહેંચણી કરી ભગવાન માટેનું

અલગ કાઢેલું-રાખેલું ભગવાનમાં વાપરવું એ સ્નેહ, સેવા, સમર્પણ નથી પરન્તુ પોતાનું જે કંઇ પણ છે-જેને પોતે પોતાનું માને છે તે બધું જ ભગવત્સંબન્ધવાળું જ હોવું જોઇએ એમ સિદ્ધાન્ત છે.

આ પ્રકારે સિદ્ધાન્તનો વિચાર કરતાં માનસી-પ્રેમાત્મિકા સેવાનું સાધન જે **तनुवित्तजा** સેવા કહી છે એ પણ ત્યારે જ માનસી સિદ્ધ કરે છે જયારે એ સેવા **“कायेन वाचा”** થી જણાવેલ તથા શ્રીપ્રભુચરણ દ્વારા વિશદ કરાયેલ વ્યાખ્યાન મુજબના સમર્પણથી યુક્ત થાય . સેવામાં આવતાં બાધકોની નિવૃત્તિ અને સેવાભાવ દઢ કરવા સાધકોની સેવા સહ સ્થિતિ એ ઉક્ત સમર્પણ પ્રકારથી જ શક્ય છે. વર્ના કોઇ વૈષ્ણવ એમ માને કે સેવારે એક કટોરી મિશ્રી ભોગ ધરવાથી કે સેવામાં રાજભોગમાં સખડી ધરવા માત્રથી અને તેનું અમુક કાલ આવર્તન કવાથી અથવા તો સેવામાં કે ભગવન્નિમિત્તે પાંચ પચીસ હજાર વાપરવાથી માનસી સિદ્ધ થઇ જશે તો નક્કી માનજો કે સતત વિષયાભિમુખ ચિત્ત રાખી નિયત કાલની સેવા કે નિયત દ્રવ્યનો ભગવાનમાં વિનિમય એ ચિત્તને કૃષ્ણમાં પ્રવણ નહિં જ થવા દેશે. બલ્કે તેવી સ્થિતિમાં તો સેવા કાલમાં પણ ચિત્તનું વિષયચિન્તન-સેવન ચાલતું જ હશે. આ હકીકતને ધ્યાનમાં રાખીને જ શ્રીઆચાર્યચરણ નિરોધલક્ષણ ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે -

संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै ।
कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ॥
भगवद्धर्मसामर्थ्याद्विरागो विषये स्थिरः ॥
(નિરોધ લક્ષણ)

આ શ્લોકના આભાસમાં પોતાની ટીકામાં શ્રીપુરુષોત્તમચરણ લખે છે - **“अथादृढबीजभावस्य पूजादिभिर्यतमानस्य संसारावेशसत्त्वात् तस्य व्यवस्थां त्रिभिर्वदन्तः तत्कृतसेवाया आधिदैविकीत्वाय पूर्वमुद्वेगनिवर्तकं सर्ववस्तुसमर्पणरूपं साधन-**

माहुः संसारावेशेत्यादि ।" હવે આગળના શ્લોકમાં અદઢબીજભાવ વાળા એવા જે લોકો પૂજા વિગેરે વડે યત્નશીલ હોવા છતાં તેમનામાં સંસારનો આવેશ રહેલો હોવાથી તેમના નિરોધની વ્યવસ્થા ત્રણ શ્લોકો વડે જણાવતાં આવા લોકો દ્વારા કરાતી સેવા આધિદૈવિકી બને તે અર્થે પ્રથમ ઉદ્વેગનું નિવર્તન કરનાર સર્વવસ્તુસમર્પણ રૂપ સાધનને સંસારાવેશ વિગેરે વાક્યોથી જણાવે છે. તેમજ શ્લોકના વ્યાખ્યાનમાં તેઓશ્રી લખે છે - "**एकादशस्कन्धे "दारान् सुतानि"ति प्रबुद्धवाक्ये सर्ववस्तुसमर्पणस्य भगवद्धर्मत्वकथनात् कविवाक्ये च "भक्तिः परेशानुभवो विरक्ति" रित्यादिश्लोकद्वये विषयवैराग्यस्य फलत्वेन कथनात्, सर्ववस्तुसमर्पणस्य भगवद्धर्मस्य सामर्थ्याद् विषये विराग स्थिरो भवति**" એકાદશસ્કન્ધ (નવયોગેશ્વર આખ્યાન) માં "**दारान् सुतान् गृहान् प्राणान् यत्परस्मै निवेदनम्**" એમ પ્રબુદ્ધ યોગેશ્વર ના વાક્યમાં સર્વવસ્તુસમર્પણનું ભગવદ્ધર્મપણું કહેવાયેલું હોવાથી અને "**भक्तिः परेशानुभवो विरक्तिः**" ઇત્યાદિ બે શ્લોકમાં કવિ નામક યોગેશ્વરના વાક્યમાં વિષય વૈરાગ્યને ફલપણાએ કહ્યું હોવાથી સર્વવસ્તુસમર્પણરૂપ ભગવદ્ધર્મના સામર્થ્યથી વિષયોમાં વૈરાગ્ય સ્થિર થાય છે.

આ પ્રમાણે શ્રીમહાપ્રભુ પણ જેમનામાં ભક્તિબીજ હજુ દઢ નથી તેવાઓને ભક્તિબીજની દઢતા માટે અવ્યાવૃત્ત પક્ષ કે વ્યાવૃત્ત પક્ષે કૃષ્ણભજન-કૃષ્ણસેવા વિગેરે સાધનરૂપે જણાવ્યા છે ત્યાં પણ કૃષ્ણસેવા રૂપ સાધન સાથે નિરોધલક્ષણોકત સર્વવસ્તુસમર્પણરૂપ સાધનને પણ જોડવું જોઇએ કારણ કે ચિત્તમાં વિષયો પ્રતિની પ્રગાઢ આસક્તિથી ઉત્પન્ન થતો ઉદ્વેગ ચિત્તને સેવાથી બહિર્મુખ બનાવે છે. ચિત્તની અરુચિ હોવી આ સ્થિતિ પર જયાં સુધી વૈષ્ણવ પહોંચતો નથી ત્યાં સુધી માત્ર ક્રિયારૂપ સેવા તન કે વિત્તથી થાય તો પણ તેના વડે સ્નેહની "**भावः प्रेमः प्रणयः**" વિગેરે પ્રકારની ક્રમિક વૃદ્ધિ શક્ય નથી બનતી અને તે સ્નેહની વૃદ્ધિ વિના-ભક્તિ પ્રવૃદ્ધ થયા વિના માનસી નામથી પ્રસિદ્ધ ભક્તિના બિન્દુને સ્પર્શવું શક્ય નથી. અતઃ

તન-વિત્તથી માં પણ સમ્પૂર્ણ સપરિકર શરીરથી એટલે કે દેહ, પ્રાણ, ઇન્દ્રિય, અન્તઃકરણ સમ્પૂર્ણરૂપે સેવામાં યોજાય તેમજ વિત્ત વિગેરે પોતાનું જે કંઇ પણ છે તે સર્વ પણ ભગવત્સેવામાં યોજાય અને તેની સાથે કૃષ્ણ તારો છું હું કૃષ્ણનો દાસ છું તેમ પૂર્ણ આશ્રયભાવ સાથે જયારે ભગવત્સેવા વડે સેવામય પ્રકારે જીવનનો નિર્વાહ કરવામાં આવે અને તેમાં પણ "**आनुकूलस्य सङ्कल्पः प्रतिकूलविसर्जनम्**" એમ શરણાગતિમાં જણાવ્યા મુજબ સેવાને અનુકૂલ સર્વનો સ્વીકાર અને સેવાવિરોધી સર્વનો ત્યાગ કરતાં જીવન નિર્વાહ કરવામાં આવે ત્યારે તેવી તનુવિત્તજા સેવા સાધકને માનસી તરફ લઇ જાય છે એમ મારા માનવા પ્રમાણે પ્રાચીન મહાનુભાવોનું મન્તવ્ય છે.

સ્નેહ,સેવા, સમર્પણનું સાહચર્ય ભક્તિબીજની દઢ-અદઢ બન્ને અવસ્થામાં રહે છે અતઃ એમ નથી માની લેવાનું કે સમર્પણ એ માત્ર અદઢબીજ વાળાઓ માટે જ છે. બીજ દઢ થતાં પછી તે અનાવશ્યક છે. અદઢબીજની અવસ્થામાં બીજની દઢતાને અર્થે પોતાના પ્રયત્ને દરેકમાં સમર્પણનો ભાવ રાખવાનો છે, જ્યારે દઢ બીજ થતાં તેવા પ્રયત્નની અપેક્ષા નથી રહેતી કારણ કે દઢ બીજભાવવાળી ભક્તિના સ્વભાવથી જ તે મુજબનો સમર્પણભાવ અનાયાસ જ સિદ્ધરૂપમાં રહે છે, જ્યાં જે નથી એના માટે જ પ્રયત્ન અપેક્ષિત રહે છે પરન્તુ જ્યાં જે છે એને માટે પછી પ્રયત્નની અપેક્ષા જ નથી રહેતી. "**लभते सुदृढां भक्तिम्**" નો એ સ્વભાવ જ છે કે તેમાં પ્રેમના આવેગવાળી મનની ગતિનો અવિચ્છિન્ન પ્રવાહ ભગવાનમાં અવિચ્છિન્નતૈલધારાવત્ વહેતો હોવાથી સ્નેહ-સમર્પણથી અતિરિક્ત અન્ય કંઇ થવું શક્ય નથી હોતું. ત્યારે અનુસૃત સ્વભાવથી થનારા કર્મોનું સ્વાભાવિક સમર્પણ કરવું અપેક્ષિત નથી રહેતું કારણ કે તે અવસ્થામાં પછી દેહ, પ્રાણ વિગેરેનો સમર્પણ એ સહજ સ્વભાવ જ બની જાય છે. તે પછી એનાં દેહ, પ્રાણ વિગેરે આયાસ કરીને પણ પોતાના અર્થે પ્રવર્તી શકતા નથી, એ બધાનું પ્રવર્તન પછી માત્ર સેવા-સમર્પણમાં જ થતું હોય છે અતઃ આને સહજ સમર્પણ એમ કહીએ તો

પણ કોઇ અતિશયોક્તિ કે અન્યથોક્તિ નહિં કહેવાશે. આ વાત આપણને ગોપીગીતના પ્રથમ શ્લોકના **"त्वयि धृतासवः"** ના વાક્યથી જાણવા મળે છે. શ્રીમહાપ્રભુ આ શ્લોક પરના વ્યાખ્યાનમાં સુબોધિનીમાં લખે છે - **"त्वदर्थमेव धृता असवः प्राणा यैः । यदैव त्वदनुपयोगं ज्ञास्यन्ति तदैव त्यक्ष्यन्तीति भावः"** અર્થાત્ - હે પ્રભુ ! આ પ્રાણો અમે ધારણ કર્યા છે તે એકમાત્ર તમારા અર્થે જ ધારણ કર્યા છે, જે ઘડીએ પણ એમ જણાશે કે આ પ્રાણોનો તમારા અર્થે કોઇ ઉપયોગ નથી તે જ ઘડીએ પ્રાણો ત્યજાઇ જશે એમ ભાવ છે.

આપણે ત્યાં પુષ્ટિમાર્ગમાં આત્મનિવેદન અને બ્રહ્મસમ્બન્ધ આ બે પદો એક બીજાના પર્યાયવાચિ શબ્દો તરીકે જાણવામાં આવે છે. અતઃ આત્મનિવેદન કરવાથી જીવનો પરબ્રહ્મ સાથે સમ્બન્ધ પ્રસ્થાપિત થાય છે. યદ્યપિ જીવ એ ભગવાનનો અંશ હોવાથી જીવ-બ્રહ્મનો સંબન્ધ નિત્ય છે, તેથી આત્મનિવેદન કરતાં પહેલાં પણ જીવ-બ્રહ્મનો સમ્બન્ધ હતો જ અતઃ આત્મનિવેદન નહિં કરેલા એવા જીવોનો પણ બ્રહ્મ સાથે સમ્બન્ધ છે જ તેમ છતાં પણ અવિદ્યાની પ્રગાઢ ગ્રન્થિઓના કારણે અહં-મમના આ હૂં અને આ મારું એવા અભિમાનવાળો થઇને ભગવાનથી અલગ પોતાની સત્તા માની તે સત્તાની રુએ જે-તે વર્તતો આવ્યો છે કે વર્તી રહ્યો છે તે અહં-મમના અભિમાનની નિવૃત્તિસહ ઇશ્વરથી અલગ પોતાના સ્વાતંત્ર્યની નિવૃત્તિના વાચિક સંસ્કાર રૂપ કરવાથી મંત્રમાં ઉચ્ચારણ કરાયેલ પોતાનો અને અહં-મમના અભિમાનમાં આવતા સર્વનો સંસ્કારરૂપે પરબ્રહ્મ સાથે સમ્બન્ધ સ્થપાય છે. આત્મનિવેદનમાં મુખ્ય હેતુ સર્વ સાથે ભગવાનનો સમ્બન્ધ સ્થાપિત કરવાનો છે તેથી આને બ્રહ્મસમ્બન્ધ કહેવામાં આવે છે. ઉપરાન્ત બીજી વાત એ પણ છે કે જીવ વડે ઉચ્ચારણ કરવા માત્રથી જ તે પદાર્થોનો ભગવાન સાથે સંબન્ધ થઇ જતો નથી પરન્તુ કરાયેલા આત્મનિવેદનનો ભગવાન દ્વારા સ્વીકાર કરાતાં જ તે પદાર્થો ભગવાન સાથે સંબન્ધવાળા થાય છે. અતઃ જીવ દ્વારા આત્મનિવેદનાત્મક વાક્યોના ઉચ્ચારણ વડે

આત્મનિવેદન કરવું અને તેનો ભગવાન દ્વારા સ્વીકાર થવો એમ બન્ને વાતને આવરી લઇને બ્રહ્મસંબન્ધ શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. કરાયેલા નિવેદનનો ભગવાને સ્વીકાર કર્યો છે તેની ખાત્રી સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થમાં **"साक्षाद् भगवता प्रोक्तम्"** થી કરાવવામાં આવી છે.

આ પ્રકારે આત્મનિવેદન દ્વારા પોતાનો અને પોતાના સમ્બન્ધી સર્વનો ભગવાન સાથે સમ્બન્ધ સ્થાપિત કરવામાં પ્રયોજન એ કંઇ મોજમજા માણવા માટે કે પછી સંસારના દુઃખોથી છુટી મોક્ષ મેળવવા માટે નથી. ભગવાન સાથેનો સમ્બન્ધ એક માત્ર એટલા માટે જ અપેક્ષિત છે કે જીવદ્વારા કરાતી સેવા-ભક્તિનો ભગવાન દ્વારા સ્વીકાર થાય, ભગવાન જીવ દ્વારા કરાયેલી સેવા અંગીકાર કરે. **"अनेन अशेषाणां (आसुरव्यतिरिक्तानाम्)जीवानां गर्भदासत्वम्"** એમ શ્રીપ્રભુચરણના જણાવ્યા અનુસાર જીવનું ભગવાન પ્રતિનું દાસપણું એ અક્ષુણ્ણ છે અને સ્વામીની સેવા એ જ દાસનો સ્વધર્મ હોવાથી ભગવાનની સેવા કરવી એ જીવનો પોતાનો નિજ ધર્મ છે. અતઃ ભગવાને જીવને જે જીવન અને તેમાં પણ મનુષ્ય જીવન અને તેની સાથે જીવન જીવવા માટેના દેહ, પ્રાણ, ઇન્દ્રિય વિગેરે સાધનો આપ્યા છે તે પણ વિષયભોગને અર્થે નહિં પણ ભગવત્સેવાને અર્થે જ આપ્યા છે. અતઃ સપરિકર આત્માનો સેવામાં વિનિયોગ કરવો એ સ્વધર્મ હોવાથી તે સેવાને અર્થે સર્વનો ભગવત્સમ્બન્ધ અપેક્ષિત રહે છે.

સેવા કરવા થકી જ પોતાનો તથા સેવામાં આવતા પદાર્થોનો ભગવત્સમ્બન્ધ આપોઆપ થવાનો જ છે, તો પછી સેવાને માટે પોતાનો કે પોતાની વસ્તુનો ભગવાન સાથે સમ્બન્ધ કરાવવાની શું જરૂર છે ? તેવો પ્રશ્ન થાય તો તેના સમાધાનમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે **"न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम्"** જેમની સેવા કરવાની છે તે પ્રભુ શ્રીકૃષ્ણ સર્વદોષ રહિત-નિર્દોષ છે, તે લૌકિક નથી, **"जन्म कर्म च मे दिव्यम्"** એ ગીતાવાક્ય પ્રમાણે ભગવાનની

સર્વ ક્રિયાઓ પણ લૌકિક પ્રાણિઓ જેવી નહિં પણ દિવ્ય અને અલૌકિક હોય છે અતઃ ભગવાનનું સેવામાં જાગવું, બેસવું, નહાવું, શ્રૃંગાર ધારણ કરવા, અશન કરવું, પાન કરવું, ભ્રમણ કરવું વિગેરે લૌકિક જેવું દેખાતું હોવા છતાં પણ તે લૌકિક પ્રકારે નથી હોતું પણ અલૌકિક પ્રકારે એટલે કે રસાત્મક પ્રકારે જ હોય છે. કોઇ પણ લૌકિકી ક્રિયામાં રસાત્મકતા હોતી નથી. અતઃ લૌકિકતાથી લૌકિકભાવે જીવગત દોષે સેવા કરાતાં તેવી લૌકિકી ક્રિયાને ભગવાન સ્વીકારતા નથી. "**जीवाः स्वाभावतो दुष्टाः**" એમ શ્રીઆચાર્યચરણે કહ્યું હોવાથી જીવભાવે થનારી ક્રિયાઓ એ દોષવાળી જ હોય, તેને માટે સેવા-ભક્તિ વિગેરે અલૌકિક શબ્દોનો પ્રયોગ થઇ શકે નહિં. ભગવદંશ ચેતન છે તે તો અલૌકિક-અપ્રાકૃત જ છે તેથી આત્મભાવે-આત્મધર્મે થનારી ક્રિયાને જ સેવા-ભક્તિ કહી શકાય છે. ખરેખર તો લૌકિક નામે કહેવાતા આકાશ,વાયુ વિગેરે કે પછી શબ્દ-સ્પર્શ વિગેરે કે પછી દેહ, પ્રાણ વિગેરે પદાર્થો એ પણ ભગવત્ ક્રીડાર્થ જ છે, ભગવાને ક્રીડા કરવાની ઇચ્છાએ આ જગત ઉત્પન્ન કર્યું છે, ચેતન જીવોની પણ ઉત્પત્તિ ભગવાનની ક્રીડાને અર્થે જ છે, પણ માયાથી મોહિત બનેલો જીવ એ પદાર્થોને પોતાના અર્થે-પોતાના ભોગ અર્થે કલ્પે છે એ જ દુષ્ટતા છે-એ જ લૌકિક ભાવે રહેલો દોષ છે. અતઃ જે પદાર્થોને આપણે આપણા અર્થે દુષ્ટતા છે-એ જ લૌકિક ભાવે રહેલો દોષ છે. અતઃ જે પદાર્થોને આપણે આપણા અર્થે આપણા સમ્બન્ધે કલ્પેલા હોય તેવા પદાર્થોથી કરાતી સેવા ભગવાન શા માટે સ્વીકારે ? સાધારણ લૌકિક વ્યવહારમાં પણ જો નોકર પોતાના ખાવા માટે ફળ વિગેરે લાવ્યો હોય તો તેવા ફળ વિગેરેનો શ્રીમન્તો-શેઠિયાઓ-રાજાઓ ઉપભોગ કરતા નથી અને તેનો ઉપયોગ તેમના ગૌરવને અનુરૂપ પણ નથી, તો પછી સર્વના નિયન્તા સર્વના સ્વામી એવા શ્રી પ્રભુ પોતાના દાસ સ્થાનીય જીવભોગ્ય વસ્તુને શા માટે સ્વીકારે ? આ મારા માટેની વસ્તુ છે પણ પ્રભુ તમે એને વાપરો એવો આપણો ઉપકાર પ્રભુ પોતાના ઉપર શા માટે લે ? અતઃ જે કોઇને માટે ચાહે કોઇ વ્યક્તિ માટે કે પછી કોઇ દેવ માટે હોય તેને પ્રભુ સ્વીકારતા નથી પણ જે ભગવાનને માટે જ હોય અને તે પણ ભગવત્ સમ્બન્ધથી યુક્ત હોય અને તે પણ ભગવદીય દ્વારા નિવેદન કારયેલ હોય પ્રભુ તેને સ્વીકારે છે. અતઃ સેવા માટે પોતાનો અને પદાર્થનો ભગવત્ સમ્બન્ધ અપેક્ષિત રહે છે.

જેમ સંસ્કારિત કરેલી અને જલથી આર્દ્ર બનેલી ભૂમિમાં જ બીજમાં અંકુરિત થવાની પ્રક્રિયા આરંભાય છે. ઢેફાવાળી, ગરમીથી તપી ગયેલી અને જલ વિના સાવ સૂકાઇ ગયેલી અસંસ્કારિત-ખેડયા વગરની ભૂમિમાં પડેલું બીજ અંકુરિત થતું નથી, તેવી જ રીતે દૈવીજીવમાં ભગવદનુગ્રહે રહેલું ભક્તિબીજ પણ જ્યાં સુધી આત્મનિવેદન રૂપ સંસ્કારથી દેહાદિ પરિકર સહિત જીવરૂપ ભૂમિ સંસ્કારિત થતી નથી ત્યાં સુધી તે બીજ પણ અંકુરિત થઇ ભાવ, પ્રેમ, પ્રણય, સ્નેહ, રાગ, અનુરાગ, વ્યસન પર્યન્તની અવસ્થાને પામી શકતું નથી. અતઃ ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં જ્યાં "**यथा भक्तिः प्रवृद्धास्यात्**" એમ શ્રી આચાર્યચરણ જણાવે છે ત્યાં "**आत्मनिवेदिषु**" એટલું અધ્યાહાર સમજવું જોઇએ. એટલે કે "**आत्मनिवेदिषु यथा भक्तिः प्रवृद्धास्यात् तथा ताद्दक्प्रकारेण अत्र उपायो निरूप्यते**" અતઃ ત્યાં દર્શાવેલા ત્યાગ, શ્રવણ, કીર્તન, વિગેરે ઉપાયો પણ આત્મનિવેદન કર્યા પછીના સમજવા જોઇએ. આત્મનિવેદન નહિં કરેલા એવા અનાત્મનિવેદિઓ વડે જો ત્યાગ, શ્રવણ, કીર્તન, સ્વધર્મપરિપાલનપૂર્વક પૂજા વિગેરે દ્વારા કૃષ્ણભજન, હરિસ્થળમાં નિવાસ, તદીયજનો સાથે ભગવત્પરાયણતા પૂર્વક ભગવત્ પરિચર્યા, ભગવત્સેવા, ભગવત્કથા વિગેરે ભક્તિવર્દ્ધિન્યુક્ત સાધનો આચરવામાં આવે તો પણ તે ભક્તિમાર્ગીય બનતા નથી પરન્તુ કર્મમાર્ગ-જ્ઞાનમાર્ગને અનુકૂળ માત્ર ચિત્તશોધન કરનારા અને ચિત્તશોધન કરીને માત્ર જ્ઞાનસમ્પત્તિ સાધનારા જ બને છે. કારણ કે જે-તે માર્ગમાં જણાવાયેલા સાધનો જે-તે માર્ગની મર્યાદાના અનુરૂપ હોતાં જ તે જે-તે માર્ગના ફલને સાધનારા બને છે, અન્યથા નહિં, જેમ કર્મમાર્ગમાં કર્મસાધન મંત્ર સ્વરાદિ શુદ્ધ ઉચ્ચારણ થતાં જ તે ફલોપકારક બને છે, સ્વરાદિમાં નાની સરખી પણ ક્ષતિ એ ફલનો નાશ કરે છે જેમ "**स्वरतोऽपराधात्**"

માં જણાવેલા દૃષ્ટાન્તમાં બન્યુ છે, ત્યારે ભક્તિ માર્ગમાં સ્વર-વર્ણ વિગેરેના ઉચ્ચારણની શુદ્ધિ કરતાં ચિત્તની ભાવશુદ્ધિ અપેક્ષિત રહે છે, ભાવ શુદ્ધ હોતાં સ્વર-વર્ણ ઉચ્ચારણમાં પણ ક્યાંય કોઇ ક્ષતિ રહી પણ જાય તો પણ તેથી ભક્તિમાર્ગીય ફલનો નાશ થતો નથી જેને પદ્મપુરાણમાં કહ્યું છે :- "**किं मन्त्रैर्बहुभिर्विनश्वरफलैरायासंसाध्यैर्मखैः किञ्चिल्लोपविधानमात्रविफलैः संसारदुःखावहैः, एकः सन्नपि सर्वमन्त्रफलदो लोपादिदोषोज्झितः श्रीकृष्णः शरणं ममेति परमो मन्त्रोऽयमष्टाक्षरः**" આ પ્રકારે ચિત્તના શુદ્ધભાવે ઉચ્ચારિત ભગવન્નામમંત્ર ભગવદનુગ્રહે સર્વમંત્રોનું ફળ આપે છે, પછી તે ભલે રામની જગ્યાએ મરા-મરા બોલાયેલું હોય, પરન્તુ વિવક્ષામાં જે ભગવત્સ્વરૂપ રહેલું હોય છે તે જ વૈખરી અવસ્થામાં પણ સ્થિત રહી ઉચ્ચારણ કર્તાના સર્વ કાર્યો સિદ્ધ કરે છે. આ મુજબ આત્મનિવેદન કરેલાઓ વડે જ્યારે ત્યાગ-શ્રવણ-કીર્તનાદિ સાધનો આચરવામાં આવે છે અને તે પણ અવ્યાવૃત્ત બની રહી એટલે કે ભગવદ્ ભજન વિરોધી સર્વ કંઇ ત્યાગી એક માત્ર ભગવદર્થે-ભગવત્પ્રસન્નતાર્થે-ભગવત્પ્રીતિ સમ્પાદન અર્થે ભગવન્મય બની રહી જીવનના સર્વ લૌકિક-અલૌકિક કર્મો સમ્પન્ન કરી સમર્પણના સાતત્યથી જ્યારે જીવન વિતાવે ત્યારે તેવી તેની સાધન અવસ્થા ફલરૂપા ભક્તિમાં તેનો પ્રવેશ કરાવે છે.

આના ઉપરથી એમ સ્પષ્ટ સમજી શકાય છે કે ભક્તિની સિદ્ધિ સમ્પૂર્ણ સમર્પણ વિના શક્ય નથી, આંશિક સમર્પણનો પ્રકાર ભક્તિમાર્ગમાં છે પણ નહિં અને તેવું સમર્પણ ભક્તિવૃદ્ધિનું કારક બનતું પણ નથી. ભક્તિના પૂર્વ જેમ આત્મનિવેદનમાં સ્વસર્વસ્વનું પ્રભુને નિવેદન થાય છે ત્યારે તે જીવ ભક્તિમાર્ગમાં અધિકૃત થાય છે, તેવી જ રીતે ભકિતકરણની અવસ્થામાં પણ સ્વસર્વસ્વના નિવેદનના સાતત્ય સાથે જ ભગવત્સેવા કરવામનાં આવતાં સેવા આધિદૈવિકી બને છે. તેથી જ શ્રીઆચાર્યચરણ નવરત્ન ગ્રન્થમાં "**निवेदनं तु स्मर्तव्यं सर्वथा ताद्दशैर्जनैः**" એમ આત્મનિવેદનના સતત સ્મરણને

સૂચવે છે. "**स्मर्तव्यम्**" માં "**तव्य**" પ્રયોગ ભક્તિકરણમાં સ્વકૃત આત્મનિવેદન સ્મરણને આવશ્યક અર્થમાં દ્યોતે છે. અહીં મને એમ જણાય છે કે "**सर्वथा**" પદનો પ્રયોગ એ "**स्मर्तव्यम्**" અને "**ताद्दशैर्जनैः**"એ બેના વચ્ચે થયેલો છે તેથી દેહલી દીપન્યાયથી "**सर्वथा**" પદનો સમ્બન્ધ આજુબાજુના બન્ને પદો સાથે થાય છે. અતઃ "**सर्वथा सम्र्तव्यम्**" અને "**सर्वथा ताद्दशा ये जनाः तैः सह स्मर्तव्यम्**" એમ અર્થ થાય છે. અતઃ પોતાના દ્વારા કરાયેલા આત્મનિવેદનનું સતત સ્મરણ રાખવું આમાં ત્રણ વાતો મુખ્ય છે - (૧) જેમને આત્મનિવેદન કર્યું છે તે ભગવાનનું ગુણસહિત સ્વરૂપનું ચિન્તન, (૨) આત્મનિવેદન કર્યું છે તે આત્મનિવેદન પદાર્થ અને (૩) આત્મનિવેદન થયા પછીથી આત્મનિવેદનથી સિદ્ધ થતું પોતાનું-જીવનું સ્વરૂપ તથા જીવનનું સ્વરૂપ, આમ આ ત્રણ વાતોનું મુખ્યરૂપે સ્મરણ કરવાનું થાય છે. આ પ્રકારે આત્મનિવેદનના સ્મરણ કરવાથી જે આત્મનિવેદનની વિસ્મૃતિથી ભગવદ્ ભજન વિરોધી વિષયોમાં જીવની પ્રવૃત્તિ થઇ તે સર્વનાશના પંથે અગ્રસર થાય છે તે વિસ્મૃતિનો નાશ થઇ જીવની ભગવદ્ ભજનના માર્ગમાં પ્રવૃત્તિ થાય છે કે જેથી પરિણામે તે ભક્તિની સિદ્ધ દશામાં પ્રવેશે છે. તેવી જ રીતે સર્વથા તાદશજનો એટલે સાક્ષાત્ ભક્તિ યા સમર્પણના મૂર્તિમન્ત એવા લોકો. જેમનામાં ભક્તિ-સ્નેહ-સમર્પણથી અતિરિક્ત અન્ય કંઇ છે જ નહિં તેવા પૂર્ણ પ્રપન્ન ભાવે રહેલા અનન્ય ભકતો અથવા તો પોતાના સર્વથા પ્રપન્ન એવા પ્રગાઢપ્રેમી ભકતોને જેમ ભગવાન પોતાની ઇશ્વરત્વ વિગેરે સર્વ મર્યાદાઓને લાંઘીને પોતાના સ્વરૂપ-આત્માનું દાન કરે છે તેના અનુરૂપ જેમના દેહ, અન્તઃકરણ, આત્મા સર્વ લૌકિક-વૈદિક સર્વ મર્યાદાઓને લાંઘી એક માત્ર ભગવાનમાં જ પરમપ્રેમે નિવેદિત થઇ રહેલા એવા આત્મનિવેદી ભક્તો. અથવા તો સ્વસર્વસ્વ નિવેદન કરી અવ્યાવૃત્તિએ માત્ર સમર્પિત જીવન નિર્વાહ કરતા ભગવત્ પરાયણ ભકતો. આવા તાદશ ભકતો સાથે તેમના સમક્ષ રહી તે તાદશજનો સમર્પિત જીવન જે ભાવે ને જે પ્રકારની પ્રક્રિયાએ જીવતા

હોય તેનાં શિક્ષણ વડે સ્વકૃત નિવેદનનું સતત સ્મરણ કરવું. આત્મનિવેદન કરેલા સાધારણ લોકો અને તદીય-ભગવદીયો બન્ને જીવન જીવે છે, ભોજન-શયન-સ્નાન વિગેરે બન્નેની ક્રિયાઓ સમાન જેવી હોય છે, બન્ને લૌકિક વૈદિક ક્રિયાઓ પણ કરતા હોય છે, બન્ને કુટુંબપોષણ-વ્યવહાર વિગેરે નિભાવતા હોય છે, છતાં પણ બન્ને વચ્ચે ઘણો મોટો તફાવત હોય છે અને તે એ હોય છે કે સાધરણ વ્યક્તિ આત્મનિવેદનને વિસ્મરીને પોતાના જીવનનો નિર્વાહ પોતાના તર્ફે વિષયભોગાદિથી પ્રેરાઇને કરતા હોય છે, તેમના કર્તવ્યનું નિર્ધારણ પણ લૌકિક વિષયોને કેન્દ્રમાં રાખી થતું હોય છે, જ્યારે ભગવદીયોના જીવનની સર્વ ક્રિયાઓ એ એક માત્ર ભગવાનના અર્થેની જ હોય છે. એમણે પોતાના જીવનનું ઢાંચું જ એવું ઘડ્યું હોય છે કે જેમાં માત્ર સેવા જ શક્ય બને, વિષયભોગને ઝીણામાં ઝીણો પણ અવકાશ રહેતો ન હોય. ભગવદીયોના આવા સેવામય જીવનને લઇને જ ગીતામાં ભગવાન તેવા ભકતો માટે **"નિત્યયુકતો"** એમ કહે છે. ગીતામાં **"अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते, तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्"** (ગીતા. ૯-૨૨) આમાં ભગવાન ભકત માટે બે લક્ષણો જણાવે છે (૧) અનન્યભાવે ચિન્તન કરનારા, (૨) નિત્યયુકતો. આ બન્ને લક્ષણોને શ્રીઆચાર્યચરણ ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં **"तदीयैः" "तत्परैः"** શબ્દથી જણાવે છે. તદીય એટલે એક માત્ર શ્રીકૃષ્ણનું જ ચિન્તન કરીને રહેલા હોવાથી કૃષ્ણથી અતિરિક્ત બીજાનું તો ઠીક પણ પોતાનું પણ ચિન્તનં નહિં કરનારા-એક માત્ર કૃષ્ણના જ બનીને રહેલા એવા તદીયો અને તત્પર એટલે કૃષ્ણમાં જ જેમનો નિત્યયોગ છે એવા અને તેથી કરીને જેમના કાયા, વાણી, મન, ઇન્દ્રિયો, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ વિગેરે એક માત્ર કૃષ્ણમાં જ પરાયણ થઇ કૃષ્ણમાં જ કૃષ્ણ અર્થે જ પ્રવૃત્ત થઇ રહેનારા, કાયા-વાણી વિગેરેથી માત્ર કૃષ્ણનું જ સેવન કરનારા એવા તત્પરો. આવા તદીયો-તત્પરોની સાથે રહી તેઓ જે રીતે કૃષ્ણપરાયણતાનો સર્વ રીતે નિર્વાહ કરતા હોય તેનું શિક્ષણ મેળવી પોતાના દ્વારા કરાયેલા આત્મનિવેદન પછી

આ પ્રકાર જ ઉચિત, ઉત્તમ અને સ્વધર્મ છે તેમ દઢતા પૂર્વક વિચારી તે પ્રકારના જીવન અર્થે પોતાના સઘન પ્રયત્નો વિસ્તારવા તે અર્થમાં શ્રીઆચાર્યચરણ આત્મનિવેદનનું સ્મરણ ભગવદીયો સાથે કરવાનું સૂચવે છે.

આનાથી એમ સમજી શકાય છે કે આત્મનિવેદન કર્યા પછીથી - સ્વસર્વસ્વ સમર્પણ કર્યા પછીથી સંસ્કાર રૂપમાં હું અને મારું ના અભિમાનની નિવૃત્તિ કરી તે આત્મનિવેદન સંસ્કારરૂપ બીજને જ સેવા-સમર્પણના સાતત્યરૂપ પોષક-વર્દ્ધક તત્ત્વથી સિંચન-તાપ વિગેરે વડે સેવી જીવનને સમર્પણ ભાવાત્મક ભક્તિ-કલ્પદ્ધુમ બનાવવું એમ અર્થ છે. અતઃ આત્મનિવેદન કર્યા પછીથી ફલદશાને પામવા સાધન અવસ્થામાં પોતાના માં જયાં-જયાં પણ હું અને મારું નું અભિમાન હોય ત્યાં-ત્યાં પોતાનામાં દાસભાવના ચિંતનથી હું કૃષ્ણનો દાસ છું તેવાં અભિમાન વડે હું-મારું ના અભિમાનનો નાશ કરતા જવું. આ પ્રકારે વર્તતાં-હું મારુંનું અભિમાન જડમૂલથી નાશ પામશે અને ત્યાં ભક્તિના ભાવો અંકુરિત થવા લાગશે. શ્રીભાગવત આજ પ્રક્રિયાને જણાવે છે કે **"यतो यतो निःसरति मनः कामहतं भ्रमत्, ततस्तत उपाहृत्य हृदि रुन्ध्याच्छनैर्बुधः, एवमभ्यसतश्चितं कालेनाल्पीयसा यतेः, अनिशं तस्य निर्वाणं यात्यनिन्धनवह्निवत्"** (ભાગ.૭-૧૫-૩૩) અર્થાત્-જ્યાં જ્યાંથી કામનાઓથી હણાયેલું અને વિષયોમાં ભ્રમણ કરતું મન લૌકિક વિષયોમાં નિસરે ત્યાં-ત્યાંથી તેને સમેટીને હૃદયમાં (સ્થિત આત્મા-પરમાત્માં) તેને સાવધાનીપૂર્વક ફરીને ફરીને તે વિષયોમાં ન જાય તે રીતે રોકવું. આમ વારંવાર એટલે કે જ્યાં સુધી ચિત્ત નિષ્કામ બની શાન્ત ન થાય ત્યાં સુધી વારંવારનો અભ્યાસ-આવર્તન કરતા રહેવાથી જેમ ઇંધન સમાપ્ત થતાં અગ્નિ આપોઆપ બુઝાઇ જાય છે તેમ ઘણાં જ અલ્પસમયમાં સતત અભ્યાસ રત વ્યકિતનું ચિત્ત કામનાઓથી ઉપરત થાય છે. આ પ્રમાણે મનની ભોગવાસનાનું ઇન્દ્રિયો વડે અપોષણ થતાં બળપૂર્વક દઢતાથી ચિત્તમાં ઘર કરી બેસેલી ભોગવાસના નિર્બળ થઇ ઢીલી પડી પરિણામે તેનો

નાશ થાય છે. આ પ્રક્રિયાને જ યોગમાર્ગમાં **પ્રત્યાહાર** શબ્દથી યોગના પાંચમાં અંગ તરીકે જાણવામાં આવે છે. અતઃ ભક્તિમાર્ગિઓની યોગમાં થતી પ્રત્યાહાર સિદ્ધિ આ પ્રકારે સમર્પણભાવથી જ સિદ્ધ થઇ જાય છે તેથી તેમને સેવાસિદ્ધિમાં અંતરાયરૂપ વિષયવાસનાને દૂર કરવા માટે યૌગિક પ્રક્રિયાઓની અપેક્ષા રહેતી નથી. બલ્કે યોગમાં ભક્તિમાર્ગની માફક મૂલમાં **હે કૃષ્ણ હું તારો છું** એ પ્રેમાત્મક બીજભાવ નહિં હોવાથી ઇન્દ્રિયોનો વિષયોથી પ્રત્યાહાર થતાં નિર્વિષય શુદ્ધ ચિત્ત આત્મજ્ઞાન રૂપ સમાધિ દશાના પૂર્વની સંસ્કાર શેષ અવસ્થાના સ્વરૂપવાળું બની રહે છે જેના થકી ધારણા-ધ્યાન શકય બને છે, પરન્તુ તેમાં પ્રેમનો અભાવ હોવાથી તેવો યોગમાર્ગી પ્રત્યાહાર ભક્તિભાવને માટે અનુપયુક્ત હોય છે. અતઃ ભક્તિવૃદ્ધિમાં ચિત્તની નિર્વિષયતા અર્થે શ્રીમહાપ્રભુના જણાવ્યા મુજબ “**(भगवद्धर्मसामर्थ्यात् विरागो विषये स्थिरः)**” ભગવદ્ધર્માત્મક સમર્પણ જ શ્રેષ્ઠ છે. આ રીતે જયાં પણ મારું-હું પણું હોય ત્યાં ભગવદ્વિચાર ના આવર્તનથી હું-મારા પણાનો વિનાશ કરવો. જેમ-જેમ હું-મારાપણું જયાં-જયાંથી હટતું જશે તેમ-તેમ ત્યાં-ત્યાંના વિષયોના બન્ધનો કપાતા જશે. શ્રીભાગવત જણાવે છે “**यतो यतो निवर्तेत विमुच्येत ततस्ततः, एष धर्मो नृणां क्षेमः शोकमोहभयापहः**” (ભાગ. ૧૧-૨૧-૧૮) જે-જે પણ લૌકિક ગુણ-દોષોથી ચિત્ત જયાં-જયાંથી ઉપરત થતું જાય છે તેમ-તેમ તે-તે બન્ધનો થી તે તેટલો મુક્ત થતો જાય છે, ચિત્તનો વિષયોથી નિવૃત્તિરૂપ ધર્મ મનુષ્યોને માટે કલ્યાણકારક છે (કારણ કે) વિષયોથી ચિત્ત નિવૃત્ત થવા થકી જ દુઃખ આપનારા એવા મનુષ્યના શોક, મોહ, ભય (વિગેરે) નાશ પામે છે. આ પ્રકારે વિષયોથી ચિત્તની નિવૃત્તિ સાંસારિક બન્ધનોથી મુક્તિરૂપ છે અતઃ જયા-જયાંથી પણ ચિત્તમાં સંસાર પ્રવેશતો હોય તે-તે દ્વારોને ભગવત્સમર્પણભાવથી પૂર્ણ કરીને સંસારને રોકવો. હું અને મારાપણું એ સંસારનો સ્વભાવ વિષયભોગ છે અતઃ વિષયભોગથી વિપરીત એવો જે સમર્પણભાવ છે કે જેમાં લેવા-મેળવવાની વૃત્તિનો સવાલ જ નથી રહેતો તેના વડે લાવ-લાવ વૃત્તિનો નાશ કરવાનો છે. સંસાર સ્વરૂપની લાવ-લાવ વૃત્તિ જેના થકી વિષયભોગ ઉદ્ભવ પામે છે જેમાં પરિણામે દુઃખ કલેશ, વિનાશ જ સંભવે છે. સમર્પણ વૃત્તિવાળું ચિત્ત બનતાં વિનાશકર વિષયભોગ જ નથી બનતો અને પ્રેમરૂપ બીજ ભક્તિરૂપે પ્રવૃદ્ધ બનતાં પરિણામે ભક્તિનો એ સ્વભાવ જ છે કે જેમાં પરમાનન્દનો ભોગ કરવાવાળો જીવ બને છે. એટલા માટે ચિત્તમાં વિષય વિતૃષ્ણા અર્થે ચિત્ત વડે આત્મનિવેદનનું સતત સ્મરણ રહેવું જરૂરી છે અને તે માટે વિષયો કે વિષયાભિભૂત જનોના દુઃસંગથી મુક્ત-રહેવા તદીય-તત્પર ભક્તો જ યોગ્ય સાધન છે. વિષયભોગિઓના સંગથી વિષયભોગેચ્છા પ્રબલ થાય છે અને પરમાનન્દભોગિઓના સંગે વિષયભોગ પ્રતિ બુદ્ધિમાં તુચ્છતા જણાઇ ભજનાનન્દની ઇચ્છાવાળો વ્યક્તિ બને છે તેથી ભગવદીયો સાથે રહી નિવેદન સ્મરણ કરવું.

અહીં પણ “**तदभावे स्वयंवाऽपि**” (સર્વ. નિ.નિબન્ધ) મુજબનો જ વિવેક રાખવો મારી દષ્ટિએ જરૂરી છે કારણ કે આધુનિકમાં વિષયભોગોમાં વધુને વધુ મનુષ્યને ઢકેલનારો દુર્બલ સમય અને આપણી સદ્જ્ઞાન વિહોણી બુદ્ધિની દષ્ટિથી આ તદીય છે - તત્પર છે - ભગવદીય છે એનો નિશ્ચય આપણે આપણી બુદ્ધિથી કરીએ પણ તેમાં ભૂલ થાપ ખાઇ જવું સંભવ છે, બલ્કે પ્રાયઃ કરીને ભૂલથાપ જ ખાતા હોઇએ છીએ. કારણ કે “**अहंकारविमूढेषु सत्सु पापानुवर्तिषु, लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम**” માં જણાવ્યા મુજબની આજની પરિસ્થિતિ છે તેમાં બહારથી અત્યન્ત ભગવદીય જેવા દેખાતા અને ભગવદીયપણાએ આચરણ કરતાં દેખાતાં વૈષ્ણવાભાસો અન્દરથી તેમનામાં અતિશય કલિમલ વ્યાપેલો હોય છે, ભગવાનનું સ્વરૂપ કે ભગવદ્ભક્તિ તેમના મન પોતાનો યશ અને પૈસો કમાવવાનું સાધન છે અને શ્રીગોપીજનોનું ઉત્કૃષ્ટ ભક્તિના ભાવોથી ભરપૂર ચરિત્ર એમના મન પોતાની વિષયવાસનાને પોષવા ભોળીભાલી શ્રદ્ધાળુ

સ્ત્રીઓને ફાંસવાનું સાધન છે, આવા પોતાની જાતને ઇશ્વર તરીકે માનતા, ખપાવતા અને લોકો પર પોતાનું મિથ્યા ઇશ્વરત્વ ઠોકી બેસાડતા તથાકથિત **પ.ભ. (પરમ ભગવદીય), પુરુષોત્તમો, પ્રગટકૃષ્ણો, દામોદરદાસ હરસાનીઓ** ની કમી નથી પણ ભરમાર છે, આવી સ્થિતિમાં આપણી બિનઅનુભવી અને સાંસારિકી દષ્ટિમાં આવા લોકો ભટકાઇ જઇ આપણો સર્વનાશ ન કરી નાંખે માટે શ્રીમહાપ્રભુને અભીષ્ટ-સમ્મત એવા તદીય-તત્પરાયણજનોનો આપણી દષ્ટિ ક્ષેત્રમાં અભાવ હોતાં સમર્પણભાવના પોષણ-રક્ષણ-વર્દ્ધન અર્થે શ્રીભાગવતાદિમાં કહેવાયેલા અંબરિષરાજા વિગેરે ભક્તોના ચરિત્રો તેમજ ૮૪-૨૫૨ વિગેરે વૈષ્ણવોની વાર્તાના પ્રસંગો તેમજ શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, સાતલાલજીઓ, શ્રીહરિરાયજી પ્રભૃતિ મહાનુભાવોના ચરિત્ર પ્રસંગોનું સતત અવગાહન, મનન, ચિન્તન, ઉચ્ચારણ, શ્રવણ વિગેરે કરતા રહેવું અને તે પણ તેમાંથી સમર્પણના ભાવોને સમજવા, જુદા-જુદા પ્રસંગોએ યા દૈનિક ક્રિયામાં તેમણે જે રીતે સમર્પણભાવને તાણા-વાણાની માફક વણ્યા હોય તેનું શિક્ષણ મેળવવા સંશોધનના હેતુથી કરતા રહેવું અને તે પ્રકારે તેમના સંગ વડે વિષયભોગોના દુ:સંગથી બચતા રહેવાનો પ્રયત્ન કરવો મને આધુનિક સમયમાં વધુ હિતાવહ લાગે છે.

આ પ્રકારે સમર્પણભાવ એ ભક્તિનો જ ભાવવિશેષ યા પ્રકાર વિશેષ છે અને જેમ આશ્રયભાવ ભક્તિની આરંભદશાથી લઇને ફલદશામાં પણ વિદ્યમાન રહે છે તેવી જ રીતે આ સમર્પણ ભાવ પણ ભક્તિમાં સર્વત્ર વિદ્યમાન રહે છે. સમર્પણભાવ વિનાની ભક્તિ એ સ્વાદરહિત મોળી હોય છે, બલ્કે સમર્પણભાવ વિનાની ક્રિયામાત્રને ભક્તિ કહી શકાય તેમ જ નથી. સમર્પણભાવ એ પ્રેમની અભિવ્યક્તિ છે. મનમાં દઢતાથી સ્થિર થયેલો પ્રેમ સર્વાંગમાં વ્યાપી તે-તે અંગો સંબન્ધી સમર્પણ રૂપે સ્ફુટ થાય છે. સર્વથા પ્રપન્ન બની રહી સર્વથા સમર્પિતભાવે સદા રહેતા લોકો પ્રતિ જ ભગવાન પોતાની સ્વરૂપમર્યાદા ઓળંગીને પણ તેમના વશ થઇ રહી તેમના ભાવોને અનુકૂલ પોતાની લીલાઓ અને પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે. અત: ભક્તિની સિદ્ધિને અર્થે વૈષ્ણવોએ આંશિક-સામયિક-પ્રાસંગિક સમર્પણ નહિં પરન્તુ સમર્પણના સાતત્યે શ્રીપ્રભુચરણ પ્રદર્શિત સ્વાભાવિક સમર્પણ પ્રકારે સેવામાં પોતાનો અભિનિવેશ કરાવવો અત્યન્ત આવશ્યક છે.

આમ કહેવાથી જે કોઇ વૈષ્ણવો પોતાના ઘરે કલાક, બે કલાક, પાંચ કલાકની સેવા કરે છે તે નિરર્થક છે અને તેવી સેવા ન જ કરવી એમ સમજવાનું નથી. શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણે-ભાગવત-ગીતામાં દર્શાવેલો પ્રકાર એ મારા માટે તો શકય જ નથી તેમ માની લઇ નાસિપાસ થઇ સેવા જ ન કરવી એ તો ઘણી મોટી ભૂલ કહેવાશે. પરન્તુ જેમ કોઇ મેદસ્વી રોગી તબીબ પાસે જાય તો તેના જુદા-જુદા રોગોમાં તબીબ એમ નિદાન કરે કે આ બધા તમારા રોગોનું મૂળ તમારી મેદસ્વિતા છે તેથી શરીરમાંથી મેદ ઘટાડશો તો રોગો આપોઆપ કાબૂમાં આવી જશે. તેથી શરીરનું વજન ઘટાડવા ઓછામાં ઓછું પાંચ માઇલ ચાલવું જરૂરી છે, પણ જો તમે આજે પાંચ માઇલ ચાલી શકતા ન હો તો તમે કાલથી જ પાંચ-પાંચ મિનિટ ચાલવાનું શરૂ કરી દો. ખરેખર તો રોજનું પાંચ માઇલ ચાલવું જ જરૂરી છે, તેનાંથી જે રોગોમાં લાભ થશે. રોજનાં પાંચ મિનિટ લેખે ૧૦ વર્ષ ચાલશો તો એ શરીરનું વજન ઘટવાનું નથી, તેમ છતાં પણ તબીબે પાંચ મિનિટ ચાલવાનું કહ્યું છે તે ધીમે-ધીમે ચાલવાની ટેવ પડે કે જેથી ધીમે-ધીમે ચાલવાનું વધારતાં આગળ જઇ પાંચ માઇલ ચાલતાં થઇ જઇએ ત્યારે અમુક સમયમાં વજન ઘટી રોગો પર કાબૂ આવી જાય છે. તેમ પૂર્વમાં કેહવાઇ ગયેલું સમર્પણ તે મુજબ તમે આજે ન વર્તી શકતા હો તો તે મુજબ તમે થોડો સમય બાદ વર્તી શકો તે માટે- તમે આજે જે સર્વથા સેવા-સમર્પણથી રહિત છો તેમાંથી બહાર આવી જે બને તે મુજબ તેટલા સમય માટે અને તે પ્રકારે સેવા-સમર્પણનો આજથી જ શુભારંભ કરી દો, પરન્તુ બસ આજ ભક્તિ છે ને આટલું જ મારે કરવાનું છે તેમ સમજી જ્યાં છો ત્યાંથી જરાએ ખસવાનો વિચાર માત્ર પણ ન રાખો અને મનમાં એમ માની લો કે આ રીતે અમુક સમય પૂરતાં રોજ

વર્તવાથી એક દિવસ માનસી સિદ્ધ થઇ જશે અને શ્રીપ્રભુ સાનુભાવ જતાવવા લાગી જશે તો તે ઘણું જ ભૂલ ભરેલું છે. ઓછામાં ઓછા પ્રકારથી આજે શુભારંભ કરીએ તેમાં જરાએ વાંધો નથી પરન્તુ શુભારંભ વખતે એટલું જ્ઞાન તો જોઇએ જ કે આ અલ્પ પ્રકારમાં સમર્પણભાવની ચરિતાર્થતા નથી પરન્તુ સમર્પણના સાતત્યમાં-જીવન સમ્પૂર્ણનો પ્રવાહ સમર્પણ રૂપમાં વહેતો હોય એમાં જ સેવા-સમર્પણ ભાવની ચરિતાર્થતા છે અને આત્મનિવેદન સંસ્કાર એ સમર્પણની પૂર્ણતાને પામવા માટે છે, સેવાની સિદ્ધિ માટે છે અને જેટલો સમય સેવા રહિતનો છે તે સમયમાં મન,દેહ, બુદ્ધિ વિગેરેમાં આસુરભાવ જ વ્યાપેલો રહે છે, તેથી ભલે મેં આજે અમુક સમય પૂરતી સેવાનો આરંભ મારી શક્તિ-મર્યાદાને જોઇ કર્યો છે પણ મારે ધીમે-ધીમે આથી આગળ વધવાનું છે, ભગવદનુગ્રહે સેવા અર્થે શક્તિમાન બનવાનું છે અને સમ્પૂર્ણ જીવન સમર્પિત અને ભગવત્સેવામય બને તેમ પ્રયત્નોમાં ઘનિષ્ઠતા વધારવાની છે. મનમાં આમ વિચારી પૂર્ણતાને પામવાના દૃઢ સંકલ્પ સાથે આજે આપણે જો શ્રીભાગવત-શ્રીગીતા-શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ ચીંધ્યા સેવા-સમર્પણના માર્ગે ચાલવાનો શુભારંભ થોડેથી કરીશું તોએ વાંધો નથી. ભલે આજે મિશ્રીભોગની સેવાથી આરંભ કરો પણ એ પહેલા જોઇ ગયા તેમ પાંચમિનિટ જેવી છે તેથી મિશ્રીભોગની સેવાથી આગળ વધી સમ્પૂર્ણ જીવન ભગવન્મય બનાવવાના પ્રયત્નો આલસ્ય, પ્રમાદ બેઇમાની છોડી મજબૂતીથી કરવાના છે અને ધીમે ધીમે જીવનમાંથી ભક્તિ-સેવા વિરોધી ઝીણામાં ઝીણી બાબતોને તિલાંજલિ આપી જીવનનું ઘડતર નવેસરથી સેવાને અનુકૂળ બનાવવાનું છે. કાર્યસિદ્ધિ તો ત્યારે જ થશે જ્યારે પાંચ માઇલ ની માફક સમ્પૂર્ણ જીવનનો નિર્વાહ એક માત્ર સમર્પિત ભાવે સેવાવડે થતો હશે.

શ્રીવલ્લભાચાર્યચરણનો સેવા સિદ્ધાન્ત-સમર્પણ સિદ્ધાન્ત તો પહેલાં જોઇ ગયા તે મુજબનો જ છે અને તેઓશ્રીએ પોતાના સેવકોને આ પ્રકારે આ માર્ગે જ વાળ્યા છે, તેમ છતાં પણ આ માર્ગમાં જે સામયિક-આંશિક સેવાના પ્રકારો જોવામાં આવે છે તેમાં પણ **“एकं यामं हरौ नयेत्”** **“एककालं द्विकालं वा”** વિગેરેથી શ્રી આચાર્યચરણે દર્શાવ્યા આધારે પ્રચલિત થયેલા છે. આ પ્રકારે પણ દર્શાવવાનું પ્રયોજન વૈષ્ણવોનો સેવામાં અભિનિવેશ કરાવવો છે. પાછળથી સમ્પ્રદાયના મહાનુભાવો દ્વારા જે મિશ્રીભોગની સેવા વિગેરે પ્રકારો દાખલ કરાયા તેમાં પણ એ મહાનુભાવોનો ઉદાર હેતુ જ સમજાય છે કે સર્વથા સાંસારિકી ભાંજગડોમાં ગળાડૂબ રહેતા વૈષ્ણવોનું જીવન યથાશક્ય ભગવદભિમુખ બને અને તેમના હાથ-પગ ભલે થોડા માટે પણ સેવા માટે વળતા-વપરાતા થાય અને તેઓ આ રીતે પણ આગળ વધવાનો આરંભ કરી શકતા હોય તો કરે તેવા શુભહેતુથી જ આ પ્રકારો દાખલ કરાયા છે તેમ મારું માનવું છે. તેથી આ પ્રકારો છે તેટલા જ આચરી પોતાની વૈષ્ણવતાની ઇતિશ્રી વૈષ્ણવોએ ન સમજવી જોઇએ. મુખ્ય કલ્પ, વૈષ્ણવતાનો મુખ્ય પ્રકાર, જીવનનું મુખ્ય સાફલ્ય - ધ્યેય જે કંઇ કહીએ તે તો પૂર્વમાં વિચારી ગયા તે જ છે.

• • • • • • • • • • •

પરિશિષ્ટ - ૪

ગ્રન્થ પરિચય

લેખક :-

પૂ.પા.ગો.શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી - પાર્લા-મુંબઇ

હિન્દી પરથી ગુજરાતીમાં અનુવાદ : -

પૂ.પા.ગો.શ્રી ચન્દ્રગોપાલજી મહારાજશ્રી(વડોદરા)

(વિ.સં. ૨૦૩૬ માં પ્રકાશિત સિદ્ધાન્ત રહસ્ય (અગિયાર ટીકાઓ સહિત) માંથી સાભાર-સૌજન્યથી).

એક કિંવન્દતી અનુસાર સિદ્ધાન્ત રહસ્યનું પ્રણયન શ્રીમહાપ્રભુએ વિ.સં.૧૫૪૯ માં કર્યું હતું (વૈષ્ણવવાણી અંક ૪ વર્ષ ૧૯૭૯ માં શ્રીનાગરદાસ બાંભણિયા શાસ્ત્રી દ્વારા લિખિત લેખ) શ્રીમહાપ્રભુના ચરિત્રગ્રન્થો તથા આ ગ્રન્થના અન્તઃ સાક્ષ્યના આધાર પર એ નિશ્ચિત છે કે આની રચના ગોકુળમાં શ્રાવણશુકલા એકાદશીની મધ્યરાત્રીમાં થઇ છે.

શ્રીયદુનાથજી વિરચિત વલ્લભદિગ્વિજયના મધ્યમયાત્રા પરિચ્છેદમાં આ ઘટના આ મુજબ વર્ણિત છે- “શ્રીમહાપ્રભુ મથુરાથી ગોકુલ પધાર્યા. ત્યાં શ્રાવણશુકલા એકાદશીનું વ્રત એવં જાગરણ કર્યું. મધ્યરાત્રીમાં ભગવાને પ્રકટ થઇને દર્શન આપ્યા. ત્યારે શ્રીમહાપ્રભુએ પવિત્રા ધરાવી મિશ્રીનો ભોગ ધર્યો. પશ્વાત્ શ્રીગોકુલનાથે શ્રીમહાપ્રભુને આશ્વસ્ત કર્યા કે એમણે દૈવીજીવોના ઉદ્ધારની ચિન્તા નહિં કરવી જોઇએ. દૈવીજીવોના ઉદ્ધાર અર્થે પ્રસ્તુત ગ્રન્થમાં વર્ણિત ભાવનાની સાથે સગદ્યમંત્રનું દાન **(मदुक्तभावनासहितं गद्यम्)** શ્રીમહાપ્રભુને આપ્યું. બીજાઓને પણ આ ભાવનાના ઉપદેશની સાથે ગદ્યમંત્ર દ્વારા દીક્ષિત કરવાનો આદેશ આપવામાં આવ્યો. શ્રીમહાપ્રભુને વચન આપ્યું કે જેને આ સર્વસ્વસમર્પણપૂર્વક આત્મનિવેદનની દીક્ષા આપવામાં આવશે તેની અહન્તા-મમતાનો સેવામાં વિનિયોગ દ્વારા તેને ભગવલ્લીલાની અનુભૂતિનું સામર્થ્ય પ્રદાન કરાશે. પ્રાતઃ શ્રીમહાપ્રભુએ આ દીક્ષા દામોદરદાસ તથા કૃષ્ણદાસને આપી.”

૮૪ વૈષ્ણવની વાર્તા અનુસાર ભગવદાજ્ઞાના અનન્તર શ્રીમહાપ્રભુએ સમીપમાં સુઇ રહેલા દામોદરદાસ હરસાનીને પૂછ્યું - “દમલા ! તેં કછુ સુન્યો ! ત્યારે દામોદરદાસે કહ્યું “મહારાજ ! મેં શ્રીઠાકોરજીના વચન સાંભળ્યા તો ખરા પણ સમજ્યો નથી.”

બૃહદારણ્યકોપનિષદ્‌માં સાંભળ્યું તો બધાએ જ હતું - સમર્પણ નો સિદ્ધાન્ત, **“अयमात्मा सर्वेषां भूतानामधिपतिः सर्वेषां भूतानां राजा, तद्यथा रथनाभौ रथनेमौ चाराः समर्पिताः एवमेवास्मिन्नात्मनि सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि सर्व एवात्मनः समर्पिताः”** (બૃહ.ઉપ.)પરંતુ સમજવામાં ક્યાં આવે છે ! સર્વ કંઇ જે પરમાત્મામાં સમર્પિત છે એ પરમાત્મા પ્રતિ મન-વાણી-દેહથી સર્વ સમર્પણ ની સ્વીકૃતિ બધાના જાણવામાં નથી આવતી. અતએવ ભગવાને ગીતામાં કહી તો દીધું છે કે **“मन्मना भव मद् भक्तो मद्याजी मां नमस्कुरु, मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोसि मे”** (ગીતા.)પરન્તુ ભગવાનની આ પ્રતિજ્ઞાનું તથા પ્રેમાશ્વાસનનું તાત્પર્ય ક્યાં સમજમાં આવે છે ? આપણે પણ ભાગવતમાં ભગવદ્વાણી સાંભળી તો છે કે **“ये दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिम् परम्, हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे”** (ભાગ. ૯-) પણ ક્યાં બધાના સમજવામાં આવે છે !

આ સિદ્ધાન્ત રહસ્યમાં સાક્ષાદ્ ભગવદુક્ત ભાવના સહિત ગદ્યમંત્રમાંથી ભગવદુક્ત ભાવના જ્યારે સ્વયં શ્રીમહાપ્રભુએ અક્ષરશઃ

દોહરાવી દીધી તેમ છતાં પણ સાંભળ્યા પછી પણ સમજમાં નથી આવતી ! કેટલાએ વિદ્વાનોને સન્દેહ થાય છે કે ગદ્યમંત્ર સાક્ષાદ્ ભગવદુક્ત છે, કે પછી શ્રીમહાપ્રભૂક્ત છે, કે પછી શ્રીપ્રભુચરણોક્ત છે, કે પછી શ્રીગોકુલનાથજીએ આને પરવર્તીકાળમાં જોડી દીધો છે ! તર્ક-વિતર્કો ઉઠતા જ રહે છે કે “**साक्षाद् भगवता प्रोक्तं तदक्षरश उच्यते**” (સિદ્ધાન્ત રહસ્ય-૧) એમ કહીને જ્યારે (ત્યાં) ગદ્યમંત્ર નથી કહ્યો તેથી નક્કી જ તે પરવર્તી કાળમાં શ્રીપ્રભુચરણના ચર્તુથાત્મજ શ્રીગોકુળનાથજીએ જોડી દીધો હશે ! પરન્તુ આ અક્ષરશઃ નિરૂપણમાં તો પંચાક્ષરમંત્ર પણ નથી દોહરાવાયો, તો પછી ફક્ત ગદ્યમંત્ર જ શા માટે - પંચાક્ષરમંત્રને પણ શા માટે પ્રક્ષિપ્ત નહિં માની લેવામાં આવે. જ્યારે કે શ્રીગોકુળનાથજીના પૂર્વવર્તી શ્રીકૃષ્ણદાસ અધિકારી - “**श्रीगोपालमंत्र अष्टाक्षर पंचाक्षर के श्रवन कराये, गद्यमंत्र सब जीवनिको दे कृष्णचरण सबके चित लाये.**” તથા “**कृष्ण श्रीकृष्ण मनमाहि गति जानिये, देह इन्द्रिय प्राण दारागारादिवित्त आत्मा सकल श्रीकृष्णकी मानिये. कृष्ण मम स्वामी हों दास मनवचकरम कृष्ण कर्ता येही सदा जिय आनिये. कृष्णदासनिनाथ हरिदासवर्यधरचरणरज वल्लभाधीश मन सानिये**” એમ કહે છે. આને સાંભળતાં અને નિરન્તર ગાતાં રહેવા છતાં પણ આજે આ સમજાતું નથી !

કેટલાક ગણ્યાગાંઠ્યા વિદ્વાનોની માન્યતા અનુસાર અત એવ આ ગદ્યમંત્ર શ્રીગોકુલનાથજી દ્વારા નહિં કિન્તુ શ્રીપ્રભુચરણ દ્વારા પંચાક્ષર સાથે જોડવામાં આવેલો માનવામાં આવે છે. જ્યારે કે તેઓશ્રીના જયેષ્ઠ ભ્રાતા શ્રીગોપીનાથજી સ્વરચિત સાધનદીપિકામાં - “**नायमात्मा प्रवचनैः न धिया बहुना श्रुतैः, लभ्यते वरणं हित्वा वृतं संवृणुते श्रुतेः, स्मृत्वा स्वीयवियोगाग्निं तापदाहो भवाम्बुधौ, ततः सर्वं समर्प्यैव श्रीगोपालमनुं श्रयेत्, इष्टं दत्तं तपो जप्तं वृतं यच्चात्मनः प्रियम्, दारान् सुतान् गृहान् प्राणान् यत्परस्मै निवेदनम्**” એમ કહે છે તેથી સ્પષ્ટ થઇ જાય છે કે ગદ્યમંત્ર પ્રભુચરણના પૂર્વ જ દીક્ષાવિધિમાં સમાવિષ્ટ થઇ ગયો હતો. “કિન્તુ મહારાજ ! સુન્યો પર સમજ્યો નાહીં !”

નિવેદન સમર્પણ એવં વિનિયોગ ઉત્તરોત્તર એકબીજાના રહસ્ય યા તાત્પર્યરૂપ છે, પંચાક્ષરમંત્ર દ્વારા જે આત્મનિવેદન કરાય છે, ગદ્યમંત્રમાં એને જ “આત્મા” “નિવેદન” નું રહસ્ય એવા આત્મીય સકલ પદાર્થોના સમર્પણના રૂપમાં સમજાવવામાં આવ્યું છે. ગદ્યમંત્રમાં જે આત્મા અને આત્મીય સકલ પદાર્થોનું સમર્પણ કરવામાં આવે છે, એનું રહસ્ય પોતાના સ્વામી શ્રીકૃષ્ણની તનુવિત્તજા સેવામાં સ્વયં પોતાને તથા પોતાનાથી સંબન્ધિત બધા જ પદાર્થોના વિનિયોગમાં નિહિત છે. અન્યથા સમર્પણ પૂર્ણતયા ચરિતાર્થ જ થશે નહિં. સમર્પણનો વિનિયોગ પણ તેથી કરીને આવશ્યક છે.

શ્રીમહાપ્રભુને આત્મનિવેદનની ભાવનાના રૂપમાં આ જ પ્રભુએ પ્રકટ થઇને સમજાવ્યું હતું - “**असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत्, निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः**”, આત્મનિવેદન કરેલાએ અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઇએ. પોતાના દરેક કામકાજ સમર્પણ પૂર્વક જ ચલાવવા જોઇએ. આજ બ્રહ્મસંબન્ધ યા આત્મનિવેદન ની મૂલભાવના છે.

“નિવેદનના સમયે પોતાનાથી સંબન્ધિત બધી જ વસ્તુઓનો પ્રભુ સાથે-બ્રહ્મ સાથે સંબન્ધ થઇ જાય છે .... જેમણે પોતાના પ્રાણોને કૃષ્ણસાત્ કરી લીધા છે એમને કઇ બાબતની ચિન્તા હોઇ શકે છે ?” નવરત્નના આ વચનની તથા સિદ્ધાન્ત રહસ્યના બ્રહ્મસંબન્ધ કરવાથી બધાના દેહ તથા જીવના દરેક પ્રકારના દોષો નિવૃત્ત થઇ જાય છે. આ વચનની પરસ્પર સંગતિ બેસાડતાં પંચાક્ષરમંત્ર દ્વારા આત્મનિવેદન તથા ગદ્યમંત્ર દ્વારા વિયોગાગ્નિના સ્મરણપૂર્વક આત્મીય સકલ પદાર્થોના સમર્પણને જ મેળવીને “બ્રહ્મસંબન્ધ” કહેવામાં આવે છે. આજ સિદ્ધાન્તનું રહસ્ય આપણને

સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થમાં સાંભળવા મળે છે.

આજ રહસ્ય શ્રાવણ શુકલા એકાદશીની મહાનિશામાં સાક્ષાત્ ભગવાને પ્રકટ થઇને શ્રીમહાપ્રભુને સંભળાવ્યું હતું. એ પંચાક્ષર તથા ગદ્યમંત્રના અંશને ગોપ્ય હોવાના કારણે છોડીને સમર્પણના સિદ્ધાન્તના આ ભગવદુક્ત રહસ્યને અહીં અક્ષરશઃ શ્રીમહાપ્રભુએ કહી દીધું છે. જે વાત ભગવાને ગદ્યમંત્રની ભાવનાના રૂપમાં કહી હતી તેનું જ અહીં અક્ષરશઃ નિરૂપણ છે પંચાક્ષર યા ગદ્યમંત્રનું નહિં.

જીવ તો અનેક પ્રકારના દોષોથી ભરેલો છે. ઉદાહરણતયા (૧) અવિદ્યા સાથે સંબન્ધ હોવો, તત્કૃત (અવિદ્યાકૃત) અહન્તા-મમતા ની ભ્રાન્તિ, તત્કૃત પ્રાણધારણનો પ્રયત્ન જેવા દોષ આત્માની સાથે લાગેલા રહે છે. સૂક્ષ્મશરીરમાં કામ-ક્રોધ-લોભ આદિ તથા ક્ષુધા-પિપાસા જેવા અનેક સહજ દોષો વિદ્યમાન રહે છે. તેવી જ રીતે સ્થૂલ શરીરમાં પણ અનેક પ્રકારની અશુદ્ધિ તથા રોગાદિ દોષ સહજ જેવા મળે છે (૨) પાપબહુલ પ્રદેશોમાં જન્મગ્રહણ થવાથી યા ક્યારેક તો ગમન માત્રથી જ શાસ્ત્રોના અનુસાર દોષ લાગી જાય છે. (૩) કલિકાલના કારણે અનેક ધાર્મિક વ્યવસ્થાઓ લુપ્ત થઇ ગઇ છે. અતઃ કાલજન્યદોષોને પણ શાસ્ત્રમાં સ્વીકારાયેલા છે. (૪) ક્યારેક ક્યારેક જાણી જોઇને યા મોહવશ આપણે એવું આચરણ કરી બેસીએ છીએ કે જેને લોક અને શાસ્ત્રમાં નિન્દિત માનવામાં આવે છે. (૫) ક્યારેક ક્યારેક જેનો પરિહાર થવો શકય નથી તેવી અપરિહાર્ય સ્થિતિમાં નહિં ચાહેલા અને નહિં જાણેલા એવા ગલત કાર્યો આપણાથી થઇ જાય છે યા હઠાત્ કરવા પડે છે કે જે લોક-વેદનિન્દ્દત હોય.

આ પ્રકારે લોક તથા વેદોમાં ગર્હિત.અનેક પ્રકારના દોષોથી જીવ ભરાયેલો રહે છે. કિન્તુ બ્રહ્મસંબન્ધ થતાં તે દોષો ચાહે નિવૃત્ત થાય કે ન થાય પણ પુષ્ટિજીવ દ્વારા કરાતી ભગવત્સેવામાં બાધક નથી થઇ શકતા. બ્રહ્મસંબન્ધ સિવાય અન્ય કોઇ પણ પ્રકારે આ દોષોની નિવૃત્તિ સંભવ નથી.

બ્રહ્મસંબન્ધનું વાસ્તવિક સ્વરૂપ અસમર્પિત વસ્તુનો ત્યાગ કરાતાં જ સંપન્ન થાય છે. સરવાળે વાત આટલી જ છે કે જેણે આત્મનિવેદન કર્યું છે એણે પોતાના બધા કામકાજ સમર્પણપૂર્વક જ ચલાવવા જોઇએ. કિન્તુ આમાં એક સાવધાની અપેક્ષિત છે કે એવી કોઇ પણ વસ્તુ, કે જેનો ઉપભોગ પ્રથમ આપણે કર્યો હોય, તેવી વસ્તુ આપણે દેવાધિદેવ શ્રીકૃષ્ણને નહિં સમર્પવી, આપણા વડે પ્રથમ ઉપભોગના કારણે તે વસ્તુ આપણી અર્ધભુક્ત યા ઉચ્છિષ્ટ થઇ જાય છે. અને એવી વસ્તુ શ્રીકૃષ્ણને સમર્પણ કરવાની કોઇ પદ્ધતિ નથી કે યોગ્ય નથી. અતઃ આપણા ઉપભોગ કરતાં પહેલાં જ બધી વસ્તુઓનું સમર્પણ આવશ્યક છે.

ભગવદર્થ બધી જ વસ્તુઓને સમર્પિત કરી દેતાં આત્મનિવેદીનો રોજબરોજનો દૈનિક વ્યવહાર કેમ કરી નિભાવી શકાય ? તેમજ અસમર્પિતનો પણ ઉપભોગ નિષિદ્ધ માનેલો છે તો આમ બન્ને વાતો કેમ કરી શક્ય બને ?

ભગવાનને દાનરૂપમાં જે કંઇ ભેટ કરી દેવામાં આવે તેનું પુનઃ અપહરણ યા ઉપભોગ નહિં કરવો આ વિધાન પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી પર લાગૂ નથી થતું. કારણ કે પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં જેમ ઘરનો સેવક માલીક વડે ઉપભોગ કરાયેલી વસ્તુઓનો અન્નવસ્ત્રાદિ નો ઉપભોગ લોકમાં કરે છે તે જ રીતે સર્વ કંઇ પ્રથમ એક વાર પ્રભુને સમર્પિત કરવું જોઇએ અને ત્યારબાદ પોતાના ઉપભોગ અર્થે ગ્રહણ કરવું જોઇએ. અતઃ સર્વસમર્પણ અને અસમર્પિત ત્યાગના સિદ્ધાન્તમાં ન તો કોઇ વિરોધાભાસ છે કે તેમાં ન તો કોઇ પ્રકારની મુશ્કેલી છે. બ્રહ્મસંબન્ધ લેવાના સમયે આપણે જે વસ્તુઓનું સમર્પણ કરીએ છીએ એનો સાક્ષાત્ યા પરમ્પરાએ કોઇ પણ પ્રકારે એક વાર ભગવાનની સેવામાં વિનિયોગ થઇ જતાં એમના સર્વ દોષ નિવૃત્ત થઇ જાય છે. અતઃ આ પ્રકારની દોષરહિત બ્રહ્મભાવાપન્ન વસ્તુઓના ઉપભોગમાં કોઇ પણ પ્રકારે સાંસારિક અનર્થની સંભાવના રહેતી નથી. જેમ નદી-નાળા ગંગામાં મળી જતાં

તેને ગંગાજળ જ માનવામાં આવે છે - એમના સ્વતંત્ર અસ્તિત્વને યા ગુણદોષોને વિચારવામાં નથી આવતા. ઠીક એજ પ્રકારે ભગવાનની અલૌકિક સેવાનું અંગ બની જતાં સાંસારિક વસ્તુઓનો પણ સ્વતંત્ર ગુણદોષોનો વિચાર અનાવશ્યક જ થઇ જાય છે.

ભગવાનના દ્વારા લેવાયેલા બધા જાગતિક રૂપો ભગવાનના છે તથા ભગવાન માટે છે. આપણું પોતાનું પણ અસ્તિત્વ તથા પ્રયોજન ભગવલ્લીલાના અંગરૂપ તથા ભગવત્સેવાર્થ છે. અતઃ ભગવત્ સમર્પણના પછી ભગવત્પ્રસાદના રૂપમાં એનું પુનર્ગ્રહણ દોષરહિત છે. જ્યારે બધું જ ભગવાનનું ભગવત્સેવાર્થ બની જાય છે તયારે તે ભગવદાત્મક બની જાય છે.

આજ પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તનું ગૂઢતમ રહસ્ય છે. આજ પુષ્ટિમાર્ગમાં પ્રમુખ કર્તવ્ય ભગવત્સ્વરૂપની સેવાની દીક્ષા લેવાના સમયે અને લીધા પછીની ભગવાનને અભિપ્રેત ભાવના છે. આજ ભાવના ગોકુલ માં પ્રકટ થઇને ભગવાને શ્રીમહાપ્રભુને સમજાવી હતી. એ મહાનિશામાં પુષ્ટિજીવોના ઉદ્ધારની ચિન્તામાં જાગી રહેલા શ્રીમહાપ્રભુની ચિન્તા આ રહસ્યના પ્રકાશન દ્વારા દૂર કરવામાં આવી હતી. પરંતુ આજ સુધી શ્રીમહાપ્રભુના સમીપ સુષુપ્ત એમના અનેક પુષ્ટિજીવો આ સિદ્ધાન્ત રહસ્યને સાંભળીને પણ સમજી શક્યા નથી.

"દમલા ! આ માર્ગ તારા માટે પ્રકટ કર્યો છે." કેટલું પોતાનાપણું આ વાણીમાં છે ! "દમલા ! તેં કંઇ સાંભળ્યું ?" કેટલી ઉત્કંઠા છે આ પ્રશ્નમાં, સિદ્ધાન્તના સર્વ રહસ્યો પોતાના પુષ્ટિજીવોને સંભળાવવાની અને સમજાવવાની ! ચાહે જીવ સાંભળીને પણ સમજી શકે યા નહિં.

અત એવ હરિજીવન કહે છે કે જ્યાં લગી પ્રભુ પોતાનાપણું નથી જતાવતા ત્યાં લગી પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો કેવળ ભણતાં યા સાંભળતાં સમજમાં આવતા નથી. ઉપનિષદ્ ગીતા પંચરાત્ર તથા શ્રીમદ્ ભાગવત સર્વત્ર સમર્પણનો સિદ્ધાન્ત બધાએ ભણ્યો અને

સાંભણ્યો છે કિન્તુ ....

શ્રીમદ્ ભાગવતરૂપી અમૃતના સાગરનું સર્વોત્તમ મન્થન કરીને શ્રીમદ્વલ્લભાચાર્ય મહાપ્રભુએ પોતાના સુષુપ્ત પુષ્ટિજીવોને જગાડીને પૂછ્યું - "દમલા ! તેં કછુ સુન્યો ?" શ્રીમહાપ્રભુ કેવલ સંભળાવીને યા સમજાવીને સંતુષ્ટ નથી થઇ જતા. તેઓ તો પુષ્ટિજીવોના હાથમાં પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ શ્રીકૃષ્ણને સોપંવા માંગે છે - **"सेवा साज सिंगार सुभग रस खान पान प्रकटायो, वृन्दावन निकुंजकी लीला हरिजीवन स्वाद चखायो, जो लों हरि आपुनपो न जनावे तो लों सकल सिद्धान्त मारगको पढे सुने नहीं आवे."**

………

પરિશિષ્ટ-૫

વિ.સં.૨૦૩૬માં પ્રકાશિત સિદ્ધાન્ત રહસ્ય (અગિયાર ટીકાઓ સહિત) માંથી આભાર-સૌજન્યથી)

Introduction

[Late ShreeMulachandra Telivala & Dhirajlal V. Sankaliya]

Shrimad Vallabhacharya, the author of this little treatise "Essence of Doctrine" 'Siddhanta Rahasya', was born on the 11th day of the dark half of Chaitra, V.S.1535 (1479.A.D,) in the forest of Champa near Raichur. His father was Lakshmana Bhatta, and Yallammagaru was his mother. He was a Telugu Brahmin studying the Taittiriya Sakha of the Black Yajurveda. Vallabha's birth is shrouded in the mysteries of the devotional beliefs of his followers. But one thing is certain that his followers believed that he was commissioned to inaugurate a great religious revival in India. From the writings of Vallabha which are available now, we can say that this belief was shared by himself also. It is not an uncommon phenomenon in India. Ramanuja, Madhva, Nimbarka, Chaitanya, and several other teachers did believe in their special messages to the world. Vallabha's ancestors were Deekshitas, and were devoted to Krishna in the form of Gopala. The Swarupa of Madana Mohanji in the Seventh Pitha is the one which came to him from his sixth ancestor Yajna Narayana Bhatta. It is possible that Vallabha's father Lakshmana Bhatta and his ancestors were the Upasakas of Gopala according to the cult of Vishnuswami. The early years of Vallabha were passed by him with his father at Benares where he is said to have mastered all the Vedas, six Dars'anas, and all the schools of Astika and Nastika thinkers. He studied the S'aiva and Vaishnava Agamas. When Vallabha was comparatively young, his father died.

Vallabha wanted to study the Vaishnava systems of Madhva, Ramanuja, Nimbarka and others, and seeing that they were not prevalent there, in order to have direct knowledge, he is said to have proceeded to the south. Vallabha's desire to go the south of India is very natural. During that time there was the powerful Hindu kingdom of Vijayanagar or Vidyanagar,over which ruled the mighty monarch Krishnadeva-Raya, himself a great Vaishnava, During his time, it seems a convention was held of the representatives of all the existing Sampradayas. The session seems to have been going on when Vallabha visited Vijayanagar. The main dispute seems to have been between Vyasa Tirtha, the Madhva, and some representative of Mayavadins. It also seems clear that the Dwaita philosophy of the Madhvas could not hold its own against the attack of S'ankaras. At this juncture Vallabha seems to have baffled all by his great learning and powerful arguments. We see no reason to doubt this fact. Vallabha's position was peculiar. He accepted Advaita pure and simple without the interference of the Mayavada of S'ankara; hence all the attacks advanced by Madhvas and others against Advaita lost their force as against him. His acceptance of अद्वैतपूर्वकभक्ति disarmed the opposition of both Vaishnavas and S'ankaras. The position taken up by Vallabha was not altogether singular. We believe that Narayana Bhatta, the author of the famous drama 'Venisanhara' was the follower of a system of Philosophy which combined in itself the Pure Advaita of the Upanishads and the Bhakti Marga. Whatever that may be, it is certain that Vallabha made a very great impression on king Krishnadeva, Vyasa-tirtha and others who were present there. In consequence of this session, the king performed a Kanakabhisheka with hundred Maunds of Gold. It is said that Vallabha did not accept this gold and began his travels. This abstinence on the part of Vallabha added to the admiration for him of all those present. Vyasa Tirtha, the Madhva, actually requested him to be the head-priest of his Matha after him. Vyasatirtha with king Krishnadeva again approached Vallabha and presented him with a good many valuable gifts. From these presents Vallabha is said to have prepared a gold mekhala set with diamonds, rubies etc., and presented the same to S'ri Vitthala in the Vitthalaswami Temple at Vijayanagar. Ultimately, it appears, Vallabha could not conscientiously accept the offer of Vyasa Tirtha, but from this time Vallabha came to be regarded as a Great Acharya.

After this, he seems to have met with great opposition from the Mayavadi Pandits of Benares. In order to silence them for ever, Vallabha wrote out a pamphlet in mixed verse and prose and affixed the same to the doors of the Kashi Vishvanatha, with a challenge to Benares Pandits to refute the same if they could. It seems this discussion ended into threats of personal violence, as a consequence of which Vallabha left Benares and moved over to Adel on the opposite bank of the Ganges.

The last portion of his life he passed at Adel, where he finished his works which were begun by him during his travels and served Lord Krishna with the love and devotion of the Gopees, and founded his system on it. At the age of 52 he left his Parnashala, joined the Sannyasa Ashrama and came to Benares. For a month he observed fast, and for the last eight days he observed मौनव्रत, and on the 2nd day of the bright half of Ashadha around mid-day he left this world, V.S.1587.

Vallabha had married one Mahalakshmi. By her he had

two sons, Gopinatha and Vitthaleshvara. Gopinatha had one son named Purushottama, after whom his line became extinct. Vitthaleshvara lived over seventy years. He had seven sons. During his time the Sampradaya flourished very considerably. Todarmal, Birbal, and Ray Purushottam seem to have come under his influence. Akbar also presented him with Gokula and Jatipura villages in Vraja. All the present Maharajas are direct agnate descendants of Vitthaleshvara.

While staying in the north India, Vallabhacharya came into contact with Keshava Kashmirin, the famous Nimbarka scholar, and Chaitanya, the Bengali Saint. They were all Krishnopasakas and it seems from Sampradayika gathas that their relations were very cordial. Keshava presented his pupil Madhava Bhatta Kashmirin to Vallabha in the Dakshina of Bhagavata-katha-Shravana. He became his devout disciple and during his whole life acted as the scribe of Shri Vallabha. It seems that during Madhava Bhatta's stay with him at Adel, Vallabha composed his numerous works. During that interval Vallabha wrote Purva-Mimansa-Bhashya, Brahmasutra Bhashya, Tattvadipa-Nibandha with his own commentary, Sukshma tika and Subodhini on Shrimad Bhagavata, and the sixteen Prakarana Granthas giving in brief the essence of his views. It is really unfortunate that only a fragment of his Purva Mimansa Bhashya is available now. Anubhashya as we have it now is also not wholly written out by him. The last one and a half Adhyayas of the Bhashya are finished by his son Vitthaleshvara. Sukshma tika is nearly lost. Even the Pushti-Pravaha-Maryada Bheda, one of the minor Prakaranas, is not available in its entirety. The Bhagavata Subodhini is available only on the 1st, 2nd, 3rd, 10th and a portion of the 11th

Skandhas. It is possible that Vallabha wrote on all the Skandhas. The loss of these valuable works seems to have been due partly o his descendants and followers. It is a pity that no one seems to have taken care to preserve even those of the writings of Vallabhacharya and his descendants which are available at present. Stray efforts like ours are hardly commensurate with the task which is of immense magnitude requiring the collaboration of Scholars, Maharajas, and the rich Vaishnavas coupled with earnestness of purpose.An instance of this unpardonable apathy and gross negligence may be given here. We have got in our possession a manuscript of भाष्यप्रकाश in the handwriting of that powerful author श्रीपुरुषोत्तमजी, and a MS. of रश्मि -a wonderful and elaborate commentary on it-written by योगिश्रीगोपेश्वरजी in his own hand. Both of these works are extremely rare, there being only one copy of रश्मि in the whole world. For the last seven years, we have been dinning into the ears of Maharajas and rich Vaishnavas to arrange for a fund, about Rs. 32,000 for the publication of this *magnum opus*-a great work, but as yet there is no response. The work can be divided into 4 अध्यायs and each अध्याय can again be divided into 4 parts. Are there not 16 persons in our सम्प्रदाय, from among महाराजs and वैष्णवs who can afford to give Rs. 2000 each, for this monumental work, the foundation of our सम्प्रदाय? We hope our appeal will be immediately heard and we shall be able to send to the press one or two parts at once).

During his visit to Vraja, Vallabha set up the Shrine of Shri Nathaji on the holy hill Govardhan in a temple built for that purpose by one Purna Malla Kshatriya. During his stay in Vraja, on the midnight of the 11th day of the bright half of Shravana, he says he had holy communion with Lord Krishna who commanded him to initiate *Jivas* in his service. This initiation consists of two parts: one is the formula to be repeated by the aspirant before the deity by holding Tulsi-leaves in hand and afterwards placing the same at the feet of the deity through an Acharya; the other part is the effect of the same on the devotee by which he becomes the Adhikari in the Seva Marga of Lord Shri Krishna. The Subject of the present treatise is the same. In the notorious Maharaja Libel case, this work with its commentary by Gokulanathji was cited by the defendant to show that the religious tenets preached by Vallabhacharya and his grandson sanctioned immoral practices. This is the most perfideous use made of the noblest of works. At this distance of time it is difficult for us to see how such a monstrous suggestion could have been made. Vallabhacharya's whole life was based on Vairagya. In all his works, he insists on वैराग्य as the first भगवद्धर्म. His leared descendant Purushottamaji says: आचार्याणां तात्पर्य त्याग एव. It was unfortunate that all the materials available were not placed before the court. The court was prejudiced by the highly coloured testimony of the defendant's witness. General ignorance of the work of Vallabhacharya and a desire not to give publicity to the works of the Sampradaya helped to create an atmosphere prejudicial to the reputation of the Sampradaya. To add to this, the life led by the priestly class suggested an inference against them. Of course, we have no doubt that Yadunathji Maharaya who instituted the libel case has not got justice in court. By a perusal of the evidence led in the case against the Maharaja, we are driven to the conclusion that the verdict of the court as regards

Vallabhacharya's teachings is entirely wrong. We are of opinion that the publication of this whole work with all the commentaries available is the only best answer to all the misconceptions about, and false allegations against, the सम्प्रदाय..

Let us first see what is taught by Vallabhacharya and his grandson Gokulanatha and others. In the Sampradaya, there are two rites generally performed, viz. शरणमंत्रोपदेश and आत्मनिवेदन. The first gives recognition as a Vaishnava and the second makes one Adhikari in the Seva Marga. The first initiation is given by a descendant of Vallabhacharya by repetition of the mantra श्रीकृष्णः शरणं मम in the ears of the child and then putting the Tulsikanthi on his neck. The performance of the second initiation is also generally through a descendant of Vallabhacharya. In both the initiations, age is not to be considered. It is an accepted belief in the Sampradaya that Vallabhacharya alone is the आचार्य and all his descendants, howsoever illustrious, have never claimed anything further than being recognized as गुरुद्वार. Thus the initiation is believed to be done by Vallabhacharya himself through the instrumentality of his agnate descendants. The dedication is to Lord Krishna, and not to the Acharya, as will be presently shown. It is monstrous to substitute the word Acharya in place of Krishna and then to charge Vallabhacharya of preaching immorality. It would be a cruel injustice to one of the greatest saints and philosopheres of India. The vow repeated at the time of the आत्मनिवेदन ceremony is this :- 1 सहस्रपरिवत्सरमितकालजातकृष्णवियोगजनिततापक्लेशानन्दतिरोभावोऽहं भगवते कृष्णाय देहेन्द्रियप्राणान्तःकरणानि तद्धर्मांश्च दारागारपुत्राप्तवित्तेहापराणि आत्मना सह समर्पयामि, दासोऽहम्, कृष्ण तवास्मि

I Above we have related the current practice and belief of the Sampradaya, but we must admit that in the known writings of Vallabhacharya it is nowhere mentioned that this initiation should take place only through him or his descendants. Vallabhacharya does not seem to insist that any particular person should initiate you. Of course, it goes without saying that the person who initiates and the person initiated must be spiritually exalted. In his Nibandha, while discussing the question as to who can be a Guru, he observes as follows :- कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् । श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात् ॥ तदभावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेः क्वचित् । परिचर्यां सदा कुर्यात् तद्रूपं तत्र च स्थितम् ॥ His commentator here observes as follows :- कलेर्बलिष्ठत्वेनाग्रिमेषु गुरुलक्षणाभावमालोच्य स्वस्मिन्नेवैतन्मार्गीयगुरुत्वं नियच्छन्त आहुः । Putting together these two statenents, we can easily understand how the idea of Shrimadacharya's presence was always considered necessary at the time of initiation. Vallabha's descendants even to this day initiate their pupils not in their own name and responsibility, but in the name and responsibility of Shri Vallabha.

This initiation is referred to as ब्रह्मसंबन्ध by Vallabhacharya in the present work. The neccessary qualification of the initiated is भगवत्कृपा, which can be inferred from one's inclination towards the Bhagavan-Marga. Thus the कृपायुक्त soul has to dedicate his everything to lord Krishna through Shrimadacharya and proclaim himself as the दास of Krishna. This is what is known as ब्रह्मसंबन्ध, and it is interpreted in this sense by all the commentators here. Gokulanathaji says :- ब्रह्मसंबन्धकरणं नाम एतन्मार्गीयाचार्यद्वारा

भगवन्निवेदनम् ।

According to Raghunathji ब्रह्मसंबन्ध means this :- बृहत्त्वात् ब्रह्म पुरुषोत्तमः तत्संबन्धस्तस्मिन् देहात्मनोर्निवेदनलक्षणः ।

Kalyanarayaji says :- ब्रह्मसंबन्धो नाम स्वमार्गाचार्यद्वारा भगवति निवेदनम् ।

Vrajotsavaji says :- ब्रह्मसंबन्धकरणं नाम साक्षात्पुरुषोत्तमसंबन्धकरणम् । तच्च श्रीमदाचार्यद्वारा शरणगमनपूर्वकम् ।

Gokulotsavaji observes :- ब्रह्मणः श्रीपुरुषोत्तमस्य संबन्धिकरणात् सर्वसमर्पणेन तदीयत्वसंपादनात् ।

Harirayaji says :- आदौ संबन्धकरणं कन्ययेव स्वयंवरे । स्वस्य सर्वपदार्थानां मनसा तेन योजनम् ॥ संबन्धवत्या दूत्येव गुरुणा तत्कृतिर्भवेत् । संबन्धश्चापि निर्दोषस्तथा सर्वसमः स्मृतः ॥ वह्नेरिवेति बोधाय प्रोक्तं ब्रह्मपदं पुनः । "निर्दोषं हि समं ब्रह्म"त्यत्रोक्तं तत् तथाविधम् ॥ स्यात् प्रयुक्ते कृष्णपदे विषयत्वं गुणाहितिः । संबन्धे तादृशापेक्षा नास्ति दोषनिवारणात् । दोषमात्रनिवृत्त्यर्थं ब्रह्मसंबन्ध उच्यते ।

Vitthalarayaji says :- ब्रह्मणा मया संबन्धः कार्यः ।

Giridharaji defines it thus :- अस्मिन् मार्गे यशोदोत्सङ्गलालितश्रीकृष्णस्यैवोपास्यत्वात् तस्य चाझलोके अवतारमात्रभ्रमत्वादत्र तद्व्यावृत्त्यर्थं ब्रह्मपदोपादानम् । तेन ब्रह्मणा सह देहजीवयोर्यः संबन्धः स्वमार्गीयनिवेदनेन तदीयत्वसंपादनलक्षणः ।

Lalubhatta explains it thus :- ब्रह्मणा सह संबन्धः स्वस्वामिभावलक्षणो देहेन्द्रियप्राणान्तःकरणदारागारपुत्रादीनामात्मनश्च तदीयत्वमिति यावत् । तस्य करणात् गद्यसहितपञ्चाक्षरनिवेदनमंत्रस्योपदेशेन स्फुटीकरणादित्यर्थः ।

According to the last Tikakara it means this :- निर्दोषं हि समं ब्रह्माहम्, तस्मिन् संबन्धस्य करणात् साधकतमात् सगद्यपञ्चाक्षरकथनात् । अंशत्वेपि "पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ" इति भक्तिमार्गीयात्मसमर्पणापरपर्यायनिवेदनद्वारा सेवककरणादित्यर्थः ।

Purushottamaji has written on almost all the works of Vallabhacharya, and he explains the word ब्रह्मसंबन्ध thus : ब्रह्मसंबन्धो नाम सर्वस्मिन् भगवत्स्वामिकत्वरूपः संबन्धः, तस्य करणं नाम भगवता आचार्यान् प्रति गद्येनोक्तो य आत्मसमर्पणप्रकारः, तद्रीत्या भगवति स्वात्मसहितस्वीयसर्वपदार्थानां भगवति तथात्वविज्ञापनम् । 'स वै नैव रेम' इति श्रुतेः 'क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतं ते स्वाम्यं तु तत्र कुधियो पर ईश कुर्यु' रित्यादिवाक्याच्च वस्तुतः सर्वस्य भगवदीयत्वेपि 'स वै नैवे' त्यादिश्रुत्या रमणार्थं द्वितीयनिर्माणादिश्रावणात् तेनापादिता या तत्तत्पदार्थे जीवस्य स्वत्वस्वीयत्वाभिमतिः तत्परित्यागे तेषु भगवदीयत्वस्य विज्ञापनमिति यावत् ।

From the above quotations, the reader will be in a position to see that the so-called ब्रह्मसंबन्ध has reference to Krishna, and not to Acharya or any of his descendants. From Vallabhacharya down to the most recent commentator, all the writers have understood that the समर्पण is to Purushottama or

Krishna and not to any mortal being. In spite of these facts, it would be monstrous to substitute the word Acharya in place of Purushottama and then to draw the inference that Vallabhacharya and his Sampradaya looked upon immoral practices as sanctioned by his teachings. Of course, we are not in a position to deny that a certain section of the followers and some individuals of the priestly class had degenerated. Such degeneration comes, at one time or another, in all religions. But to say that the followers or priests were degenerated is one thing, and to conclude from their mischievous deeds that Vallabhacharya or any of his learned followers preached or tolerated or sanctioned immoral practice is quite another thing. Vallabhacharya and his learned descendants have condemned immorality to this day in no uncertain terms. In order to give an idea of this, we shall quote from writings. Vallabhacharya in his निबन्ध lays down the rules for guidance of a Bhakta thus:- वैराग्यं परितोषं च सर्वथा न परित्यजेत् । एतद्देहावसाने तु कृतार्थः स्यान्न संशयः ॥ इति निश्चित्य मनसा कृष्णं परिचरेत् सदा । सर्वापेक्षां परित्यज्य दृढं कृत्वा मनः स्थिरम् ॥ दृढविश्वासतो युक्त्या यथा सिध्येत् तथा चरेत् । वृथालापक्रियाध्यानं सर्वथैव परित्यजेत् ॥ यद्यदिष्टतमं लोके यच्चातिप्रियमात्मनः । येन स्यान्निर्वृतिश्चित्ते तत् कृष्णे साधयेत् ध्रुवम् ॥ स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् ॥ इन्द्रियाश्वविनिग्राहः सर्वथा न त्यजेत् त्रयम् ॥ Commenting on this passage, Purushottamaji discusses this question at great length. To give a correct idea of what he has said there, we shall quote that portion of his commentary and leave the reader to judge as to how far it is true to say that the Sampradaya sanctioned immoral practices.

नन्व'पि चेत् सुदुराचारो भजते मामनन्यभाक् । साधुरेव स मन्तव्यः सम्यग्व्यसितो हि स ॥ इति भगवद्वाक्ये दुराचारस्यापि साधुत्वकथनाद्यथाकारी यथाचारी तथा भवतीति श्रुतौ कर्माचारयोर्भेदकथनेनाचारपदस्य स्वाभाविकेन्द्रियप्रवृत्तौ पर्यवसानात् तस्य दुष्टत्वेऽप्यनन्यभक्तस्यादुष्टत्वात् तस्मान्मद्भक्तियुक्तस्येति वाक्ये वैराग्यस्याश्रेयस्त्वकथनेन वैराग्यस्यैव प्रत्युत दुष्टत्वाच्चात्रेन्द्रियविनिग्रहः किमित्युपदिश्यत इत्यत आहुः । इन्द्रियाणीत्यादि । अयमर्थः । पूर्वं स्वशक्त्यनुसारेण महाराजोपचारैर्भगवत्पूजाव्यवस्थापनात् ततो भगवत्प्रसादस्य नानाविधस्य भक्तेभ्यो दानं विधाय स्वस्य भोगो यः प्राप्तः सोऽपि नेन्द्रियप्रियत्वेन कर्त्तव्यः, किन्तु भगवत्प्रसादत्वेन । तत्रापि सामग्रीपरीक्षार्थे यथाग्रे भोगसामग्री न दुष्येत् तथा भगवान् रसात्मकः स्त्रीणां च विशेषतः उद्धारकः । किं बहुना लौकिका अपि गायकास्तदीयामेव कामलीलां विशेषतो गायन्तीति तादृशां गर्तादिसङ्गवशेन स्वस्य कामौत्कट्ये तदिन्द्रियं निग्राह्यम् । योऽप्यनिषिद्धो भोगः सोऽपि सेवाबाधकीभूतकामनिवर्त्तकत्वेनैव करणीयो, नेन्द्रियप्रियत्वेनेति । अत्र मूले विनिग्राह इति विशब्देन विवेकधैर्याश्रये, अशूरेणापि कर्त्तव्यं स्वस्यासामर्थ्यभावनादिति यदुक्तं तत् स्मार्यते । अर्थस्तु यदि स्वयमिन्द्रियकार्याणां त्यागे असमर्थः, स्वभावविजयः शौर्यमित्येकादशे शौर्यलक्षणात् तादृशतदभावेनाशूरस्तदा तेन स्वस्यासामर्थ्यभावनं विधायेन्द्रियकार्यत्यजनं कर्त्तव्यमिति । तत्प्रकारस्तु-ये समृद्धा महाभोगवन्तः सुरतादिशौण्डास्तद्वन्नाहं, कियन्मत्सामर्थ्यं, को वा मे भोगः, किम् उपकरणं नायिका वा, येन तत्रासज्ज्य स्वपुरुषार्थं नाशयामीत्येकः । सोऽप्येकादशे भगवतोक्तः । रजस्तमोभ्यां यदपि विद्वान् विक्षिप्तधीः पुनः अतन्द्रितो मनो युञ्जन् दोषदृष्टिर्न सज्जत इति । यश्चैवं कर्त्तुमप्यशक्तः स तु, जुषमाणश्च तान् कामान् दुःखोदर्कांश्च गर्हयन्नित्येकादशोक्तरीत्या स्वस्य तत्त्यागासामर्थ्यं

भावयेदित्यपरः । न च पूर्वोक्तगीतावाक्यविरोधः शङ्क्यः । तत्र दुराचारपदस्य पूर्वावस्थाबोधकत्वेन भजनोत्तरं तथात्वस्याला- μ Ä‘क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छती’त्युत्तरवाक्येन तथानिश्चयात् । धर्मो मद्भक्तिकृत्प्रोक्त इति लक्षणकस्यैव तस्य तत्र विवक्षितत्वात् । नापि तस्मान्मद्भक्तियुक्तस्येति वाक्यविरोधः । ततः पूर्वस्मिन् संदर्भे, जातश्रद्धो मत्कथास्वित्यादिना असमर्थाधिकारमेव प्रस्तुत्य तादृशस्य भजनमेव कर्त्तव्यत्वेन विधाय ज्ञानवैराग्ययोरभावे कथं फलसिद्धिरिति शङ्कानिवृत्त्यर्थं प्रोक्तेन भक्तियोगेनेति द्वाभ्यां तयोः कार्यं भक्त्यैव भविष्यतीति बोधनेन उक्तवाक्येऽपि योगिमदात्मपदाभ्यां निरुद्धचित्तवृत्तिकत्वभगवदेकतानत्वयोर्बोधनेन च सेवापरिकरात्मकविषयवैराग्यस्यैवाश्रेयस्त्वेन दुष्टत्वसिद्ध्या तदतिरक्तवैराग्यस्य दुष्टत्वासिद्धेः । न च फलप्रकरणे भगवता मिथोभजनं निनिन्द्य, भजन्त्यभजतो ये वा इत्यादिश्लोकद्वये संभावितापवादस्याभजद्भजनस्य निरपवादधर्मत्वेन कथनाद् द्वितीये भजदभजनकर्तृणां केषाञ्चिदकृतज्ञत्वगुरुध्रुट्त्वकथनाच्च यथा छान्दोग्ये वामदेव्यसामोपासकस्य, न काञ्चन परिहरेदितिश्रुत्या सर्वाभिगामित्वमनुज्ञातं तथात्र भक्तविशेषस्य तदनुज्ञैव प्रतीयत इतिनात्र दोषसंभव इति वाच्यम् । तत्रापि पूर्वत्र, करुणा पितरौ यथेत्यनेन करुणारूपस्य वैदिकस्य, स्नेहरूपस्य लौकिकस्यबोधनेन धर्मार्थे तस्मिन् प्रत्युपकारसंभावनाराहित्य एव धर्मोत्पत्त्या तथात्वात् । ब्राह्मणस्य कामस्य कामपरवशस्य प्राणत्राणार्थं गमनं धर्मो निरनुबन्ध इति कामसूत्रे वैशिके वात्स्यायनेनापि कथनाच्च । भारत आनुशासनिके सुदर्शनोपाख्यानेऽपि, प्राणाश्च मम दाराश्च यच्चान्यद्विद्यते वसु अतिथिभ्यो मया देयमिति मे व्रतमाहितमिति कथानात् । तादृशाभिसन्धिनिर्वाह एव सुदर्शनौघवत्योर्दम्पत्योः सदेहयोः स्वर्गकथनात् । कूटमुद्गरहस्तस्तु मृत्युस्तं हेतुमत्ययात् हीनप्रतिज्ञ इत्येवं वधिष्यामीति चिन्तयन्निति व्रतभङ्गे मृत्युदण्डस्योक्तत्वाच्च । तथातिथिपूजानिर्वाह एव तस्य धर्मत्वावगमात् । सांप्रत मृत्युग्रासाभिसंध्यनिर्वाहयोर्दर्शनेन तस्य दोषत्वस्य वज्रलेपायितत्वात् । सुबोधिन्यामपि धर्मार्थे तस्मिन् भजदर्थं प्रतियोगिना प्रायश्चित्तं विधेयमित्युक्तत्वात् । टिप्पण्यामपि प्रतियोगिकृतप्रायश्चित्तस्य भजति फलसाधकताया उपपादनाच्च । स्नेहनिमित्तके तस्मिन् पितृदृष्टान्तेन निरुपधित्वपूर्वजन्मीनसंबन्धयोः सूचनात् प्रत्युपकारसंभावनाराहित्ये क्रियमाणप्रत्युपकारानङ्गीकारे च सौहृदानुषङ्गेन धर्मस्य गौणतया भवनाङ्गीकाराच्च । तत्रापि निर्वाह एव कथञ्चनादुष्टत्वमिति तस्य दुरवगमत्वेन श्रोत्रियस्य ब्रह्मचारिणो व्रतिनो लिङ्गिनो वामां दृष्ट्वा जातरागस्य मुपूर्षोर्मित्रवाक्यादानृशंस्याच्च गमनं धर्मोऽधर्मो वेति संशय इति वैशिकवात्स्यायनसूत्रोक्तस्थलवत् सन्दिग्धतया दुष्टत्वात् । अत्र समाप्तौ, तेषां स्वच्छन्दचरितं बुद्धिमान्न तदा चरेत् नैतत् समाचरेज्जातु मनसापि ह्यनीश्वरः विनश्यत्याचरन् मौढ्याद्यथा रुद्रोऽब्धिजं विषमिति वाक्याभ्यां निषेधनाशयोर्बोधनेन सुबोधिन्याम् अनीश्वरकृतस्यास्यानिष्टजनकत्वमिति व्याख्यानेन यथैश्वर्यकामनायामनीश्वरो वधंमर्हति, यथा महाराज्यानधिकारी तदिच्छां कुर्वन्निति मनसापि करणे दण्डव्याख्यानेन ऐश्वर्यज्ञानवैराग्यैर्यत् करोति तत्स्वच्छन्दचरितमित्युच्यते । बुद्धिमांस्तन्नाचरेदिति च व्याख्यानेन तथात्वावगमाच्च । न च निषेधादिकं रासकरणविषयकमिति वाच्यम् । राजप्रश्नोत्तरत्वात् । प्रश्ने परादाराभिमर्शनस्यैवोक्तत्वात् । न च, यत्यादपङ्कजपराग-निषेववृप्ता इत्यत्र भक्तयोगिज्ञानिनांस्वैराचरणस्या-बन्धकत्वेनानुवादाद्भक्तानां न तद्दोषावहमिति शङ्क्यम् । तत्र पूर्णकाष्ठां प्राप्तानामनुवादेनारम्भदशापन्नेषु तस्योदाहर्तुमशक्यत्वात् ।

निषेवतृप्ता इति कथनात् । न चैवं सत्यतृप्तकार्यं स्वैराचरणमपि । तेषामशक्यवचनमिति वाच्यम् । मार्कण्डेयपुराणोक्तसङ्गनिवृत्तिप्रयोजनकदत्तात्रेयसुरापानादिवत् सुवचत्वात् । अत एव, कुर्वन्ति हीत्यत्र नित्यप्रियपदव्याख्याने कालापरच्छेद्यस्यैव प्रियस्य सेवा कर्त्तव्येत्युक्तम् । अन्यथा जारसेवापि धर्मः स्यादिति च । विमोहितोऽयं जन इत्यत्र मुचुकुन्दस्तुतौ च पुन्नोम्नो नरकात्त्रायत इति वाक्यात् पुरुषशब्देन नरक उच्यते । योषिच्छब्देन च सुतरां नरकम् । शालावृकाणां हृदयान्येता इति, स सोमो नातिष्ठतेत्यादि श्रुतिभिः स्त्रीणनिन्दाश्रवणादित्युक्तम् । सुधानुभवस्तु भ्रान्तानुभवतुल्यः । युक्तिबाधितत्वात् । अग्रे बाधस्य प्रत्यक्षसिद्धत्वात् । अन्योऽन्यां सापेक्षतया तत्र प्रवृत्तेरन्यतरस्य तदपूर्त्तौ सुखाभावस्यापि दर्शनाच्च । न च प्रजापतिरमृतमानन्द इत्युपस्थे इति श्रुत्या वैषयिकानन्दस्य मोक्षदृष्टान्तत्वेनोक्तेनेदं साधीय इति वाच्यम् । इति मानुषीः समाज्ञा इति मानुषप्रकरणानन्तरं अथ दैवीरित्युपक्रमस्य भेदनात् तत्र मानुषसुखस्यानभिप्रेतत्वेन तस्य दृष्टान्ततताया अशक्यवचनत्वात् । परप्रसिद्ध्या परो बोधनीय इति लौकिकानामर्थे दृष्टान्तत्वेन कीर्त्तनेऽपि वस्तुतस्तदभावात् । तस्या उपासनार्थत्वेनाप्युपपत्तेश्च । ननु तत्प्रतिष्ठेत्युपासीतेत्यादिनोपासनाया अग्रे वाच्यत्वान्नेदं युक्तमिति चेत् । ॐ म् । तथा सत्याविर्भूते रसे दैवेषु तदस्तु, रसाविर्भावस्तु न सर्वात्मभावव्यतिरेकेण । तत्र च भगवानानन्दमयोऽनपेक्ष इति जीवानां ततः सुखलाभः । लोके तु परस्परापक्षत्वान्न तथा युक्तम् । नन्वयं रसमार्गो भगवान् रसात्मनाऽत्र फलति । ततः स्त्रीभावो न दुष्ट इति स्वस्मिन् स्त्रीत्वानुसन्धानेन भगवन्तं भजतां परस्परं सापत्न्यभावं च बोधयतां परस्परं तथा कृतौ को दोष इति चेत् । भगवद्रससम्बन्धाभाव एवेति वदामः । तथाहि । वेणुगीतारम्भे ‘आसक्तिः प्रेमपूर्वैव प्रेमापि हरिणा कृतम् उद्बोधकं च हरिणा नान्येन केनचिदिति’ कारिकयाऽन्यकृतोद्बोधकस्य भगवद्भावानुत्पादकत्वं प्रतिपादितम् । यत्र लीलास्थेष्वपि तथा तत्र दूरापास्ता इदानीन्तनाः । किञ्च । ‘भगवान् भजतां मुकुन्दो मुक्तिं ददाति कर्हिचित् स्म न भक्तियोग’मिति वाक्याददेयैव परमभक्तिः । सा, ‘श्रद्धामृतकथायां मे ’इतिसन्दर्भोक्तभगवद्धर्मसमाचरणप्रसन्नाद्भगवत एवेति भक्तिहंसादौ निर्णीतम् । तेषु धर्मेषु एतस्यानुक्तत्वादनेन तदभाव एवेति । किञ्च दोषाभावप्रयोजकं स्त्रीभावानुसन्धानं तेषामुत्कटमनुत्कटं वा । नाद्यः । पेशस्कृद्भृङ्गकीटस्येवास्यापि तादृग्देहापत्तिप्रसङ्गात् । नरसिंहमहत्तराणां तथावचनदर्शनात् । ननु तदुत्कटमप्यग्रिमजन्मनि तथा त्वोत्पादकम्, यथाग्निकुमाराणाम् । “अग्निपुत्रा महात्मानस्तपसा स्त्रीत्वमापिरे भर्त्तारं च जगद्योनिं वासुदेवमजं विभुमि”ति टिप्पण्यां पुराणवाक्यात् । अतो नरसिंहमहतामपि भाविदेहज्ञानादेव तथा वचनमतो न दोष इतिचेत्, तर्हि तदौत्कट्ये तदर्थे तप एव विधेयमग्निकुमारवत् । न त्विन्द्रियतर्पणम् । दृष्टान्ताभावात् । नरसिंहमहतामपि तथैव बोध्यत्वात् । अत एव न द्वितीयः । कैमुतिकन्यायात् । भावान्तरोपमृद्यमानत्वेनातिकदर्यत्वाच्च । अत एव सेवाफले तद्विवरणे च, ‘उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात्तु बाधकम्’ ‘सविघ्नोऽल्पो घातकः स्या’दिति । सविघ्नत्वादल्पत्वाद्भोगस्त्याज्य इति चोक्तम् । तच्च स्त्रीणां पुसां स्त्रीपुंसयोश्च समानम् । अतो भगवल्लीलादृष्टान्तेन लौकिके प्रवर्त्तकान् प्रवर्त्तमानांश्च विमुखान्निश्चित्य तत्सङ्गं परिहृत्य सर्वेन्द्रियनिग्रहः कार्यः । ”

The last lines of Purushottamaji अतो भगवल्लीलादृष्टान्तेन लौकिके प्रवर्त्तकान् प्रवर्त्तमानांश्च विमुखान्निश्चित्य तत्सङ्गं परिहृत्य सर्वेन्द्रियनिग्रहः कार्यः । represent the correct attitude of the

Sampradaya as regards morality. No descendant of Vallabhacharya has claimed himself to be आचार्य. The Sampradaya has recognized Vallabhacharya alone as आचार्य. Hence we do not find any of Vallabha's descendants assuming the said title as we find in case of the successors of Shankararacharya. When this is the position of the descendants of Vallabhacharya, how was it possible for them to pose as Krishna-Purushottama incarnate ? Vallabha himself says that he is कृष्णदास, इति श्रीकृष्णदासस्य वल्लभस्य हितं वचः. When that is the position of Vallabhacharya himself, how could it be otherwise with any of his representatives ? Vallabha was succeeded by his two illustrious sons Gopinatha and Vitthaleshwara. To them he was father both in spiritual and physical sense. The expressions uttered by them as regards their father are full of fervent devotion. Gopinatha says ता नः पितृपत्पद्मरेणवः कामधेनवः । नाकस्य तरवोऽन्येषां स्युः कल्पतरवो यथा and Vitthaleshwara says वस्तुतः कृष्ण एव भावी न भूतोऽस्त्यपि . It is rare to find such fervent devotion in ordinary relation of son and father. Sons of Vitthaleshwara regarded him similarly. This fact and the fact of their being men of spotless character, sound learning and single-minded devotion to Krishna generated a sort of intense devotion in to his descendants among the members of the Sampradaya. The long life generally enjoyed by them leads one to the same conclusion. Vallabha's son Vitthaleshwara lived for over seventy years. His grandson Gokulanatha the commentator of सिद्धान्तरहस्य lived for over 90 years, his great grandson Harirayaji lived for over 120 years. Numerous instances to this day could be multiplied. Almost all the illustrious scholars in the Sampradaya are descendants of Vallabhacharya. The position being this, we are not surprised to find that Vallabha's descendants came to be looked upon as objects of deep veneration like Krishna. So far there is nothing wrong. The vedic injunction यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ । तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ lays down the correct principle that one who has भक्ति towards the teacher as towards God, to such a great soul these meanings (teachings) become visible. To entertain the same भक्ति towards आचार्य as they do towards God is necessary for the right understanding of his teachings.But it would be absurd to infer from this the dedication as contemplated to God is to be done to Acharya. On this point there is absolutely no room for doubt. Thus we come to the conclusion that the dedication contemplated in the Sampradaya has reference to Purushottama-Krishna alone, and this can be done through Vallabhacharya only, who is considered to be present (in spirit) at the ceremony of initiation. His descendants are all गुरुद्वारs. Thus ब्रह्मसंबन्ध referred to in the present work is to take a vow, in the presence of the Acharya or his descendant, that whatevet is comprised in अहं and मम of one is dedicated to Lord Krishna, and that he is His दास.

Having thus seen clearly that the ब्रह्मसंबन्ध spoken of here in the present work has reference to Purushottama-Krishna, the Highest Divinity, and not to Acharya or his descendants representing him, let us now understand what is the purport of the गद्यार्थ - the vow by which the ब्रह्मसंबन्ध is supposed to take place with God in the presence of the Acharya or his representative. According to this ग्रन्थ this was the vow which was communicated to Shri Vallabhacharya by Krishna on the mid-night of the brighthalf of the month of Shravana, and Damodardasa was the first Sevaka initiated. As regards the verses describing the effect of his initiation in the present work, there is some difference of opinion among the commentators as to whether these verses are those ones spoken by Krishna ro Acharya, or whether they are composed by Acharya incorporating the sense of every letter uttered by Him. Whichever view we take it does not matter much. We are concerned with the sense expressed in these verses and not to the authorship of the same, because in either case their authoritativeness remains the same.

Vallabhacharya's activities were manifold. His ancestors and he himself were Deekshitas. They performed Agnihotra daily. In his Subodhini he calls himself श्रीवल्लभदीक्षित . Kumarila's Purvamimansa-view was not accepted by him. In order to bring out the true significance as understood , he wrote a भाष्य on the Sutras of Jaimini. Hence we find his name कर्ममार्गप्रवर्तक. Similarly, to preach the true significance of ब्रह्मवाद he wrote a भाष्य on the Sutras of Badarayana. To explain भक्तिशास्त्र correctly, he wrote his Subodhini on Shrimad Bhagavata. But after doing all this, he saw that times were not suitable. People had not the requisite capacity to study all this.

He seems to have thought over this question for a long time. भगवच्छास्त्रमाज्ञाय विचार्य च पुनः पुनः । यदुक्तं हरिणा पश्चात् संदेहविनिवृत्तये । एकं शास्त्रं देवकीपुत्रगीतमेको देवो देवकीपुत्र एव । मंत्रोप्येकस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य सेवा.।।

"Thus it appears that after establishing the कर्ममार्ग and ब्रह्मवाद, he wanted to find out a path by which all can approach God. The Supreme Divinity was described in the Upanishads as आनन्दमय, वैश्वानर, दहर,सर्वकाम, सर्वगन्ध, अस्थूलमनणु, नेति, नेति. Out of these various aspects, which aspect should be selected as to be agreeable to all ? The आनन्दमय पुरुषोत्तम is the best aspect. There are two views about सृष्टि viz. that it is illusory and that it is real. There is no clear reference to the illusory character of the सृष्टि in Upanishads. On the contrary , सृष्टि is described as रमण or लीला in passages like स वै नैव रेमे. Badarayana distinctly describes सृष्टि as लीला and not as माया while भागवत describes सृष्टि as क्रीडाभाण्ड. सृष्टि. is two-fold, one referring to human souls, and the other referring to *jagat*. The first takes place according to the Vedic passage यथाग्नेः क्षुद्राः विस्फुलिंगाः and the other in accordance with यतो वा इमानि भूतानि . Thus human soul becomes the अंश of the Highest Divinity while the Universe is the कार्य of ब्रह्मन्. Brahman is सत्-चित्-आनन्द, hence His अंश is also सत्-चित्-आनन्द; but for the exigences of रमण, his आनन्दांश becomes non-manifest, "तिरोभूत' the result is that he forgets that everything of his including himself is Lord's, and superimposes his अहन्ता and ममता on objects which are really not his. As a result he suffers sorrows and miseries. To remove this ignorance, the vow mentioned in गद्य enjoins on the initiated to give up his अहंता and ममता in all objects, and dedicate them to the Lord. By dedicating everything including himself to the Lord, what becomes of him ? He becomes Lord's. He becomes Lord's servant. His अहंता and ममता cease to be जैव, they become भगवदीय. The moment he realises that he is the Lord's slave, he feels that he has to abide by His will. His will prevails everywhere. His will is for लीला -'Sport' and he has to play the part alloted to him. Sorrow and misery caused by ignorance of Maya are substituted by the joy, happiness of Lila. From the अग्निविस्फुलिंग Vedic passage, ममैवांशो जीवलोके Gita verse, and अंशो नानाव्यपदेशात् , we know that the human soul is the अंश of Brahman. We know from another Vedic passage यो यदंशः स तं भजेत् that the अंश should worship that अंशिन् whose अंश he is. Hence in Vallabha's system the initiated are supposed to be अंश of अंशिन् कृष्ण. This Krishna is रसात्मक आनन्दमय पुरुषोत्तम taught in the Taittiriya. This is the highest conception of the Supreme Being where He is described as आनन्द and रस, and the mode to approach to Him is only through निरुपधि निरवधि प्रेम . To feel the क्लेश-the pangs of one's separation from this रसात्मक आनन्दमय is in itself a form of Bliss of the highest type. This is possible only when there is निरुपधि and निरवधि प्रेम for the रस आनन्द कृष्ण. This is taught in the formula of the गद्य wherein it describes the initiated as one in whom the non-manifestation of the bliss of the pangs of Separation for infinite number of years has taken place. The words भगवते कृष्णाय describe the One to whom everything is to be dedicated. The two words connote लीला विशिष्ट रस आनन्द कृष्ण. The words देह-इन्द्रिय-प्राण-अन्तःकरण and तद्धर्म denote the objects of dedication comprising of अहम्. दारा, आगार, पुत्र, आप्त, वित्त, इह, अपर denote those comprised in मम. आत्मन् is the chief with which the अहम्, मम and its objects are all dedicated. The result of this dedication is that one becomes दास and **His**. This is the प्रतिज्ञा adiministered to the initiated by Acharya or his representative before the Svarupa of रसात्मक कृष्ण. To see the fulfilment of this प्रतिज्ञा, the सेवामार्ग is to be followed by the initiated. Seva presupposes प्रेम. Hence प्रेमपूर्वक कृष्णसेवा is the row.

How this प्रतिज्ञा could be fulfilled is explained in the seven or eight verses of the present work. Let us then see what the purport of these कारिकाs is. The गद्य is the form of प्रतिज्ञा declared by Krishna Himself to Acharya. This is not an unfamiliar thing in the Bhagavata. Samarpana in one form or another is taught in the Eleventh Skandha of Bhagavata, but as शतशोपि विचारितं जीवबुद्ध्या अन्यथाभवति Vallabha could not fix upon the same. When Krishna communicated this to him, he took it as a mode sanctioned by Him and thenceforward he initiated his pupil by administering this vow. As Vallabhacharya was succeded by very able and illustrious descendants, the custom arose that in the Sampradaya the प्रतिज्ञा could only be administered by them in the name of Acharya. The last advice given by Acharya to his sons यदा बहिर्मुखा यूयं भविष्यथ कथंचन। तदा कालप्रवाहस्था देहचित्तादयोप्युत । सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम । सेव्यः स एव गोपीशः विधास्यत्यखिलं हि नः। न लौकिकवत् प्रभुः कृष्णः, मनुते नैव लौकिकम्। भावस्तत्राप्यस्मदीयः shows the spirit. By the use of the two words भगवते and कृष्णाय for the Highest Divinity, all aspects spoken of the same in the Vedic literature are suggested. Similarly by the use of the word दास, the अंशत्व and its implications are suggested. On पराभिध्यानात् तु तिरोहितं ततो ह्यस्य बंधविपर्ययौ (ब्रह्म-सूत्र. ३-२-१२.,) Vallabha observes as follows :- ननु जीवाय भगवान् सृष्टिं करोति, प्रदर्शयति च सर्वलीलाम् । अशंश्चायम् । कथमस्य दुःखित्वमित्याशंक्य परिहरति तुशब्दः । अस्य जीवस्य ऐश्वर्यादि तिरोहितम् । तत्र हेतुः पराभिध्यानात् । परस्य भगवतोऽभितो ध्यानं, स्वस्यैतस्य सर्वतो भोगेच्छा । तस्मादीश्वरेच्छया जीवस्य भगवद्धर्मतिरोभावः । ऐश्वर्यतिरोभावात् दीनत्वं पराधीनत्वम् । वीर्यतिरोभावात् सर्वदुःखसहनम् । यशस्तिरोभावात् सर्वहीनत्वम् । श्रीतिरोभावात् जन्मादिससर्वापद्विषयत्वम् । ज्ञानतिरोभावात् देहादिष्वहंबुद्धिः सर्वविपरीतज्ञानं चापस्मारसहितस्येव । वैराग्यतिरोभावात् विषयासक्तिः । बन्धश्चतुर्णां कार्यम्, विपर्यये द्वयोः । तिरोभावादेवैवम्, नान्यथा । युक्तोऽयमर्थः । एकस्यैकांशप्राकट्येपि तथाभावात् । आनन्दांशस्तु पूर्वमेव तिरोहितो येन जीवभावः । This is the relation between जीव and ब्रह्मन्. As the whole and its part are अनन्य, so are the जीव-अंश and ब्रह्मन्-अंशिन् अनन्य (ब्रह्मसूत्र २-१-१४). But this fact of अनन्यत्व does not come in the way of भगवल्लीला. By the अभिध्यान of Lord, Jiva's आनन्दांश and भगवत्त्व are gone. With the loss of भगवत्त्व he loses ऐश्वर्य, वीर्य, यशः, श्री, ज्ञान and वैराग्य - the six comprising भगवत्त्व and he becomes दीन पराधीन, object of सर्वदुःख, सर्वहीन subject to the calamities of birth and death. The loss of first four causes him बंध. The loss of ज्ञान generates in him अहंबुद्धि and false knowledge, and the loss of वैराग्य causes विषयासक्ति. These two cause विपर्यय. The loss of

आनन्दांश causes the जीवभाव, and consequently make it काममय. आनन्द is opposed to be काम, अकामरूपत्वादानन्दस्य. Thus there is no possibility by which the lowest जीव with all its imperfections can serve the Highest with all His perfections. Though in fact जीव and ब्रह्मन् are अनन्य the relation of सेव्य and सेवक would not be possible under these circumstances. Vallabhacharya solves this difficulty thus. Upanayana gives a Traivarnika Adhikara in the performance of Vedic rites, similarly this Brahma Sambandha gives one the Adhikara in the भक्तिमार्ग or सेवामार्ग. This सेवा first is तनुजा and वित्तजा by which gradually the अहं and मम of the initiated become transformed into भगवदीय ones, and then his mind becomes भगवदीय. Once the mind of the साधक becomes भगवदीय, his deliveranc is certain. Such a sadhaka, who has been thus initiated, has not to mind the five fold दोषs which are enumerated here- सहज, देशकालोत्थ, लोकवेदनिरूपित, संयोगज and स्पर्शज. दोषs do not act as hindrances in this सेवामार्ग. Whatever may be the defects, inherent, or arising from देश and काल, or from लोक, or through संयोग or स्पर्श, whatever there may be in your past life, the moment you are initiated, you do not have to mind them, you have simply to serve your Lord. All विद्याs painting, music, etc., are अविद्या if they do not help you in realising the Bliss- आनन्दकृष्ण. The aim of the great sages नारद, भरत, वात्स्यायन and others cannot be to drown people deep into the miseries of Samsara, but to elevate them so that they can be nearer to God. There is no रस or आनन्द in the world. लौकिकपुंसि नार्यो वा तदाभासो रसशास्त्रे निरूप्यते,

तद्दृष्टान्तेन भगवद्भाववद्भक्तरीतिभावनार्थम्, न तु ऋषीणां लौकिके तात्पर्यं भवितुमर्हति expresses the same view. This has been again very beautifully elaborated by Vitthaleshwara and his descendant Purushottama, and we shall quote the same in full.

"ननु भरतवात्स्यायनप्रणयनं हि जीवार्थम् । तथा च तदुक्तरीत्या प्रवृत्तस्य जीवस्यापि तथानन्दसम्भवादत्रावैशिष्ट्यापत्तिः । न च प्रभुस्वरूपमेव विशेषः । तस्योद्बुद्धरसात्मकत्वेन तदुद्बोधकानामप्रयोजकत्वादिति चेत् । मैवम् । अत्र हि रसात्मकं स्वरूपमेवोच्यते । तच्चोद्बोधकविशिष्टमेवोद्बुद्धम्, न तु केवलम् । अन्यथा रसात्मकत्वं न स्यात् । तत्स्वरूपस्यैव तथात्वात् । तच्च विशेषतो न भावयितुं शक्यमज्ञानादिति तज्ज्ञानार्थं भरतवात्स्यायनाभ्यां तत्स्वरूपं निरूपितम्, एवं भगवता नृत्यमकारि, एवं च रमणमिति । जीवास्तु ब्रह्मपरां श्रुतिमिवैतदपि द्वयं जीवपरमिति ज्ञात्वा प्रवृत्ताः क्लिश्यन्ति परमिति बुध्यस्व । एतदेवाहुः "कृष्णो भुङ्क्ते न चापर" इत्यनेन तत्र हेतुरुत्तममिति । क्षराक्षराभ्यामुत्तमं पुरुषोत्तमस्वरूपात्मकमित्यर्थः । न हि भगवत्स्वरूपमन्येन भोक्तुं शक्यमिति भावः । एतल्लीलाया भूमौ प्राकट्यकरणे प्रयोजनमाहुः अत्रैवेति । आधिदैविकत्वे संपन्ने हि पुरुषोत्तमभजनं साक्षात्सम्पद्यते । तच्च वैकुण्ठे भवति । प्रभुस्तु अस्मिन्नेव लोक आधिदैविकं रूपं जीवानां प्रकटं यथा भवति तथा भुङ्क्त इत्यर्थः । एतल्लीलाश्रवणेपि तथा भवतीति तथा । उत्कृष्टमिति । मोक्षसुखादपीति शेषः प्रमाणेन वचनैरित्यर्थः । प्रमेयेण स्वरूपेणेत्यर्थः ।

अत्रायमर्थः । श्रुतौ हि "असद्वा इदमग्र आसीत्, ततो वै सदाजायत, तदात्मानं स्वयमकुरुत, तस्मात्तत्सुकृतमुच्यत इति, यद्वैतत्सुकृतम्, रसो वै सः, रसं ह्येवायं लब्ध्वानन्दी भवती"त्येवं

पूर्वसृष्टेरसाधुत्वं, ततः सृष्ट्यन्तरस्य साधुत्वम्, साधुत्वे स्वात्मरूपत्वरूपं हेतुः, तस्य सुकृतस्य रसत्वं, रसस्यानन्दरूपता च बोधिता । तत्र यद्युद्बोधकादिप्रनाडी न विवक्षिता स्यात्, आत्मकरणं न वदेत्, यदि वा सर्वसामान्या स्यात्, पूर्वसृष्टेरसाधुत्वमनेवंरूपतां च वा न वदेत् । यदि च रसस्य मनोविकारत्वं लौकिकत्वं वा विवक्षितं स्यात्, तदाप्यात्मकरणं आनन्दरूपत्वं च न वदेत् । अत उद्बोधकादिवैशिष्ट्यं श्रुतिसिद्धम् । तदेतदुक्तं तत्स्वरूपस्यैवतथात्वादित्यन्तेन । तथा च प्रनाड्यङ्गीकारेपि न भगवद्रूपत्वहानिरित्यर्थः । किञ्च, अनुकृत्यधिकरणे सर्वस्य भगवदनुकारित्वं "तमेव भान्तमनुभाति विश्वमि"ति विषयवाक्येन प्रतिपादितम्, अतः प्रकृतेपि यदि लौकिको रसः प्रतिपाद्यते, तदापि मूलरसानुकारितयैव तत्स्वरूपं सिध्यतीत्येतद्दृष्टान्तेन सोपि रसोनुमीयताम् । अयं लौकिकः परिच्छिन्नो, मात्रोपजीवनश्रुतेः, स स्वपरिच्छिन्नो, भूमत्वात् . तथा च लोकेऽनुकरणमात्रेण तदाभासस्यैव प्राकट्यम्, न तु तस्येति न जीवस्य, तत्करणेपि न तद्रससम्बन्धलेशः । शास्त्रप्रणयनं तु दूरतस्तस्यैव परिचायनायेति तत्रैव स्फुटम् । वस्तुतस्तु पाद्मे पातालखण्डे रामाश्वमेधे शेषवात्स्यायनसंवादादृषेर्वैष्णवत्वमवगम्यते । एवं भरतस्यापि नाट्यशास्त्रज्ञातुर्मोक्षकथनात् । किञ्च, आञ्जनेयोपि प्रणेता नाट्यशास्त्रस्य । स च परमभक्तो जनकतनयाप्राणनाथस्य । अतस्तादृषां य एतावान् प्रयासः स न त्रिवर्गोपयोगितया जीवार्थः, अपि तूक्तरीत्या मोक्षसाधनतापर्यन्ततया । किञ्च, वात्स्यायनेन सांप्रयोगिकाधिकरणे "ऋचां दशतयीनां चतुःषष्टिसंज्ञितत्वादिहापि तदर्थसम्बन्धाच्च बह्वृचैरेषा पूजार्थं संज्ञा प्रवर्तितेत्येक" इति सूत्रयता संप्रयोगाङ्गचुम्बनादीनामृगर्थस्तूं प्रदर्शितम् । सर्वे वेदा यत्पदमामनन्ति "वेदैश्च सर्वैरहमेव वेद्य" इति श्रुतिस्मृतिभ्यां वेदस्य भगवत्परत्वं सिद्धम् ।

एवं सत्यस्य शास्त्रस्य तत्सामानधिकरण्ये वेदवत् परोक्षवादेन लीलासहितभगवत्प्रतिपादकत्वं युक्तमेव । गान्धर्वस्य सामवेदोपवेदतया च । अत एवमर्थाज्ञातृणां जीवानां भ्रान्तिरित्येतदाद्यभिसन्धायोक्तं तच्चेत्यादि, बुद्ध्यस्वेत्यन्तम् । तस्मान्न कोपि शङ्कालेश इति दिक् ।"

This is the highest ideal. But all cannot be expected to reach it. Only those who are completely निरुद्ध in the Lord can realise the highest beauty of this ideal. Hence a sound principle was laid down by Vitthaleshvara that one who is not truly रसिक, should not see this even if he is a Vaishnava. प्रार्थये रसिकाः स्वैरं पश्यन्त्विदमहर्निशम् । एतद्रसानभिज्ञस्तु मा द्राक्षीदपि वैष्णवः ॥ For such Vaishnavas the other aspects of Krishna etc. are there. Unfortunately this sound maxim was not followed and in practice the highest ideal was most prominent with the result that in the case of An-adhikari it caused his downfall.

The purpose of this little work is to lay down a principle that whatever country you belong to, to whatever age, to whatever community, whatever be your surroundings, you can approach God through this path of service based on love. This broadest aspect was not lost sight of by Vitthaleshvara, and we do find that even Mahomedans like Pathan Alikhan and Taj Bibi and even some members of the untouchable classes could approach God by this Path. Followers of this path can observe their Varnashrama Dharmas which have reference to the body, but this Prema-marga referred to the soul. In Bhakti of the Lord everyone has his अधिकार. The *sine-qua-non* of this Adhikara is that before you do anything you must dedicate it

to the Lord. Keeping the Lord before you, that is, as if you are to carry out His behests, you are to follow your pursuits. This सेवामार्ग-रतिपथ was proclaimed by Vallabhacharya. The Highest Divinity is not merely creator, destroyer, sustainer etc., but He is the object of the most fervent warmth of उत्कट प्रेम. Blessed were those who realised and enjoyed this रस in the purest स्वरुप. The women of Vraja realised the same ideal in नित्य प्रिय रस आनन्द कृष्ण, and for a glimpse of this the great Uddhava, forsaking the ब्रह्मकथा etc., pined to be गुल्म-लता etc., in Vraja. Hence व्रजाङ्गना are considered greater than ज्ञानिन् greater than भक्त, greater than मुनि, greater than and greater than नारद and प्रह्लाद, even greater than a श्रोत्रिय ब्रह्मविद् ब्राह्मण like वशिष्ठ .

"दृष्ट्वैमादि गोपीनां कृष्णावेशात्मविक्लवम् । उद्धवः परमप्रीतस्ता नमस्यन्निदं जगौ ॥ १०-४४-५७
एताः परं तनुभृतो भुविगोपवध्वो गोविन्द एव निखलात्मनि रूढभावाः । वाञ्छन्ति यद्भवभियो मुनयो वयं च किं ब्रह्मजन्मभिरनन्तकथारसस्य ॥ ५८ ॥

प्रत्यहं उपदेशः प्रत्यहं वैक्लव्यं, एवं उभयं दृष्ट्वा आत्मतत्त्वेपि बहिः संवेदनमात्रेणैव तासां भगवदाकांक्षैवोत्पद्यते, परं निर्दुष्टा, एवं तासां दृष्ट्वा कृष्णावेशेन आत्मनो देहस्य विक्लवं दृष्ट्वा अन्तर्निष्ठा वा विरहो वा द्वयमेव, न तु तासामन्या लौकिकी अवस्था, एवं दृष्ट्वा परमप्रीतो जातः, एवमेव स्थातव्यं भक्तेनेति । पश्चात्तासु उभयं दृष्ट्वा स्वस्मिन्नेकमेवेति आधिक्यात् ता नमस्यन् मनोदोषशंकाभावाय तासां स्तुतिरूपं इदं जगौ....तनुभृतश्चेत् एता एव । नापि ज्ञानिनो, नापि लौकिकाः, नापि भक्ताः । तत्र लौकिकास्तु व्यर्थजीवना एव । न हि रज्जवा बद्धः पाशी भवति । स्वाधीनपाशः

एव तथा । एवं तनुभृतोपि येषां स्वाधीना तनुः । ज्ञानिनां तु ज्ञानप्राप्तिपर्यन्तमेव स्वाधीनत्वेन शरीरोपयोगादग्रे व्यर्थमेव देहः, अनपेक्षितभारवत् गृह्णाती । भक्ता अपि मौढ्यात् देहमेवात्मानं मन्यमानाः तत्रैव पर्यवसितमतयो बहिर्मुखत्वात्तनुरूपा एव, न तु तनुभृतः । कालान्तरे परं सत्फलम् । अस्मदादयस्तु भक्ता अपि प्राप्तज्ञाना अपि मन्दभावं प्राप्ताः नोत्कर्षेण तनुभृतः । अतः परमुत्कर्षेण एता एव तनुभृतः । नन्वेतादृष्यः सन्ति तनुभृतयः लक्ष्मीप्रभृतयः तत्राह भुवीति । ननु भुव्यपि उत्कटभक्ताः प्रल्हादादयः सन्त्येव । तत्राह गोपवध्व इति । एतादृशीमवस्थां प्राप्य न कोप्येवंविधो जात इत्याश्चर्यम् । किञ्च, गोविन्दे स्वकीयत्वेन ज्ञाते, वस्तुतः अखिलात्मनि एवं रूढभावाः । अतो देहस्य स्वाधीनस्य तदेव फलमिति सर्वात्मत्वेन ज्ञात्वापि निर्दोषपूर्वभावनिष्ठा एव । ननु ज्ञानावस्थोत्तरेति "आत्मलाभान्न परं विद्यत" इति । एता भगवता ज्ञाननिष्ठाः कृताः इति च । वस्तुत एवाग्र देहस्यानुपयोगात् कथमेषा स्तुतिरिति चेत्तत्राह वाञ्छन्तीति। वाञ्छन्ति यं भावं भवात् भीः`षां ते मुनयो, भक्ताः, वयं भक्ताः चकारत् सर्व एव धर्ममार्गपरा अपि । अवश्यं हि विदेहकैवल्यपर्यन्तं सर्वेषां बहिः संवेदनास्त्येव । जीवन्मुक्तानां तथा श्रवणात् । तत्र लौकिक एव भावः सर्वेषां जायत इति कालावच्छेदेन जन्मवैयर्थ्यमेव । अन्येषां तु वैयर्थ्यं सिद्धमेव । नारदादीनामपि कदाचित् प्राकृतवत् व्यवस्था, प्रल्हादस्यापि राज्यादिकरणात् तथावसीयते । बहिः संवेदने तु एषैवावस्थासर्वशास्त्रपर्यवसिता । नातोन्या क्वचिदप्यस्तीति अवस्थायां विचार्यमाणायां एता एव तनुभृतः । ननु एतदपेक्षया ये श्रोत्रिया ब्रह्मविदो ब्राह्मणा वसिष्ठादयः ते महान्तो भविष्यन्तीत्याशंक्याह किं ब्रह्मजन्मभिः । ब्रह्मभावापन्नानां जन्मभिःशुक्लसावित्रयाज्ञिकैः किम् न किंचित् । यद्यपि बहिः

संवेदने तेषां वेदार्थानुष्ठातृत्वं दीर्घसत्रित्वादिरूपम्, अंतनिष्ठतायां तु ब्राह्मणत्वमिति, तथापि कर्मापेक्षया भक्तिरधिका । कर्म हि प्रपंचे स्वास्थ्यं संपादयति, न तु भक्तिः । यो हि दुष्टं मन्यते स दुष्ट इति निर्धारः । तत्तत्प्रकरणे तत्तत्प्रशंसा तु प्रकरणानुरोधिनी । अतः अनन्तकथायां अरसस्य ब्रह्मजन्मभिः कर्मोपयोगिभिरपि न किञ्चित् । ननु तथाप्युत्कर्षहेतुर्लोके तद्भवतीति युक्त्या बाधेपि प्रसिद्ध्यैव उत्तमफलत्वं पर्यवसानविधया कल्प्यत इति चेत्, तत्राह । अनन्तकथायां रसयुक्तस्य पूर्वोक्तैः ब्रह्मजन्मभिः न कोपि पुरुषार्थः साधनीयः । ततोप्युत्कृष्टस्यैव साधनदशायां फलदशायां च फलस्य सिद्धत्वात्, कर्मापेक्षयापिभक्त्यैव ज्ञाने अधिक अधिकोपकारणाच्च ।"

To follow this **रतिपथ** is to walk on the edge of the sword. Those who are unable to follow this, must dedicate everything to Lord Krishna and serve Him faithfully as a servant serves his master. This is in short what Vallabhacharya has, by the command of Lord, preached in the **पञ्चाक्षर अष्टाक्षर**, **गद्य** and **सिद्धान्तरहस्य**.

धर्ममार्गं परित्यज्य छलेनाधर्मवर्तिनः ।
पतन्ति नरके घोरे पाषण्डमतवर्तनात् ॥ १ ॥
प्रसीदतु मयि श्रीमत्कृष्णप्राणप्रियोत्सवः ।
येन भाति जगत् सत्यं विना येन न तत्तथा ॥ २ ॥

• • • • • • • •

પરિશિષ્ટ - ૬

ભૂવનેશ્વર ગ્રન્થાગારમાં એક હસ્તપ્રતમાંથી પ્રાપ્ત શ્રીશાચાર્ય નામનો ઉલ્લેખ.........

3119

8453. चरित्रचिन्तामणि Caritra-Cintaamani

By Devakinandana, son of Goswaami Raghunaatha

Substance, country-made paper. 11x 5 inches. Folia, 31. Lines, 7 on a page. Extent in slokas, 420. Character, modern nagara, Date Samvat 1934. Appearance, fresh. Complete.

Life of Vallabhaacarya, the incarnation of God Vishnu, he being preceded by Vishnu Swaami, the incarnation of Sudarshana, by Maadva, the incarnation of Hanumaan, and by Raamaanuja, the incarnation of Lakshmana. The mission of all the four incarnations is to deliver the world engulfed by disguised Buddhism as preached by Shankara who was again the incarnation of Rudra.

Begining :-

जयति स विष्णुस्वामी (विश्वामी ?) वध्नवल्लभस्वामी ।
यत् कृपयाहमिहासं पूर्व्वं चिरद्वैतभावनाविष्टः ॥
श्रीवल्लभश्रीविठ्ठलचरणं संसारतारणे शरणं ।
हृदये विभाव्य भाव्यं चरित्रचिन्तामणिं कुर्व्वे ॥

अथ भगवान् पूर्णपुरुषोत्तमो गोलोके सर्व्वाशक्यकार्य्यकरणार्थं ब्रह्मादिभिर्विज्ञापितो निजानंदामयास्याग्र्यावतारश्रीवल्लभाचार्य्यं केशावतारमि (?) व्याख्याने व्यासादिवत् स्वांशं अवतारयामास......यथा सर्व्वाशक्यकार्य्यकरणार्थं पुरा पुरुषोत्तमाविर्भावस्तथा तत्रापि इति हेतुविनिश्चयपूर्व्वकं सर्वपदोपस्थापिताचार्य्यांतराशक्यत्वपूर्व्वकं तत्तदाचार्य्यांतराविर्भावेपि हेतुविनिश्चयपूर्व्वकं सर्व्वं विचार्य्यते ।

The birth of Vallabha is described in 15A-

एकदा तत्र देशे दक्षि[ण]दिशि तैलंगे स्वंभकाकरग्रामे परचक्रभयादुपद्रुता लोकाः पलायिताः । तेषु पलायितेषु लक्ष्मणदीक्षितेपि चंपकारण्यं गते मध्ये मार्गे तद्धर्म्मपत्नी सत्ववती गंतुमशक्याऽनुयांती तेजस्वती रहोच्चेन विपिनशमीतरुतले प्रसूतं स्वात्मजं तत्र निधाय तदाश्रुतशोक इव स जातः पुनर्निर्भयता (यां) सर्व्वत्र जातायां यथैवानुजगाम । अथ निर्भयदेशे गत्वा कियद्दिवसं स्थित्वा तन्निवेद्य पतिमनुचरन् । तदाश्रुत्य सशोक इव स जातः ।

When Lakshmana Diksita, after sometime, came back to the spot where the child was born and abandoned, he found it still lying there and living. This child was Vallabhaacarya.

It ends :- श्रीवल्लभो ध्यानबलाद्यथैव
ह्युपादिशद्गोकुलनाथनाथः ।
चरित्रचिन्तामणिनामधेयं
निबंधयामास तथैव सर्व्वं ॥

Colophon. इति श्रीशाचार्य्यवर्य्यवल्लभमतानुवत्तिर्ना श्रीगोस्वामिरघुनाथात्मजदेवकीनंदने[न] विरचितो भगवदाचार्य्यचारुचरित्रचिन्तामणिः समाप्तः ।

Post Colophon. यादृशं etc.

इदं अक्षरं व्रजभूषणटा ॥ स गुजराती काशीवासी ॥
मी. अगहन सुदी १५ ॥ संवत् १९३४ ॥

3120

1666. The same,

Substance, country-made paper, 10 1/2"x4 1/2". Folia, 20. Lines 8 on a page. Extent in slokas 350. Character Naagara. Date, Sam. 1926. Complete.

This professes to be a biography of Vallabhaachaarya though it is full of miracles and supernatural incidents. Vallabha is said to be an incarmation of Agni. His father was Laksmana Diksita. He is said to have been a Tailanga Brahmin. Lakshmana's residence was at Khambhamkakkar. The country was invaded by a hostile army and people fled. On the way under a Sami tree Lakshmana's wife gave birth to a son. But in her hurry she left the child there. But when peace was established the husband and wife returned there and picked up the child. This was Vallabha. The biography of Vallabha comes to an end in page 176. Then commences the biography of his son Vitthala. The author was a follower of Vallabhaacharya.

Interesting Quotations.

3 A. इति निशम्य मर्य्यादां पुरुषोत्तमः स्वपार्श्वे समागतं रुद्रं आह।
त्वं च रुद्रः महाबाहो मोहनार्थं सुरद्विषां।
पाषण्डाचरणं धर्म्मं कुरुष्व सुमहामते॥
तामसानि पुराणानि कथयस्व च तान् प्रति।
मोहनानि च शास्त्राणि कुरुष्व सुरसत्तम॥
मय्यभक्ताश्च ये विप्राः भविष्यन्ति महर्षयः।
तच्छक्त्या तान् समाविश्य कथयस्व च ताससान् (तामसान्)॥
काणादिं गौतमं शक्तिमुपमन्युं च जैमिनिं।
दुर्व्वाससं च कपिलं मृकण्डं च बृहस्पतिम्॥
भार्गवं जमदग्निं च दशैतान् तामसान् ऋषीन्।

....

कपालभस्म चर्म्माणि चिन्हान(न्य) मरपूजितान्।
पुराणानि च शास्त्राणि तत्परत्वेन बृंहिताः॥
तथा पाशुपतं शास्त्रं त्वमेव कुरु सुव्रत।
कङ्कालं शैवपाषण्डमहाशैवादिभेदतः॥
बौद्धशास्त्रमसत्प्रोक्तं नग्ननीलपटादिकं।
सर्व्वकर्म्मपरिभ्रष्टं विकर्म्मणां तदुच्यते॥

इति वाक्यात् तदातिभ्रान्तशास्त्राणि तद्द (f) षप्रोक्तानि दृष्ट्वा असुरा भ्रामिताः सर्व्वपरिभ्रष्टाः बभूवुः। अथ रुद्रेणोपरितना असुराः भ्रामिताः बुद्धेन

भूतले मानुषाः इति ज्ञेयं।.....तदानीं भगवतां बौद्धादिविमतध्वान्तध्वंसके मे सुदर्शनं इति बुद्धया (द्ध्वा) प्रेषितं तदागत्य इह सुदर्शनमुनिः बभूव पौराणे निम्बार्क इति विश्रुतः।

यथा दर्शितवान् सर्वशास्त्राणि तिमनगलमिति तदैव ब्रह्मसूर्यांशकैः देवप्रबोधसूरेश्वरौ न्यायमीमांसकावेतौ जातौ जैनमतामहौ। तथापि किञ्चित् अप्रचारे विलोक्य तदेव व्यासो भगवता यथार्थकथनाय भूतले प्रेषितः स द्राविडो विष्णुस्वामी भूत्वा......सर्वशास्त्राणि भागवतं च याथातथ्येन योजयामास।

Rudra came down to earth as Shankaraachaarya and established Mayavada. Raama sent Hanumaan as Madhvaachaarya but he became a follower of Shankara and so Lakshmana volunteered to go on earth and became Raamaanuja. He too failed and so Raama again sent Agni as Vallabhaachaarya.

• • • • • • • • • • •

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. P ૨૨૩

—: પ્રકાશક :—

શ્રી વલ્લભવિઠ્ઠલગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

"રાધાકૃષ્ણકુંજ"
B ૪૧/૧ શ્રીનગર સોસાયટી, આકોટા રોડ, એચ-રોડ,
દિનેશ મીલ પાછળ,
વડોદરા-૩૯૦ ૦૨૦.